: સંપાદક :


સોમચંદ ડી. શાહ

★

વર્ષ ૧૬ : અંક ૧-૨

માર્ચ-એપ્રીલ ૧૯૫૯

જૈન



શ્રી શત્રુંજય ગિરિરાજ પર આવેલ શ્રી ચૌમુખજીનું ભવ્ય જિનાલય

વરસીતપના પારણા ઉપર સમ્યગ્જ્ઞાનના

સુંદર પુસ્તકોની પ્રભાવના કરી સુંદર લાભ ઉઠાવો

સામાયિક સૂત્ર-ગુજરાતી
૧૦૦ ના રૂા. ૧૨-૦

સામાયિક સૂત્ર મૂળ-હિન્દી
૧૦૦ ના રૂા. ૧૫-૦

બે પ્રતિક્રમણ મૂળ-ગુજરાતી
૧૦૦ ના રૂા. ૩૫-૦

પંચપ્રતિક્રમણ મૂળ
૧૦૦ ના રૂા. ૧૩૫-૦

શત્રુંજય ઉદ્ધાર રાસ
૧૦૦ ના રૂા. ૨૦-૦

નવાણુ યાત્રાની વિધિ
૧૦૦ ના રૂા. ૧૨-૦

સ્થાપનાજી આત્મભાવના
૧૦૦ ના રૂા. ૮-૦

રત્નાકર પચ્ચીસી
૧૦૦ ના રૂા. ૧૨-૦

સુધારસ સ્તવન સંગ્રહ
૧૦૦ ના રૂા. ૩૫-૦

નૂતન સ્તવનાવલિ હિન્દી
૧૦૦ ના રૂા. ૨૦-૦

સ્નાત્રપૂજા વિધિસહિત
૧૦૦ ના રૂા. ૧૫-૦

બાર વ્રતની ટીપ-ગુજરાતી
૧૦૦ ના રૂા. ૧૫-૦

નેમનાથનો શ્લોકો
૧૦૦ ના રૂા. ૧૦-૦

શત્રુંજય ઉદ્ધાર રાસ-હિન્દી
૧૦૦ ના રૂા. ૧૫-૦

નવસ્મરણ ગુજરાતી
૧૦૦ ના રૂા. ૫૦-૦

દર્શનચોવીસી અનાનુપૂર્વિ
૧૦૦ ના રૂા. ૭૫-૦

સ્થાપનાજી
૧૦૦ ના રૂા. ૪-૦

—: વિશેષ માટે પૂછાવો :—

પુસ્તક પર આપનું નામ વગેરે છાપવું હશે તો વ્યાજબી ભાવે છાપી આપીશું.

સોમચંદ ડી. શાહ ઠે૦ જીવનનિવાસ સામે. પાલીતાણા [સૌરાષ્ટ્ર].

વિષયાનુક્રમ

નિર્ભય માર્ગ	શ્રી મોહનલાલ ચુ. ધામી	૩
વહેતાં વહેણ	શ્રી પ્રવાસી	૬
સોળમા વર્ષે	મુનિ. નિત્યાનંદવિજયજી મ.	૯
દ્રવ્યાનુયોગની મહત્તા	પૂ. પં. શ્રી ધુરંધરવિજયજી મ.	૧૨
શંકા-સમાધાન	પૂ. આ. શ્રી વિજયલબ્ધિસૂરિજી મ.	૧૭
સામાયિકની ક્રિયા	પૂ. પં. શ્રી ભદ્રંકરવિજયજી મ.	૨૦
અગત્યના પ્રશ્નો	શ્રી પ્રભુદાસ બહેચરદાસ પારેખ	૨૩
મનુષ્યજન્મની મહત્તા	પૂ. આ. શ્રી વિજયરામચંદ્રસૂરિશ્વરજી મ.	૨૫
આનંદઘનજી	શ્રી અગરચંદજી નાહટા	૩૨
જીવનમાં લાગેલી આગ	શ્રી શિવાનંદ	૪૧
મારો પ્રવાસ	શ્રી પ્રકાશ જૈન	૪૩
શ્રી અંબિકાદેવી	શ્રી ભુરમલજી વીરચંદજી	૪૯
એક પત્ર	મળેલું	૫૧
નવરસો	ડો. વલ્લભદાસ નેણસીભાઇ	૫૩
જ્ઞાનગોચરી	શ્રી ગવેષક	૫૫
કુલ અને ફોરમ	પૂ. પં. શ્રી પ્રવીણવિજયજી મ.	૫૮
જ્ઞાનલહરી	શ્રી વજ્રપાણિ	૬૦
જૈનદર્શનનો કર્મવાદ	શ્રી ખુબચંદ કેશવલાલ	૬૨
મોક્ષ અંગે	શ્રી પ્રભુદાસ બહેચરદાસ પારેખ	૬૬
પુનર્જન્મ	પૂ. મુ. જયપદ્મવિજયજી	૭૧
આપણું જીવન	શ્રી કાંતિલાલ વૈદ્ય	૭૪
કહેવતો	ડો. મંજમુદાર	૭૬
ભદ્રેશ્વર તીર્થ	શ્રી કાંતાબેન જુઠાભાઇ	૮૧
મધપૂડો	શ્રી મધુકર	૮૩
જ્ઞાનવિજ્ઞાનની તેજ છાયા	શ્રી કરણ	૮૯
મન અને મંત્ર	મુનિ. શ્રી મિત્રાનંદવિજયજી	૯૭
પ્રકાશનાં પગલાં	પૂ. પં. શ્રી કનકવિજયજી મ.	૧૦૦
નવકારથી ભવપાર	શ્રી પ્રિયદર્શન	૧૦૩
મનન માધુરી	શ્રી વિમર્શ	૧૦૮
કથા કલ્લોલિની	શ્રી અભ્યાસી	૧૧૧
કુલદીપક	શ્રી સૂર્યશિશુ	૧૧૭
બાલજગત	જુદા જુદા લેખકો	૧૨૧
ભવિષ્ય ભાખતો પત્ર	શ્રી યશોધર મહેતા	૧૨૯
સમાચાર સાર	સંકલિત	૧૩૩

શ્રી વર્ધમાન તપની ઓળી કરનારાઓને

શ્રી વર્ધમાન તપની ઓળી ૫૦ કે એથી વધુ કરનાર ભાઇ-બહેનોને **શ્રી વર્ધમાન તપ માહાત્મ્ય** નામનું ૪૦ પેજનું પુસ્તક અમદાવાદનિવાસી **શેઠ શ્રી જેચંદભાઇ કેવળદાસ** તરફથી ભેટ મળશે. કેટલામી ઓળી ચાલે છે તે જણાવવા સાથે સીરનામું પુરેપુરું જણાવવા વિનંતિ છે.

કલ્યાણ પ્રકાશન મંદિર
પાલીતાણા (સૌરાષ્ટ્ર)

રજીસ્ટર્ડ પેપર્સ (સેન્ટ્રલ) રૂલ્સ ૧૯૫૬ ના અન્વયે

કલ્યાણ માસિક અંગેની વિગતો પ્રગટ કરવામાં આવે છે.

પ્રસિદ્ધિ સ્થળ	:	વઢવાણ સીટી (સૌરાષ્ટ્ર)
પ્રસિદ્ધિનો ક્રમ	:	દર અંગ્રેજી માસની ૨૦ મી
મુદ્રકનું નામ	:	જશવંતસિંહજી પ્રી. પ્રેસ સોમચંદ ડી. શાહ
કઇ જ્ઞાતિના	:	ભારતીય
ઠેકાણું	:	શીયાણીની પોળ
પ્રકાશક	:	કલ્યાણ પ્રકાશન મંદિર
ઠેકાણું	:	શીયાણીનીપોળ વઢવાણ સીટી
તંત્રીનું નામ	:	સોમચંદ ડી. શાહ
કઇ જ્ઞાતિના	:	ભારતીય
ઠેકાણું	:	જીવનનિવાસ સામે પાલીતાણા
માલીકનું નામ	:	કલ્યાણ પ્રકાશન મંદિર
ઠેકાણું	:	જીવન નિવાસ સામે પાલીતાણા

આથી હું જાહેર કરું છું કે ઉપર જણાવેલી વિગતો મારી જાણ અને માન્યતા મુજબ બરાબર છે.

૨૦-૩-૫૯ **સોમચંદ ડી. શાહ**

કલ્યાણ સોળમા વર્ષમાં પ્રવેશ કરે છે.

જૈનસમાજમાં, શ્રદ્ધા, સમભાવ, સંસ્કાર, તથા શિક્ષણના પ્રચારકાજે પંદર વર્ષથી સતત પ્રયત્નશીલ તેમજ વિવિધ વિષયસ્પર્શી સાહિત્ય આપતું એકમાત્ર માસિક 'કલ્યાણ' આ અંકે સોળમા વર્ષમાં પ્રયાણ કરે છે. પંદર-પંદર વર્ષથી તેણે સમાજમાં શ્રી જૈનશાસનની સેવા સાથે સમાજના અનેક પ્રશ્નોમાં માર્ગદર્શન આપ્યું છે. હળવા તથા ગંભીર-બન્ને પ્રકારના સાહિત્યનો રસથાળ પીરસીને તેણે સમાજના પ્રત્યેક વર્ગને રસપ્રદ બને તે રીતે મનનીય વાંચન આપ્યું છે.

સમાજના અંતર્ગત કેટલાક પ્રશ્નોને સ્પર્શ્યા વિના શાસ્ત્રીય સત્યોની રક્ષા કરવા કાજે કલ્યાણે શક્ય સઘળું કર્યું છે. તદુપરાંત બાલ, યુવાન, પ્રૌઢ તથા વૃદ્ધ સર્વ કોઇને રસમય બને તેવું સાહિત્ય તેણે પીરસ્યું છે. તાત્ત્વિક તથા સાત્ત્વિક ધ્યેયલક્ષી સાહિત્ય પીરસવામાં તેણે કદિ ઉપેક્ષા કરી નથી. ધર્મની વફાદારી શાસ્ત્રીય સત્યની રક્ષા તથા પ્રચાર કાજે કલ્યાણે શક્ય કર્યું છે. બારમહિનાના રૂા. ૫-૫૦ ના માસિક લવાજમમાં આટલું વિપુલ સાહિત્ય આપનાર જૈનસમાજમાં એકમાત્ર માસિક કલ્યાણ છે. તે કહેવામાં રહેજે અતિશયોક્તિ નથી.

આજે 'કલ્યાણ' સોળમા વર્ષમાં જે રીતે પ્રયાણ કરે છે, તે અમારે મન ગૌરવનો વિષય છે. જેમાં સર્વ કોઇ 'કલ્યાણ'ના શુભેચ્છકો, લેખકો અને પૂ. પાદ આચાર્યાદિ મુનિવરોનો કૃતજ્ઞભાવે અમે આભાર માનીએ છીએ. જેઓએ 'કલ્યાણ' પ્રત્યે રસ રાખીને તેના પ્રચારમાં અને તેના ઉત્કર્ષમાં તન, મન, તથા ધનથી પોતાનો સહકાર આપ્યો છે, તે સર્વના સહકારને અત્રે ફરી ફરી યાદ કરી પુનઃ પુનઃ તે સહકારની અપેક્ષા રાખીએ છીએ.

તેમ જ શ્રી જૈનશાસનની સેવા કાજે પ્રયત્નશીલ રહેતા 'કલ્યાણ' દ્વારા શુભનિષ્ઠાપૂર્વક જે કાંઇ સાહિત્યપ્રચાર થઈ રહ્યો છે, તેમાં છદ્મસ્થસુલભ જે કાંઇ ક્ષતિઓ, ઉણપો તથા જિનાજ્ઞાવિરૂદ્ધ જે કાંઈ આલેખાયું હોય તેનો ત્રિવિધયોગે મિચ્છામિદુક્કડં દેવા પૂર્વક શાસનદેવ પ્રત્યે પ્રાર્થના કરીએ છીએ કે, ધર્મ, સમાજ તથા શાસનની સેવાકાજે નિષ્કામભાવે પ્રયત્નશીલ રહેતા 'કલ્યાણ'ને વધુ ને વધુ સમૃદ્ધ બનાવવાની અમારી કામનાને શાસનદેવ સફલ બનાવો ને અમને અમારી મંજીલમાં આગળ વધવાનું બલ સમર્પો!

(અનુસંધાન પાન ૮ નું)

નામે ભારતમાં તેના વડાપ્રધાનથી માંડી, સર્વ કોઇ હિંસાનો જ ધમધોકાર ધંધો લઇને બેઠા છે. ગાય, ભેંસ, બકરા, પાડાઓની લાખોની સંખ્યામાં કતલ થઈ રહી છે. તેના ચામડા આદિની કોડો રૂા.ની નિકાશ થઇ રહી છે. તાજેતરમાં વ્યાપાર ખાતાના પ્રધાને લોક સભામાં જાહેરાત કરી હતી કે, 'ભારતને માછલાની નિકાશથી અમેરિકા તરફથી ૧૯૫૮ માં પાંચ કોડ ડોલરની વધુ ઉપજ થઇ છે એટલે દરવર્ષ કરતાં ૫ કોડ ડોલરના વધુ માછલાઓ ભારતે અમેરિકા મોકલાવ્યા, તે સિવાય કે જાપાન, કે તે દેશોમાં માછલાઓની નિકાશ કરી હોય તે જુદી. આ બધું શું સૂચવે છે? કેવલ હિંસાખોર માનસ ભારતના વર્તમાન તંત્રવાહકોનું જે વધી રહ્યું છે, તે ભારત જેવા આર્યસંસ્કૃતિ પ્રધાન દેશને માટે ખૂબજ ખતરનાક છે. આ રીતે દેશનો અભ્યુદય કદિ ન થઇ શકે, તે ભુલવા જેવું નથી.

જ્યાંસુધી પ્રજાના પ્રત્યેક વર્ગના માનસમાં નીતિમત્તા, ખેલદિલી, સ્વાર્થત્યાગ, પરોપકાર, જીવદયા તથા પ્રામાણિકતા, સાદાઇ અને સંયમ નહિ આવે ત્યાંસુધી દેશના વિકાસની લાખો યોજનાઓ હાથ ધરવામાં ભલે આવે પણ તેમાં પ્રાણ નહિ હોય તે હકીકત દિવા જેવી સ્પષ્ટ છે. એ સર્વ કોઇ યાદ રાખે. તા. ૧-૪-૫૯

વર્ષ : ૧૬ ફાગણ-ચૈત્ર
અંક: ૧-૨ ૨૦૧૫

નિર્ભય માર્ગ

વૈદ્યરાજ શ્રી મોહનલાલ ચુનીલાલ ધામી

★

છેલ્લા પચ્ચીસો વર્ષનો ઇતિહાસ આપણી પાસે કડીબધ્ધ પડેલો છે. એ ઇતિહાસ કેવળ રાજકીય કે યુધ્ધ પુરતો મર્યાદિત નથી....પરંતુ એ ઇતિહાસ સામાજિક, સાંસ્કૃતિક, રાજનૈતિક, આર્થિક અને આધ્યાત્મિક એમ જીવનના દરેક ક્ષેત્રને આવરી લેતો પડયો છે.

સંશોધનની દૃષ્ટિએ વિચારીએ તો આપણી સામે હજારો વર્ષનો ઇતિહાસ પડયો છે; પરંતુ જેને કડીબધ્ધ કહી શકાય અથવા તો જીવનના પ્રત્યેક અંગોને સ્પર્શતો કહી શકાય એવો ઇતિહાસ છેલ્લા પચ્ચીસો વર્ષનો પડેલો છે.

ભગવાન મહાવીરના યુગથી માંડીને આજના લોકશાહી સુધીનો ઇતિહાસ આજે ઉપલબ્ધ છે.

અને એ ઇતિહાસ પ્રત્યે નજર કરતાં એક વાત નગ્ન સત્ય સમી સમજાય છે કે, આપણા પર આજે જે રીતનો કપરો કાળ ગાજી-ગુંજી રહ્યો છે, તેવો કપરો સમય છેલ્લા પચ્ચીસો વર્ષમાં કોઈપણ વખતે આવ્યો નહોતો.

આજના જડવિજ્ઞાનના ભંગારની પૂજાના પરિણામે કહો કે આધ્યાત્મિક આનંદની ઉપેક્ષા વૃત્તિને કારણે કહો....આજ માત્ર જૈનો નહિ....માત્ર હિન્દુઓ નહિં....માત્ર મુસ્લીમો નહિં...માત્ર શ્રીમંતો નહિં....માત્ર મજુરો નહિં...માત્ર ખેડુતો નહિં....ભારત-વર્ષના પ્રત્યેક વર્ગને આજ કસોટી...જીવનની આકરી કસોટીમાંથી પસાર થવું પડે છે.

આ ધરતી પર છેલ્લા પચ્ચીસો વર્ષમાં એક સાથે બાર બાર દુષ્કાળ આવી ગયા છે. નાના-મોટા અનેક યુધ્ધો આવી ગયાં છે મુસ્લિમો, તાર્તારો, વલંદાઓ, ફ્રેન્ચો અને અંગ્રેજો પણ આ ધરતીનું શોષણ કરવા આવી ગયા છે....છતાં કદી પણ આજના જેવી મોંઘવારી નથી આવી, કે આજના જેવું નબળું નૈતિકસ્તર નથી બન્યું. સત્ય સુંદર હોય છે અને નિરાભરણ પણ હોય છે! ઘણીવાર સત્ય કડવું લાગે છે....કારણ કે જીવનનું એ પરમ મંગલઔષધ છે. રોગ નિવારણ કરનારાં ઔષધો મીઠાં હોતાં જ નથી. એ દૃષ્ટિએ જો સત્ય કહેવાનું રહેતું હોય તો તે એકજ છે કે છેલ્લાં દશ વર્ષના કોંગ્રેસી યુગે માનવીની સંસ્કાર સંપત્તિને નહિ કરી છે....માનવીના ચારિત્ર્યની સમૃધ્ધિને છિન્નભિન્ન કરી છે....માનવીની આર્થિક એષણાને ચુડેલના વાંસા જેવી બનાવી દીધી છે!

આજ માનવી પોતાનું નૈતિક બળ ગુમાવી રહ્યો છે....ધર્મરૂપી અમૃતથી દૂર દૂર ફંગોળાઇ ચૂક્યો છે....કારણ કે એની સામે એના પોતાના કરતાંયે પોતાને જીવવા માટે ઉભા થયેલા પ્રશ્નો ઘણા મહાન બની ગયા છે!

એક તરફ ભયંકર અને ક્રાતિલ મોંઘવારીનો ચાબુક જનતાની પીઠપર વિંઝાઈ રહ્યો છે.

બીજી તરફ બેકારીનાં અટ્ટહાસ્ય માનવીની માનવતાનો પરિહાસ કરતાં હોય છે!

ત્રીજી તરફ આ ગરીબ દેશ પર એક વિરાટ બોજ માફક કરવેરા લદાઇ રહ્યા છે!

ચોથી તરફ યાંત્રિક જાદુની માયામાં સપડાયેલા આજના આગેવાનો દેશના કરોડો માનવીની ઉપેક્ષા કરીને કેવળ યંત્રવાદની પૂજામાં પ્રમત્ત બન્યા છે!

આજે નિર્જીવ યંત્રો આગળ માયા-મમતા-લાગણી અને હૃદયથી થડકતો માનવી જીવતો માનવી સાવ વામન બની ગયો છે!

આજ ચેતનની કોઇ કિંમત નથી. આજ જડની મહોબ્બત છે. જડની મસ્તી છે અને જડતા નીચે ચેતનના રૂદનની કરુણ ચીસો ચગદાઇ રહી છે!

માનવી નાનો બની ગયો છે એના પ્રશ્નો મોટા બની ગયા છે.

અને માનવી પોતાનો એક પ્રશ્ન હલ કરવા જાય છે ત્યાં બીજા બે પ્રશ્નો જીવતા બનતા હોય છે!

છતાં આ દેશના માનવીની મોટામાં મોટી અને ક્રૂર મશ્કરી કોઇ પણ થતી હોય તો એ છે કે આજના યુગને વિકાસનો યુગ કહેવામાં આવે છે....આજના રાજશાસનને વિશુધ્ધ લોકશાહીનું નામ આપવામાં આવે છે....અને આજના વાયુમંડળને વિજ્ઞાનનો સુવર્ણયુગ ગણવામાં આવે છે.

છતાં ખૂબી એ છે કે માનવી નીતિના પાયા પરથી બસવા માંડયો છે.

માનવી ચારિત્ર્ય શુદ્ધિના બળને દૂર કરવા માંડયો છે.

બ્યભિચારને કલા ગણાવવા જેટલી હદે આજનો વિકાસ યુગ પહોંચ્યો છે.

નિરંતર ચોરીઓ થતી જાય છે-વધતી જાય છે.

સેળભેળ, ઉચાપત, સંગ્રહખોરી, રૂશ્વત, છેતરપીંડી એ તો જાણે જીવનના સામાન્ય અંગો બની ગયાં છે.

શુદ્ધ ઘી ન મળે.

શુદ્ધ દૂધ ન મળે.

સારૂં સત્વવાળું અનાજ ન મળે.

સંસ્કાર આપતી કેળવણી ન મળે.

લોકોને આરામ ન મળે....આરોગ્ય ન મળે....તાજી હવા ન મળે.

નિરાશાના ઘોર અંધકારમાં અટવાયેલી આ દેશની જનતાને આશાનું કોઇ કિરણ ન દેખાય.

છતાં આ રીતે દલિત જનતાની આજે ક્રૂર મશ્કરી કરવામાં આવે છે. કહેવાય છે આજ સુવર્ણયુગ છે...વિકાસનો યુગ છે....પ્રગતિનો યુગ છે.

આજના યુગને અને આજના અંધકારને આ રીતે બિરદાવનારાઓને આવતી કાલનો ઇતિહાસકાર માફ કરશે કે નહિ? એ પ્રશ્ન બાજુ પર રાખીને વિચારીએ તો આપણા રાષ્ટ્ર પર છેલ્લા પચ્ચીસો વર્ષમાં કોઇપણ સમયે નહોતો આવ્યો તેવો કપરો કાળ આજે આવી પડયો છે.

અને આ કપરા કાળમાંથી બચવાનો જો કોઇપણ રામબાણ ઉપાય હોય તો તે એકજ છે....આપણા ધર્મને, આપણા વ્યવહારને....આપણા સદાચારને અને આપણા સંસ્કારને આપણે નિષ્ઠાપૂર્વક વળગી રહીએ.

સત્ત્વશીલ તત્ત્વો હંમેશા માનવજાતને બચાવતાં જ આવ્યા છે. આપણે જો મહા-વિનાશમાંથી બચવું હોય તો આજના ગંદા રાજકારણ સામે ખુલ્લી ઉપેક્ષા દર્શાવીને આપણે કેવળ ધર્મ અને સંસ્કૃતિનું જ અવલંબન ધારણ કરીએ.

આ એકજ નિર્ભય અને સરલ માર્ગ છે.

અને આ માર્ગ વગર ભારતની જનતા કદીપણ જીવનનું સાચું સુખ પ્રાપ્ત કરી શકશે કે કેમ, એ એક પ્રશ્ન છે.

કેટલુંક અગત્યનું

- સ્થળ સંકોચના કારણે કેટલાક લેખો રહી જવા પામ્યા છે તે હવે પછીના અંકમાં પ્રથમ સ્થાન આપીશું. લેખકો અમને દરગુજર કરે.
- મનીઓર્ડર કે પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર અવશ્ય લખવો.
- હવે પછી દરેક અંક ૨૦ તારીખે પ્રગટ થશે.
- નવા દશ ગ્રાહકો બનાવી આપનારને 'કલ્યાણ' એક વર્ષ ફ્રી મોકલીશું.
- ટાઇટલ પેજ ઉપર માટે ફોટાઓ કે બ્લોકો સારા હોય તેજ મોકલવા.
- લવાજમ પુરું થયે કાપલીથી તેમજ પોસ્ટકાર્ડથી ખબર આપવામાં આવે છે તો લવાજમ મનીઓર્ડરથી જ મોકલી આપવું ચોગ્ય છે. જેથી વી. પી.ના દશ આના બચી જશે અને અમારો સમય બચશે.
- અહિંથી વી. પી. થયા પછી કેટલાક ગ્રાહકો વી. પી. પરત કરે છે પણ એથી અમારા સમયનો અને પોષ્ટેજનો ખર્ચ નાહક નકામો જાય છે.
- લેખક મહાશયોએ કાગળની એકજ બાજુએ સારા અક્ષરે લખીને લેખો મોકલવા
- 'કલ્યાણ'નું આ અંકથી નવું વર્ષ શરૂ થાય છે. વાર્ષિક લવાજમ રૂા. ૫-૫૦
- હવે દરેક અંક ૨૦મી એ રવાના થશે તો ૨૮મી તારીખ સુધી અંક ન મળે તો તપાસ કરીને અમને જણાવવું.
- 'કલ્યાણ'ની દરેક બાઇન્ડીંગ કરેલી ફાઇલના રૂા. ૫-૫૦ છે. ખર્ચ અલગ. શરૂઆતની ત્રણ વર્ષની ફાઇલો મળતી નથી.

દેવાધિદેવ શ્રમણભગવાન શ્રી મહાવીરદેવના જન્મકલ્યાણકનો અણમોલ અવસર આવી રહ્યો છે. આ અંક વાચકોના કરકમલમાં જ્યારે મૂકાશે, ત્યારે ગણત્રીના દિવસોમાં પ્રભુ શ્રી મહાવીરદેવના જન્મકલ્યાકનો મંગલ દિવસ આવી રહ્યો હશે ? શાશ્વતી શ્રી નવપદજીની ઓલીના આરાધનાના સુંદર પ્રસંગે જન્મકલ્યાણક આવે છે, આજે તો જન્મકલ્યાણકની ઉજવણીના બહાને જયંતિશબ્દથી એ પ્રસંગ ઉજવાય છે. તેમાં ગમે તેવા ફાલતુ માણસો ગમે તેમ બોલી, પ્રભુ શ્રી મહાવીરદેવનાં લોકોત્તર વ્યક્તિત્વની સાથે અજ્ઞાનતાના કારણે જાણે અડપલાં કરી રહ્યા હોય છે. તેમાં જૈનો જે રીતે ભાગ લે છે, તે આપણને ખૂબ જ ગ્લાનિકર લાગે છે. જૈન સમાજમાં જાણે એવી હવા ફેલાતી જાય છે કે, ' મહાવીર જન્મકલ્યાણકનો દિવસ એટલે સભાઓ, મેલાવડાઓ તેમજ જલસાઓ ગોઠવી, નાટકો, સંવાદો ભજવી, નાચ–ગાન તથા તાનના સમારંભો જમાવી ખાનપાનના આનંદમાં દિવસ પૂર્ણ કરવો.' આ હકીકત દેવાધિદેવ શ્રમણ-ભગવાન શ્રી મહાવીરદેવનાં ત્યાગ, તપ તથા તિતીક્ષાપૂર્ણ લોકોત્તર જીવનના આરાધકોને માટે તેમના જીવનની મંગલ સાધનાને અંજલિ આપનારા તેમના સુપુત્રો માટે બિલકુલ છાજતી નથી.

ક્યાં તે દેવાધિદેવનો અનુપમ ત્યાગ, અદ્‌ભુત વૈરાગ્ય, અને લોકોત્તર ક્ષમા ? ને ક્યાં આજે તેઓના જન્મકલ્યાણકના મહામંગલકારી પ્રસંગે આ બધા નાટક–ચેટક, સભા, અને સમારંભોના જલસાઓ ? બીજા લૌકિક પુરૂષોના જન્મજયંતિના પ્રસંગો, અને ભગવાન શ્રી મહાવીરદેવના જન્મકલ્યાણકનો મંગલ પ્રસંગ એ બન્ને વચ્ચે આકાશ–જમીન જેટલું અંતર છે, એ ભૂલવું જોઈતું નથી. શ્રમણભગવાન શ્રી મહાવીરદેવ એ લોકોત્તર વિશ્વવંદ્ય વિભૂતિ છે, તેઓ શ્રીમદ્‌ની મહત્તા, તપ, ત્યાગ, વૈરાગ્ય, ક્ષમા, ધૈર્ય તથા ગાંભિર્યાદિ લોકોત્તર ગુણોની સર્વ કલ્યાણકર જીવનસાધના દ્વારા ત્રણે લોકના ઉપકારકથી ધર્મ-તીર્થની સ્થાપનાથી છે, આ જ કારણે તેઓશ્રીના બહુમાનભાવપૂર્વક તેઓનાં અદ્‌ભુત વ્યક્તિત્વની અદમ્ય જળવાઇ રહે તે રીતે તપ, ત્યાગ, ધૈર્ય, ગાંભીર્યાદિ ગુણોની સાધનાપૂર્વક જન્મકલ્યાણકના મંગલ દિવસની ઉજવણી થવી ઘટે, એ હકીકત ન ભૂલવી જોઇએ.

સમાજની અરાજક દશા

જૈન સમાજમાં આજે ચોમેર અરાજક દશા વધતી જ ચાલે છે, તેનું આપણને જરૂર દુઃખ થવું ઘટે. સામાજિક ક્ષેત્રે લજ્જા, સંયમ, મર્યાદા, પ્રામાણિકતા, વ્યવહાર શુદ્ધિ, સંતોષ, સાદાઇ, સાત્વિકતા ઇત્યાદિનાં મૂલ્યો ઘટવા પામ્યાં છે. આસ્તિકતા, તથા સંયમિતાનો આદર્શ ભૂલાઇ જવા પામ્યો છે. પૈસો એજ મુખ્ય મનાતો જાય છે, તેની ખાતર ગમે તે કરવામાં આજે સમાજના લગભગ ઉપલા વર્ગથી માંડી નીચલા વર્ગ સુધી કોઇને કાંઈજ પાછા વળીને જોવા જેવું રહ્યું નથી. પરોપકાર કે સૌજન્યવૃત્તિ જેવા સામાન્ય સદ્‌ગુણો પણ જીવનમાંથી ભુલાઈ જતા જાય છે. પાસે જ વસતા જૈનભાઇને ભૂખે મરતો જોવા છતાં ધનના ઢગલા જેના આંગણે ખડકાયા છે તે શ્રીમંતને હમદર્દી જેવું દેખાતું નથી. જૈન તરીકે પોતાની ફરજ શું ? તે લગભગ ભૂલાઈ ગયું છે. જ્યારે સાધનહીન ગણાતા નીચલાં થરના જૈન ભાઇઓના હૃદયમાં ધર્મભાવના, શ્રદ્ધા, તેમજ સ્વાશ્રય, સાદાઇ, અને સ્વસ્થતા રહ્યા નથી ! આ માટે કોણ જવાબદાર ? એ પ્રશ્ન જ્યારે ઉપસ્થિત થાય છે ત્યારે તેનો એક જ જવાબ કે સર્વ કોઈ પોતાની જાતને ભૂલ્યા છે. અને પારકાના દૂષણો જોવામાં જ ઇતિકર્તવ્યતા માની લીધી છે, પરિણામ આજે આ આવીને ઉભું છે.

ધાર્મિકક્ષેત્રમાં ધર્મસ્થાનોનો વહિવટ જેઓની પાસે છે, તે વર્ગ તદ્દન અરાજકદશાનો ગેરલાભ

લઇ ધાર્મિક સિદ્ધાંતોની શિસ્તને કોરાણે મૂકી, સ્વેચ્છાયે તે સ્થાનોની પવિત્ર મિલકતોનો વહિવટ કરી રહેલ છે. તેમને જ્યારે પૂછવામાં આવે છે, ત્યારે આપખુદ વર્તન દાખવી; નમ્રતાપૂર્વક પૂછનારને જવાબ પણ તે વર્ગ આપવા તૈયાર નથી. શ્રી અરિહંતદેવની ભક્તિ નિમિત્તે અર્પણ થયેલા દ્રવ્યથી કોલેજ, હોસ્પીટાલ જેવા સ્થાનો બંધાવવાનો નિર્ણય કરવા સુધી તૈયાર થવું તે સમાજની નિર્નાયક દશાનો જ ગેરલાભ લેવાઇ રહ્યો છે કે બીજું કાંઇ? સમ્યગ્જ્ઞાનની ભક્તિ માટે અર્પણ થયેલા દ્રવ્યનો હાઇસ્કુલ કે સ્કુલમાં ભણતા વિદ્યાર્થીઓને પુસ્તકો આદિ માટે ઉપયોગ કરવાની અશાસ્ત્રીય કારવાઈ કરવા સુધી જવું તે જૈનસમાજની બોડી બામણીના ખેતર જેવી અરાજક પરિસ્થિતિનો દુરુપયોગ જ થઇ રહ્યો છે તેમ કહેવું ખોટું નથી.

સમાજના શ્રીમંતો પાસે પૈસો છે, કોલેજ કે હોસ્પીટાલોની જરૂરીયાત લાગે તો ઘરમાંથી કાઢીને ખરચી શકાય છે, બાકી, દેવદ્રવ્ય કે જ્ઞાનદ્રવ્યનો આ દુરુપયોગ ન જ હોઈ શકે! મફતકા ચંદન જેવી આ મિલકત ન ગણશો, આ મિલકત પવિત્ર છે, મહાપવિત્ર છે. તેનો જે રીતે શાસ્ત્રીય ઉદ્દેશ હોય તેમાં જ સદુપયોગ કરવો ઘટે છે. આજે એવા હજારો જિનમંદિરો છે, જેઓના જીર્ણોદ્ધારની તાત્કાલિક જરૂર છે. ત્યાં દેવદ્રવ્યની મહાપવિત્ર મિલકતનો સદુપયોગ તાત્કાલિક કરવો ઘટે છે. એવા પ્રાચીન હસ્તલિખિત જ્ઞાનભંડારો સંખ્યાબંધ છે, જેમાં રહેલા સમ્યગ્શ્રુતજ્ઞાનના પુસ્તકોનો ઉધ્ધાર, સંરક્ષણ, સંવર્ધન તથા પ્રચાર કરવાની સર્વ પ્રથમ જરૂર છે, આમાં જ તે તે ધાર્મિક મિલકતોનો સદુપયોગ કરવો તે જ વાસ્તવિક છે. એ સિવાય બીજી રીતે તે મિલકતનો ઉપયોગ કરવો તે અશાસ્ત્રીય છે, ટ્રસ્ટના ઉદ્દેશને અનુરૂપ નથી, તેમજ સમાજે મૂકેલા ટ્રસ્ટ-વિશ્વાસને છેહ દેવા જેવું કાર્ય છે, તે કદિ ભૂલવું જોઇએ નહિ.

આ પ્રસંગે એક હકીકત યાદ આવે છે; ગાંધીજી જ્યારે જીવંત હતા, તે વેળા બંગાળના દુષ્કાળ માટે વાપરવા સારૂ શ્રી કસ્તુરબા સ્મારક ફંડની રકમની માંગણી કરવામાં આવી, ત્યારે ગાંધીજીએ તેનો વિરોધ કરતાં સ્પષ્ટપણે જણાવ્યું હતું કે, 'બંગાળના દુષ્કાળ પ્રસંગે માનવદયાના નામે પણ કસ્તુરબા સ્મારક ફંડના ઉદ્દેશથી વિરૂદ્ધ જઇ એક પાઈ પણ ખરચી શકાય નહિ. જે રકમ જે માટે વાપરવા સારૂ એકત્ર કરાઇ હોય તે રકમ તે ઉદ્દેશ સિવાય અન્ય કોઇ પણ કાર્યમાં વાપરવી તે કાર્ય તે રકમ અર્પણ કરનારાઓના વિશ્વાસનો ઘાત કરનારૂં વિશ્વાસઘાતી પગલું ગણી શકાય.' ગાંધીજી જેવા દેશના લગભગ સર્વમાન્ય રાજદ્વારી આગેવાનના આ શબ્દો જૈનસમાજની ધાર્મિક સંસ્થાઓના ટ્રસ્ટી થઇને તેનો વહિવટ કરનારા વર્ગને સપ્રેમ સમર્પણ કરીએ છીએ!

જૈન મંદિરોમાં પાઇ–પાઈ ભંડારોમાં નાંખનારો પૂજકવર્ગ શું કોલેજ માટે પૈસો અર્પણ કરે છે? જ્ઞાનપૂજન કરનાર કે શ્રુતજ્ઞાનનો ચઢાવો બોલી પૈસાનું સમર્પણ કરનાર શું સમાજના છોકરા–છોકરીઓના પાઠ્યપુસ્તકો માટે તે દ્રવ્ય ખર્ચે છે? શાસ્ત્રસિધ્ધાંત કે પૂ.પાદ પરમગીતાર્થ આચાર્યદેવાદિની આમાં સમ્મતિ લેવાઇ છે? તે તે સિવાય જ્યાં જ્યાં ધાર્મિક મિલકતોના વહિવટદારો પોતાની મનસ્વી રીતે તે તે મિલકતોનો વહિવટ કે વ્યવસ્થા કરતા હોય તો તે સામે અમારો મક્કમ વિરોધ છે. ને આ તકે, પૂ.પાદ પરમગીતાર્થ આચાર્યદેવાદિને સવિનય વિનંતિ કે, આવી બાબતોમાં આપ સર્વ એકમત બનીને સમાજને સાચું, કલ્યાણકર શાસ્ત્રીય માર્ગદર્શન નિષ્પક્ષભાવે નિઃસ્પૃહ બનીને આપ આપો! તેમાં જ સમાજનું સાચું શ્રેય છે કે જેની જવાબદારી આપનાં શિરે છે.

આવી ગંભીર બાબતમાં ઉપેક્ષા કરવી ધર્મધરંધર પૂ.પાદ આચાર્યદેવોને ઘટે નહિ!

★

વિશ્વના રાજકારણમાં ઉકળતા પ્રશ્નો

ભારત તેમજ દુનિયાના દેશો તરફ મીટ માંડતાં એ સ્પષ્ટપણે જણાઇ રહ્યું છે કે, દુનિયાના કોઈપણ દેશમાં શાંતિ નથી. સત્તાનું રાજકારણ ઉકળતા લાવારસની જેમ ધીખી રહ્યું છે. ભારત દેશ શાંતિ માટે ઝંખે છે, પણ પાકીસ્તાનની આડાઇથી તેની સીમાઓમાં વારંવાર કંકલેા ઉભી થઈ રહી છે. ઇરાક કે ઈરાનમાં હજુ અશાંતિ સળગે છે. ચીને તિબેટમાં પેાતાનું માથું નાંખ્યું છે, ને લેાકશાહીની વાત કરતા તે દેશે ત્યાં સત્તા શાહીનું પ્રદર્શન કર્યું છે. રશીયા તથા અમેરિકાની વચ્ચે જર્મનીના પ્રશ્નને અંગે મડાગાંઠ પુરેપુરી પડી છે. કોઈ દેશ શાંતિપૂર્વક જંપીને આજે બેઠેા નથી જ્યાં સત્તા, અસંતેાષ, અને સામ્રાજ્યશાહીની ભૂખ બેઠી હેાય ત્યાં શાંતિ કયાંથી હેાય ? બધા દેશેા આજે શસ્ત્રાસ્ત્રો ખાતર કરેાડા રૂા. ખરચી રહ્યા છે. એક બીજા પરસ્પર એક-બીજાને અવિશ્વાસની નજરે જોઇ રહ્યા છે. આ પરિસ્થિતિમાં જે સત્તા જમાવવાની મેલીમનેાવૃત્તિ નાશ પામે, તેમાં સંતેાષ જાગે ને નવું કોઇનું પણ હડપ કરવાની દુષ્ટ ભાવના ન જન્મે તેા આજે દુનિયામાં શાંતિ છે. પણ એ બને ત્યારે ને ? આજે તેા વેા દિન કબ ..જેવી દશા દુનિયાના દેશેાની છે. જે ખૂબજ શેાચનીય છે.

ભારત માટે ચિંતાજનક પ્રશ્ન

ભારતમા એકંદરે દુનિયાના બીજા દેશેા કરતાં બહારની દૃષ્ટિએ શાંતિ છે. છતાં દેશમાં ચેામેર જે લાંચરૂશ્વત, અપ્રામાણિકતા તેમજ હિંસાખેાર મનેાવૃત્તિ અને સત્તા માટે પડાપડી વધતી જાય છે તે ખૂબજ ચિંતાજનક છે. વિકાસ યેાજનાના નામે કરેાડેા રૂા. ખરચાય છે. પણ ઉંડા ઉતરીને વિચારાય તેા એ યેાજનાથી ભારતના સાત લાખ ગામડાઓમાંથી લગભગ પ્રત્યેક ગામડાની દશા પહેલાં કરતાં સુધરવાને બદલે બગડતી ચાલે છે. તે તે ગામડાના હાથ-ઉદ્યોગેા નાશ પામ્યા; કારીગરેાની રેાજી-રેાટી ઝુંટવાઇ ગઈ. સુથાર, લુહાર, વણકર, ખેડૂત ઇત્યાદી દરેકના વ્યાપારેા ભાંગી પડયા. ઢાર-ઉછેર નાશ પામ્યેા; ગામડાઓના વ્યાપારેા નાશ પામ્યા. ગામડાઓમાં લાઇટ આવી કે પાણીના નળ આવ્યા; સીમેંટ-કોંક્રીટ સડકેા આવી, કે નહેર આવી. પણ ત્યાંની વસતિના મૂલપ્રાણભૂત જે વ્યાપાર રેાજગાર અને ઢાર ઉછેર વિનાશ પામ્યા તેનું શું ? દુધ-ઘીની જ્યાં નદીઓ વહેતી હતી, ને ધાન્યના ભંડારેા જ્યાં ભરેલા હતા, ત્યાં છાશ ને અનાજનેા દાણેા લેવા શહેરમાં જવું પડે ? આ પરિસ્થિતિ દિન-પ્રતિદિન જ્યાં સર્જાઇ રહી છે, ત્યાં ભારતનેા વિકાસ થઇ રહ્યો છે, એમ જે બૂમ બરાડા-પાડવામાં આવે છે તે અમારી સાદી સમજમાં ઉતરતું નથી.

તદુપરાંત : દેશની નૈતિક તાકાત ઘટી રહી છે. પ્રામાણિકતા જેવેા સર્વમાન્ય ઉપયેાગી સદ્‌ગુણ, પ્રજા કે અધિકારી વર્ગના પગથી માંડી માથાસુધીના પ્રત્યેક માણસના હૃદયમાંથી ભુલાતેા જાય છે. કોઇપણ કાર્ય આજે પ્રમાણિકતાથી થતું નથી બધે લાંચરૂશ્વત, લાગ અને વગનેા જ પગપેસારેા થઇ ચુકયેા છે. પ્રામાણિકતાને વળગી રહેનારેા આજે ફેંકાઇ જાય છે. મેલી મુત્સદ્દિતાના દાવપેચવાળેા આજે ફાવી રહ્યો છે. આ પરિસ્થિતિમાં પલટેા ન આવે ત્યાં સુધી દેશના અભ્યુદયની લાખેાં યેાજનાઓ થશે પણ તે સાચી રીતે સફલ નહિ થઈ શકે.'

તદુપરાંત : દેશમાં ચેામેર જે હિંસાખેાર માનસ વધતું જાય છે, તે ખૂબજ અનિષ્ટ છે. હિંદ જ્યારે ભાગલા પહેલાં એક હતું ત્યારે જે હિંસા અહિં ફાલી-ફુલી ન હતી તેના કરતાં કઈગુણી હિંસા આજે વધી રહી છે. કમનશીબી એ છે કે, બ્રિટીશ તંત્રમાં હિંસા માટે ગૌરવ લેવાનું ન હતું, તેના પ્રચાર માટે આટલેા રસ લેવાતેા ન હતેા કે તેનેા આજની જેમ ધીકતેા ધંધેા ચાલતેા નહતેા ! આજે તેા અશેાક ચક્રનાં રાષ્ટ્રધ્વ જ નીચે, ગાંધીજીની અહિંસાના-

(અનુસંધાન પાન બીજું)

સોળમા વરસના પ્રારંભે

પૂ૦ મુનિરાજ શ્રી નિત્યાનંદવિજયજી મહારાજ

★

સોભાગી જિનશું લાગ્યો અવિહડ રંગ.

પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજ શ્રી યશોવિજયજી મહારાજે શ્રી સુમતિનાથ ભગવાનની સ્તવના કરી, શ્રી જિનેશ્વર ભગવંત ઉપરની પોતાની અપૂર્વ પ્રીત દર્શાવી છે. શ્રી જિનેશ્વર ભગવંત ઉપરની પ્રીતિ આત્માને મોક્ષપદ પમાડવાનું અપૂર્વ સાધન છે.

લક્ષ્મી સત્તાથી શું હોવે, મનમાં જોજો વિચારી;
એક દિન ઉઠી જાવું જ અંતે, દુનિયા સૌ વિસારી.

શ્રી આનંદઘનજી મહારાજે સુંદર ઉપદેશ દર્શાવ્યો છે, કે–લક્ષ્મી, ધન, મોટા–બંગલા, ગાડી–વાડી, ઋદ્ધિ–સિદ્ધિ, વગેરે મળી જતાં જો અભિમાન આવતું હોય તો, મનમાં થોડો વિચાર કરી જોશો તો જણાશે કે, "આ બધી ઋદ્ધિ–સિદ્ધિ વગેરે ક્યાં સુધી રહેવાની છે? આયુષ્ય પૂર્ણ થતાં બધી વસ્તુઓ–આખી દુનીયા વિસરી જઈને પરલોકમાં ચાલ્યા જવું પડશે એ વાત નક્કી છે. માટે મળેલી સામગ્રીનો સદુપયોગ કરવો એજ આત્માને હિતકારી છે.

માયામેં મગન થઇ, સારો જન્મ ખોયો;
સુગુરુ વચન નિર્મળ નીરે, પાપ મેલ ન ધોયો.

શ્રી ઉદયરત્નજી મહારાજે સાચું જ કહ્યું છે, કે–હે જીવ! તું જીંદગી માયા–કપટ, છળ–પ્રપંચમાં પસાર કરી રહ્યો છે, પરંતુ સદ્‌ગુરુએ કહેલા વચનરૂપી નિર્મળજળથી તારા આત્મા ઉપર લાગેલો કર્મરૂપી મેલ ધોયો નહિ, તેથી ચિન્તામણિ રત્ન જેવો દુર્લભ મનુષ્ય જન્મ ફોગટ ગુમાવી રહ્યો છે. માટે હે ચેતન! હજુ પણ સમજ અને મહાપુન્યયોગે પ્રાપ્ત થયેલા મનુષ્યજન્મને સફળ કરી લે.

વયરીથી વેર ન કીજે, રાગીથી નહિ રાગ;
સમભાવે સૌ જનને નિરખે, તો શિવસુખનો લાગ.

મોક્ષસુખ માટેનો ઉત્તમ ઉપાય શ્રી ચિદાનંદવિજયજી મહારાજ જણાવે છે, કે–દુશ્મન પ્રત્યે પણ વેરભાવ ન રાખવો અને રાગ–પ્રેમ રાખનારા પ્રત્યે પ્રેમ ન રાખવો. શત્રુ કે મિત્ર પ્રત્યે સમભાવ રાખીશ તો મોક્ષસુખ મળતાં વાર નહિ લાગે, સંસારમાં પણ વિરાગી તરીકે રહી શકીશ.

રતિપતિ આણ વસે સહુ સુરનર, હરિહર બંભ મુરારિ રે;
થાશું કામ સુભટ ગયો હારી રે.

: ૧૦ : સોલમા વરસના પ્રારંભે :

કામદેવના પંઝામાં મહાદેવ, બ્રહ્મા, કૃષ્ણ જેવા મહારથીઓ પણ ફસાઇ ગયાનું સાંભળવામાં આવે છે. ત્યારે હે વીતરાગ પરમાત્મા ! આપની આગળ તો તે કામદેવ હાર પામી ગયો છે. અર્થાત્ આપ કામદેવને વશ નહિ થતાં, તે કામદેવને આપે વશ કરી લીધો છે એ આપની બલીહારી છે.

સજ્જન સ્નેહી હો શીયળથી સુખ લહે, આતમ નિર્મળ થાય;
વ્રત સકલમાં જેહ શિરોમણિ, જસ ગુણ સુરનર ગાય.

શીલવ્રતનું પાલન કરવાથી અનેક પ્રકારના દિવ્ય સુખો પ્રાપ્ત થાય છે, ઉપરાંત આત્મા ઘણો નિર્મળ બને છે, સ્વેચ્છાએ બ્રહ્મચર્ય નહિ પાળવા છતાં ચક્રવર્તિનો ઘોડો મરીને દેવલોકમાં જાય છે. તે પાળેલા બ્રહ્મચર્યનો પ્રભાવ છે. જેઓ શુદ્ધ પ્રકારે શીલવ્રત પાળે છે, તેમના ગુણગાન દેવતાઓ પણ કરે છે. બ્રહ્મચર્યવ્રત સઘળા વ્રતોમાં શ્રેષ્ઠ છે. માટે બ્રહ્મચર્યનું પાલન કરવું એ અત્યંત હિતકારી છે.

નારી દેખી હો નયન ન જોડીએ, નવિ પડીએ ભવકૂપ;
શ્રી જિનવાણી હો ભવિયણ ચિત્ત ધરો.

હે ભવ્યજન ! તમે શ્રી જિનેશ્વર ભગવાનની વાણી ચિત્તમાં ધારણ કરો. સ્ત્રીને રાગદૃષ્ટિથી જોવાથી જીવ ભવરૂપ કૂવામાં પડે છે. માટે સ્ત્રી નજરે પડતા તેની સાથે આંખ મીલાવવી નહિ. સ્ત્રીને વશવર્તિ પોતાના આત્માનું કલ્યાણ કરી શકતો નથી. જેઓને આત્માનું કલ્યાણ કરવું હોય તેઓએ સ્ત્રી આદિના વિષયોનો દૂરથી ત્યાગ કરવો જરૂરી છે.

પ્રાણ હમારા પરલોક જાયે, તો પણ સત્ય ન છંડું;
અડશો માંને, માંને માંને માંને અડશો માંને.

રાવણે વનમાંથી સીતાજીનું હરણ કરી પોતાને ત્યાં રાખી તેને મનાવવા કેટકેટલા ઉપાયો અજમાવ્યા છતાં સતી સીતાજી પોતાના શીલવ્રતમાં અડગ રહ્યા, ધમકીઓને પણ ગણકારી નહિ, મંદોદરી (રાવણની પત્ની)એ પણ સમજાવી જોયું. રાવણ જેવો રાવણ આજીજી પૂર્વક વિનવણી કરવા લાગ્યો ત્યારે સાફ સાફ જણાવી દીધું કે મારા પ્રાણ ચાલ્યા જશે તો પણ હું શીલવ્રતનો ભંગ કરનાર નથી. શીયળ એ સ્ત્રીનું પરમ ભૂષણ ગણાય છે.

રંગ ઉપર સોહામણો રે, અંદર અશુચિ ખાણ તો;
એવી કાયા દંભ ભરેલી, સત્ય જિનની વાણ તો.

શરીર ઉપરનો રંગ ગમે તેવો મનોહર હોય પણ અંદર તો અશુચિ ભારોભાર ભરેલ છે. મલ-મૂત્ર, રૂધીર, ચરબી વગેરેવાળી દુર્ગંધમય કાયા છે. તેના ઉપર મોહ શો કરવો ? શરીર ઉપર મોહ કરવાથી લાભ કંઇ થતો નથી પણ દુર્ગતિમાં પતન થાય છે, શરીર ઉપરની ચામડી દૂર કરવામાં આવે તો કાગડા કૂતરા વગેરેથી શરીરનું રક્ષણ કરવું ભારે પડી જાય. અર્થાત્ કૂતરા, બીલાડા વગેરેને આ કાયા ફોલી ખાતા વાર ન લાગે. મળેલી કાયા દંભવાળી છે. કયારે દૂગો દે એ કહી ન શકાય. કેમકે થોડા વખતમાં કાયા ઢીલી પડી જનારી,

રોગોથી ઘેરાઇ જાય તેવી છે માટે મળેલા શરીર દ્વારા વ્રત–નિયમ–તપ–જપ કરી આત્માનું કલ્યાણ કરી લેવું એ બુધ્ધિમાનોનું કર્તવ્ય છે.

ભેદ જ્ઞાન થાય ત્યારે, જીવ–શરીર જુદું લાગશે;
કલ્યાણ માર્ગે ચાલતાં રે, સુખ અમુલખ લાધશે.

શરીર અને આત્મા બંને જુદા જુદા છે. શરીરનો સ્વભાવ નાશવંત છે, આત્માનો સ્વભાવ અનંત જ્ઞાનમય, અનંત દર્શનમય અનંત ચારિત્રમય અને અનંત વીર્યમય છે. પણ જીવ આ પરમાર્થ ભુલી જઇ શરીરને સાચવવામાં જ રાત દિવસ પ્રયત્ન કરી રહ્યો છે. અને આત્માને ભુલી જઇ અભક્ષ્યના ભક્ષણ, દુર્વ્યસનો વગેરેમાં લુબ્ધ બની આત્માને કર્મથી ભારે કરી રહ્યો છે. જ્યારે આત્મા અને શરીર જુદા છે એવું ભેદજ્ઞાન થશે ત્યારે શરીરને સાચવવાનું મુકી દઇ આત્મકલ્યાણના માર્ગે ચાલવા લાગશે ત્યારે જ અપૂર્વ એવા આત્મગુણો પ્રગટ થશે અને શાશ્વતસુખને પ્રાપ્ત કરી શકશે. "સાચા કલ્યાણને પ્રાપ્ત કરવા માટે સદ્‌વિચાર, સદ્‌વાંચન અને સદ્‌વર્તન ખાસ જરૂરી છે." આ વાત સમજવા માટે કલ્યાણ માસિક પંદર પંદર વરસથી અવિરત પ્રયત્ન કરી રહ્યું છે. કલ્યાણના વાંચન દ્વારા સદ્‌વિચારો, અને સારું વર્તન કરી સૌ મોક્ષસુખને પ્રાપ્ત કરો એ જ શુભેચ્છા.

સુપ્રસિદ્ધ સાહિત્યકાર ભાઇશ્રી મોહનલાલ ધામીની ઐતિહાસિક નવલ ગ્રંથાવલી

સિધ્ધ વૈતાલ: ભા. ૧–૨–૩

ભગવાન શ્રી પાર્શ્વનાથસ્વામીના ઐતિહાસિક કાળને તેજસ્વી કલમે આલેખતા ત્રણે ભાગો લગભગ ૧૧૦૦ ઉપરાંત પાનાનાં છે. ત્રણે ભાગની કિંમત ૧૫–૮–૦, પોષ્ટેજ અલગ.

બંધન તૂટયાં ભા. ૧–૨–૩

ભગવાન શ્રી મહાવીરદેવના જન્મ પહેલાના સમયથી તેમના નિર્વાણ સમય સુધીનાં અનેક સુવર્ણપાત્રોને સાંકળી લેતા આ ત્રણ ભાગો હાથમાં લીધા પછી મૂકવાનું મન નહિ થાય. લગભગ ૧૧૦૦ પેજ ઉપરાંતના આ ભાગોની કિં. ૧૧–૮–૦, પોષ્ટેજ અલગ.

નવયુગ પુસ્તક ભંડાર, રાજકોટ [સૌરાષ્ટ્ર]

રૂપકોશા: ભા. ૧–૨

મગધ સામ્રાજ્યની નૃત્યાંગના કોશા તથા આર્ય સ્થૂલભદ્રના જીવનની ભોગ તથા ત્યાગના દ્વંદ્વયુદ્ધની રસમય નવલકથા. ૬૦૦ ઉપરાંત પેજ; બે ભાગોનું મૂલ્ય: ૯–૦–૦, પો. અલગ.

મગધેશ્વરી: ભા. ૧–૨–૩

ભગવાન શ્રી મહાવીરદેવના નિર્વાણ બાદ ૧૫૦ વર્ષમાં થયેલા છેલ્લા મગધસમ્રાટ ધનનંદના પતન અને મૌર્યવંશના ઉત્થાનની તેજસ્વી કથા. જેમાં ચાણાક્ય, ચિત્રલેખા, આદિ પાત્રોના અદ્‌ભુત વ્યક્તિત્વના ઉલ્લેખ સાથે ભારતનો ભવ્ય ભૂતકાલ રજૂ થયો છે.

ત્રણ ભાગ ૯૫૦ પેજ કિં. ૧૩–૮–૦ પોષ્ટેજજુદું.

ઉંચો ગઢ ગિરનાર ભા. ૧–૨ કિં. ૧૨–૮–૦

વિશ્વાસ:

નવકારમંત્રના મહિમાને વ્યક્ત કરતી એક ઐતિહાસિક કથા, તૈયાર થાય છે.

સોભચંદ ડી. શાહ, પાલીતાણા [સૌરાષ્ટ્ર]

દ્રવ્યાનુયોગની મહત્તા

પૂ૦ પંન્યાસજી શ્રી ધુરંધરવિજયજી ગણિવર

(ઢાળ–૧૬મી તથા ૧૭ મી સંપૂર્ણ કળશ સાથે)

જ્ઞાનની મહત્તાનું વર્ણન પ્રથમ કર્યું અને તેમાં પણ દ્રવ્યાનુયોગની વિશિષ્ટતા સમજાવી. આવું વિશિષ્ટ વર્ણન સંસ્કૃત જેવી ઉદાર વાણીમાં કેમ ન ગૂંથ્યું ? અને ગૂજરાતી ભાષામાં કેમ ગૂંથ્યું ?–એ માટે સમાધાન કરે છે.

જેઓ જ્ઞાનરુચિ ધરાવે છે. જેઓ મોક્ષના અર્થી છે એ સર્વ જીવોને સમાનપણે લાભ થાય તે માટે આવા ગંભીર ભાવો પ્રાકૃત–ચાલુ ભાષામાં ગૂંથ્યા છે.

જે આત્માઓ આવા ગંભીર ભાવો જાણવાની રુચિ ધરાવે છે, તે સર્વને આ ભાષાનો પ્રાયઃ પરિચય હોય જ છે. પણ તે સર્વને સંસ્કૃત ભાષાનો પરિચય હોય જ એવું નથી. સ્પષ્ટ કહીએ, તો–સંસ્કૃત ભાષાના જાણકાર થોડા હોય છે અને માતૃભાષાના જાણકાર સહુ કોઇ હોય છે. એટલે એ ભાષામાં રચના કરવાથી અનેક લાભ થાય છે.

સંસ્કૃત ભાષા વિશિષ્ટ છે અને એ ભાષામાં રચના વિશેષ બુદ્ધિને દર્શાવે છે. છતાં પણ હું ભાષારસમાં આસક્ત છું. દેવોને અમૃત એ ઉત્તમ છે, છતાં દેવીઓના અધરરસ–પાનમાં જે જે આનંદ તેઓને મળે છે એવો અન્યમાં મળતો નથી. ઉપરના ભાવને દર્શાવતો શ્લોક આ પ્રમાણે છે.

गीर्वाणभाषासु विशेषबुध्धि–
स्तथापि भाषारसलम्पटोऽहम् ।
यथा सुराणाममृतं प्रधानं.
दिव्याङ्गनानामधरासवे रुचिः ॥१॥

વળી કહ્યું છે કે—

बाल–स्त्री–मन्द––मूर्खाणां
नृणां चारित्रकाङ्क्षिणाम् ।
अनुग्रहार्थं तत्त्वज्ञैः,
सिद्धान्तः प्राकृतः कृतः ॥१॥

ચારિત્રના અભિલાષી બાળકો, સ્ત્રીઓ, મન્દ મતિવાળા અને મૂર્ખને ઉપકાર થાય એ માટે આગમ રચના પ્રાકૃતભાષામાં કરવામાં આવી છે.

પ્રાકૃતભાષા સંસ્કૃત કરતાં સરલ છે.

પ્રાકૃતભાષા સહેલાઈથી આવડે છે.

પ્રાકૃતભાષા સહુ કોઇને સુલભ છે.

પ્રાકૃતભાષામાં ભાવો ગૂંચવાતા નથી.

પ્રાકૃતભાષા વ્યાપક છે.

પ્રકૃતિ સંસ્કૃત છે અને પ્રાકૃત તદ્ભવ છે. એવી પ્રાકૃતની વ્યુત્પત્તિ છે.

જે કાંઈ બોલવું એ સંસ્કૃતમાં જ બોલવું એવો આગ્રહ એ મિથ્યાત્વ છે–અજ્ઞાન છે. એવા અજ્ઞાનીઓને ભાષારચનાના ગ્રન્થો ગમતા નથી. તેઓની મતિ આવી રચનાઓમાં મૂંઝાય છે. સમ્યક્ત્વધારીને આ રચના આનંદ આપનાર છે. સાકર સમી મીઠી લાગે છે. રોગીને જેમ સાકર કડવી લાગે અને નીરોગીને જેમ સાકર મીઠી લાગે તેમ. મિથ્યાત્વી એ રોગી છે અને સમકિતી એ નિરોગી છે.

આવા ગંભીર ભાવો ભાષામાં જણાવ્યા છે એટલે એમ ને એમ ગુરુ વિનયાદિ વગર જાતે વાંચીને જાણી લઈશું, એવો વિરૂપ વિચાર કરવો નહિ, પણ ગુરુ પાસે વિનયાદિ આચાર પૂર્વક આ અર્થો સમજીને મેળવવા. ગુરુગમથી અર્થ મેળવનારને ગુરુઅદત્તનો દોષ લાગતો નથી. એમ ને એમ શાસ્ત્રો વાંચનારને ગુરુઅદત્તનો દોષ લાગે છે.

ગુરુએ પણ આ અર્થો જેની મતિ નિર્મળ છે, જે કુતર્ક કરીને આ ભાવોને ડોળતો નથી

તેને આપવા. પણ જેની મતિ કાણી હોય, જે અશ્રદ્ધાથી દૂષિત હોય તેને આપવા નહિં. કાણાવાળા–ફૂટેલા વાસણમાં પાણી ભરીએ તો તે ટકે નહિં–કદાચ ભરીએ ત્યાં સુધી દેખાય પણ પછીથી એ સર્વ નીકળી જાય, એ પ્રમાણે કાણી–મતિવાળા જીવોને પણ શ્રુતના અર્થો ટકતા નથી, જરી જાય છે. એવાને આપવાથી શ્રમ વિફળ જાય છે.

તુચ્છ મતિવાળાને–થોડી બુદ્ધિવાળાને નયના અર્થો આપવા નહિં. એથી અર્થની હાનિ થાય છે. ભિન્ન-ભિન્ન નયની અપેક્ષાઓ એવા જીવો મંદમતિને કારણે સમજી શકતા નથી, અને વ્યામોહમાં પડે છે.

યોગદૃષ્ટિસમુચ્ચય મહાગ્રન્થમાં શ્રી હરિભદ્રસૂરિજી મહારાજે આ વાત સ્પષ્ટ કહી છે.

યોગદૃષ્ટિસમુચ્ચયમાં ૨૦૮ શ્લોકથી ૨૨૮ શ્લોક સુધી છેલ્લે આ હકીકત વિગતવાર હેતુઓ દર્શાવવા પૂર્વક વર્ણવી છે.

આ નયાર્થ વ્યાખ્યાન સામાન્ય છે, સાધારણ છે, એ પ્રમાણે ન જાણે. કેટલાક આત્માઓ ગંભીર વિષયોનું ઊંડાણ સમજ્યા વગર ઉપર ઉપરથી વિચારે છે અને પછી એવું બોલે છે કે– 'અમે તો આ બધું જોઈ નાંખ્યું, એમાં કાંઈ નથી,' પણ એ એમની મહામૂર્ખતા છે. તેઓ પોતે વંચિત રહે, છે અને બીજાને પણ એવું એવું બોલીને વ્યામોહ ઉત્પન્ન કરે છે. પણ સમજુ જીવો આવું વિચારતા નથી. તેઓ તો આ વાણીને જિનપ્રણીત બ્રહ્માણી માને છે. પૂજ્યબુદ્ધિથી તેનું બહુમાન કરે છે, એક પણ અક્ષરને નકામો માનતા નથી. તેનું રહસ્ય સમજવા માટે યથાશક્ય પૂરો પ્રયત્ન કરે છે. આ પ્રાકૃત ભાષા એ બ્રહ્માણી છે. કારણ કે ભગવાન્ શ્રી ઋષભદેવ પ્રભુએ જમણે હાથે બ્રાહ્મીને શિખવી હતી, માટે એ બ્રહ્માણી કહેવાય છે.

આમાં અનેક તત્ત્વરત્નો ભર્યા છે, તેને સારી રીતે– અવધાનપૂર્વક સાંભળો, આ તત્ત્વરત્નની ખાણમાંથી પ્રયત્ન કરશો તો તમને પણ અનેક રત્નો મળશે.

શુભ મતિને જન્મ આપનાર અને પુષ્ટ કરનાર આ ભાષા એ માતા છે, દુર્મતિરૂપ વેલને છેદી નાખવા માટે આ તાતી તરવાર છે.

મોક્ષસ્વરૂપ કલ્પવૃક્ષના ફળનો સ્વાદ આપનાર આ નિશાની છે. આ ભાષાનો રસાસ્વાદ કરનારને શિવસુખનો આસ્વાદ આવે છે.

જેના ઉપર આ વાણીની કૃપા ઉતરે છે તેની સામે મનુષ્યો, વિદ્યાધરો, વ્યંતરો, અને ઇન્દ્રો પણ હાથ જોડીને ઊભા રહે છે, વાસુદેવ ચક્રવર્તિઓ તેને સેવે છે. દેવો પણ જ્ઞાનીના દાસ થવાનું ઈચ્છે છે.

જેની મતિ આ માતા ભારતીની અમૃત દૃષ્ટિથી સીંચાણી છે, તે મતિમાં કરમાઇ ગયેલી સમ્યક્ત્વલતા નવપલ્લવિત થાય છે.

જ્યારે આ માતા દૂર હોય છે ને મિથ્યાત્વીનો સમાગમ વધે છે ત્યારે શ્રદ્ધા હણાય છે અને જિનવચનનું શ્રવણ થવા સાથે જ હણાએલી શ્રદ્ધા નવજીવનને પ્રાપ્ત કરે છે. શુદ્ધ ન્યાય યુક્ત આ વાણીમાં ભરેલા ભાવોને સંપૂર્ણપણે તો કેવળજ્ઞાની ભગવંત જ જાણે છે. સામાન્ય છદ્મસ્થ જીવ એના પૂર્ણ ભાવો જાણી શકતો નથી. તે માટે મેં ગુરુમુખથી જે પ્રમાણે સંક્ષેપે સાંભળી હતી, તે પ્રમાણે અહિં વર્ણવી છે.

વિવિધ ક્રિયાકાંડનું આરાધન કરનારા આત્માઓને પણ આ દ્રવ્યાનુયોગ સ્થિર થાય છે ત્યારે સમાપત્તિ ધ્યાન ઉદ્ભવે છે અને ક્રિયાની સફળતા મળે છે.

કહ્યું છે કે— આ જિનકથિત ભાવો હૃદયમાં સ્થિર થાય છે એટલે ખરેખર જિનેશ્વર જ હૃદયમાં સ્થિર થાય છે અને એ પ્રમાણે જિનેશ્વર પરમાત્મા હૃદયમાં સ્થિર થાય છે. ત્યારે નિશ્ચયે સર્વ અર્થો સિદ્ધ થાય છે.

: ૧૪ : દ્રવ્યાનુયોગની મહત્તા :

આ દ્રવ્યાનુયોગ એ પરમ ચિન્તામણિ છે. તેનાથી સમરસની પ્રાપ્તિ થાય છે. સમરસાપત્તિ કે સમાપત્તિ એ યોગીજનોની માતા છે અને પંડિત પુરુષો તેને જ મોક્ષદાયિ કહે છે.

જેમ જાતવંત મણિનો પ્રકાશ સ્વયંભૂ હોય છે. તે સ્વસ્થિત અને સ્વ-સ્વરૂપ હોય છે, તેમ જેની વૃત્તિઓ વિલય પામી ગઈ છે એવા યોગીજનોને પણ નિઃસંદેહ સ્વસ્થિતિ અને સ્વાંજન ઉદ્ભવે છે. તેઓ સ્વયં પ્રકાશે છે, આવી યોગીઓની સ્થિતિને સમાપત્તિ કહે છે.

આવી સમાપત્તિ જેને પ્રાપ્ત થઇ છે એવા આત્માઓ સામર્થ્યયોગથી ક્ષણવારમાં નિજ કલ્યાણ સાધે છે. તેમનો યોગ શાસ્ત્રયોગ કરતાં પણ આગળ વધી જાય છે. વચનાનુષ્ઠાન કરતાં પણ સમાપત્તિ પ્રમાણ ચઢીયાતું છે.

ઉપરકથિત વિચારોના શ્લોકો આ પ્રમાણે છે.

अस्मिन् हृदयस्थे सति
हृदयस्थस्तत्त्वतो मुनीन्द्रः ।
इति हृदयस्थिते च तस्मिन्
नियमात् सर्वार्थसम्पत्तिः ॥१॥
चिन्तामणिः परोऽसौ
तेनेयं भवति समरसापत्तिः ।
सैवेह योगिमाता
निर्वाणफला बुधैः प्रोक्ता ॥२॥
मणेरिवाभिजातस्य, क्षीणवृत्तेरसंशयम् ।
तात्स्थ्यात्तदञ्जनाच्च, समापत्तिः प्रकीर्तिता ॥१॥

આ જિનવચનને અનુસરતા આત્માઓની પાપશ્રેણિ નાશ પામે છે. ગુણસ્થાનકની શ્રેણિમાં એ આત્મા આગળ વધે છે. મુક્તિ પટ્ટરાણી એને વરે છે. જેમ ઘાણીમાં તલ પીલાય તેમ તે આત્મા ઘનઘાતિ કર્મોને પીલી નાંખે છે. એ ભવ્યજી વ નિર્મળ ગુણોને વરે છે. માટે જિનેશ્વરના વચનમાં સદા આદર કરવો.

જેઓ દુર્જન છે તેઓને આ રુચતું નથી. જે અભિમાની છે તેઓ આથી દૂર રહે છે. મિથ્યાત્વીઓ માન અને ખલતા રાખીને પોતાના કદાગ્રહ છોડતા નથી અને આવા સુન્દર ભાવોથી વંચિત રહે છે.

પ્રતિકૂળ માર્ગે જનારી નૌકા અને દુર્જનની જીભ જનતાને ડૂબાડે છે. નૌકા કાષ્ઠની છે. જડ છે. ને ખલ જીભ ભયંકર છે. કહ્યું છે, કે —

~~नौश्च खलजिह्वा च~~, प्रतिकूलविसर्पिणी ।
जनप्रतारणायैव, दारुणा केन निर्मिता ? ॥१॥

વિશ્વમાં દુર્જનો છે. તો સજ્જનો પણ છે. તેઓ આ વાણીના ગુણોનો વિસ્તાર કરવા માટે સદા તત્પર રહે છે. તેઓના સંસર્ગથી આ વાણી વિજ્યાતિને પામે છે. સજ્જનોના એવા ઉત્તમ કર્તવ્યથી તેઓને પણ લાભ મળે છે. જિનવાણીના પ્રભાવે તેઓ ગુણરત્ન રત્નાકર બને છે, ઉત્તમ ગુણોના સ્થાન થાય છે. એવા સજ્જનોના અનંત કલ્યાણી સંઘને આર્હત વાણી આકલ્પસ્થાયી યશ-સૌભાગ્યને આપે છે.

★

શ્રી આર્હત પ્રવચન પરંપરાગત આજ સુધી અખંડ-અવ્યાબાધ ચાલુ છે. આચાર્યભગવંતોની પરંપરાનો એ મહાન્ ઉપકાર છે. એ પરંપરાની કેટલીક કડીઓ ગ્રન્થકાર જણાવે છે.

તપાગચ્છરૂપ નન્દનવનમાં કલ્પવૃક્ષ સમાન શ્રી હીરવિજયસૂરીશ્વરજી થયા. જેઓ સકલ સૂરિસમુદાયમાં સૌભાગ્યશાલી છે. સર્વજનને ઇષ્ટ છે. સુભગાઓ સવ્વજણઇટ્ઠો- એ પ્રમાણે સૌભાગ્ય નામકર્મનું સ્વરૂપ છે.

જેમ તારાસમૂહમાં ચન્દ્રમા શોભે છે, તેમ સકલ સાધુસમુદાયમાં તેઓ દેદીપ્યમાન છે. કારણ કે સૂરિમંત્રનું તેઓશ્રીએ વિધિપૂર્વક આરાધન કર્યું છે.

તેઓશ્રીની પાટે શ્રી વિજયસેનસૂરિજી મહારાજ થયા. તેઓ આચાર્યગુણની છત્રીશ છત્રીશીએ વિરાજમાન હતા. અનેક જ્ઞાનરૂપ રત્નના જેઓ અગાધ સમુદ્ર હતા. જ્ઞાનરત્ન રત્નાકર હતા. (-' સેનપ્રશ્ન' નામે ગ્રન્થ એ

માટે પ્રબળ પ્રમાણ છે.) તેઓશ્રીને પાદશાહની સભામાં વાદી સાથે વાદ કરતાં વિજય મળ્યો હતો. તેઓ યશ પામ્યા હતા, તેઓ વિજયવંત હતા. અનેક ગુણથી ભર્યા હતા.

તેમની પાટે શ્રી વિજયદેવસૂરીશ્વરજી થયા. તેઓ અનેક વિદ્યાના ભાજન અને મહિમાવંત છે. નિઃસ્પૃહ શિરોમણિ છે.

તેમની પાટે શ્રી વિજયસિંહસૂરીશ્વરજી થયા. તેઓ પટ્ટપ્રભાવક હતા. સકલ સૂરિસમુદાયમાં તેઓ રેખાપાત્ર હતા. સિદ્ધાન્ત, તર્ક, જ્યોતિષ, ન્યાય. વગેરે અનેક ગ્રન્થોમાં તેઓ મહાપ્રવીણ હતા. એ શ્રી ગુરુએ ઉત્તમ ઉદ્યમ કર્યો તે કારણે ગીતાર્થપણાનો ગુણ વૃદ્ધિ પામ્યો. તેઓશ્રીએ સારણ–વારણ–ચોયણા–પડિચોયણા કરીને અનેક શિષ્યોને આગમજ્ઞ બનાવ્યા–અનેક ગીતાર્થો નીપજાવ્યા. ગીત–એટલે શાસ્ત્રાભ્યાસ, તેને જાણે તે ગીતાર્થ, गीतं जानन्ति इति गीतार्थाः; गीतं शास्त्राभ्यास–लक्षणम्।

તેઓશ્રીની હિતશિક્ષા અનુસાર–એમની આજ્ઞાને શિરોધાર્ય કરવાને કારણે આ દ્રવ્યાનુયોગ રૂપ જ્ઞાનયોગ–શાસ્ત્રાભ્યાસ સંપૂર્ણ થયો.

ગ્રન્થકારને પણ તેઓશ્રીએ આ દ્રવ્યાનુયોગના અધ્યયનની પ્રેરણા કરી હતી ને તેથી ગ્રન્થકારે દ્રવ્યાનુયોગનું વિશિષ્ટ અધ્યયન કરી તેમાં પ્રવીણતા મેળવી હતી એ પ્રમાણે અહિં સૂચન છે.

શુદ્ધ ભાવથી ઉત્તમ માર્ગનો જેમને ઉદ્યમ પ્રાપ્ત થાય છે, જેઓ પ્રેરણા કરીને હિતબુદ્ધિએ શિષ્યોને જ્ઞાનમાર્ગમાં પ્રવર્તાવે છે, જેમનો મહિમા વિશ્વમાં વિખ્યાત છે, તેમનાં ગુણ શા માટે ન ગાઇએ? એમના ગુણ ગાતા થાકીએ જ નહિં.

★

શ્રી હીરસૂરીશ્વરજી મહારાજશ્રીના શિષ્ય ઉપાધ્યાયજી શ્રી કલ્યાણવિજયજી થયા. જેમના ગુણગણને પ્રતિદિન–રાતદિવસ સુરકિન્નરો ગાય છે.

તેમના શિષ્ય પંડિત શ્રી લાભવિજયજી-ગણી થયા. તેમનું સૌભાગ્ય પ્રબળ હતું, તેઓ મહાવિદ્વાન હતા. શ્રુત–વ્યાકરણાદિ ગ્રન્થોના પઠન–પાઠનમાં તેઓશ્રી સદા રત રહેતા હતા. વાચના–પૃચ્છના–પરાવર્તના–અનુપ્રેક્ષા ને ધર્મકથા એ પાંચ પ્રકારના સ્વાધ્યાયધ્યાનમાં તેઓ અપ્રમત્તશીલ હતા.

તેમના શિષ્ય શ્રી જિતવિજયજી ગુરુ હતા. તેઓશ્રી મહામહિમાવંત છે.

ज्ञानादिगुणोपेता महान्तः–જેઓ જ્ઞાનાદિ ગુણયુક્ત છે, તે મહાન્ છે. શ્રીગુરુ જિતવિજયજી મહારાજ એવા મહાન્ હતા.

શ્રી નયવિજયજી મહારાજ પંડિત હતા અને શ્રી જિતવિજયજી મહારાજના ગુરુભાઇ હતા. બન્ને એક ગુરુના શિષ્ય હતા.

ગુરુએ મને સ્વદર્શનનો અભ્યાસ અને પરદર્શનનો અભ્યાસ કરાવવા માટે પ્રબળ પ્રયાસ કર્યો, કાશીએ ભણવા માટે મોકલ્યો, ત્યાંના પ્રકાંડ પંડિત પાસે વેદાંત–તર્ક આદિ શાસ્ત્રો ભણાવ્યા. ત્યાં ન્યાયવિશારદ એવું બિરૂદ પ્રાપ્ત કરાવ્યું. તેમની ભાવનાને અનુરૂપ મારી મતિ સમ્યગ્દર્શનની સૌરભથી સુવાસિત બની. આસ્તિકતા અંગેઅંગમાં પરિણમી. જેમની સેવાના સુપ્રસાદને કારણે સહજ 'ચિન્તામણિ' નામે ન્યાયનો મહાગ્રન્થ શિરોમણિ–દીધિતિ–યુકત મેં મેળવ્યો. આ મહાગ્રન્થનું અધ્યયન સુલભ નથી. છતાં મને એ વિના–આયાસે પ્રાપ્ત થયો, એ એમનાં મહાપ્રભાવની પ્રાસાદી છે. એ મારા ગુરુના સર્વ ગુણો એક જીભે કેમ ગાઇ શકાય? મારૂં મન તો તે ગાવાને સતત આતુર રહે છે.

એ ગુરુની ભકિતથી પ્રસન્નતા પ્રાપ્ત કરીને સારી શકિત વડે આત્માની અનુભવ દશાએ મેં આ દ્રવ્યગુણ પર્યાયના રાસ રૂપે આ દ્રવ્યાનુયોગની વાણી પ્રકાશી–ગૂંથી. હે ભવ્યાત્માઓ! હું કવિ યશોવિજય કહું છું કે આ ગ્રન્થને તમે ભણજો, દિનાનુદિન–પ્રતિદિન બહુઅભ્યાસ કરીને

ખૂબ ખૂબ ભણજો. અતિશય અભ્યાસ કરજો. વારંવાર મનન કરજો. એ જ પરમ કર્તવ્ય છે.

*

આ પ્રમાણે દ્રવ્ય, ગુણ અને પર્યાયે કરીને અર્થાત્ દ્રવ્યનું લક્ષણ, ગુણનું લક્ષણ અને પર્યાયનું લક્ષણ તે ત્રણેના સ્વરૂપનો વિસ્તાર કરીને જે વાણી વિસ્તારપણાને પામી, પ્રકટ થઇ છે. દ્રવ્ય-ગુણ-પર્યાયના રાસ રૂપે રચાણી છે.

આ વાણી સંસારસાગરનો પાર કરવા માટે તરણ-તારણ તરી-નૌકા સમાન છે. પાર પ્રાપ્ત સદ્‌ગુરુ તુલ્ય છે, જેઓ ભલા લોક છે, જેઓ આત્મદ્રવ્યમાં છએ દ્રવ્યોને ઓળખનારા છે, જેઓ સત્સંગની અભિરુચિવાળા છે, તેઓને આ વાણી કલ્પવૃક્ષની મંજરી સમાન છે.

શ્રી નયવિજય પંડિતના શિષ્ય શ્રી યશોવિજય બુધને આ વાણી જય આપનારી છે. વિજયદાયિની છે, યશોવિસ્તારિણી છે, સૌભાગ્યકારિણી છે.

આવી ભગવંત અરિહંતની વાણી ચિરકાળ સુધી જયવંતી વર્તો.

—કાવ્ય—

इयमुचितपदार्थो-ल्लापने श्रव्यशोभा,
बुधजनहितहेतु——र्भावनापुष्पवाटी ॥
अनुदिनमित एव, ध्यानपुष्पैरुदारै—
र्भवतु चरणपूजा, जैनवाग्देवताया : ॥१॥

કાવ્યાર્થ—

આ દ્રવ્ય-ગુણ-પર્યાયના રાસની વાણી એ પદાર્થ પ્રતિપાદન કરવામાં શ્રવણની શોભા રૂપ છે. પંડિત પુરુષોના હિતનું કારણ છે. ભાવનારૂપી પુષ્પોને પ્રકટ કરવા માટે વાડી-ઉપવન છે. પ્રતિદિન આ વાણીથી પ્રાપ્ત થતાં ઉદાર ખીલેલાં ધ્યાન-કુસુમોથી શ્રી જૈનવાણી દેવતાની ચરણપૂજા થાવ.

આર્હંતવાણી અનંત કલ્યાણી છે.

[ઇતિ દ્રવ્યગુણ પર્યાય રાસસાર સંપૂર્ણ.]

વરસીતપની પ્રભાવનામાં વહેંચાય તેવા સુંદર અને સસ્તાં પ્રકાશનો

૧ શ્રી જિનદેવ દર્શન ચોવીસી

જેમાં ૨૪ તીર્થંકરો, સરસ્વતીદેવી, લક્ષ્મીદેવી, ચક્રેશ્વરીદેવી, તથા પદ્માવતીદેવી, વગેરેના ચાર રંગમાં છાપેલા સુંદર ચિત્રો તથા ઘંટાકર્ણવીર, શ્રી માણિભદ્રવીર, શ્રી ક્ષેત્રપાલજી, (બટુકભૈરવ) શ્રી નવપદજી, શ્રી ગૌતમસ્વામી, શ્રી પુંડરીકસ્વામી, અને પહેલી જ વખત તીર્થાધિરાજ શ્રી શત્રુંજય મહાતીર્થના મૂળનાયક શ્રી આદીશ્વરદાદા તથા શ્રી શંખેશ્વર પાર્શ્વનાથનાં ચિત્રો આપવામાં આવેલ છે.

કિંમત પંદર આના. ૧૦૦ નકલના રૂા. ૭૫-૦-૦

પુંઠા ઉપર પ્રભાવના કરનારનું નામ છાપી અપાશે.

૨ આનંદઘનપદ્મરત્નાવલી-કિંમત દશ આના, ૧૦૦ ના રૂા. પચાસ.

૩ અપ્રગટ સજ્ઝાય સંગ્રહ કિં. દોઢ રૂા. ૧૦૦ ના રૂા. ૧૧૨.

પ્રાપ્તિસ્થાન :

સારાભાઈ મણિલાલ નવાબ છીપા ભાવજીની પોળ, **અમદાવાદ-૧**

શંકા અને સમાધાન

સમાધાનકાર:-

પૂ૦ આચાર્યદેવ શ્રીમદ્ વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજ

[પ્રશ્નકાર:- **મોદી રમણીકલાલ અમૃતલાલ રાણપુરવાલા-સિકંદ્રાબાદ**]

શં૦ અષ્ટપ્રકારી પૂજા કરતાં નૈવેદ્ય સાથીયા ઉપર મૂકવું કે નહિ?

સ૦ નૈવેદ્ય સાથીયા ઉપર મૂકવું કે બીજે તે મૂકનારની મરજી ઉપર છે.

[પ્રશ્નકાર:- **જીવરાજ મકનજી દોઢીયા-કેન્યાકોલોની આફ્રીકા**]

શં૦ 'સકલ તીર્થ વંદુ કરજોડ' એ નામનું જે સૂત્ર છે તેમાં બધા તીર્થોને વંદના આવી જાય છે કે નહિ?

સ૦ 'સકલ તીર્થ વંદુ કર જોડ' એ પદથી બધા તીર્થોને વંદના આવી જાય છે.

શં૦ સવારે જિનદર્શન કયારે કરવા? પથારીમાંથી ઉઠીને તરત કે સ્નાન કર્યા પછી?

સ૦ દેહશુદ્ધિ કર્યા બાદ શુદ્ધ વસ્ત્ર પહેરીને સવારે ઉઠી તરત જિનદર્શન કરાય તો સારૂં છે.

શં૦ શ્રી આદિનાથ, શ્રી મહાવીર સ્વામી આદિ ભરતક્ષેત્રના તીર્થંકરોના ચૈત્યવંદન કરતાં શ્રી સીમંધરસ્વામી આદિ મહાવિદેહ ક્ષેત્રના તીર્થંકરોના સ્તવન, ચૈત્યવંદન સ્તુતિ બોલી શકાય કે નહિ?

સ૦ ભરતક્ષેત્રના તીર્થંકરોની સન્મુખ મહાવિદેહના તીર્થંકરોના ચૈત્યવંદન, સ્તવન, સ્તુતિ ખુશીથી બોલી શકાય છે. પણ જે પ્રભુજી સન્મુખ ચૈત્યવંદન કરાતું હોય તે પ્રભુજીના ચૈત્યવંદન આદિ બોલાય તો આત્મભાવનાની વિશેષ વૃદ્ધિ થાય.

શં૦ શયનગૃહમાં શ્રી જિનેશ્વર ભગવંત તથા ગુરુદેવોની છબીઓ રાખી શકાય ખરી!

સ૦ છબીઓને પડદો કરી રાખવામાં આવે તો હરકત નથી. બને તો ફોટાઓ અલગ સ્થાને રાખવામાં આવે તો સારૂં. જેથી આશાતનાથી બચી જવાય.

[પ્રશ્નકાર:- **શ્રી ચુ. શી. ગાલા**]

શં૦ સામાયિકનું જેમ નવમું વ્રત છે તેમ પ્રતિક્રમણનું કેમ નથી? કારણ કે સામાયિક કરતાં પ્રતિક્રમણની મહત્તા વધારે છે.

સ૦ પ્રતિક્રમણ સામાયિક સ્વરૂપ હોવાથી તેનો નવમા સામાયિક વ્રતમાં સમાવેશ થઈ જાય છે.

શં૦ પ્રતિક્રમણ કરતી વખતે વાંદણાં, જયવીયરાય જેવા સૂત્રો બોલતી વખતે આપણને ફરજીયાત ઉઘાડે મુખે બોલવું પડે છે તેથી સામાયિકમાં દોષ લાગે છે, તો એનું નિરાકરણ શું?

સ૦ 'જે સૂત્રો જે વિધિથી બોલવાના હોય તે મુજબ બોલાય તો જિનાજ્ઞાનું પાલન થાય છે. તેમની આજ્ઞાનું પાલન એ જ ધર્મ છે માટે તેઓશ્રીની આજ્ઞાનું પાલન માની તેમ કરવામાં વાંધો નથી.

શં૦ કર્મની નિર્જરા જેમાં નથી પરંતુ જેનાથી ફકત પુણ્ય જ બંધાય છે. એવા સત્કૃત્યોના ફલ સ્વરૂપ આપણને સાંસારિક સુખભોગો મલે છે. પરંતુ તે સંસારથી છૂટવામાં અર્થાત્ ચારિત્ર ગ્રહણ કરવામાં અડચણ કરતા થતા હોય તો તે સુખભોગો હોય છે. જેમકે

આર્દ્રકુમાર, નંદીષેણ આદિને ચારિત્રની ઉત્કૃષ્ટ ભાવના છતાં ભોગાવલી કર્મ બાકી હોવાથી તેમને પતિત થવું પડ્યું. અને તે ભોગાવલી કર્મ પણ પુણ્ય કર્મ જ છે ને?

સ૦ પુન્યાનુબંધી પુન્યથી થતાં સત્કૃત્યો આપણને ધર્મકૃત્યમાં રોકી શકતા નથી, જ્યારે દુનિયાના ભોગોની ઈચ્છાથી કરાયેલા સત્કૃત્યો આત્માને ધર્મ કરતાં અટકાવે છે તેવા સત્કૃત્યો હોય છે. પણ પુન્યાનુબંધી પુન્ય સ્વરૂપે જે સત્કૃત્યો હોય તો તે આદેય છે. જેમકે શ્રી શાલિભદ્રજીએ સંગમના ભવમાં મુનિરાજને દાનરૂપી સત્કૃત્ય કર્યું અને જેથી તેમને અઢળક લક્ષ્મી મલી પરંતુ તેમાં મુંઝાયા નહિ અને તેનો ત્યાગ કરી ઉત્તમ સંયમની આરાધના કરી શક્યા. ભોગાવલીકર્મ એ પુણ્ય કર્મ જ નથી તે મોહનીય કર્મની પાપપ્રકૃતિ પણ છે.

શં૦ છટ્ઠું વ્રત અને દશમું વ્રત વચન ગુપ્તિ અને ભાષા સમિતિ, નિંદા અને આત્મિક દુર્ગંચ્છના. એમાં શું ફરક છે!

સ૦ છઠ્ઠાવ્રતમાં દિશાનો અવકાશ ઘણો લાંબો હોય છે જ્યારે દશમા વ્રતમાં તેનો સંક્ષેપ કરવામાં આવે છે. વચનગુપ્તિમાં મૌન પણું હોય છે. જ્યારે ભાષાસમિતિમાં ઉપયોગપૂર્વક નિર્દોષ ભાષા બોલી શકાય છે, પોતાનાથી થયેલ દુષ્કૃત્યને જાતે નિંદવા તેનું નામ નિંદા અને ગુરુ પાસે તે દુષ્કૃત્યની જાહેર ઘૃણા કરવી તે ગર્હણા.

શં૦ જ્ઞાનની આશાતના લાગે તેથી જે અજાણ છે અને તેનાથી જ્ઞાનની આશાતના થાય તો તેને કર્મનો રસ હળવો પડે છે અને જે જ્ઞાનની આશાતના માને છે છતાં ય આશાતના કરે તો તેને ખૂબ પાપ લાગે છે તે શું સત્ય છે?

સ૦ જાણતાં અગર અજાણતાં જેમ ઝેર પાનથી મરણને શરણ થવાય છે. જાણીને ખાનાર દુઃખ થતાં તેનો પ્રતિકાર કરી શકે છે. પણ અજાણતાં ખાનાર તેમ કરી શકતો નથી આમ બન્નેમાં તારતમ્યતા છે તેમ જ્ઞાનની આશાતના કરનારમાં પણ તારતમ્યતા જરૂર છે.

શં૦ શત્રુંજયોદ્ધારક શ્રી શુકરાજાની કથામાં દેવોએ બનાવેલ કૃત્રિમ શ્રી શત્રુંજયની વાત આવે છે તો તે હજી વિદ્યમાન છે?

સ૦ તે શ્રી શત્રુંજય વિદ્યમાન નથી કારણ કે તે વાતને અસંખ્યાતા વર્ષો થઇ ગયા છે.

શં૦ રાઈ પ્રતિક્રમણમાં તપ ચિંતવણીનો ૧૬ નવકારનો કાઉસ્સગ્ગ આવે છે તેને માટે અતિચારની આઠ ગાથાની જેમ કોઇ સ્વતંત્ર સૂત્ર યા બોલ છે?

સ૦ ખરી રીતે તપચિંતવણીનો કાઉસ્સગ્ગ કરવાનો હોય છે. જેને તે ન આવડતો હોય તે વ્યક્તિએ જાણકારની પાસેથી શીખી લેવો જોઇએ, તપચિંતવણીને સ્થાને જે ૧૬ નવકાર ગણાય છે, તે અપવાદરૂપે છે.

શં૦ દૈવસિકપ્રતિક્રમણમાં જો આહારપાણી ન વાપર્યા હોય તો મુહપત્તિ અને વાંદણા દેવાની વિધિ નથી તેવી જ રીતે રાઈપ્રતિક્રમણમાં ચઉવિહારના હિસાબે એ વિધિ નથી, પણ જો રાત્રિભોજન કોઇ માણસે કર્યું હોય અથવા તિવિહાર કર્યો હોય તેને માટે મુહપત્તિ અને વાંદણાની વિધિ કેમ નથી?

સ૦ દૈવસીપ્રતિક્રમણની જેમ રાઇપ્રતિક્રમણની વિધિ નથી.

[પ્રશ્નકાર:- એસ. શંકરલાલ મુણોત. (બ્યાવર)]

શં૦ क्या अरिहन्त भगवान की आरती करने के बाद अधिष्ठायक देवकी आरती कीयी जानी चाहीए या नही?।

સ૦ आरती श्री अरिहंत भगवंत के आगे ही कीयी जाती है.

શં૦ प्रभावक चरित्रमें श्री व्रजस्वामीजी के चरित्र में आया है कि 'त्यां रहेतो ते विचक्षण बालक साध्वीओमे वारंवार आवृत्ति

करेल अगीयारे अंग सांभलीने शीखी गयो" और इस चरित्र में श्री हरिभद्रसूरिजी के चरित्र में लिखा है की "एटले साध्वीए जणाव्युं के जिनागमोनो अभ्यास करवानी अमने गुरुनी अनुमति छे पण तेनुं विवेचन करवानी आज्ञा नथी" जबकी श्रीमद् यशोविजयजी उपाध्याय विरचित वीर स्तुतिरुप हुंडीका स्तवन में बतलाया हैं की "योग वहीने रे साधु श्रुत भणे, तथा मुनिराज पण अमुक दीक्षा पर्याय वाला थाय त्यारे तेमने अमुक ज सूत्र भणवानो अधिकार छे" तो क्या साध्वीजी को ग्यारह अंगका योगवहन कर के ११ अंग पढनेका अधिकार है या नहीं ?

स० जब २ साध्वीओं जिनागमो या अंगो पढी पढती है, या पढ़ेंगी वे सब योगोद्वहन पूर्वक ही।

शं० श्रावकों को ४५ आगमो में से किस २ आगम को पढने का अधिकार है ? आगमों की टीका या हिन्दी अनुवाद को पढनेका शास्त्रानुसार आज्ञा है या नही ?।

स० श्रावकों को आवश्यक सूत्र, विशेषावश्यक सूत्र और संयमामि मुख हो तो दशवैकालिक सूत्रका चार अध्ययन पढनेका अधिकार है । सुविहित गीतार्थ गुरुको उपरोक्त सूत्रो का अनुवाद बतला कर एवं अनुमति मिले बाद श्रावकों पढ़े इसमें हरकत नही है.

शं० क्या सामान्य साधु महाराज श्री उपधानतप करा सकते है ?

स० जिसने श्री महानिशीथ सूत्रका योगोद्वहन किया हो वैसे सामान्य साधु श्री उपधान तप करा सकते है.

[પ્રશ્નકાર:– **બી. એમ. શાહ. અંધેરી]**

શં૦ અષ્ટાપદજી પર્વત હાલમાં છે કે કેમ ? અને હોય તો મનુષ્ય જઈ શકે કે નહિ ?

સ૦ શ્રી અષ્ટાપદજી પર્વત હાલમાં વિદ્યમાન છે અને તે હિમાલયના એક વિભાગમાં ગાઢ બરફના જથાથી છવાયેલો છે. અને ત્યાં દેવ શક્તિ અથવા સ્વલબ્ધિ મારફત મનુષ્ય જઈ શકે છે.

[પ્રશ્નકાર:– **એડનવાલા હસમુખ એલ. કામદાર. રાજકોટ]**

શં૦ પૂર્વભવ કઈ રીતે યાદ આવે ?

સ૦ પૂર્વભવના ઉદ્બોધક કોઇ નિમિત્તદ્વારા અને મતિજ્ઞાનના સુંદર ક્ષયોપશમ દ્વારા પૂર્વભવ યાદ આવી શકે છે.

શં૦ શાન્ત ચિત્ત રાખવાથી તથા મનની એકાગ્રતા રાખવાથી આત્મભાસ થાય કે ?

સ૦ શાન્તચિત્ત અને મનની એકાગ્રતાથી આત્મિક આનંદ આવે છે, અંતર જ્યોતિ ઝગમગતી દેખાય પણ તે આત્મા છે એમ માનવું નહિ. કારણ કે આત્મા અરૂપી છે, અનંત કેવલજ્ઞાન સિવાય દેખી શકાય નહિ.

★

રેડીયમ તથા પ્લાસ્ટીકની

માળા, સાપડા, ઠવણી, બટવા વગેરે

ખાસ પ્રભાવના માટે

પ્લાસ્ટીકનો સેટ જેમાં સ્થાપનાચાર્ય, સાપડી; માળા, બોકસમાં તૈયાર મળશે, મૂલ્ય રૂા. એક. વધુ માટે મળો અગર લખો:–

મુનલાઇટ પ્રોડકટસ

૫૯–૬૭ મીરઝા સ્ટ્રીટ—**મુંબઇ–૩**

પ્રતિદિન અવશ્ય કરવા લાયક

સામાયિકની ક્રિયા

પૂ૦ પંન્યાસજી શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર

લેખાંક ૭ મો]

સમભાવની પ્રાપ્તિ તે સામાયિક કહેવાય છે. જગતના સમસ્ત પદાર્થના મૂળ દ્રવ્યનો વિચાર કરવામાં આવે અને વિનાશશીલ એવા પર્યાયનું ગ્રહણ ન કરાય અથવા ભેદભાવ અને વિવેક બુધ્ધિવડે પદાર્થના સ્વરૂપનો ખ્યાલ કરી મધ્યસ્થ ભાવવાળા રહેવાય, તે સામાયિક છે. સામાયિક એ આત્માનો જ સ્વાભાવિક ગુણ છે, કારણ કે યથાર્થ સમભાવ તો જ્યારે આત્મ-સ્વરૂપ યથાર્થ પ્રગટ થાય, ત્યારે જ પ્રાપ્ત થાય છે. જ્ઞાન–દર્શન–ચારિત્રાદિ આત્માના મૂળગુણો છે. તેની સાથે બીજા પણ અનંતગુણો બતાવ્યા છે. તેમાં સામાયિક એ પણ મુખ્ય છે. એ ગુણ પ્રાપ્ત થવાથી કર્મબંધ થતો અટકે છે. કારણ કે કર્મબંધ થવાનું કારણ મમત્વભાવ છે, તેનો સમત્વભાવવડે મૂળથી નાશ થાય છે.

આવા ભવ્ય સામાયિકની પ્રાપ્તિ માટે શાસ્ત્રકારોએ દ્રવ્ય સામાયિકનો વિધિ દર્શાવ્યો છે. દ્રવ્ય તે ભાવનું નિમિત્ત છે. જે જે દ્રવ્યક્રિયાઓ છે, તે દરેકની પાછળ ઉત્તમ ભાવનાઓ રહેલી છે. સામાયિકનો સમાવેશ ચારિત્રમાં થાય છે અને ચારિત્ર તે રત્નત્રયીરૂપ ગુણ-માંનો એક મુખ્ય ગુણ છે. દ્રવ્યથી ચારિત્ર વ્રત–નિયમરૂપ છે. ભાવથી આત્માના સ્વરૂપમાં નિરંતર રમણ કરવાની ક્રિયારૂપ છે. ભાવસામા-યિકનો અર્થ એ છે, કે–ચિદાનંદમય આત્મ-સ્વરૂપમાં નિર્વિકલ્પપણે ઉદાસીનભાવે લીન થવું. આવું સામાયિક સકળકર્મનો ક્ષય કરવાવાળું છે. ભાવ સામાયિક એવા પ્રકારનું છે, કે– તે દરેક પ્રવૃત્તિ–નિવૃત્તિમાં આપોઆપ થયા કરે છે. માત્ર આત્માની દિશાનું વલણ તે તરફ થવું જોઇએ. મન–વચન–કાયાની દરેક પ્રવૃત્તિ જ એવા પ્રકારની થઇ જવી જોઇએ કે જેથી ક્રમેક્રમે આત્મિક ગુણોનો વિકાસ થતો રહે, એ ભાવ સામાયિકની પ્રાપ્તિનું રહસ્ય છે.

સમ એટલે સમતા–સમભાવ, તેનો 'આય' એટલે લાભ. જે ક્રિયા કરવાથી સમતા–સમભા-વની પ્રાપ્તિ થાય તે ક્રિયાને સામાયિક કહે છે. 'સમતા ગંગા મગનતા ઉદાસીનતા જાત' સમતારૂપી ગંગામાં મગ્નતા થવાથી જે ઉદા-સીનતાભાવ પ્રાપ્ત થાય, તે ખરું સામાયિક છે.

સર્વ પ્રાણીઓને વિષે સમતા, ઇંદ્રિયોના પાંચે વિષયો પ્રત્યે સમતા, સર્વ પદાર્થો પ્રત્યે સમતા, અને સર્વ ચિત્તવૃત્તિઓ પ્રત્યે સમતા, એ સામાયિક છે.

પ્રથમ નવકારનું સ્વરૂપ.

એવી એક પણ બાબત આ સંસારમાં નથી કે જેનો સમાવેશ નવકાર મંત્રમાં ન થતો હોય. પંચ પરમેષ્ઠિનું યથાર્થ સ્વરૂપ જાણ્યું, તો જગત્માં બીજી કોઇ પણ બાબત જાણવાની રહી જતી નથી. સઘળાં તત્ત્વો, દ્રવ્યો અને સિદ્ધાંતો પંચ પરમેષ્ઠિના મૂળ સ્વરૂપમાં સમાઇ જાય છે. સિદ્ધનું સ્વરૂપ સમજાય તો કર્મનું સ્વરૂપ સમજાઇ જાય, કર્મના સ્વરૂ-પને સમજવાની સાથે પુદ્ગલ પરમાણુનું સ્વરૂપ સમજાય, કર્મને બાંધનાર જીવનું સ્વરૂપ સમજાય, સાથે ધર્મ, અધર્મ, કાળ અને આકાશ દ્રવ્ય પણ સમજાય. ષડ્ દ્રવ્યનું સ્વરૂપ સમજાય એટલે અરિહંત અને સિધ્ધનું સ્વરૂપ સમજાય અને એ બે સમજાય એટલે ષડ્દ્રવ્યની સાથે સમસ્ત લોકાલોકનું સ્વરૂપ પણ સમજાઈ જાય ટુંકમાં નવકારમંત્રનું યથાર્થ જ્ઞાન થાય તો એવો કોઇપણ પદાર્થ નથી કે જેનું જ્ઞાન નવ-કારમંત્રની બહાર રહી જાય. આ પ્રમાણે વસ્તુ-સ્થિતિ–હકીકત હોવાથી એ મહામંત્રની સ્તુતિ

મહાન આચાર્યો પણ કરતા આવ્યા છે. સકળ-શાસ્ત્રનું રહસ્ય કહો કે ચૌદપૂર્વનો સાર કહો તો પણ આ નવકાર જ છે.

અરિહંતનું સ્વરૂપ

રાગાદિ-દોષાન્ કર્મશત્રૂન્ વા જયતીતિ જિનો, હન્તિ ઇતિ અરિહંત: । જે રાગદ્વેષાદિ અઢાર દૂષણો અથવા કર્મરૂપી શત્રુનો નાશ કરી વિજય મેલવે અને કર્મથી મુકત થાય તે અરિહંત. ઘાતીકર્મોના ક્ષય વિના કેવળજ્ઞાન ઉત્પન્ન થતું નથી. તેથી પહેલાં ઘાતીકર્મરૂપી શત્રુનો નાશ અને પછી તીર્થંકર નામકર્મનો ઉદય, એ બે જેને હોય તે અરિહંત છે. કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યા પછી અરિહંતો જગતના જીવોને ધર્મનો ઉપદેશ આપી કર્મથી મુકત થવાનો માર્ગ બતાવે છે, તીર્થની સ્થાપના કરે છે. એ રીતે ઉપદેશ વડે ભવ્ય જીવોને ઉપકારી અરિહંત જ હોવાથી તથા સિદ્ધનું સ્વરૂપ સમજાવનાર પણ અરિહંત હોવાથી ઉપકારકપણાંવડે તેમનું ગ્રહણ પ્રથમ પદે થાય છે.

વિનયનું ફળ

विणयाहिया विज्जा दिंति फलं इहपरलोअम्मि ।
न फलंति विणयहीणा सस्साणि व तोयहिणाणि ॥

વિનયથી પ્રાપ્ત થયેલી વિદ્યા આ લોક પર-લોકને વિષે ફળદાયી થાય છે. વિનયહીન વિદ્યા પાણી વિનાના ધાન્યની જેમ ફળદાયી થતી નથી.

'आयरियनमुक्कारा विज्जा मंता य सिज्झंति ।'

જિનેશ્વરોની ભકિતથી જેમ પૂર્વસંચિત કર્મો નાશ પામે છે, તેમ આચાર્યોના નમસ્કાર-વડે વિદ્યા અને મંત્રો સિદ્ધ થાય છે. એ કારણે સૌ પ્રથમ ગુરુઓને વંદન, વિનય, વૈયાવચ્ચ અને નમસ્કાર કરવો જરૂરી છે. દરેક ક્રિયા ગુરુવંદનપૂર્વક અને ગુરુ સાક્ષિએ કરવી જોઇએ.

ક્ષમાશ્રમણ–ક્ષમાપ્રધાન દશવિધ યતિધર્મને પાળનાર તપોનિરત સાધુ ભગવંત ગુરુસ્થાને છે.

વસ્ત્રને રંગ ચઢાવવો હોય તો પ્રથમ તેને ધોઇને સ્વચ્છ કરવું જોઇએ. શુદ્ધ થયેલા વસ્ત્ર પર સુંદર રંગ થઇ શકે છે. તેમ દરેક ક્રિયાની આદિમાં પાપથી અને દોષથી મુકત થવા માટે ઇરિયાવહિ પડિક્કમવી જોઇએ, એવો શિષ્ટ સંપ્રદાય છે.

ચૈત્યવંદન, સ્વાધ્યાય, ધ્યાન, આવશ્યક આદિ ઇરિયાવહિ પડિકમ્યા વિના કલ્પે નહિ.

ઈરિયાપથ એટલે ચાલવાનો માર્ગ અથવા સાધુ–શ્રાવકનો માર્ગ. તેમાં પ્રવર્તતા થયેલા દોષથી મુકત થવાની ક્રિયા. મિચ્છા મિ દુક્કડં શબ્દ આંતરિક પશ્ચાત્તાપ સૂચક છે. અશકય પરિહારને લઇને કોઈપણ જીવને ત્રાસ ઉપજાવ્યો હોય, તે સર્વે દુષ્કૃત મિથ્યા થાઓ. અર્થાત્ એ દોષથી હું મુકત થાઉં, એવી તેમાં ભાવના છે.

મિચ્છા મિ દુક્કડં એ શબ્દથી કર્મબંધનનું દ્વાર બંધ થઇ જાય છે.

૫૬૩× ૧૦=૫૬૩૦×૨=૧૧૨૬૦×૩=૩૩૭૮૦ ×૩=૧૦૧૩૪૦×૩=૩૦૪૦૨૦×૬=૧૮૨૪૧૨૦

૫૬૩=જીવભેદ

૧૦=અભિહયાદિ ૧૦ પદ

૨ રાગદ્વેષ

૩ કરવું, કરાવવું, અનુમોદવું

૩ ભૂત, ભવિષ્ય, વર્તમાનકાળ

૬ અરિહંત, સિદ્ધ, સાધુ, દેવ, ગુરુ, આત્મા.

અલ્પદોષથી પણ આત્માને મુકત કરવા કેટલો ઉપયોગ રાખવાની જરૂર છે, તે આ ભેદો સૂચવે છે. ઉપયોગપૂર્વક આપેલા મિચ્છામિ દુક્કડંથી આત્મા શુદ્ધ થાય, એમાં આશ્ચર્ય નથી. દરેક જીવપર મૈત્રીભાવ કેળવવાને આ શબ્દ ઉચ્ચ પ્રકારનું શિક્ષણ આપે છે જો તે સમજીને કરાય તો આંતરિક પરિણામની શુદ્ધિ કરાવી શુભ ધ્યાન વડે ઘોરપાપનો પણ એક ક્ષણવારમાં વિનાશ કરી આપે છે સ્વચ્છ થયા

પછી વસ્ત્રાલંકારની જગ્યાએ તસ્સઉત્તરી અને કાયોત્સર્ગ સૂત્રનો પાઠ છે. અન્ય જીવો પ્રત્યે થતાં પાપનો પ્રતિબંધ થયા પછી આત્મા અંતરથી પણ વિશુદ્ધ થઇને પાપકર્મથી કેવળ રહિત થાય એ હેતુથી કાયાનો દરેક જાતનો વ્યાપાર અટકાવીને કાયોત્સર્ગ કરવાનો છે. ઇર્યાપથિકીસૂત્ર પરદયાને સૂચવે છે. તસ્સઉત્તરી સ્વદયાનું ભાન કરાવે છે. કાયોત્સર્ગની ક્રિયા યોગપ્રધાનતા સૂચવે છે. બીજાઓ જે યોગને પ્રાપ્ત કરવાને અહર્નિશ પ્રયત્ન કરે છે, તે યોગની ઉત્તમ પ્રકારની ક્રિયા જૈનોને વારસામાં મળેલી છે. કાયોત્સર્ગ ધ્યાનની ક્રિયા છે. બંને સૂત્રોવડે આત્માની શુદ્ધિ કર્યા પછી ધર્મપ્રવર્તક પરમોપકારી તીર્થંકર ભગવંતોને નમન કરવારૂપી સ્તુતિનું કાર્ય કરવું જોઇએ. સ્તવ-સ્તુતિવડે જીવ જ્ઞાન, દર્શન, ચારિત્ર અને બોધિલાભને મેળવે છે. આલંબન ઉપર જીવની પરિણતિનો આધાર છે. તીર્થંકરોનું આલંબન સર્વશ્રેષ્ઠ હોવાથી લોગસ્સને વારંવાર સ્થાન આપ્યું છે. તીર્થંકરોએ જેવી રીતે પોતાના કર્મનો ક્ષય કર્યો તેની વિચારણા કરતાં આત્માને કર્મથી મુકત થવાનો માર્ગ મળી આવે છે.

સામાયિકની પ્રતિજ્ઞા

એ ઘડીમાત્ર સમભાવમાં રહેવાની પ્રતિજ્ઞા છે. ત્રય યોગ, ત્રણ કરણવડે સાવદ્ય વ્યાપારનો ત્યાગ કરવો તે ખરેખરો સમભાવ છે. પૂર્વે સેવેલાંની નિંદા, વર્તમાનનો ત્યાગ, ભવિષ્યમાં નહિ કરવાની ભાવના તેમાં દર્શાવાય છે.

પડિક્કમામિ એ વૈરાગ્ય વાચક છે. વૈરાગ્ય એ વિરેચનનાં સ્થાને છે.

નિંદા એ જ્ઞાનવાચક છે. જ્ઞાન એ કુપથ્ય ત્યાગ માટે છે.

ગર્હા એ શ્રધ્ધાવાચક છે. શ્રદ્ધા એ પથ્યસેવન તુલ્ય છે.

વ્યુત્સર્ગ એ ચારિત્રવાચક છે. ચારિત્ર એ રસાયણ સેવન છે.

અહીં તપ એ સર્વ રસાયણમાં શ્રેષ્ઠ મકરધ્વજ તુલ્ય છે. પછી ત્રણ નવકાર ગણવાના છે. ત્રણ નવકારમાં પ્રથમ એ પ્રારંભ મંગળ છે, બીજો સ્વાધ્યાયરૂપ છે. અને ત્રીજો સમાપ્તિ મંગળ રૂપ છે. પ્રથમ મંગળવડે વિઘ્નનાશ, મધ્ય મંગળવડે સ્થિરીકરણ અને અંત્ય મંગળવડે શિષ્ય-પ્રશિષ્યાદિમાં પ્રવૃત્તિ થાય છે. બધી ક્રિયા ગુરૂસાક્ષીએ કરવાથી ફળીભૂત થાય છે.

★

—: પ ર દે શ ના ગ્રા હ ક બં ધુ ઓ ને :—

પરદેશમાં વી. પી. થતું નથી તો લવાજમ પુરૂં થયે મનીઓર્ડર કોસ સિવાયનો પોસ્ટલ ઓર્ડર કે નીચેના કોઈ પણ સ્થળે લવાજમ ભરવા વિનંતિ છે.

શ્રી દામોદર આશકરણ	પોષ્ટ બોક્ષ નં૦ ૯૪૮	દારેસલામ
શ્રી તારાચંદ ડી. શાહ	પોષ્ટ બોક્ષ નં૦ ૨૦૭૦	નૈરોબી
શ્રી મેઘજી ખીમજી ગુઢકા	પોષ્ટ બોક્ષ નં૦ ૧૧૨૮	મોમ્બાસા
શ્રી મેઘજી ખીમજી ગુઢકા	પોષ્ટ બોક્ષ નં૦ ૨૧૯	કીસુમુ
શ્રી મેઘજીભાઇ રૂપશી એન્ડ કું.	પોષ્ટ બોક્ષ નં૦ ૭	ન્યેરી
શ્રી દેવશીભાઇ જીવરાજ	પોષ્ટ બોક્ષ નં૦ ૯૮૭૪	નૈરોબી
શ્રી મૂલચંદ એલ. મહેતા	પોષ્ટ બોક્ષ નં૦ ૧૨૭	મોગાડીસ્કીઓ
શ્રી લાધાભાઇ રાયમલ શાહ	પોષ્ટ બોક્ષ નં૦ ૪૮	મ્બાલે

★ અ ગ ત્ય ના પ્ર શ્નો નું સ મા ધા ન ★

શ્રી પ્રભુદાસ બેચરદાસ પારેખ

★

આપણા ધર્મની રુએ ટ્રસ્ટી અને વહીવટદાર શબ્દોમાં શો ફેર છે? ગૃહસ્થોને ટ્રસ્ટી માનવા કે નહીં? ગૃહસ્થોને ટ્રસ્ટી માનવાથી શું નુકશાન છે? દરેક ગામના સ્થાનિક સંઘે ધાર્મિક મિલ્કતો માટે કઈ રીતે વહીવટ કરવો?

આજે કેટલાક વહીવટદારો ધાર્મિક મિલ્કતોના પોતે સર્વ સત્તાધિકારી હોય તેમ માનીને તે મિલ્કતોને ગમે તેવા બિનધાર્મિક હેતુઓમાં ખર્ચવાના ઠરાવો કરે છે. તો તે પરત્વે તે મિલ્કતના મુખ્ય રક્ષકો પૂ. આચાર્ય મહારાજાઓ કેમ ઉપેક્ષા સેવે છે?

૧ (૧) અપુનર્બંધક ભાવથી માંડીને ચૌદમા ગુણસ્થાનક સુધીના ક્ષમાદિક આધ્યાત્મિક ગુણોના વિકાસરૂપ અનાદિસિદ્ધ શાશ્વત ધર્મ મોક્ષ માર્ગ-મોક્ષની સીડી છે. (૨) તીર્થંકર પરમાત્મા તેનો તો માત્ર ઉપદેશ જ આપે છે. પરંતુ સુપાત્ર જીવોને તેની સુલભતા થાય તે માટે તેઓશ્રી જૈનશાસન નામની બંધારણીય ધર્મસંસ્થા સ્થાપે છે. એ શાસનને આધારે બીજા અનેક ધર્મ-શાસનો રાજ્યશાસનો જ્ઞાતિ વગેરે સામાજિક શાસનો, આર્થિક પુરૂષાર્થનાં શાસનો તથા માર્ગાનુ-સારી સદાચારના આધાર ઉપર વ્યકિતગત અને કૌટુમ્બિક વગેરે શાસનો અસ્તિત્વમાં આવે છે; જેથી માનવોને ચાર પુરુષાર્થની સંસ્કૃતિમાં સ્થિર રાખી, ઊંચી લાવી, જંગલીપણામાંથી બચાવાય છે. (૩) તે મહાશાસન સંસ્થાના સંચા-લન માટે શ્રમણપ્રધાન ચતુર્વિધ સંઘની સ્થાપના પણ તેઓશ્રી જ કરે છે (૪) તે સર્વના માર્ગ-દર્શન માટે શ્રી દ્વાદશાંગીની રચના ગણધર ભગવંતો કરી શકે તે રીતે ત્રિપદી પ્રભુ સંભળાવે છે. (૫) પાંચ આચારોના અનુષ્ઠાનોની સંખ્યાબંધ વિધિઓમાં ઉપયોગી થતાં ઉપકરણો – સાધનો, સમ્યગ્દર્શનાદક ભાવ સંપત્તિઓ, તીર્થો, મંદિરો વગેરે અને તેમાં ઉપયોગી ધન વગેરે સ્થાવર અને જંગમ સાત ક્ષેત્રાદિક ધાર્મિક દ્રવ્ય મિલ્ક-તોનો શ્રી શાસનની મિલ્કતમાં સમાવેશ થાય છે. શ્રી જૈનશાસનની અનન્ય માલિકીની એ સર્વ સંપત્તિઓ છે અને તેનો અનન્ય સંચાલક શ્રી સંઘ છે. આમ આ પાંચ અંગમય જૈનધર્મ પુરુષાર્થ જગતમાં અસ્તિત્વ ધરાવે છે.

૨. (૧) સર્વ ધર્મની ધાર્મિક સંપત્તિઓને હાલના કાયદામાં રિલીજીયન ગણી છે અને (૨) બીજી ઉદારતાથી સામાજિક, આર્થિક, કૌટુમ્બિક હિતોને ઉદ્દેશીને અપાયેલી સંપત્તિઓ, તથા (૩) આધુનિક ભૌતિકવાદી પ્રગતિને પોષક નિશાળો, દવાખાનાં, કોલેજો, સુવાવડખાનાં, અનાથાશ્રમ તથા એવાં બીજાં ખાતાંઓની સંપત્તિને ચેરીટેબલ ગણવામાં આવી છે. તેમાં પણ પાંજરાપોળ, ગાયોનાં ઘાસ, કૂતરાના રોટલા, પારેવાની ચણ વગેરે અહિંસાની ધાર્મિક ભાવનાથી પ્રેરાઇને એકત્ર કરેલી સંપત્તિને પણ ચેરીટેબલ ગણવામાં આવી છે.

૩. અને એ તમામ સંપત્તિઓના વહીવટ કરનારાઓને ટ્રસ્ટીઓ કહેવામાં આવે છે, અને તેઓએ પબ્લીક ટ્રસ્ટના એકટ મુજબ વહીવટ કરવાનું ઠરાવ્યું છે. એ કાયદાના ગુજરાતી ભાષાં-તરમાં રિલિજીયન માટે ધાર્મિક શબ્દ વાપરવામાં આવ્યો છે, અને ચેરીટેબલ માટે ધર્માદા શબ્દ વાપરવામાં આવ્યો છે. એટલે ધાર્મિકમાં (૧)નો અને ધર્માદામાં (૨) અને (૩)નો સમાવેશ કરવામાં આવ્યો છે. આપણી રીતે (૧) અને (૨)નો ધાર્મિકમાં સમાવેશ થવો જોઇએ અને (૩)નો ધર્માદામાં સમાવેશ થવો જોઇએ.

૪. રાજ્યે ધાર્મિક વહીવટદારોને ટ્રસ્ટી તરીકે માનવાનું વલણ રાખ્યું છે. પરંતુ આપણા પરમાત્માના શાસન મુજબ ટ્રસ્ટી શબ્દનો ચોક્કસ અર્થ નક્કી થતો નથી. છતાં જવાબદાર અને

: ૨૪: અગત્યના પ્રશ્નોનું સમાધનાન :

જોખમદાર વિશ્વાસપાત્ર વહીવટ ચલાવનાર વ્યક્તિ એવો અર્થ કરી શકાય. એ અર્થ પ્રમાણે આપણા પ્રભુએ શાસનની સર્વ જવાબદારીઓ મુખ્યપણે શ્રમણ ભગવંતોને–ધર્મગુરુઓને સોંપેલી છે. તેથી ખરા ટ્રસ્ટીઓ ધર્મગુરુઓ છે. આપણા ધર્મગુરુઓ ત્યાગી હોવાથી તેઓ નાણાં વિગેરેને અડકે નહીં તેમજ તેને લગતું કામકાજ સીધી રીતે ન કરે. તેથી તેમના વતી ધાર્મિક ખાતાંઓનો વહીવટ શાસ્ત્રમાં ઠરાવેલી ઉત્કૃષ્ટ, મધ્યમ, અને જઘન્ય યોગ્યતાવાળા ગૃહસ્થો પોતાના આત્મકલ્યાણમાં નિર્જરા માટે ભક્તિથી કરે. તેવા ગૃહસ્થો મુખ્યપણે વફાદાર મુનીમને સ્થાને છે. તેથી તેઓને માટે વહીવટદાર શબ્દનો પ્રયોગ યોગ્ય છે, નહીં કે ટ્રસ્ટીનો. પરંતુ સાચા ટ્રસ્ટી ધર્મગુરુ વર્ગને ખસેડી દઈ, વહીવટો ઉપર પોતાની સત્તા સ્થાપિત કરવા રાજ્યે ગૃહસ્થોને ટ્રસ્ટી બનાવ્યા યા માની લીધા, અને તેમને તે જાતનું મહત્ત્વ, માન–પાન અપાતું રહ્યું. વાસ્તવિક રીતે વહીવટ કરનાર ગૃહસ્થો સર્વ સત્તાધીશ નથી. તેઓ સકળ સંઘને અને છેવટે શાસનના ધુરંધર આચાર્ય મહારાજાઓને જવાબદાર છે. મુદ્દાના કોઈપણ ફેરફાર કરવાનો તેમને સ્વયં લેશમાત્ર અધિકાર નથી. રાજ્યને કંઈ ફેરફાર કરાવવો હોય તો તે ધર્મગુરુઓને મળીને ઘટતો ફેરફાર કરાવી શકે. કારણ કે ગામેગામના સંઘો અને તેમના હસ્તકની તમામ ધાર્મિક મિલ્કતો શ્રી જૈનશાસન અને સકલ સંઘના તાબાની વસ્તુ છે.

પરંતુ ગૃહસ્થોને ટ્રસ્ટી માની લેવાથી, સરકારી ટ્રસ્ટના નિયમ પ્રમાણે વર્તવાને તેઓ બંધાયેલા છે. એટલે કે તેઓ ધર્મગુરુઓ, શાસન અને સંઘને જવાબદાર રહેવાને બદલે રાજ્યને જવાબદાર રહેવા બંધાયેલા છે. આથી રાજ્ય તેવા વહીવટો, ટ્રસ્ટો અને ટ્રસ્ટીઓ સાથે સીધું જ સંબંધમાં આવી શકે. જુદા જુદા ગામના સંઘોને ધ્યાનમાં ન લેતાં, માત્ર ટ્રસ્ટીઓને જ ધ્યાનમાં લઈને તે દરેકને પોતાની સંસ્થાઓ માની લઈને રાજ્ય સીધા હુકમો–સીધા કેસો વગેરે કરી શકે. જો ગામેગામના વહીવટદારોને ટ્રસ્ટી માની લેવામાં ન આવ્યા હોત, તો રાજ્યને જ્યારે કંઈ ફેરફાર કરવો હોય, ત્યારે તે તે ગામના વહીવટદારોએ શ્રી સંઘને પૂછાવવું પડે, અને શ્રી સંઘ નામંજુર કરે, તો તે તે ગામના વહીવટદારો ઉપર રાજ્ય સીધું દબાણ ન કરી શકે. રાજ્યને કેન્દ્ર સાથે વાટાઘાટ કરવી પડે. રાજ્ય અને કેન્દ્રને પરસ્પર વિરુદ્ધ મતભેદ પડે, તો પ્રાન્ત કેન્દ્રને જ વળગી રહેવા બંધાયેલી છે. જેમ પ્રાંતિક રાજ્યોને પોતાના અધિકારની બહારની બાબતમાં વડી સરકારની મંજૂરી પ્રમાણે વર્તવું પડે છે. પરંતુ ગામેગામના વહીવટદારોને સીધા ટ્રસ્ટી માની લેવાથી કેન્દ્રની દરમ્યાનગિરી રહે જ નહીં. રાજ્યની આ યોજના છે. કારણ કે રાજ્ય શ્રી જૈનશાસન સંસ્થાનું અને તેના સંચાલક શ્રમણ પ્રધાન ચતુર્વિધ સંઘનું અસ્તિત્વ જ માનતું નથી. અને સીધા ટ્રસ્ટીઓ થનારા પણ રાજ્યની એ માન્યતામાં આડકતરા સમ્મત થઈ જાય છે. આનું બીજું પરિણામ એ આવે કે ટ્રસ્ટીઓ શાસનના નિયમ વિરૂધ્ધ ધાર્મિક વહીવટોમાં વર્તન કરે અને રાજ્ય તેમાં સમ્મત થાય, તો પછીથી સંઘ, શાસન કે ધર્મગુરુઓનું તેમાં કંઈ ચાલી શકે નહીં.

૪. સ્થાનિક સંઘોએ જુદાં જુદાં બંધારણો ઘડવાની જરૂર નથી. નહીંતર દરેક સંઘને પોતાની મરજી મુજબ બંધારણ ઘડવાનો અધિકાર મળી જાય છે, અને તેથી ગમે તેવું બંધારણ ઘડી કાઢે. ખરી રીતે સૌ સ્થાનિક સંઘો પ્રભુએ સ્થાપેલા જૈનશાસનના બંધારણ પ્રમાણે વર્તવા બંધાયેલ છે, કારણ કે તે સર્વે પ્રાન્તો છે. સ્થાનિક સંઘોએ સુવિહિત ધર્મગુરુઓની આજ્ઞા પ્રમાણે અને પરંપરાગત રિવાજ પ્રમાણે શાસન અને સંઘને અનુસરીને ચાલવું. શ્રી સંઘની એટલે કે ધર્મગુરુઓની આજ્ઞા વિના અમારાથી કોઇપણ ફેરફાર થઇ ન શકે, એવું વલણ સ્થાનિક સંઘોએ રાખવું જોઇએ. નહીંતર આપણે જ હાથે ભગવા-

મનુષ્ય જન્મની મહત્તા શાથી ?

પ્રવચનકાર : પૂ૦ આચાર્યદેવ શ્રી વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજ

સં. ૨૦૧૫ પોષ વદ ૧ રવિવાર તા. ૨૫-૧-૫૯

સ્થળ : શેઠ આણંદજી કલ્યાણજીનો વંડો પાલીતાણા

[તીર્થાધિરાજ શ્રી સિદ્ધાચળજી ગિરિરાજ પર શ્રી જિનબિંબોની પ્રતિષ્ઠાના શુભ પ્રસંગે શેઠ જેઠાભાઈ નેણશી કાથાવાળા, શેઠ ગોવિંદજી જેવત બોના વગેરેની આગ્રહભરી વિનંતિથી પધારતાં, શેઠ આ. ક. ના વંડામાં તૈયાર કરવામાં આવેલ વિશાળ મંડપમાં જે પ્રવચન આપેલ તેનું સારભૂત અવતરણ અહિં અપાય છે.]

★

અવતરણકાર : શ્રી કપુરચંદ રણછોડદાસ વારૈયા. પાલીતાણા.

[પ્રવચન બીજું]

सम्यग्दर्शनसंशुद्धं यो ज्ञानं विरतिमेवचाप्नोति ।
दुःखनिमित्तमपीदं तेन सुलब्धं भवति जन्म ॥

અનંત ઉપકારી શ્રી જિનેશ્વરદેવો અને તે તારકના શાસનના પરમાર્થને પામેલા પરમર્ષિઓ ફરમાવે છે, કે-આ જન્મ દુઃખનું કારણ છે. જન્મ મળે તો જીવને ઉપાધિ છે. જન્મ મળે એટલે પારકાની સહાયથી જીવવું પડે. પારકાની સહાયથી જીવવું પડે તે ઉપાધિ. પારકાની સહાય વિના જીવાય તે નિરુપાધિ.

જીવવા માટે અન્યની સહાય જોઇએ. પુણ્ય હોય તો મળે, ન હોય તો ન મળે. મળે તો સુખ, પ્રમાણમાં મળે તો થોડું સુખ, ન મળે તો દુઃખ. મળે તે પણ નિયમા જવાનું. અને જાય એટલે દુઃખ. મરવું એ તો દુઃખ છે ને? જન્મે એને મરવાનું અવશ્ય, એટલે જન્મ એટલે દુઃખનું નિમિત્ત.

સભામાંથી-દુઃખ તો શરીર ભોગવે છે ને?

શરીર દુઃખ ભોગવતું નથી, પણ તેમાં રહેલો આત્મા ભોગવે છે. આપણે તો શરીરને આત્મા માન્યો. વાસ્તવિક રીતે તો શરીરથી આત્મા જુદો છે. એ ભાન થાય તો જન્મ ભુંડો લાગે.

જન્મ ભુંડો લાગે નહિ તો મનુષ્યજન્મ કાંઇ ફાયદો કરતો નથી. મનુષ્ય જન્મ સારો તેના માટે કે-જે જન્મનો નાશ કરવાનો પુરુષાર્થ કરે. જે મળે તેને પૂછો; જન્મનો નાશ કરવા માટે આ જન્મ મળ્યો છે, એનું ભાન છે ને?

આ જ્ઞાન એવું છે, કે- સઘળા ય જ્ઞાનને સમ્યગ્ બનાવે. જન્મરહિત થવા માટે મનુષ્ય-જન્મ છે. બીજા જન્મોમાં મરે તેને અવશ્ય જન્મ લેવો પડે. જ્યારે આ જન્મથી અજન્મા થવાય. માટે આ જન્મની કિંમત છે. આ જન્મમાં જેટલો જન્મનાશ કરવાનો પુરુષાર્થ કરીએ તેનું નામ ધર્મ. સંપૂર્ણ પ્રયત્ન થાય તો પૂરો ધર્મ.

જેને પોતાનો જન્મ પસંદ નથી, તેને બીજાનો જન્મ પસંદ હોય? આ જ બ્રહ્મચર્યનું મૂળ છે. મરણનો ભય રાખવાનું કાંઇ કારણ છે? એ તો અવશ્ય બનવાનું. મરણ અવશ્ય

નનું શાસન અને તેનો સંઘ નથી એવી કબુલાત થઇ જાય છે અને તો તેના લોપના મહાપાપના ભાગીદાર બનીએ છીએ.

અત્યંત દુઃખનો વિષય તો એ છે કે પરમ પૂજ્ય આચાર્ય મહારાજાઓ અને આગેવાન પુરૂષોને એ ખ્યાલમાં જ નથી કે અમારી ઉપેક્ષાથી આ રીતે શાસનની મહા અપભ્રાજના થઇ રહી છે. હિંસાના પાપ કરતાં પણ શાસનની અપભ્રાજનાનું પાપ વધારે મોટું છે એમ શાસ્ત્રકાર ભગવંતોએ ફરમાવ્યું છે, કારણ કે તે મિથ્યાત્વ જેવા મોટા દોષોને પોષણ આપનાર છે.

[હિત-મિત-પથ્ય-સત્યમ્]

અને, જન્મ ન લેવો એ આપણા હાથની વાત છે. પુરુષાર્થ કરીએ તો જરૂર ઠેકાણું પડી જાય.

પણ જેને જન્મ ખરાબ ન લાગે તેને માટે શું? બધાનો ચોવીશે કલાક પુરુષાર્થ શાને માટે ચાલે છે? જન્મ રહિત થવા માટે ને? જ્ઞાનીઓ સંસાર સામું જુવે છે, શા માટે? જન્મ રહિત થવા માટે. જ્ઞાનીઓ વિચારે, કે– આટલા બંધન પડ્યા છે એ શી રીતે છૂટે? કેટલાક સુખ ભોગવ્યે છૂટે, કેટલાક દુઃખ ભોગવ્યે છૂટે. ઘણાને મરતાં સુધી બધી સામગ્રી હોવા છતાં પણ દુઃખ છૂટે નહિ. ડોકટરો, સ્નેહિ–સંબંધી બધા એનું દુઃખ જાય એ માટે બેઠા છે. પૈસો પણ જોઈએ એટલો છે. પણ કર્મ કહે છે કે–બધું દુઃખ ભોગવાઇ ગયા પછી જ જવાનું.

બહુ પુણ્યશાળીને સુખ એવું હોય છે, કે– જે સુખ ભોગવે તો જ જાય. બાલ્યકાલમાં પણ ત્યાગની વાત કરનાર શ્રી જિનેશ્વરદેવો ઘરમાં રહે. ત્રણ જ્ઞાન સાથે હોય, ઋષભદેવ જેવા ૮૩ લાખ પૂર્વ સુધી રહે, કારણ કે એમનું પુણ્ય એવું હતું, કે–સુખ ભોગવે તો જ જાય. સુખનો ભોગવટો કરાવ્યા સિવાય જાય જ નહિં.

તીર્થંકરો અને જ્ઞાનીઓ સંસાર શા માટે જુવે છે? જન્મરહિત થવા માટે. આ જન્મ પણ કર્મરહિત થવા માટે છે ને?

મંદિરમાં શા માટે જવાનું? પૂજન શા માટે કરવાનું? સાધુ પાસે શા માટે જવાનું? ધર્મ શા માટે કરવાનો? કહો કે પુણ્ય થાય, સુખ મળે એમજ ને?

સભામાંથી :–મોક્ષ પણ મળે ને?

એ તો સ્તવનાદિમાં સાંભળો છો માટે કહો છો. ચૈત્યવંદન કરતાં પ્રાર્થનાસૂત્રમાં સૌથી પહેલાં 'ભવનો નિર્વેદ' માગો છો, એની ખબર છે? મોક્ષ મોક્ષ તો રૂઢપણે કહો છો, પણ મોક્ષ એટલે શું એ જાણો છો? તમે તો સમજો કે જે મળે તે તેમાંથી.

જ્ઞાન અને ક્રિયા એ ઉભયથી મોક્ષ મળે. તેમાંથી જ્ઞાન ભૂલાય અને એકલી ક્રિયા વ્યાપક થાય તો?

જે ક્રિયા નથી કરતા અને પ્રમાદમાં પડયા છે એને છોડી દઇએ. પણ જે હંમેશ ક્રિયા કરે અને તેને જ્ઞાનની જરૂર ન લાગે તે તો આ કાળમાં જ બને ને!

જાણ્યા વગર દુનિયામાં ન ચાલે. કચરો કાઢનાર પણ જાણે છે તો બે–પાંચ રૂપીયાની નોકરી મળે છે. તે સિવાય કોણ રાખે?

ધર્મક્રિયા કરનાર કહે કે–'આપણે તો ચાલે!' તમે તેને સમજાવવાની વાત કરો તો કહે, કે– 'આપણું કામ નહિં' કારણ કે જરા સમજવા પ્રયત્ન કરે તો ક્રોધ, માન, માયા, લોભ અને વિષયવાસનાને ધક્કો લાગે, અને તે તો તેને રાખવું છે.

ઘરનું કામ મૂકી ધર્મક્રિયા કરનાર પણ નથી કહેતા કે 'આ (ધનાદિ) મારે શું કામ જોઈએ?' ફરીયાદ તો કરેને? અમે પૂછીએ કે 'આમ કેમ?' તો કહે કે–'મોહ જોરદાર છે' અમને પણ સમજાવી દે. આગળ બોલવાપણું રહે જ નહિ. અમારી જબાન બંધ કરી દે.

અમે પણ સમજીએ છીએ કે–વિષય–કષાયો અનાદિથી લાગ્યા છે. પણ અનાદિની ટેવ ભૂલવી છે કે નહિ?

સ૦ સમજે તો જાગે કેમ નહિ?

સુખના ટુકડા મળે તે લેવા છે. પેટના દર્દીઓ ખાવાની ભૂલ કરે ને માંદા પડે છે. ડાકટર મનાઈ કરે, પાછા ભૂલ કરે, ડાકટર પૂછે કે 'કેમ?' તો કહે કે 'ટેવ પડી ગઈ, બેસીએ એટલે નથી રહેવાતું.' એમ અહિં પણ છે.

મારે એ સમજાવવું છે, કે– 'જન્મ ભુંડો છે,' એ હૈયામાં લાગી જવું જોઈએ. આપણા દેવ, આપણા ગુરુઓ અને આપણા શાસ્ત્રો કહે

છે, કે– 'જન્મ ભુંડો છે.'

આપણા દેવ જન્મરહિત થઈ ગયા. ગુરુઓ જન્મરહિત થવા મથે છે. ધર્મ જન્મરહિત થવા માટે છે. અહિં સિદ્ધગિરિનો મહિમા શાથી? અહિં કાંકરે કાંકરે અનંતા જન્મરહિત થયા માટે ને? આનો મહિમા એથીજ વધારે. બીજી ભૂમિએ પણ અનંતા ગયા છે. પણ અહિંની સંખ્યા તેથી અનેકગણી થાય. આ સ્થાન નામથી કાયમ રહેવાનું. એથી આની મહત્તા. પણ મહત્તા જન્મ રહિત થવા માટેને?

જ્યારે કોઈનો જન્મદિવસ ઉજવો ત્યારે થવું જોઇએ, કે– 'જન્મ તો ખરાબ છે. પણ આ જન્મ જન્મરહિત થવા માટેનો છે. તેને સાધક દેવ–ગુરુ ને ધર્મ અહિં મળે છે.' માટે. પણ દેવ-ગુરુ ને ધર્મને કાઢી નાખો તો આની શી કિંમત?

દેશમાં આર્ય, તેમાં પણ આર્ય જાતિ, કુળ પણ આર્ય, તેમાં પણ વીતરાગ ધર્મ-વાસિત કુળ. તેને લીધે જ આ જન્મ સારો ગણાય. બાકી તો મહાભુંડો.

જન્મ એટલા માટે થયો કે– ઉંધો પુરુષાર્થ કરેલો. પુરો પુરુષાર્થ ન થાય ત્યાં સુધી જન્મ રહેવાનો. એક જીવને જન્મ આપવાની ઇચ્છા એટલે એની હિંસા કરવાની ઈચ્છા. એટલું જ ને? જે પોતાની જાત માટે જન્મ પસંદ ન કરે, એ બીજામાં શા માટે નિમિત્ત થાય?

દેવ–ગુરુ–ધર્મ છોડી જેના ઉપર રાગ કરીએ તો આપણા જન્મ વધે. તેમ આપણા ઉપર પણ જે રાગ કરે તેના પણ જન્મ વધે. વીતરાગ ઉપર પણ મોક્ષના હેતુ સિવાય રાગ કરે તો એ પણ જન્મનું કારણ, ગુરુ ઉપર પણ મોક્ષના હેતુ સિવાય રાગ કરે તો એ પણ જન્મનું કારણ.

સંતાન આદિ તમારા ઉપર રાગ કરે તો તમારે કહેવું જોઈએ કે– 'રાગ કરવાની આ જગ્યા નથી. રાગ કરવાનું તો ત્યાં છે.' કયો બાપ આવું કહે? ઘરે છોકરાનો જન્મ થાય ત્યારે કયા મા–બાપને એમ થાય, કે– "આ અમારી ઉપર રાગ ન કરે અને દેવ–ગુરુ–ધર્મ ઉપર રાગ કરે તો સારું."

સ૦ એ તો પૂર્વકર્મજનિત સંબંધ છે ને?

એ સંબંધ મારી નાંખનારો છે. બધા ય દુઃખનું કારણ છે. છોકરાનો જન્મ ઉજવનારના હૈયામાં એ થવું જોઇએ કે– 'સારી જગ્યામાં આવ્યો કે જેથી દેવ–ગુરુ–ધર્મનો થશે.' સંતાન ઉપર રાગ થાય એનું તમને દુઃખ છે ને? જન્મથી ડરે તેને દુઃખ થાય. રાગ થવાનો, પણ દુઃખ તો હોય ને?

આ જન્મને જન્મ રહિત થવા માટે સારો કહ્યો, એ સિવાય આની કોઈ કિંમત નથી.

સ૦ બીજા ઉપકારો તો કરાય ને?

બીજા ઉપકારોની કિંમત શી? બીજાને ધર્મ પમાડવાનો ઉપકાર કરાય. તે સિવાયના ઉપકારની શી કિંમત? અહિં (સંસારમાં) મોજમજા કરતો થાય તેથી ભવાંતરમાં ભૂખ્યો મરવાનો. એને ઉપકાર કહેવાતો હોય તો ભગવાન ઇંદ્રને કહીને પણ કરી શકતા હતા.

સ૦ એ અનુકંપા કરી હોત તો?

અહિંની મર્યાદા જુદી છે. છઠું ગુણસ્થાન એટલે સંસારનો કિનારો. તેને ધર્મહીનની દયા આવે. સાધુ એટલે સંસારના સ્વરૂપના અથેતિ જ્ઞાતા. છઠ્ઠા ગુણસ્થાનકની આખી ચીજ જુદી છે. તેને ભાવ અનુકંપા હોય.

દ્રવ્યાનુકંપા સાહજિક છે, ધર્મ આવે એને એ આવે જ, આજે તમારામાં એ નથી. એટલે અમારી પાસે આવે છે. એ ભૂલનું સામાન્ય પરિણામ નથી આવ્યું. સાધુઓને એ માટે ભલામણો કરવી પડે છે.

સ૦ બીજાને માટે ને? સ્વદયામાં પરદયા છે ને?

એ માટે શાસ્ત્રોમાં ઘણી સ્પષ્ટતા છે. અમારી મુડી દ્રવ્યની છે. અમને રોટલીનો ટુકડો દ્રવ્યત્રયીના પાલનને માટે મળે છે. અમે એ ન પાળીએ તો ઉલટા દોષિત થઇએ.

દૂધપાક સારો હોય, પણ છોકરાને પવાય? કોઈ દયાળુ આવીને કહે, કે– છોકરાને ખવરાવો, સ્તનપાન કરનાર છોકરાને એ દૂધપાક ખવરાવે તો શું થાય? મરી જાય.

પણ આ બધા શ્રાવક દયાના કામ અમારી પાસે કરાવવા માગે છે. દેરાસર કરાવવું હોય તો પણ મહારાજ. ઉપાશ્રય કરાવવો હોય તો પણ મહારાજ. ત્યાં સુધી તો હજીએ ઠીક, પણ દવાખાનું કરાવવું હોય કે ભણાવી આપવા હોય તો પણ મહારાજ! ફક્ત સુવાવડ કરાવી આપવાનું નથી કહેતા એટલું બાકી રહ્યું છે.

પણ કોઈ એમ નથી કહેતું કે, 'મહારાજ' તમારે આ શું? ઘર છોડયું, મા–બાપને પણ છોડી આવ્યા અને આવી વાતોમાં પડી ગયા? માન–પાનમાં પોતાનું બધું ભુલી ગયા! આજે તો એવું ચાલ્યું છે, કે–સાધુનું સાધુપણું પણ ન રહે. અને તમને લોકોને એની ફાવટ છે.

અનુકંપા એ ધર્મનો પાયો છે. દુઃખીના દુઃખ દૂર કરવાની ઇચ્છા ધર્મ કરનારના હૈયામાં હોય જ. દુઃખ દૂર કરે એટલે પુરું. સાચી અનુકંપા તો કોઇ જીવને ધર્મની પ્રાપ્તિ થાય એ છે.

શ્રાવકની અનુકંપા કોઇ દીન–દુઃખી ભૂખ્યો ન રહે એ છે.

તમારે ત્યાં પુત્રજન્મ થાય ત્યારે આનંદ શા માટે આવે? સુદેવ–સુગુરુ અને સુધર્મનો સંયોગ એને અહિં થાય, એ માટે જ ને? તમારી ઉપર રાગ થાય તો એ ડૂબી જવાનો, એમજ ને?

સાચા મા–બાપ એ ચિંતા હંમેશ રાખે કે– આપણા ઉપર બાળકનો રાગ ન વધે, પણ દેવ–ગુરુ–ધર્મ ઉપર રાગ રાખે. પણ આજે આવા જૈનકુળો કેટલા? પોતાના ઉપર પોતાનો છોકરો રાગ ન કરે એવી ચિંતા રાખનારા આજે મોટે ભાગે ન મળે. કોઈ વિરલ જ મળે. પોતાને પણ રાગ થાય, પણ સમજે કે 'રાગ થાય એ ખોટો છે, રાગ કરવા લાયક નથી. કરવા જેવો હોય તો ફક્ત દેવ, ગુરુ–ધર્મ ઉપર, એ સિવાય નહિ.' રાગ પાતળો પડે તો જ ખરું કામ થાય.

જન્મ ભુંડો ન લાગે ત્યાં સુધી કામ ન થાય. જેટલા ભગવાન મોક્ષમાં ગયા તે બધા જન્મરહિત થઇને. અનંતા અરિહંત થયા તે પણ જન્મરહિત થઇને. અનંતા સિદ્ધો થયા તે પણ જન્મરહિત થઇને. આપણે પણ જન્મરહિત થવું છે. મનુષ્યજન્મ શા માટે કિંમતી? જન્મરહિત થવા માટે. એટલે તમારી ઇચ્છા શી છે? તે પ્રગટ કરો તો ખબર પડે.

જ્ઞાની આત્માઓ જન્મરહિત થવા માટે જન્મતા હતા. કારણ કે સત્તામાં જે કર્મો રહ્યા હોય તે ભોગવી લેવા પડે. સુખી માણસને રોગ થાય, ત્યારે બધા સંબંધીઓ દુઃખ જાય એ માટે તનતોડ પ્રયાસ કરે. પૈસા પણ ઘણા, ખર્ચવા પણ બધા તૈયાર, ચિકિત્સકો હાજર ને હાજર. જીવ દઇને કામ કરે, છેલ્લી શોધનો ઉપયોગ કરે. છતાં પેલો કહે, કે– મારું દુઃખ જતું નથી, પણ વધે છે. ત્યારે બધા કહે કે કુદરત વિરૂદ્ધ છે.

જ્યારે કેટલાક કર્મો આત્મામાં એવા બેઠા છે કે સુખ ભોગવાવ્યા સિવાય જાય નહિ. એવું ન હોય તો તીર્થંકરો ગૃહવાસમાં રહે? ગૃહસ્થાવાસ કરે? ઋષભદેવ ભગવાન જેવા ૮૩ લાખ પૂર્વ સુધી રહે!

સ૦ એ તો વ્યવહાર સ્થાપવા માટેને!

એ પણ કર્મથી. વ્યવહાર બતાવવા લાયક કર્મ હતું માટે બતાવે. મહાપુરુષોએ લખ્યું છે કે– ભોગની સામગ્રીઓ પણ એ મહાપુરુષો માટે ભોગ નામના રોગને દૂર કરવા માટે છે.'

જૈનશાસન તો એવું છે, કે–સુખની સામગ્રી મળે તો પણ સુખી રાખે અને દુઃખની સામગ્રી

મળે તો પણ સુખી રાખે. સુખની સામગ્રી બોજલ લાગે. ચક્રવર્તિને સુખનું સામ્રાજ્ય બોજલ લાગતું તેથી ઘડીમાં મૂકી દીધું. તમને તો જે કાંઇક જરાક છે, તે પણ મૂકવાનું મન નથી. કારણ કે બોજલ લાગતું નથી, બે મણ બોજો લઇને જતા હો અને કોઈ ઉતારી નાખે તો થાયને હાશ! ભાર હળવો થયો. તેમ તમારા ૫-૧૦ લાખનો બોજો ઉતારી નાખે તો રાજી થાવને?

સ૦ એ બોજો તો સારો લાગે છે!

જૈનશાસને કદી એ બોજાને સારો માન્યો નથી. કર્મે આવી પડયો હોય, પણ સારો ન માને.

સ૦ એમને એમ ફેંકી દે, પછી ભીખ માંગવા નીકળે?

તમને બોજો લાગ્યો જ નથી. ડાહ્યો દારૂડીઓ પણ કહે કે-વળગ્યું છે ભૂત, પણ નથી રહેવાતું. કહે છે પણ દીલથી. તેને કહીએ કે 'એ છોડીદે' પણ કહે છે. 'છૂટતું નથી, છૂટી જાય તો સારું!' વ્યસનીને વ્યસનની પીડા સમજાય તો વ્યસન કદી સારું ન લાગે. તેમ અધિક ધનીપણું પણ પણ વ્યસન છે. શાસ્ત્રે મર્યાદા બાંધી છે. એટલે એ ધન બોજારૂપ લાગે તો સારું ન લાગે. પેટ પુરતું મળી જાય તો અધિક શું કામ જોઇએ?

સ૦ ચાલે એટલું જ મળે, તો લાખો રૂા. ના દેરાસર કેવી રીતે બનાવી શકાય?

જેણે જેણે ધર્મસ્થાનો બંધાવ્યા તેઓ ધન જરૂરી નહોતા માનતા. પણ જેણે ધન જરૂરી માન્યું તેણે તો દેરાસર પડી જાય તો પણ તીજોરીને બોલી નથી. સુખી માણસ હોય - ૨૦ લાખનો આસામી હોય, પચાસ હજારનું કામ હોય છતાંય ટીપ કરવાનું કહે. એમાં પણ કંજુસાઇ કરે.

જેણે ધન જરૂરી માન્યું તેણે ધર્મ કર્યો નથી અને કર્યો હોય તો પણ કીર્તિ ખાતર, પણ આત્મા માટે નહીં. ધનને જરૂરી માનનારા તો વહીવટના પૈસામાંથી પણ ચાંઉ કરી જાય. એવાના હાથમાં વહીવટ ન સોંપાય. એ માટે કમીટીઓ કરી. કમીટીમાં પણ એવા માણસો આવી જાય તો ગોલમાલ કર્યા વિના ન રહે. વાઉચરોમાં ગોલમાલ કરે. ઓડીટ કરનારા વાઉચર જોવે અને સહી કરી આપે. શેઠીયાઓને જોવાનો ટાઇમ નથી. પહેલાના શેઠીયાઓ તો જોતા કે-' જે વખતે ચાંદી ખરીદી એ વખતે શું ભાવ હતો? વેપારીને પણ બોલાવે અને તપાસ કરે.' ઓડીટરો તો પગારદાર માણસ છે, તેની પાસે કેટલી આશા રખાય?

પૈસા બહુ બુરી ચીજ છે. પૈસા સારા લાગે તેને ધર્મ કદી સારો ન લાગે. અમને સારા લાગે તો અમે પણ ડુબી જઇએ.

સ૦ તમે તો તેનાથી સારા કામ કરાવોને?

સારા કામની વાત જવા દો. સારા કામ રહી જાય અને અમે ડુબી જવાના. શાસ્ત્રે એ માટે સ્પર્શ કરવાની પણ મનાઇ કરી. શા માટે? ડુબી જવાય.

ધન તો ભુંડું, પુણ્ય હોય ને રાખવું પડે તેનું હૈયે દુઃખ હોય. પુણ્ય ન હોય અને જતું હોય તો માને કે ઉપાધિ મટી, નિરાંતે એકાંતમાં બેસીને ધર્મ થશે. ધન જાય અને કોઈ મળવા ન આવે ત્યારે માને કે-હવે લીલા લહેર છે. સામાયિક નિરાંતે થશે. જૈનમાં આ વસ્તુ ન હોય તો કોનામાં હોય?

રાજગૃહીમાં પુણીયો શ્રાવક કેમ જીવતો હશે? ધન્ના-શાલિભદ્ર વસે એવા નગરમાં. તેને સાધર્મિક ભક્તિ કરવાનું મન થયું પણ અધિક કમાવાનું મન ન થયું. ઘરમાં પતિ-પત્નીએ ભેગા થઇને નિર્ણય કર્યો. શું? એકાંતરે વારાફરતી ઉપવાસ કરવો અને સાધર્મિક ભક્તિ કરવી. જિનની ભક્તિ પણ ઘરથી કરતા. અને તમે? પાણી પણ મંદિરનું, ઘીતીયું પણ મંદિરનું, કેસર પણ મંદિરનું અને અગરબત્તી પણ મંદિરની. બધા સ્વામિભાઈનું મને ખપે અને મારું કોઇને ન ખપે. આમજ ચાલે છે ને?

સ૦ અમારી પાસે હોય તો ને?

બધું છે. છોકરા-છોકરી પરણે ત્યારે બધું છે. અને અહિંયા વાપરવાની વાત આવે ત્યારે 'નથી.'

તેઓ સમજતા હતા કે-ધન વધારે ત્યાં દુઃખ વધારે. આજે ધનવાળાને ખાવાનો સમય નથી, માબાપની સેવા કરવાનો વખત નથી, ઉંઘવાનો પણ વખત નથી. ઘડીકમાં કલકત્તા તો તો ઘડીકમાં મુંબઈમાં. કારણ કે ડાયરેકટર હોય. સહી કરતાં પહેલાં વાંચવાનો પણ સમય નથી. ખોટી સહી થઇ જાય ને પકડાઈ જાય તો ઓછું જોખમ નથી. પણ તમને લોકોને એ બધું ગમે છે.

સ૦ અહિં પણ ધનવાળાનું સ્થાન આગળ છે ને?

દુનીયામાં જેની વાહવાહ થાય તેને આગળ બેસાડીએ. કારણ કે પ્રમાદી આગળ બેઠો હોય તો ઉંઘે નહિ. અણસમજુના કાનમાં અવાજ મોટો જાય તો સાંભળે. વળી દરેકે પોતાનું ઔચિત્ય જાળવવું જોઈએ. સમવસરણમાં પણ બારમા દેવલોકનો ઇંદ્ર આવ્યો ન હોય તો એની જગ્યા ખાલી રહે. પેલાથી બેસવા દેવાય નહિ અને આ બેસે નહિ. તમારે ત્યાં વિનય-મર્યાદા ચાલી ગઇ છે, ત્યાં ન ચાલે. ઈંદ્ર સામે કોઇથી આડા ફરકાય? જેમ થતું હોય તેમ થાય. બધાને નમીને બેસે. ઔચિત્ય ન સચવાય અને માનનો ઉદય આવે તો તેને થઇ જાય કે, મારો સેવક મારી આગળ બેસે? જીવ ધર્મને હારે એવું નિમિત્ત આપે નહિ, એનું નસીબ ન હોય ને હારી જાય એ વાત જુદી, પણ મર્યાદા તો બરાબર જાળવે.

ભગવાનની હાજરીમાં ભગવાનને નમ્યા પછી આખા સંઘને નમે. આજે તો એવું પણ કહે કે, મારી હાજરીમાં બીજા કોઇને નમે? તે વખતે તો ભગવાનની સામે આવીને કહેતા કે-'આ મારા ઉપકારી છે' ભગવાને બધાના શિષ્ય બધાને આપ્યા છે ને? દરેક ગણધરને તેના શિષ્ય આપ્યા છે.

એટલે ધન વધારે તેમ વધારે પાપનો ઉદય.

સ૦ ધનથી પુણ્ય થાય ને!

પુણ્ય કરવા ધન મેળવવું એમ ભગવાને કહ્યું નથી, અને એમ કીધું હોત તો અમે પણ ભેગું કરવા માંડત અને મહાધીશ થઇ જાત.

આ વિવેક આવ્યા પછી કોઇ ધન લઈ જાય તો પણ ઉપકારી માને. માત્ર ગૃહસ્થાઈ ચલાવવા માટે કહેવું કે કરવું પડે તે કરે. પણ લાલચોળ કે ગુસ્સે ન થઈ જાય, નોકર, ૫-૫૦ ગુમાવે તો પણ ગુસ્સો ન કરે. અશુભોદય માને. સમજાવવા જેવું લાગે તો સમજાવે તે શિખામણ પણ સાકર જેવી લાગે. પણ શેઠ ગુસ્સો કરતા હોય તો નોકર પણ કહે કે-'આપણે સાહસ જ ન કરવું.' અને વાત-વાતમાં આજ્ઞા મંગાવે. તમને ૫ લાખ કમાઇ આપે એ ગમે, પણ ૫૦ હજાર ગુમાવે એ ન ગમે!

જન્મ ભુંડો છે એ વાત સમજાઇ જાય તો બધું ભુંડું છે એ સહેજે સમજાઈ જાય.

જન્મ સારો કોના માટે? બધા માટે નહિ. જેને જગતની કોઇપણ ચીજ પર રાગ થાય તે ભુંડો લાગે. અગર ભુંડો ન લાગ્યો તે ભૂલ લાગે. રાગ કરવા લાયક તો ફકત દેવ-ગુરુ અને ધર્મ. એના સિવાયની બીજી કોઇ ચીજ રાગ કરવા જેવી છે?

તમારા દીકરાને તમારા ઉપર રાગ થાય તે ભુંડો છે એમ લાગેને? અને તમને તમારા દીકરા પર રાગ થાય એ ભુંડો લાગે ખરાને? તમારો મા-બાપ પરનો રાગ કેવો? સ્વાર્થીને?

સ૦ સ્વાર્થી રાગ?

આજે છોકરાને કયા માબાપ પર અધિક રાગ હોય? કસદાર ઉપર. નહિંતર કહે કે મહિનો મળશે, મહીનો બાંધી દે.

સ૦ મા-બાપનો મહિનો બાંધી દે.?

હા, કેટલાય એવા છે. છોકરા લીલા-લહેર કરે. ૧૨ હજાર, પંદર હજાર કે વીશ હજારનો ખર્ચ

રાખે, જ્યારે ત્યાં (મા–બાપમાં) ૨૦૦–૫૦૦ જતા હોય તે જ જાય. મા જ્યાં આ ભાઇ વસતા હોય ત્યાં જાય અને છોકરા ચાર હોય તો વારા કરવા પડે! રાખવા માટે કહે કે 'જન્યા નથી' એંશરીમાં રાખવી પડે. મા બાપ મરવા પડે ત્યારે છોકરાને બદલે નોકર રાખવા પડે!

જન્મ ભુંડા લાગ્યો નથી તેની આ ઉપાધિ છે. જિનનો ધર્મ સહેલો નથી, એ ધર્મ આવી જાય તો બેડા પાર થઈ જાય.

પાયાની વાત સમજાઇ જાય કે–'જન્મ સારો નથી. જન્મ્યા માટે હિંસા વગેરે પાપો કેડે વળગ્યા. ન જન્મે તેને પાપ હોય નહિ, જન્મે તેને જીવવા માટે પાપ કેડે લાગે, પાપ રહિત જીવન સ્વીકારનારને પણ જીવતાં ન આવડે તો બધાય પાપ લાગે. ભગવંતની સમક્ષ પચ્ચક્ખાણ કર્યા છે ને? એ પચ્ચક્ખાણ કર્યા પછી નક્કી કરવું પડે કે, કોઇની હિંસા થાય નહિ, જુઠું બોલાય નહિ, અદત્ત લેવાય નહિ, અબ્રહ્મ સેવાય નહિ. પરિગ્રહ રખાય નહિ, પાપરહિત જીવન જીવવાના પચ્ચક્ખાણ કરે અને પાપરહિત જીવન જીવે તો મહાપાપ લાગે. વગર કારણે અપવાદમાર્ગનું સેવન એ ઉન્માર્ગ છે, માર્ગના રક્ષણ માટે બધું બોલવાની છૂટ પણ જાતના બચાવ માટે બોલાય નહિ.

બીજાનો બને તેટલો બચાવ કરાય પણ પોતાના માટે બચાવ ન કરાય અને કરવો પડે તો ખોટો તો ન જ કરાય, એવાઓને ભણાવવું એ પણ ઝેર ખવડાવવા જેવું છે. અમારે શાસ્ત્ર બધાને ભણાવવાના નથી, યોગ્ય–પાત્રને જ ભણાવાય.

સ૦ શાસ્ત્ર ભણ્યા વિના ચાલે?

અયોગ્ય હોય તે ન જાણે તે જ સારું. ભણેલાની પૂંઠે ચાલે. પૂંઠે ચાલવાની ટેવ ન હોય તેને ભણાવાય જ નહીં. આજે તો શાસ્ત્ર વૈરાગ્યની વાતો કરતા હોય અને આ હસે. શાસ્ત્રમાંથી છિદ્ર કાઢે. અને કહે કે એ તો લખવા ખાતર લખ્યું હશે? એવાને કદી શાસ્ત્ર પચે નહિ.

સ૦ એવાને પણ કયારેક ફાયદો થઇ જાયને!

સાતમે મજલેથી પડે અને જીવી જાય એ કોઇકને માટે બને પણ બધાયને નહિ. જીવવા માટે સાતમે મજલેથી પડવાનું કહેવાય નહિ. એ માર્ગમાં નથી આવતું, માર્ગમાં તો જે વિધિ હોય તે રીતે જ ચાલવું જોઇએ.

કોઈ મરવા માટે ઝેર ખાય, ને જીવી જાય. પણ તે કોઇને કહે કે 'જીવવા માટે ઝેર ખાવ' તો શું દશા થાય. એટલે સારા વૈદ્યને હાથે ઝેર પણ લેવાય, પણ ઉંટવૈદ્યને હાથે દવા પણ ન લેવાય.

એટલે જે કાળે જે મળે તેનાથી નિર્વાહ કરે. ગૃહસ્થની મુખ્ય જરૂરીઆત પેટ પુરું કરવાની અને અંગ ઢાંકવાની. તે સિવાય ઇચ્છા કરે તો ધર્મથી પડે.

તમને ઇચ્છાથી ધન મળ્યું; પૂર્વના લોકોને પુણ્યથી મળતું. વિના–ઇચ્છાએ પૂર્વથી મળેલું હોવાથી તેઓ ધર્મથી પડયા નહિ. તમે વિશેષ –વિશેષ ઇચ્છાઓ કરી એટલે પડયા. આજના શ્રીમંતોમાં ઓછામાં ઓછો ધર્મ દેખાય તેનું કારણ અસંતોષ છે. જ્યારે પૂર્વના લોકો સંતોષી હતા.

એ બધું જન્મ ભુંડા લાગે તે પછીની વાત છે. જન્મ મળવા છતાં સુલબ્ધ થવો કઠણ છે, સુલબ્ધ કોને બને? જેને સમ્યગ્દર્શનથી શુદ્ધ એવા જ્ઞાન અને વિરતિ મળે તેને.

જન્મ આવે એટલે સુલબ્ધ બનાવવો છે. મરતી વખતે જન્મ રહિત બનાય એવા સંસ્કાર સહિત મરવું છે.

જન્મ રહિત થવાની ઇચ્છાવાળાને પૈસા–ટકા વગેરે ભૂતાવળ યાદ નહિ આવે, જ્યાં સુધી એ ભૂતાવળ યાદ આવે ત્યાં સુધી સમાધિ મરણ થશે નહિ. સમાધિ મરણ થાય નહિ ત્યાં સુધી જન્મ લેખે ગણાય નહિ.

आनंदघनजी संबंधी एक विचारणा

श्री अगरचन्दजी नाहटा बीकानेर

योगीराज आनन्दघन आध्यात्मिक जैन जगत के चमकते हुए सितारे हैं! उनकी जैसी आध्यात्मिक गहराई और उंचाइ विगत कइ शताब्दियों में बहुत विरलों ने ही प्राप्त की होगी। उनकी रचनाऐ बहुत सीमित हैं।

चोवीसी के २२ स्तवन और ९० से १०० की बीच की संख्या के पद, इतनी ही उनकी साहित्य सम्पत्ति है पर उसका महत्त्व बहुत अधिक है। अर्थगांभीर्य और गहरी पैठ उनकी रचनाओं की असाधारण विशेषता है। पर इन रचनाओ में आनन्दघन नामके अतिरिक्त उनका कुछभी परिचय नहीं मिलता और समकालीन प्राय : समी व्यक्ति भी उनके संबंध में मौन है। उस समय यद्यपि जैन विद्वान अनेक थे, पर उन्होंने कुछभी उल्लेख नहीं किया। यह बडा ही आश्चर्य है। आपके स्वर्गवास के बाद तो इनकी रचनाओं का प्रचार दिनें दिन बढ़ता गया, पर दो गुटके ऐसे भी मिले हैं जो शायद आप की विद्यमानता में भी लिखे गये हैं। पहला गुटका संवत् १६८४–८५ में सुप्रसिद्ध कवि बनारसीदासजी के साथी व मित्र कुंअरपाल चोरड़ीया के लिखा हुआ हमारे संग्रह में है. इसमें आनंदघनजीके ६६ पद ही हैं, व प्रारंभ के कुछ पत्र कट जाने से पत्र व पद त्रुटित रुप में मिलते हैं।

ये पद संवत १६८४–८५ में तो शायद नहीं लिखे गये. क्योंकि ये भिन्नाक्षरों में लिखित है, पर वे संबत् १७०० के आसपास में लिखे गये प्रतीत होते है. जब कि आगे दिये जाने वाले उल्लेख के अनुसार आनन्दघनजी का स्वर्गवास संवत् १७३१ में मेड़ते में हुआ था। मेड़ते में आप बहुत वर्षो तक रहे यह तो प्रसिद्ध है ही। वहां आपके नाम का एक उपासरा भी बताया जाता है। इससे अधिक आपके सम्बन्ध में वहां भी कोई जानकारी नहीं मिलती. दूसरे गुटके में अन्य कई रास आदि तो संवत् १६५०–६० में लिखित हैं। खरतरगच्छ के कई मुनियों ने १६५५–६३ में इसे लिखा था। एक जगह संवत् १७३४ में इसे खरीदे या लियेजाने का उल्लेख है। अतः इससे पूर्व तक लिखा जाता रहा है।

इस गुटके के पिछले पत्रों में भिन्न अक्षरों में लिखे हुए आनन्दघनजी के कुछ पद हैं ये भी पूर्वोक्त गुटके के समय के आसपास याने उनकी विद्यमानता में ही लिखे जाने सम्भव है। उनकी चोवीसी की प्राचीन प्रति संवत १७५२ की लिखित का उल्लेख जैन

સમાધિમરણં ચ ની માગણીમાં જન્મરહિત થવાની માગણી આવી જાય.

સાધુ જીવનનો અભિલાષી અસમાધિમાં જીવતો નથી. સાચો જૈન કદી અસમાધિમાં જીવતો નથી.

આ રીતે જન્મ ભુંડો સમજાઇ જાય, ઘેર જન્મે તેના પરનો રાગ ભુંડો છે, એ સમજાય, સંતાનને તમારા પર રાગ થાય એ પણ ભુંડો છે, એ સમજાઇ જાય તો સમાધિ આવી જાય અને આ જે મનુષ્યજન્મ મળ્યો તે સાર્થક થઇ જાય.

गूर्जर कविओ भाग ३ पृष्ट ११०० में मिलता हैं पर अभी और प्राचीन प्रति की खोज की जाना आवश्यक हैं। हमारे संग्रहमें चौवीसी व पद संग्रह का एक और गुटका है जो संवत् १६६० से ८० के लगभग का लिखा जाना संभव है। जैन गूर्जर कविओं भाग २ के पृष्ठ २५ में पाटन भंडार के एक फूटकर पन्ने पर संवत् १७६८ काती बदी २ पत्तन में लिखित उपाध्याय यशोविजय जी के ग्रन्थों की सूची नोटस् छपे हैं। जिसमें आनन्दघनजी चोवीसी बालावबोध यशोविजयजी की कृति होने का महत्त्वपूर्ण उल्लेख है। यह बालावबोध प्राप्त होने पर अवश्य ही कुछ नया प्रकाश मिलेगा। क्योंकि उपाध्याय यशोविजयजी आनन्दघनजी के समकालीन तो थै ही पर वे उनसे मिले भी थे। उन्होंने आत्मविभोर हो कर के उनकी स्तुति अष्टपदी बनाई, ऐसा प्रवाद है। वह अष्टपदी छप भी चुकी है। उसके बाद ज्ञानविमलसूरि ने भी चौवीसी के २२ स्तवनों पर बालावबोध लिखा, जो संवत् १७५० की बाद की रचना है। यह बालवबोध भी छप चुका है पर यह है बहुत ही साधारण। ज्ञानविमलसूरि के बाद ज्ञानसारजीने २९ वर्षो के गंभीर मनन पूर्वक विस्तृत बालावबोध लिखा संवत् १८६५ किशनगढ में। उन्होने कुछ पदों पर भी विवेचन लिखा, पर वह पूरा प्राप्त नहीं होता।

गत ५० वर्षों में आनन्दघनजी चौबीसी और पदों के अनेक संस्करण निकल चुके है। उनके पदों के दो विवेचन, बुद्धिसागरसूरि और मोतीचंद कापडिया के निकले है। और चोबीसी के तो ४–५ विवेचन प्रकाशित हो चुके हैं। पर आनन्दघनजी की जीवनी के संबंध में ऐतिहासिक तथ्य अभी बहुत थोडे ही मिले हैं।

४–५ वर्ष पूर्व अहमदाबाद के श्री साराभाई मणिलाल नवाब ने 'श्री आनन्दघन पद रत्नावली' का सम्पादन कर उसमें आपके २४ स्तवन और १०९ पद प्रकाशित किए है। इस ग्रंथ का सम्पादन उन्होंने छपे ग्रंथों के ही आधार से किया है या किसी हस्तलिखित प्रति का भी उपयोग किया है इसका कुछ भी उल्लेख उन्होंने अपने निवेदन में नहीं किया। पर निवेदन में एक नई भ्रमपूर्ण बात उन्होंने लिखी है उसी पर यहां पर विचार किया जा रहा है. वे लिखते है:—

"परम योगी श्री आनन्दघनजी ते बीजा कोई ज नहीं, परन्तु न्यायविशारद श्री यशोविजयजी ज छे एम मारूं पोतानुं अने केटलाक जैन मुनिवर्योनुं मानवुं छे।

आ मान्यताना समर्थनमां जबरदस्त पुरावो ए ज छे के परम योगी श्री आनन्दघनजीनो उल्लेख उपाध्यायजी वगर सतरमा सैकाना बीजा कोई पण विद्वान् करता नथी। वली उपाध्यायजीओ रचेली श्री आनन्दघनजी स्तुतिरुप अष्ट पदीना जे पहला पदमां "मारग चलत चलत जात आनन्दघन प्यारे" वगेरे शब्दो तथा तेओश्रीए रचेली बत्रीस बत्रीसी अने आनन्दघनजीना पदमां घणुं साम्य देखाय छे।

श्री आनंदघनजी जुदा छे एवी मान्यता

करतां तेओश्री अने उपाध्यायजी श्री यशोविजयजी एक ज छे तेवी दृष्टि राखीने जो बन्नेनी कृतियेानुं बारीक निरीक्षण करवामां आवे तेा म्हारी मान्यताने पुष्टि करतां प्रमाणेा मली आवशे ।

मारुं ते साचुं एवी मान्यता वाळेा हुं नथी । साचूं ते मारुं ऐ मान्यताने हुं स्वीकार करनाराओमां एक छुं ।

मने एम लागे छे के पूज्य उपाध्यायजी महाराजने तेओश्रीनी अंतिम अवस्थामां पेातानुं नाम गेापवीने आनन्दघननुं उपनाम धारण करवानुं येाग्य लाग्युं हसे ।"

उपर्युक्त उद्धरणों में से पहले पेरे में निश्चित शब्द का प्रयेाग किया गया है कि "बीजूं कोई ज नहीं पण यशोविजयजी ज छे" यही वाक्य विशेष आपत्तिजनक है व विचारणीय है ही। पिछले पेरे में दिआ हुआ प्रमाण व अनुमान तेा कोई महत्त्व नहीं रखता । क्येांकि विषय-साम्य के उदाहरण नहीं दिये गये और अन्य किसी व्यक्ति द्वारा उल्लेख न किये जानेसे ही दोनों व्यक्तियों केा एक मान लेना भी कोई संगत कारण नहीं कहा जा सकता । अब में इस संबंध में सप्रमाण चर्चा करुंगा । जिससे यह निश्चित हेा जायगा कि साराभाई की धारणा सर्वथा भ्रमपूर्ण है । उन्होंने यशोविजयजी और आनन्दघनजी केा एक मानते हुए अन्य जैन विद्वान मुनियों की भी यही राय है ऐसा मेागम उल्लेख किया है पर वे मुनि कौन है ? और उनकी इस धारणा का क्या आधार हैं ? यह प्रकाश में आये बिना उसके सम्बन्ध में कुछ विचार नहीं किया जा सकता । सम्भव है वह साराभाई कि विचारणा पर ही निर्भर हो । खैर हम तो इस संबंध में सप्रमाण यह बता दें गे कि ये दोनों व्यक्ति एक नहीं पर अलग अलग ही है' ।

सबसे पहले हमें विचारना यह है कि आनन्दघनजी का मूल नाम क्या था ? आनन्दघन तेा अनुभव प्रधान उपनाम है उनका दीक्षा नाम "लाभानन्द" था। इसके संबंधमें श्री ज्ञानविमलसूरि, श्री देवचन्दजी एवं श्री ज्ञानसारजी आदि अनेक विद्वानों के उल्लेख मिलते हैं । ज्ञानविमलसूरिने श्री आनंदघनजी की चोबीसी के टब्बे में स्पष्ट लिखा है—

"लाभानन्दजी कृत तवन अेतला वाबीस दिसइ छइ यद्यपि हस्ये तो पण आपणइ हस्तइ नथी आव्या छे, स्तवन न सांभरया अने आनंदघनजी संज्ञा स्वनामनी करी छइ एउं लिंग स्वरूप मूक्यांथी जाणवेा" हमारे संग्रह की प्रति में चौबीसी बालाबेाध के अन्त में "इति श्री लाभानन्दजी कृत चतुर्विंशति स्तवनमिदं" लिखा है । इससे आनन्दघनजी का नाम लाभानन्दजी था स्पष्ट ही है । श्रीमद् ज्ञानसारजी ने भी अपने विवेचन में लिखा है:— "परं लाभानन्दजी कृत स्तवन रचना, ने म्हारी स्तवनकृत रचना में अन्तर रात्रि दिवस छे ।"

श्रीमद् देवचन्द्रजी ने अपने बिचाररत्नसार प्रश्नोत्तर में भी आनन्दघनजी का नाम 'लाभानन्द' ही दिया हैं "प्रवचन अञ्जन जो सद्गुरु करे, तो देखे परम निधान जिनेश्वर" एवं श्री लाभानन्दजीए पण कह्युं छे ।" इन तीनों बड़े विद्वानो के उल्लेखोंसे आनन्दघनजी का नाम

लाभानन्दजी था इसमें कोइ संशय नहीं रह जाता। तब यशोविजय उपाध्याय के लिए "लाभानन्द" नाम आज तक कहीं भी प्रयुक्त नहीं देखा गया। यशोविजय उपाध्याय की रचनाओं की जो टीप संवत् १७६९ की लिखी हुइ मिली है उसमें "आनन्दघन बावीसी बालावबोध यशोविजयजी द्वारा लिखे जाने का उल्लेख है। यशोविजयजी की तो चोबीसीयें ही मिलती है, बावीसी नहीं। इससे भी दोनों की पृथकता सिद्ध है। यशोविजयजी ने आनन्दघनजी की स्तुति के रुप में जो अष्टपदी बनायी है उस की निम्नोक्त शब्द विशेष ध्यान देने योग्य है:–

"मारग चलत चलत जात, आनन्दघन प्यारे,
रहत आनन्द भरपूर
ताको स्वरुप भूप, तिहुं लोक थें न्यारो,
बरसत मुख पर नूर,
सुमति सखी के संग नित नित दोरत,
कबहुं न होत हि दूर,
यशविजय कहे सुनहु आनन्दघन,
हम तुम मिले हजूर,
कोई आनन्दघन छिद्र ही पेखत,
जसराय संग चढि आया,
आनन्दघन आनन्द रस झीलत,
देखत ही जस गुण माया,
आनन्दघन के संग सुजस ही मिले जब,
तब आनन्द सम भयो सुजस,
"पारस संग लोहा जो फरसत,
कंचन होत हि ताको कस,"

इत्यादि वाक्य स्पष्ट बतला रहे हैं कि यशोविजयजी आनन्दघनजी से मिलकर बहुत ही प्रभावित हुए और गद् गद् हृदय से बडी ही भावभीनी स्तुति की।

'जसविजय कहे सुनो हो आनन्दघन हम
तुम मिले हजूर"

इस में स्पष्ट रुप से जसविजयजी आनन्दघनजी को सम्बोधित कर के कह रहें है कि मेरा और आप का साक्षात्कार हुआ। इसी प्रकार 'आनन्दघन के संग सुजस ही मिले जब, तब आनन्द सम भयो सुजस।" यहां 'सम' शब्द दोनों की प्राथमिक भिन्नता और फिर अभिन्नता और आगे दृष्टांत में कि पारस के स्पर्श से लोहा कंचन हो जाता है। खीर और नीर के मिलने से आनन्द होता है— इसी तरह जब आनन्दघन के साथ यशोविजय मिले तो आनन्दघनजी के समान यशोविजय एक रस हो गये। जिन वाक्यों के आधार से साराभाइ ने दोनों की एक होने की धारणा बनाइ है उसी अष्टपदी से दोनों के पृथक्त्व की खूब स्पष्टता एवं सिद्धि होती है।

अब साराभाइ की दूसरी दलील रही कि समकालीन दूसरे किसी व्यक्ति ने आनन्दघनजी का उल्लेख नहीं किया पर हमें एक ऐसा महान पूर्ण उल्लेख प्राप्त हुआ है जिसे यहां दे रहे है:—

जैसल मेर में जब मुनि पुण्यविजयजी थे तब साराभाई भी वहीं थे, और में वहां पहुंचा। उनके अहमदाबाद जाने के बाद एक दिन पुण्यविजयजी के 'भारतीय जैन श्रमण संस्कृति अने लेखन कला' ग्रंथ को उलटते पलटते एक हस्तलिखित पत्र उसमें रखा हुआ मिला

जो सूरत स्थित खरतर गच्छ के जिनचन्द्रसूरि को मेडता से पाठक पुण्यकलश, जयरंग, त्रैलोक्यचन्द्र और चारित्रचन्द्र ने दिया था। इस पत्र के अंत में यह लिखा हुआ है:— "पं. सुगणचन्द्र अष्टसहस्री लाभानन्द आगइ भणइ छइ। अर्द्ध रइ टाणइ भणी। घणुं खुशी हुई भणावइ छइ।" अर्थात् पुण्यकलश के शिष्य और जयरंग के गुरुभाई सुगनचन्द्र, लाभानन्दजी के पास अष्टसहस्री ग्रंथ पढता है। आधी करीब पढली है, लाभानन्द बहुत खुशी हो के पढाता है।" इन पत्र से कुछ ऐसे नवीन तथ्यों की सूचना मिलती है जो आनन्दघनजी के गच्छ, उनके अध्ययन, उनकी उदारता आदि अनेक बातों पर नवीन प्रकाश डालती है। जैसा कि जैन धर्म प्रकाश वर्ष ८ अंक ४ में प्रकाशित अपने लेख में मैंने सप्रमाण विचारणा करते हुए इस पत्र को संवत् १७१९ का लिखा हुआ बतलाया[1] है और आनन्दघनजी मेडते में रहते थे यह प्रसंगही है यह पत्र भी वहींसे लिखा गया है। अतः उनकी विद्यमानता में और उनके रहने के स्थान से ही पत्र लीखे जाने से शंका को तनिक भी स्थान नहीं रहता है। मेडते में जो आनन्दघनजी का उपासरा कहलाता है वह खरतरगच्छ का था इस प्रमाण और अन्य श्रुति परम्परा के आधार से खतरगच्छ के महान् विद्वान गीतार्थ शिरोमणि आचार्य कृपाचन्द्रसूरिजी ने बुद्धिसागरसूरिजी को आनन्दघनजी को खरतरगच्छके होने का कहा था। यशोविजयजी के आनन्दघनजी को मिलन प्रसंग आदि को लेकर तपागच्छ के कुछ विद्वानों ने इसको मान्य नहीं करते हुए उन्हें तपागच्छ का बतलाया, पर उनके इस पत्र पर उनके लाभानन्द नाम से ऊनका मूलतः खरतर-गच्छीय होना भलीभांति सिद्ध हो जाता है। इस संबंध में मेरी सप्रमाण विचारणा इस प्रकार है:—

१ खरतरगच्छीय सुगनचन्द ने अष्टसहस्रीका अभ्यास लाभानन्दजी याने आनन्दघनजी से किया था। उस समय प्रायः अपने ही गच्छ के विद्वानों से शास्त्राभ्यास करने का आम रिवाज था। श्रीमद् देवचंद्रजी के पास तपागच्छीय मुनियों ने अभ्यास किया, इसका कारण दूसरा है। और वह अपवाद रूप ही हैं। साधारणतया उस समय अपने शिष्यों को दूसरों के पास रखने भेजने व पढाने में गच्छागच्छ का बडा विचार रहता था, इसी लीए हम लिखते हैं कि समकालीन हीरविजयसूरि का विशेष उल्लेख, खरतर गच्छ के ग्रंथों में नही मिलता और तपागच्छ के ग्रंथों में जिनचन्द्रसूरि के प्रभाव और महान शासन सेवा का कुछ भी उल्लेख नहीं है। इस परिस्थिति में सुगनचन्द लाभानन्दजी से पढ़े हैं तो अवश्य ही अपने गच्छ व समुदाय का होने से ही पढ़े होगें।

(२) 'लाभानन्द' शब्द के आगे न कोई विशेषण हैं और न 'जी' आदि आदर सूचक शब्द ही प्रयुक्त है। इससे यह ध्वनित होता है कि पुण्यकलश पाठक से वे दीक्षा पर्याय में छोटे थे। अपने ही गच्छ के छोटे गुरुभाइ

---

१ प. सुगनचन्द, की दीक्षा संवत् १७१२ में हुई थी वे श्री जिनचन्द्रसूरिजी को सूरत पत्र लिखा गया वे संवत १७१९ में सूरत थे।

होने के नाते ही उन्होने इस पत्र में उनके लिए आदर बडप्पनका सूचक कोई विशेषण नहीं दिया ।

(३) 'लाभानन्द' नाम भी उनके खरतर गच्छ के होने का ही सूचक है । क्यों कि खरतर गच्छ में ८४ दीक्षा का मातृपद दिया है, उनमें आनन्द नन्दी भी है और लाभानन्द नाम के अन्य भी, खरतर गच्छीय यति व मुनियों का दीक्षा नाम रखा जाना, 'दीक्षानन्दीदी सूची में पाया जाता है ।

मेंडते में उस समय खरतर गच्छ का अच्छा प्रभाव था ही। पुण्य कलश आदि ने वहां चातुर्मास किया । इससे उस समय के प्रभाव का भी पता चलता है । लाभानन्दजी अष्ट सहस्री पढाते है इससे उनके न्यायविषयक गम्भीर ज्ञान का भी पता चलता हैं और अष्ट सहस्री मूल दिगंबर ग्रंथ की टीका है इससे उनकी अध्ययन में उदार एवं विशाल दृष्टि भावना थी, स्पष्ट होता है ।

आनन्दघनजी के स्वर्गवास संवत् का सूचक एक महत्वपूर्ण समकालीन उल्लेख का भी निर्देश यहां कर देना आवश्यक है । पंडित प्रभुदास बेचरदास पारख ने आनन्दघनजी की चौबीसी पर विवेचन लिखा है उसकी प्रस्तावना में निम्नोक्त उल्लेख है:—

"हमणां ज गाडीमां मुसाफरी करतां प्रणामी सम्प्रदायना एक स्वामीजी मल्या हता । तेमणे जणाव्युं हतुं के " हमारा सम्प्रदायनां स्थापक प्राणलालजी महाराजनां जीवन चरित्र मां लखेलुं छे के प्राणलालजी महाराज मेडता संवत् १७३१ मां गया हता अने त्यां आनन्दघनजी उपनामधारी जैन मुनि लाभानन्दजीना तेमना मिलाप थयेा हतेा । अने ते ज वर्षमां तेमनेा काळधर्म थयेा हतेा" आ मतलबनी वात करी होवानुं याद छे ।

चोबीसीं विवेचन के प्रासांगिक-अमर लेख के पृष्ट १९ में ।)

प्राणलालजी के उक्त जीवन चरित्र का खोज के लीए मैंने कई जगह पत्र लिखे । उनके सम्प्रदाय के प्रसिद्ध मठ, राजकोट को भी पत्र दिया पर कोई उत्तर नहीं मिला । अंत में जब मेरे परिचित एक राजस्थानी विद्वान-*गोवर्धन शर्मा जामनगर में प्राध्यापक* हो कर गये तेा उनको कई पत्र देने पर उन्होने बहुत प्रयत्न कर के 'श्री निजानन्द चरितामृत' नामक ग्रंथ मुजे भेजा । उसके पृष्ट ५१७–१८ में प्राणलालजी और लाभानन्दजी के मिलने की चर्चा इस प्रकार की है:—

"अहिं ज्यारे श्री जी पालनपुरथी आगल वध्या, तो उपदेश करता करता तेओश्री मारवाड मां आवेला मेड़ताशहरमां पहुंच्या। त्यां एक लाभानन्द नाम यति–संन्यासी रहेता हता, तेनी साथे ज्ञानचर्चा थवा लागी । लाभानन्दजी येाग विद्या अने चमत्कारिक प्रयेागेामां प्रवीण हता । लगभग दस दिवस सुधी चर्चा थती रही, अन्तमां ज्यारे लाभानन्दजी पराजित थया त्यार तेने श्रीजीना ऊपर बहु क्रोध कर्यो अने मंत्र प्रयेागथी पड़ता पत्थरेाथी श्रीजीने दबावी–मारी नाखवानेा प्रयेाग करवा लाग्यो । वळी मंत्र तंत्र कर्या, परंतु श्रीजीना उपर तेनी चमत्कारिक विद्यानुं लेश पण जेार चाले नहि ।

આખર શ્રી યતિ નિરાશ બની ને બેસી ગયા ।"

"सांप्रदायिक मनोवृत्ति के परिभाषक होने पर भी यह महत्त्व का उल्लेख है आनंदघन पराजित हुए व पत्थर वरसाये यह उल्लेख सांप्रदायिक महत्त्व का हो सकता है ।

मैंने मूल ग्रंथ के उद्धरण प्राप्त करने के लिए प्रयाग विश्व विद्यालय के अध्यापक माता बदल जसवाल को पत्र दिया तो उन्हों ने लाल-दास कृत बीतक और वृत्तांत मुक्तावली के निम्नोक्त पद भेजे है:—

अबसीदपुर सें ॥
मेडते पोहोंचे धाये ॥
लाभानंद जती सों ॥
चरचा करी बनाए ॥ ४२ ॥
दस दिन चरचा में भये ॥
ठौर ठौर हुओ जब बंध ॥
तब कही महा मत मेरा गयो ॥
मेरे मारग को परबंध ॥ ४३ ॥
मारों दाव कें पहाड़ में ॥
इनको ठारों उलटाए ॥
सब दै तो मंत्र से ॥
भांत भांत किए उपाए ॥ ४४ ॥
घर पर वत उठयो नहीं ॥
तब हार के बैठा ठौर ॥
पंच वासना सब देव जहां बड़े ॥
तहां मंत्र चले क्यों और ॥ ४५ ॥

[छत्रशाल के समसामयिक शिल्प व्रजभूषण की वृत्तान्त मुक्तावली यह घटना इस प्रकार उल्लिखित है] यद्यपि इन दोनो उल्लेख में आनन्दघनजी के स्वर्गवास की सूचना तो नहीं है जैसी कि प्रभुदासभाइने प्रणामी संप्रदायने दी थी ।

चले सीदपुर तें धनी ॥
आए मारू देश ॥
सहर मेडता के विणे ॥
राजा राम सु देश ॥ ३३ ॥
लाभानन्द यति रहे ॥
तिनसों चरचा जोर ॥
भई अधिक तेहि ठौर में ॥
परयो सहर में सोर ॥ ३४ ॥

आनन्दघनजी के कुछ अप्रकाशित पद मुजे मिले हैं तथा पंच समिति की ढ़ालो "विविध-पुष्पक–वाटिका में प्रकाशित हो चुकी है ।

卐

શબ્દો ની વ્યાખ્યા

મન એટલે વિચારોનું સંગ્રહસ્થાન.
નિદ્રા એટલે મૃત્યુનો એક અખતરો.
રાગ એટલે અગ્નિનો જલતો અંગારો.
વિજ્ઞાન એટલે વેદનાનો વિકાસ.
તપ એટલે કર્મ તોડવાનું પ્રબળ સાધન.
પૌષધ એટલે ચારિત્રની વાનગી.
આંખ એટલે દૃષ્ટિઓનો સમુહ.
આરીસો એટલે રૂપ જોવાની દિવાલ.
લગ્ન એટલે સંસારનું પરિભ્રમણ.
ધર્મ એટલે સદ્ગતિએ જવાની ચાવી.
ઉપાશ્રય એટલે શાંતિનું એક નિકેતન.
ચાંલ્લો એટલે ભગવાનની આજ્ઞાનું ચિહ્ન.

જીવનમાં લાગેલી આગને બુઝાવો

-શ્રી શિવાનંદ

જીવનરૂપી મહેલની આચારરૂપી બારીમાંથી ભાવરૂપી નાનો ભાઇ આત્મરૂપી મોટાભાઇને જોર-શોરથી બુમ પાડવા લાગ્યો.

મોટાભાઇ! મોટાભાઇ! જીવનરૂપી મહેલમાં જબરજસ્ત આગ લાગી છે. અને વિષયજ્વાલા માટે વાસનાના ગોટેગોટા ધૂમાડા નિકળે છે. અને લાલસાના ભડકા ગગને પહોંચી ગયેલા છે, તો આપનો જીવનરૂપી મહેલ સહીસલામત રહી શકે એમ નથી.

અરે ભાઈ! તમારા હૈયામાં આગ લાગી છે, જો, તો ખરો! ભાઇ તમને તો પરિગ્રહ ઉપર વિષયવાસના ઉપર મમત્વભાવની જબરજસ્ત આગના ભડકાએ ઘેરી લીધા છે.

અનંત શક્તિની તીજોરીમાં અનંતજ્ઞાન, અનંત દર્શન, અનંત ચારિત્ર, અનંત સુખ અને અનંત આનંદ અનંતગણો સહીસલામત રહી શકે એમ નથી, તો આગને બુઝાવવા માટે બંબાવાલાને બોલાવો નહી તો જીવનરૂપી મહેલ બળીને ખાખ થઇ જશે.

અને સાથે સાથે ઊમદા વિચાર આચારોનું રક્ષણ કરવું એ સહીસલામત નહી રહે.

ભાઇ! જલ્દી બોલાવો, જલ્દી બોલાવો. ઊંઘો નહી. જાગૃત બની જાઓ અને ચેતી જાઓ. દુનીયામાં પણ માનવનગરમાં માનવીના જીવનરૂપી મહેલમાં આગ લાગી છે. અને મારા-તારાનો તોફાની પવન ચારે તરફ ફૂંકાઇ રહ્યો છે. અને મમત્વભાવરૂપ દુઃખોના ભડકાએ ચારે તરફથી માનવીને ઘેરી લીધો છે.

કોઇને ધન કમાવાની આગ લાગી છે, કોઇને આલીશાન ઇમારતો બાંધવાની આગ લાગી છે. કોઇને ખાવા પીવા ને લહેર કરવાની આગ લાગી છે. કોઇને લગ્ન કરવાની આગ લાગી છે. કોઇને વિષયની આગ લાગી છે. કોઇને વાસનાની આગ લાગી છે. કોઇને પરિગ્રહની ભુખની આગ લાગી છે. કોઇને લાલસાનાં પાન કરવાની આગ લાગી છે. કોઇને આશાવાદી બનવાની આગ લાગી છે, કોઇને નિરાશાપણાની આગ લાગી છે, કોઇને ભીખ માંગવાની આગ લાગી છે. કોઇને શ્રીમંત બનવાની તાલાવેલીની આગ લાગી છે. કોઇને સત્તાધીશપણાની આગ લાગી છે. કોઇને કંગાલતાની લાગી છે.

આમ અનેક પ્રકારની માનવજીવનના મહેલમાં આગ ભભુકી ઊઠી છે.

અરે માનવી! મહેલમાં દાવાનલના ભડકા ઉત્તમ ગુણોને-ઉત્તમ સદ્‌ગુણોને બાળીને ખાખ કરી રહ્યા છે.

જરા ચેતી જા!

અને સંયમરૂપી બંબાવાલાને બોલાવી તારા જીવનમહેલ ઉપર દાન, શીયલ અને તપરૂપી પાણીનો મારો ચલાવ જેથી તારા જીવનરૂપી મહેલ આથી બચી જાય અને સાથે સાથે ઉત્તમ કોટીના ગુણો સુરક્ષિત થાય.

અરે મોટાભાઇ! ટેલીફોન કરો, ટેલીફોન કરો, બંબાવાલાને. મોટા ભાઇ 'ત્યાગ'નો નંબર જોડી અને તમારા જીવનમહેલને બચાવી લ્યો. મોટાભાઇએ ટેલીફોન જોડયો અને સમયરૂપી ટન-ટન-ટન-ન-ન મધુર ઘંટડી વાગી અને વીતરાગ પરમાત્માની આજ્ઞારૂપી ફાયર કેપ્ટને 'રીસીવર'રૂપી સંતોષ હાથમાં લઇને 'એલાઊ' 'એલાઊ' કયાંથી બોલો છો? કયાં આગ લાગી છે? જલ્દી બોલો, જલ્દી બોલો.

મોટાભાઇ કહે છે. અરે ભાઇ, જલ્દી દોડી આવો, જલ્દી દોડી આવો. મારા જીવન મહેલમાં આગ ફાટી નીકળી છે. અત્યારે મારો મહેલ સહીસલામત રહી શકે એમ નથી મને જલ્દી મદદ કરો, જેથી મારો મહેલ સહીસલામત રહી જાય. આ સાંભળતાં જ મિત્રભાવરૂપી ફાયરમેનો બંબામાં બેસીને મોટો ઘંટ ટન ટન ટનનન....ન અવાજ આપી જોરશોરથી બંબાને ફૂલસ્પીડમાં હંકારે છે અને નિમિત્તભાવરૂપી ફાયરોને ઝપાટાબંધ આગ બુઝાઇ જાય એની તાલાવેલી જાગેલી છે. કયારે જીવનમહેલ બળતો જોઇએ અને કયારે આગને હોલવી નાખીએ.

બંબો! બળતા જીવનમહેલની આગળ આવીને ઉભો. તુરત જ મિત્રરૂપી ફાયરો નીચે ઉતરી ગયા અને પ્રમોદભાવની નલીમાંથી અને કારૂણ્ય ભાવના હોચ-પાઇપમાંથી દાન-શિયળ-તપરૂપ પાણીનો મારો ચલાવી જીવનમાં લાગેલી આગને કાબુમાં લઇ લીધી અને સુખ અને શાંતિ જીવનમહેલમાં કરી દીધી અને સાથે સાથે સાથે અનંત જ્ઞાન, દર્શન, ચારિત્ર મહામુલ્યવાન અનંત ગુણો, અનંત સુખો આગમાંથી બચાવી લીધા.

મોક્ષ સુખના અર્થિ આત્મા! જીવનમાં લાગેલી આગ બુજાવા માટે વીતરાગ ભગવાનનું શરણું સ્વીકારી તમારા ઉત્તમકોટી ગુણો મારા-તારાના તોફાનમાં અને મમત્વ ભાવના ભયંકર ભડકામાં બળીને ખાખ ન થઇ જાય એના માટે દીન અને રાત ચેતતો રહી અનહદ કાળજી રાખજે.

જીવનમાં લાગેલી આગ શાંત કરવા માટે વીતરાગની આજ્ઞારૂપી ફાયર કેપ્ટનનું શરણું લઇને આગ બુઝાવવા માટે પ્રયાસો કરજે અને સાથે સાથે અનિત્ય ભાવના ભાવી-

एगोहं नत्थि मे कोइ, नाहमन्नस्स कस्सइ

એ સરોવરનાં નિર્મળ અને મધુર નીરના પાન કરવાનું ચૂકતો નહિ અને અખંડ આનંદ લુંટવા માટે મૈત્રીભાવ, કારૂણ્યભાવ, પ્રમોદભાવ અને માધ્યસ્થભાવને જીવન મહેલની તિજોરીમાં સાચવી રાખવા માટે યાને કસાઇરૂપી ચોર આને લુંટી ન જાય એના માટે શુભ ભાવરૂપી ઇલેક્ટ્રીક કરંટ તિજોરીની આસપાસ પાથરી દેજે, તેથી નિર્ભયપણે એનું રક્ષણ કરી શકીશ. અને અનંતગુણોના સહીસલામત રાખવા માટે વીતરાગ ભગવાનની સમીપે **समाहिमरणं च बोहिलाभो अ** ની માગણી કરવાની ગફલત ખાતો નહી.

આંતરિક આગ બુઝાવવા માટે વીતરાગ ભગવાનની શિતલ છાયા; ઉત્તમ કોટીની આરાધના, અમીઝરણાનું પાન કરવાનું વિસરીશ નહી. જ્યાં સુધી આંતરિક આગ હોલવાય નહી ત્યાંસુધી અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત ચારિત્ર, અનંત ગુણો અને અનંત આનંદ તું પામી શકવાનો નથી.

જ્યાં આગના ભડકા હોય ત્યાં અનંત સુખનો આનંદ કયાંથી હોય? એનો તો અભાવ જ હોય.

બાહ્ય પદાર્થોમાં આંતરિક સુખો નથી, આત્મિક સિદ્ધિ નથી પણ કેવળ દુઃખના ભડકા જ હોય છે. એટલું જ નહી પણ ચોરાશી લાખ યોનીરૂપી ગંદી ગટરોના દુઃખોની ખાણ હોય છે અને સાથે સાથે ચાર ગતિમાં ભયંકર ભડકા ભડકી રહ્યા છે તો આ ભડકાથી બચવું હોય તો મોક્ષાભિલાષી આત્માઓએ બાહ્ય પદાર્થોમાં ગુલતાન બનવું ન જોઇએ.

ભૌતિકવાદમાં આંધળી દોટ મુકતા નહિ અને મારા-તારા તોફાનમાં નાચતો નહિ આનંદ માનતો નહી. કારણ કે વિશ્વમાં મારાપણાંનો પ્રેમ કૃત્રિમ છે. સગાં-સંબંધીનો સન્માન, બહુમાન એ બધાં કૃત્રિમ છે.

સ્નેહીમંડળ, મિત્રમંડળ તારા જીવન મહેલને આગ ચાંપનાર છે. તારો જે કોઇ બેલી

મારો પ્રવાસ અને પશુઓનો પુકાર

શ્રી પ્રકાશ જૈન

તા. ૨૪ જાન્યુવારીનો અરુણોદય થયો ત્યારે મારી કલ્પનામાં પણ નહોતું કે મારે અચાનક મુંબઇ છોડવું પડશે. છેલ્લા પંદર દિવસથી "હજારો ગૌમાતાઓ કતલખાના માટે મહસાબજારમાં વેચાશે માટે બચાવો....મદદ કરો...." ના પોકારો અખબારી આલમમાંથી સંભળાતા હતા. અચાનક બપોરના સમયે જ શ્રી માન્કર સાહેબે મને પ્રવાસમાં આવવા જણાવ્યું અને તુરત જ અમલમાં મૂકયું...રા. બ. શ્રી જયંતીલાલ માન્કરજીની સાથે પ્રવાસનો પ્રસંગ પ્રથમજ હોવાથી મારા હૈયામાં અપાર હર્ષ હતો....કારના વેગની સાથે અમારી વાતો પણ આગળ ધપતી હતી...માન્કર સાહેબ ઇગ્લાંડ, અમેરિકા વગેરે પશ્ચિમના દેશોના સંસ્મરણોની સાથે પશ્ચિમ તથા પૂર્વના દેશોમાં ભારત વિષે શું પ્રતિભા છે. ભારતીય સંસ્કૃતિ પ્રત્યે....તે કઈ નિષ્ઠાથી જુએ છે....વગેરે રોચક શૈલીએ સમજાવી રહ્યા હતા....

મારા જીવનની એ સુભગ પળ ચિરસ્મરણીય રહેશે. આખા દિવસ સુધી ધરાપર પ્રકાશી સૂર્યનારાયણ ડૂબવાની તૈયારી કરતો હતો એ અરસામાં અમો ૬૫ માઇલ અંતર વટાવી મુરબાડ આવી પહોંચ્યા....અમારી વાતોએ, અમારી કારે અહિં વિરામ લીધો. કારણ, સંધ્યાની ઉષા પ્રગટી હતી તે માટે નહિ; પણ મુંબઇના પ્લાસ્ટર જેવા રોડની સીમાનો હવે અંત આવતો હતો....મુરબાડથી ગાડામાર્ગે મહસા જવાનું હતું....ભયાનક જંગલ રસ્તો હતો....ઉંચો નીચો... ખાડા....ટેકરા....વેકળા.... તો અસામાન્ય હતા. એકાદ ગાડું માંડ ચાલી શકે અને તે પણ ઘણા પરિશ્રમના અંતે. સૂર્યાસ્ત બાદ અહિંથી આગળ જવાની મનાઈ હતી. કારણ નિર્જન વન જેવી જગ્યામાં ચોર-લુંટારા અને ડાકુનો ત્રાસ હતો, તેથી પોલીસ પ્રતિબંધ થયો હતો. પરંતુ અમારે ચોક્કસ જવું હતું. પૃથ્વી પર હમણાં જ અંધકારના ઓળા ઉતરી આવ્યા હતા....ભયાનક રસ્તે જવાનું સાંભળી મારી નાડીના ધબકારા ચાલે છે કે નહિ તે જોવાની તૈયારી કરૂં ના કરૂં ત્યાં પોલીસ જમાદારની ચીઠી મેળવી અમારૂં ગાડું ચાલ્યું. અને સાથે જમાદાર પણ.... જમાદારને સાથે જોઇ મારા ખોળીયામાં જીવ આવ્યો....થોડીએક રસ્તો કાપ્યો હશે ત્યાં નભના પટમાંથી પૂર્ણિમાના ચંદ્રે માથું ઉંચકયું.... કુદરતી સૃષ્ટિપર ચાંદનીએ અમીવર્ષા રેલાવી.... ગાડું હાંકનાર ડ્રાઈવર ૧૧ વર્ષનો ભારે હિંમતવાન બાળક હતો.

માન્કર સાહેબ તેમને હિંમત આપી રહ્યા હતા.! પહાડી પ્રદેશમાં સર્પાકાર માર્ગ પર ચાલ્યા જતા ગાડામાં આપણે પ્રવાસ કરતા હોઇએ છીએ અને ગાડું માર્ગના ઢાળ ઢોળાવમાંથી બન્ને બાજુએ આવેલી વૃક્ષરાજિઓમાંથી અને ડાબા જમણા વળાંકોમાંથી પસાર થતું હોય છે ત્યારે; આપણી આસપાસ ચારે બાજુએ આસપાસ ચારે બાજુએ કોઇ અનુપમ નૃત્ય ચાલી રહ્યું હોય અને સર્વ કાંઇ નાચતું, ઝુલતું

હોય તો સુદેવ-સુગુરુ-સુધર્મ તારા સગાં સંબંધી છે એ સિવાયનું કોઇપણ તારૂં સગું નથી. નાહક મારૂં મારૂં કરીને જીવનમહેલનાં આગ લગાડી બાળીને ભસ્મ બનાવી રહ્યો છે.

માનપાનમાં મુરખ બનતો નહિ, લલચાતો નહી અને ગુલામગીરી સ્વીકારતો નહી.

ચેતી લે. જેમ મોટાભાઇએ આગ બુઝાવી તેમ તું પણ તારા જીવનની આગ બુઝવીને અખંડ આનંદનો ભોક્તા બનવા માટે. અરિહંત, સિદ્ધ-આચાર્ય ઉપાધ્યાય અને સાધુનું શરણ સ્વીકારી તારી સુકાન વીતરાગ ભગવાનને સોંપી દઇ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર અને મોક્ષમાર્ગની સુંદરમાં સુંદર આરાધના કરી અનંત સુખનો અનોખો આનંદ લુંટે. એવી શુભ અભિલાષા.

હોય એવો માનસિક અનુભવ થાય છે અને આ અનુભવ કાંઇ પાંચ-પંદર મીનીટ પૂરતો સીમિત હોતો નથી આવા પરિભ્રમણ દરમિયાન માઇલોના અંતરો ઘણીવાર કાપવાના હોય છે. એટલે કલાકો સુધી ચાલતો આ અનુભવ મન તથા કલ્પનાને ડોલાવ્યા કરતો હોય છે. સાધારણ રીતે યાત્રિકોનું લક્ષ્ય એક સ્થળેથી ઉપડયા એટલે નિયત કરેલા બીજા સ્થળે કેમ જલ્દીથી પહોંચવું એ બાબત ઉપર વધારે કેન્દ્રિત હોય છે, અને તેથી જે પ્રદેશમાંથી તેને પસાર થવાનું હોય તેનું તેને મન કોઇ વિશેષ મહત્ત્વ હોતું નથી. પણ જેને મન અમુક સ્થળે પહોંચવું એ એક નિમિત્ત તો હોય જ છે. પણ સાથે સાથે આવા સમ-વિષમ ભયાનક પ્રદેશોમાં પરિભ્રમણ કરવું એ પણ જેનો ઉદ્દેશ હોય છે તેના માટે આવા પ્રવાસ દરમિયાન આનંદ-રોમાંચથી અંકિત નહિ એવી ભાગ્યે જ કોઇ પળ પસાર થતી હોય છે અને આવો પ્રવાસી પળે પળે નવું નવું રૂપ ધારણ કરતા નિસર્ગ સૌંદર્યનું નિરંતર અનુપાન કરતો રહે છે....

સાડા આઠના સુમારે મ્હસા આવી પહોંચ્યા.... અર્ધાએક કલાકના આરામ બાદ જનરલ કેમ્પમાં મિટિંગ મળી....હેતુ સમજાવાયો....જુદી જુદી સંસ્થાઓ તરફથી ૧૦૦ જેટલા સ્વયંસેવકો ઉપસ્થિત થયેલ હતા. મ્હસા બજારમાંથી કેવી રીતે, કેવા, અને કોની પાસેથી પશુઓ ખરીદવા વગેરે...સૂચનાઓ આપવામાં આવી.... આ બધું વર્ણન કરવા બેસું તો નાનકડું પુસ્તક થઈ જાય ચાર-ચાર સ્વયંસેવકોની ટૂકડી નીમવામાં આવી. સ્પેશ્યલ કમિટી, ભોજન કમિટી, જર્જિંગ કમિટી, અક્ષય બેંક કમિટી, સલાહકાર અને વ્યવસ્થાપક કમિટી વગેરે....નીમવામાં આવી. વ્યવસ્થા અને કાર્યપધ્ધતિ એટલી બધી સુંદર અને આકર્ષિત હતી જાણે કોઇ સેના ન હોય ?

અહિં ખામદેવ લીંગની સામે 'મ્હોસોબા' નામના દેવ છે. આ દેવને એક સમયે સેંકડો બકરાં-મુરઘાંના માથા ચડાવવામાં આવતાં અને હજારો ગાયોને પાણીને મૂલ્યે કત્તલ માટે વેચાતી હતી.

મુંબઇ ગોગ્રાસ ભિક્ષા સંસ્થા અને મુંબઇ શ્રી જીવદયા મંડળી એ હીલચાલ ઉપાડી. દર વર્ષની પોષ શુદિ પૂર્ણિમાથી ૦)) સુધી અહિં મેળો ભરાય છે. જેમાં પ્રથમ ચાર દિવસ પશુઓ વેચવાનો મેળો ભરાય... પૂના, ઠાણા, નાશિક, અહમદનગર, પંઢરપુર. સોલાપુર, આકોલા, ઇગતપુરી અને રત્નાગીરી વગેરે.... જિલ્લાઓમાંથી ઢોર વેચવા તથા ખરીદવા માટે આવે છે એક સમયે કસાઈઓ મોટી સંખ્યામાં અહિંથી ઢોર ખરીદી જતા પરંતુ આજે કસાઈઓ ત્યાં આવતા થથરે છે. એ કરતાં પણ ત્યાંના લોકોમાં જ્યારે મેં ફરીને જોયું તો સૌના મુખેથી એકજ અવાજ નીકળતો હતો..... ભાઇ અમારે તો ગૌરક્ષાવાળાને જ દેવી છે. ત્રીસ ત્રીસ વરસની એકધારી સાધનાથી આ પ્રદેશોમાં ગૌરક્ષાવાળા માણસો લોકજીભે ચડી ગયા છે..... ગૌરક્ષા સંસ્થાના સ્વયંસેવકોનું વિનમ્રભર્યું વર્તન આ લોકોના સ્મૃતિપટ પર કોતરાઈ ગયું છે.

જ્યાં મેળો ભરાય છે ત્યાં વિશાળ ખુલ્લું ચોગાન છે. આ મેળો પાંચ માઇલના વિસ્તારમાં ચોજાય છે. ત્યાં ઢોર અને માનવ સંખ્યા કેટલી ઉભરાતી હશે તેની કલ્પના વાંચકવર્ગ પર છોડી દઉં છું મ્હસા બજારની ફરતી સહ્યાદ્રિ પર્વતની હારમાળાઓ ચોકી કરી રહી છે. આ બજારમાં મેં શું શું જોયું તેનો આછો ચિતાર આ પ્રમાણે છે. ટોળાઓમાં ઘૂમતા માનવ-મહેરામણનો ૯૦ ટકા વર્ગ અર્ધનગ્ન હાલતમાં ઘૂમતો હતો...ત્યાંના લોકો એટલા બધા ચૂસાયેલા-ગરીબ અને પછાત છે કે સતત પરિશ્રમ કરતા હોવા છતાં તેના અંગ પર કદી બે કપડા આવ્યા નથી. બંડીની સાથે ચડ્ડી-ધોતીની જગ્યાએ તેઓ કેડથી નીચેના ભાગમાં બે

લીરા લટકાવે છે, જેને અર્ધ લંગોટી કહી શકાય ! ત્યાંની સ્ત્રીઓનો પણ આજ લંગોટી જેવો પહેરવેષ હોય છે. ત્રણ પથરા મૂકી તેની પર રસોઇ પકાવી રહ્યા હતા ..આ તેનો ચૂલો હતો. સ્ત્રીઓ માછલીની સૂકવણી વીણી રહી હતી. પુરુષો મરઘા–તેતરના પીછાં કાઢી રહ્યા હતાં....અને ચૂલાની સળગતી લાઇમાં એ જીવતા કુકડાઓને શેકી રહ્યા હતા ...

એ દ્રશ્ય જોયું ના જોયું ત્યાં અમારા કાને કરૂણ ચિસ અથડાઇ.. બકરીનું નાનકડું બચ્ચું પાસેજ ઉભું હતું. અને તેની માને ચાર પગે પકડી જમીન પર ઢાળી દીધી હતી. તે ઉઠવા જાય તે પહેલાં તો ગરમ ગરમ ધુંવાડા ઉઠતું પાણી તેના આંખ ને અંગમાં છાંટવામાં આવ્યું હતું.. રૂંવાટી બાળી રહી....જેમ કાકડી પર છૂરી ફરે તેમ તે બકરીના ગળા પર છૂરી ફરી રહી હતી બકરી પોકાર કરે તે પહેલાં તો તેનું મસ્તક ધડથી અલગ થઈ ગયું નાનકડો છોકરો છાલીયા વડે લોહીનું ખાંમણું ઉલેચી રહ્યો હતો. તુરત જ તે બકરાને ઉપર ટાંગવામાં આવ્યું અને તેની છોલ ઉતારી તેના માંસના લોચા તથા આંતરડા અલગ કરવામાં આવ્યા. આ ભયાનક કરૂણ દ્રશ્ય જોઈ અમારી આંખે અંધારા આવવા લાગ્યા...અશ્રુના બિંદુ થીજી ગયા...દૃષ્ટિને ફેરવીને જોઇ તો એક બાજુ ગ્રાહકોનું ટોળું એકઠું થયું હતું....તો બીજી બાજુ મૂકભાવે બકરાનું ટોળુ જમા થયું હતું .. સાથીનું બલિદાન જોઈ દરેક બકરા પોતાના કાંળની સામે અણનમ મૂકભાવે ઉભા હતા જાણે કોઇ ચોર ચોરી કરતાં પકડાઇ ગયો હતો. અને બે અદબે માફી માગે તેમ.... આ નિર્દોષ બકરાઓએ શું ગુન્હો કર્યો છે!

અજ્ઞાન અંધશ્રદ્ધાળુ હિંદુ કસાઇના પંજામાં સપડાયાં હતાં અને તેના વધ માટેની પળો ગણાઇ રહી હતી. આવી... બે પાંચ કે દસ નહિ પણ ૨૭ જેટલી દુકાનો હતી કે જ્યાં સવા રૂા. રતલ બકરાનું માંસ વેચાઇ રહ્યું હતું....બે રૂા. બકરાનું શિર વેચાઇ રહ્યું હતું...આ આસુરી ધરતી પર ઘુમતા ઘુમતા અમારા પગ આગળ વધ્યા....મારૂં દિલ તો અવાક બની ગયું હતું..... આજ મારી નજરે એ રક્તરંગી છુરી... અને એ બકરાનું મોટું ટોળું તરી રહ્યું હતું... સહ્યાદ્રિ પર્વતની સાથે વાતો કરી રહેલી એવી અડીખમ 'ફણસે ટોપ" (ઉંચી ટેકરી) પર આવ્યો. એક રૂષ્ટ પુષ્ટ ગાયની ફરતાં બે ચાર માણસો ખડાં હતા ..એક ભરાવદાર મૂછોવાળો લૂંધીથી વીંટાયેલા ધારીયાવાળો નરદેહ જોઇ મારૂં હૃદય હચમચી ઉઠયું...રક્તરંગી છુરીવાળાનો જાતભાઇ જોઇ મારૂં રક્ત ધગી ઉઠયું ..

"દોઢસો...." મારા કાને અવાજ અથડાયો ... કામધેનુ ગૌમતાની આંખે આંસુનું તોરણ લટકતું હતું....પાંચ માસની તેની બાળકી (વાછરડી) ની આંખમાંથી ગંગા–જમના વહેતી હતી, સ્વયંસેવકભાઇઓ પર ધર્મ સંકટ આવી પડયું હતું .. તેની નજર સામે જ કસાઇખાને જાય તે જોઈ શકાય તેમ નહોતું. ત્યાં તો ગાય માતાએ માથું ધુણાવી અમને જોઇને મૂક ભાવે બોલી ઉઠી :—

હે આર્ય પુત્ર! મેં શું એવો માનવનો ગુન્હો કર્યો છે? જ્યાં સુધી હું બચ્ચાંને જન્મ આપતી હતી. દૂધ આપતી હતી ત્યાં સુધી તમે મને 'મા, મા, કહી મારૂં પૂછડું આંખે અડાડી મારામાં ૩૩ કોટી દેવ છે એમ માનતા....મારા મળ–મૂત્રને કદાચ તમો સ્પર્શી ગયા હો તો તમારી જાતને તમો પવિત્ર માનતા. માતા કહીને સંબોધનારાઓ સ્વાર્થી મનુષ્યો કયાં ગઇ તમારી ભાવના? કયાં ગયો તમારો ધર્મ? બોલ કેમ કાંઇ ઉચ્ચારતો નથી? **"મારા પુત્રને (બળદ) મારા સમક્ષ ધરી તેના નામે મત માગી સત્તાના સિંહાસનો કબ્જે કરવા છે...પુત્રના નામે મત માગી માતાનો વધ કરવો છે? શું સ્વરાજ્ય યજ્ઞના પ્રણેતા લોકમાન્ય શ્રી તિલક,**

મદનમોહન માલવિયાજી, મ. ગાંધીજી કે વિનોબાજીએ તમોને આ શીખવાડયું છે ?"

અમારી નીચેથી ધરતી સરકી રહી હતી ગાયનો આર્તનાદ ચાલુ હતો. શું તમારી માતા વૃદ્ધ થઈ જશે, બાળક, દૂધ અને કામ આપતી બંધ થઇ જશે એટલે તેનું પાલન નહિ કરો? રશીયા કે અમેરીકામાંથી આધુનિક વૈજ્ઞાનિક પદ્ધતિથી ભયંકર કત્તલખાનાના શસ્ત્ર સરંજામ ખરીદવા માટે તમોએ સ્વરાજ્ય મેળવ્યું છે? અમારી દૃષ્ટિ સરી જતી રેતી પર અવાક થઇ ગઇ હતી....માલિકની મનોદશા વિચાર સાગરના હિલોળે હિંચકતી હતી. તેનું જીર્ણ વસ્ત્ર જ તેની ગરીબાઇનુ પ્રતિબિંબ હતું....માલીક નિર્ણય પર આવતો જતો હતો....પેલો કસાઈ લીલી નોટ લઇને ખડો હતો....અમારી દૃષ્ટિ માલીકની આંખમાં પરોવાણી.

આજે ભારતવર્ષનો પ્રજાસત્તાક દિન હતો.... માલિક મનમોહન વિચારતો કે કસાઇ તો ગાય લઇને ચાલ્યો જશે ગૌરક્ષાવાળાને ગાય આપશું, ગાય તો સુખી થશે પણ ક્યારેક કામ પણ આપશે. મારા પેટના ખૂણામાં ગૌરક્ષાનું લુણ છે નહિ કે કસાઇનું....અને તુરતજ એ ગાયની રસી અમારા હાથમાં સોંપી દીધી....કસાઇ ઝંખવાણો પડી ગયો....માલીક બોલી ઉઠયો ...અન્નદાતા આ ગાય પર પહેલો હક્ક તમારો છે...ગાય હર્ષથી બરાડી ઉઠી....વાછરડી આનંદના આવેગમાં નાચી ઉઠી ત્યાં પાછળથી એલાન આવ્યું....એ હતા અમારાં કેપ્ટન ગોગ્રાસ ભીક્ષા સંસ્થાના માનદ મંત્રી શ્રી ચત્રભુજ ભાણુજી (મંગુભાઇ)હતા.... એ એલાનમાં એક અત્યંત દરિદ્ર કુટુંબને જીવદયા નગરની ઓફીસે લઇ જઇ વસ્ત્રદાન આપવાનું હતું....

એક બાજુ મુંબઈ, દિલ્હી, અમદાવાદની જનતા રોશની જોવા ધસી રહી હશે....જ્યારે અમારી રોશનીનો આનંદ ગાય–બળદ–પાડા ભેંસને અભયદાન ગરીબોને વસ્ત્રદાન, ભૂખ્યાને અન્નદાનમાં હતો. આવી રીતે ત્રણ દિવસમાં ૧૩,૦૦૦ રૂા. ૩૫૭ જેટલા જીવો છોડાવી અને કેટલા કમ્પાઉન્ડમાં જમા કર્યા હતા....પણ આટલેથી જ સંસ્થાનું કામ પૂરૂં થયું ન હતું. બીજે દહાડે અમારી ઓફીસે અનેક આશાવંત ખેડૂત ભાઈઓ જમા થયા હતા....સૌના હાથમાં અરજી હતી....એ ભાઇઓ ગરીબ હતા....ખેતીમાં બેલની જરૂર હતી, કોઇને ગાયની તો કોઇને પાડાની.... પરંતુ સ્થિતિ અને ઉંચી કિંમતના હિસાબે તેઓ ખરીદી શકે તેમ ન હતા તેવા ભાઇઓને ગોગ્રાસ ગોજીવનદાન મંડળ તરફથી ક્રમ પ્રમાણે ઢોર આપવામાં આવતા હતા. ૭૫ માં ખરીદાયેલું ઢોર પચીસમાં પણ જતું અને પચાસમાં ખરીદાયેલું મફત પણ જતું. આથી લોકોને ઉત્તેજન મળતુ. ખેતી વિકાસના કાર્યમાં પ્રગતિ થતી.

આવી રીતે પશુઓની વહેંચણી બાદ છ માસે સંસ્થા તરફથી ઇન્સ્પેકટર તપાસ કરવા જાે છે. તેનું બરાબર પાલન થાય છે કે નહિ તેની ઇન્કવાયરી થાય છે. એ ઢોર વેચી ન શકાય, એવી અનેક શરતો છે.... ઢોરની ઉપર જી નો માર્કો મારવામાં આવે છે. જેથી કત્તલખાને ન જાય. આવી રીતે સંસ્થા ધાર્મિક તેમજ આર્થિક ક્ષેત્રે યોગ્ય ફાળો નોંધાવી રહી છે. સારાંશમાં **લાખો અને કરોડોની વાતો કરનારા, રાષ્ટ્રના નવનિર્માણની ભવ્ય યોજના ઘડનારાઓએ આ પ્રદેશોમાં જઇ ગરીબાઇનું કલંક ધોવા પુરૂષાર્થ કરવો જોઇએ.** જીવદયાપ્રેમી સંસ્થાઓએ આ પ્રદેશોમાં માનવતા, અહિંસા અને સંસ્કારિતાનો પ્રચાર કરવા ગામડે ગામડે કેન્દ્રો ખોલવા જોઇએ. સમાજના આગેવાનો, સુખી સદ્‌ગૃહસ્થો અને માનવતાપ્રેમી ભાઇઓએ આવી સંસ્થાને સ્વાવલંબી બનાવવા ઉદાર થવું જોઈ એ.

[જીવદયા]

★



શાસનદેવી શ્રી અંબિકાદેવી

શ્રી ભુરમલજી વીરચંદજી સેલમ-મદ્રાસ

યક્ષાનદીના કિનારે રળીયામણું કુબેર નામનું નગર (સૌરાષ્ટ્ર) છે. ત્યાં સોમભટ નામનો દ્વિજ અને તેની અંબિકા નામની પત્ની હતી. જો કે સોમભટના પિતા જિનધર્મ ઉપર શ્રદ્ધા વાલા હતા, પરન્તુ તે સ્વર્ગે સિધાવ્યાથી સાથોસાથ તેમનાં સંસકારો પણ લુપ્ત થઈ ગયા, સોમભટમાં તે વારસો ઉતર્યો નહીં. અંબિકા સુશીલ, સદ્‌ગુણી અને શ્રદ્ધાલુ સ્ત્રી હતી.

એકદા અંબિકાએ માસોપવાસી મુનિનાં 'ધર્મલાભ' શબ્દ સાંભળતાં જ બહાર આવી બન્ને શાંત મુદ્રાવાલા તપસ્વીઓને વહોરાવી સુપાત્રદાન આપ્યાનો અતીવ સંતોષ લીધો.

બાજુમાં જ રહેતી દ્વિજ પાડોશણે આ કાર્ય જોઇ ઘણી જ ઇર્ષ્યા કરી. છેવટે અંબિકા ઉપર એની દાળ નહીં ગળવાથી સાસુને વાત કરી. મિથ્યામતિવાલી એવી સાસુએ અંબિકાને તેમજ મુનિઓને જેમ તેમ (યદ્વાતદ્વા) બોલવા માંડયુ. એટલામાં એનો પતિ સોમભટ પણ ત્યાં આવી ગયો અને આ વાત સાંભળતાં જ એનો પિત્તો ગયો અને ક્રોધરૂપી મહાચંડાલ મિત્રની દોસ્તી કરી અંબિકાને બહાર નિકલવાનો આદેશ કર્યો.

માણસને જ્યારે ક્રોધ આવી જાય ત્યારે જ્ઞાનીઓ એને અગ્નિ કરતાં પણ ભૂંડો ગણે છે, કારણકે અગ્નિમાં બળવાથી એક જ ભવનો નાશ થાય પણ આ ચંડાલ ચોકડીથી મહાન ક્ષમાનો ગુણહારી ભવોભવ દુખી મરવાનું થાય છે.

તે પછી પતિના આવા ધર્મઘાતક વચનો સાંભળી અંબિકા, પોતાના અંબર અને શંબર નામના બે પુત્રો સહિત નિકલી ગઇ. ક્રોધીને શાંતિ કયાંથી ?

અંબિકાને ઘણે દૂર જતાં મનમાં વિચાર આવ્યો કે, મેં કોઇનું કાંઇ બગાડયું નથી છતાં પણ જે થયું છે તે ભાવી ભાવ (कर्मणाम् गतिः विचित्रा) આવું વિચારી દેવગુરુનું શરણ સ્વીકારી શ્રી રૈવતાચલ પર નેમિનાથ ભગવંતની આરાધના કરી સ્વકલ્યાણ સાધું. તદન્તર એક પુત્રને કેડે બેસાડી બીજાને આંગુલીએ (આંગળીએ) વળગાડીને ચાલવા લાગી, ચાલતાં ચાલતાં મહાભયંકર કંથેરી વન આવી ચઢયું. પગમાં વાહન રહિત મસ્તકે સખ્ત તાપ સહિત પ્રભુ નેમનાથનું સ્મરણ કરતી હિંમત કરી અંબિકાએ જંગલ માર્ગ પસાર કર્યો.

થોડેક દૂર જતાં શ્રીપાલ કુંવરની જેમ એક છોકરાએ પાણી માંગ્યું. બીજાએ ભોજન માંગ્યું પણ એવા રણમાં અસાધ્ય વસ્તુઓ નહિં જોવાથી બન્ને નેત્રોથી અશ્રુ વહેવા માંડયાં. બાલકો તો દુઃખેથી રડતાં રડતાં વસ્તુ માગ્યા જ કરે. છેવટે અંબિકા એ બાલકોની આર્ત્તવાણી સાંભળી એક આમ્રકુમ નીચે બેઠી. પાસે સરોવર પણ જોયું, ત્યાં પાણી, ભુખની ઉપાધિ મિટાવી સ્વસ્થ થઈ પુનઃ પવિત્ર ગિરિરાજ રૈવતાચલની દિશા પકડી.

આ બાજુ સોમભટના ઘરે અંબિકાએ જે વાસણોમાંથી મુનિઓને વહોરાવ્યું હતું તે બધાં સુવર્ણનાં બની ગયાં. ધાન્યના કોઠારો પણ ભરપૂર થઈ ગયા. આવો પ્રભાવ જોઇ સાસુએ ઉંડા વિચારથી જાણ્યું આ બધો અંબિકાનો જ પ્રભાવ છે.

એમ કહી તરત સોમભટને આજ્ઞા કરી કે, અંબિકાને જ્યાં હોય ત્યાંથી બોલાવી લાવ. બ્રાહ્મણ એકદમ દોડયો ગયો અને દૂરથી દેખાતી અંબાને જોઈ કે "અંબિકા! ઉભી રહે ઉભી રહે?" એમ બૂમ પાડવા લાગ્યો.

અંબિકાએ અવાજ સાંભળી પાછું જોયું તો પોતાનો પતિ મારવા આવ્યો જાણી પોતે પાસે કુવામાં બે બાલકો સહિત 'નેમનાથ' ભગવંતનું શરણ સ્વીકારી ઝંપાપાત કર્યો. એટલામાં બ્રાહ્મણ પણ ત્યાં આવ્યો અને પોતાનું મૂઢપણું વિચારી કહેવા લાગ્યો કે હવે હું મોઢું શી રીતે બતાવીશ એમ કહી તેણે પણ કુવામાં ડુબકી મારી. મરણાંતે શુભધ્યાનથી 'અંબિકા' દેવી તરીકે ઉત્પન્ન થઇ. તેનો પતિ મરી તેના વાહન રૂપે સિંહ થયો.

અંબિકા દેવીએ જ્ઞાનથી પૂર્વભવ નિહાળી નેમનાથ ભગવંતનો ઉપકાર જાણી રૈવતાચલ પર એમના 'કેવલજ્ઞાન' મહોત્સવમાં આવી અને પર્ષદામાં બેસી દેશના સાંભળી, ઇંદ્રના પૂછવાથી પ્રભુએ અંબિકાની ઉત્પત્તિ જણાવી. ત્યારપછી અંબિકાને ઇંદ્રમહારાજે પ્રભુની શાસનદેવી તરીકે સ્થાપી. તેના બે જમણા હાથમાં માતુલિંગ અને પાશ છે. ડાબા બે હાથમાં બાલક અને પુત્ર છે. એક બાલકને બોળામાં બેસાડેલ છે.

તેની આરાધના કરવાથી માણસને અંબાદેવી પાસેથી વરદાનની પ્રાપ્તિ થાય.

शुक्लासु पञ्चमीष्वेव, पञ्चमासेषु वै तपः ।
एकभक्तादिना कार्य–मम्बापूजनपूर्वकम् ॥ १ ॥

આ તપ ખાસ શ્રાવકને કરવાનો (આગાઢ તપ) છે. તેમાં પાંચ માસની શુકલપંચમીએ એકાસણાદિક તપ કરવો. એકાસણાથી ઓછું નહિં, ઉપવાસ કરે તો સર્વોત્તમ છે. અને તે દિવસે નેમિનાથ પ્રભુ તથા અંબાદેવીનું પૂજન કરવું. ઉજમણામાં ઉત્તમ ધાતુનાં બે બાલકો તથા આમ્રની લુમ્બ સહિત અંબિકાની મૂર્તિ કરાવવી પછી સ્થાપન કરી સેવાપૂજા તેમ જ મુનિઓને નવાં વસ્ત્ર અન્ન વગેરે આપી પ્રતિલાભવા.

'श्री अंबिकादेव्यै नमः' એ પદની વીશ નવકારવાલી ગણવી.

નવું પ્રકાશન **સાધનાની પગદંડીએ** અડધી કિંમત

પોસ્ટેજ સહિત એક નકલના ૧૧ આના

૧ સોમચંદ ડી. શાહ, પાલીતાણા [સૌરાષ્ટ્ર]
૨ જશવંતલાલ ગીરધરલાલ, ડોશીવાડાની પોળ–અમદાવાદ.
૩ મેઘરાજ જૈન પુસ્તક ભંડાર, કીકા સ્ટ્રીટ; મુંબઈ-૨
૪ હીરજી કોરશીની કું. નળબજાર–પોલીસ ચોકી સામે; મુંબઇ–૪

એક મનનીય પત્ર

★

સુશ્રાવક.....

અલી–રાજપુરથી ધર્મલાભ,

તમારો તા. ૧૯–૧–૫૯ નો રાજગઢ લખેલ પત્ર વિહારમાં હોવાથી, મોડો મળ્યો છે. ભોપાવરની યાત્રા ખાસ કરવા લાયક છે. માલવ પ્રદેશમાં ઘણાં દેરાસરો અને કેટલાંક ખાસ તીર્થો છે. એમાંના કેટલાકનાં દર્શન ગઇ સાલ અને આ સાલમાં થયાં છે, તેમાંના નામ કાંઇક જણાવું છું.

૧ મક્ષીમાં મક્ષી પાર્શ્વનાથ, ૨ દેવાસમાં શંખેશ્વર પાર્શ્વનાથ, ૩ ઉજ્જૈનમાં એવંતી પાર્શ્વનાથ આદિ મંદિરો; ૪ ઇંદોરમાં આઠ દહેરાં, ૫ રતલામમાં ૧૪ દહેરાં અને આજુ બાજુ ત્રણ તીર્થ, સાગોદીયા, કરમદી અને બીબડોદ. ૬ જાવરામાં પાંચ દેરાસર, ૭ જાવરા પાસે રીંગણોદ તીર્થ, ૮ મંદસોરમાં આઠ દેરાસર, ૯ મંદસોર પાસે વહીપાર્શ્વનાથ તીર્થ, ૧૦ નીમચમાં ત્રણ દેરાસર, ૧૧ ભવદમાં ચાર દેરાસર, ૧૩ સેમલીયામાં શાંતિનાથ પ્રભુ, ૧૪ માંડવગઢમાં શાંતિનાથ પ્રભુ, ૧૫ ધારમાં બે દેરાસર, ૧૬ અજમેરમાં અમીઝરા પાર્શ્વનાથ, ૧૭ ભોપાવરમાં શાંતિનાથ પ્રભુના ૧૨ પુટના ઉભા પ્રતિમાજી, ૧૮ રાજગઢમાં પાંચ દેરાસર, ૧૯ કુક્ષીમાં છ દહેરાસર, ૨૦ તાલનપુરમાં બે દહેરાસર, ૨૧ નાનપુરમાં એક દેરૂં, ૨૨ લખમણી તીર્થ ૨૩ અલી–રાજપુરમાં બે દહેરાસર, વગેરે ગામોના જિનમંદિરની યાત્રામાં યાદ કર્યા છે.

ભોપાલથી દાહોદ પૂર્વ પશ્ચિમ અને મહુથી નીમચ ઉત્તર દક્ષિણ, આટલો પ્રદેશ માલવા દેશ છે, એમાં લગભગ ચારસો દેરાસર છે. એમાંના કેટલાકનાં દર્શન કર્યાં, તેમાંના કેટલાકનાં નામ ઉપર છે, આ સર્વમાં ત્રણ તીર્થ બહુજ આહ્લાદક લાગ્યા છે.

૧ રતલામ શહેરથી પશ્ચિમમાં ત્રણ માઇલ, **બીબડોદ.**

૨. ભોપાવર, અહીંના પ્રતિમાજી હિંદભરમાં અજોડ છે, એમ કહી શકાય.

ગોધરાથી રતલામ જતી ટ્રેઇનમાં વચ્ચે મેઘનગર સ્ટેશન આવે, ત્યાંથી મોટર રસ્તે ૪૦ માઇલ રાજગઢ, તેમાં પાંચ દેરાસર અને ધર્મશાળા ગુજરાતીની બનાવેલી છે, રાજગઢથી છ માઇલ ભોપાવર અતિરમણીય સ્થળ છે, અથવા ઇંદોરથી પશ્ચિમમાં ૩૮ માઇલ ધાર (પ્રાચીન નામ ધારાનગરી) ત્યાંથી ૨૮ માઇલ પશ્ચિમમાં રાજગઢ, એ રસ્તે પણ ભોપાવર આવે. આ સ્થળમાં શાંતિપૂર્વક મહિનો બે મહિના રહેવા જેવું છે.

૩ લખમણી તીર્થ, અહીં અલી–રાજપુરથી પાંચ માઇલ. અલી–રાજપુર દાહોદ સ્ટેશનથી ૪૪ માઇલ મોટર રસ્તે છે, અહીંથી પાંચ માઇલ લખમણી છે. આ સ્થળ બહુ રમણીય છે. સં. ૧૯૮૯ માં ૧૪ પ્રતિમાજી નીકળ્યાં છે. વિશાળ ૩૭ ઇંચના પદ્મપ્રભુજી, એકદમ સૌમ્ય મૂર્તિ ફરી ફરી નિરખવાનું મન થાય તેવા છે. દેરાસરની આજુબાજુ આંબાના વિવિધ ઝાડોની ઘટા હોવાથી સ્થળ બહુ જ રળીયામણું જણાય છે. ઉનાળામાં મહિનો, બે મહિના રહેવાથી પ્રભુભક્તિ સાથે ઘણો આનંદ આવે તેમ છે.

માલવા પ્રદેશમાં આ ત્રણ સ્થળો અતિઆકર્ષક, હૃદયંગમ આત્માને આહ્લાદ ઉપજાવનાર જણાય છે. એ સ્થળોની યાત્રામાં વારંવાર જવાનું મન થાય તેવા છે. માલવા પ્રદેશ બહુ જ ભાવિક છે, સાથે અજ્ઞાન છે. સાધુ–સાધ્વીઓનો વિહાર, ગુજરાત પાસે હોવા છતાં પણ બહુ ઓછો છે. ગામો અને શહેરો સારા, શ્રાવકો ભદ્રિક, સાધુ પ્રત્યે ઘણી લાગણી વાળા છે, સાથે સાથે પૈ[illegible]ની શક્તિના પ્રમા-

ણમાં ઉદારતાની ખામી ગણાય. મને પાંચ વરસ માલવામાં રહેવા માટે, બહુ આગ્રહ છે. હાલ તો પાલીતાણાની યાત્રાની ભાવના હોવાથી પાલીતાણા જવાનું થાય છે. પરંતુ રતલામવાળા એવા વળગ્યા છે કે કદાચ, ગુજરાતમાંથી પાછું રતલામ ચોમાસા માટે આવવું પડે.

ખાસ કરીને, ઇદોર–રતલામ, દેવાસ; રાજ ગઢ, મહીદપુર, મંદસોર આટલા ક્ષેત્રો ચાતુર્માસને લાયક છે. ગુજરાતથી બહુ છેટું નથી. રતલામથી અમદાવાદ ૧૮૦ માઇલ છે.

હાલમાં વિહારની ભાવના, આ પ્રમાણે છે.

અહીંથી મહા શુ. ૧ રવિવારે વિહાર કરી, મહા શુ. ૩–૪ છોટા ઉદેપુર, મહા શુ. ૯–૧૦ ડભોઇ, મહા શુ. ૧૩–૧૪ વડોદરા, મહા વ. ૫–૬–૭ ખંભાત, મહા વ. ૧૩–૧૪ ધોલેરા, ફાગણ શુ. ૪–૫ વળા અને ફાગણ શુ. ૮ લગભગ પાલીતાણા પહોંચવા ધારણા છે. ત્યાં તેરશની યાત્રા અને ફાગણ ચોમાસી કર્યા બાદ બને તે ખરૂં.

બાકી કાળ વિષમ છે. ધર્મક્રિયાની રુચિવાળા બહુ થોડા, ધર્મક્રિયા કરનારામાં પણ સમજપૂર્વક આત્માર્થીપણે વસનારા બહુ થોડા, સાધુ જીવનમાં પણ અપ્રમત્તભાવ, સરળતા, ન્યાયદૃષ્ટિ, સંયમની તીવ્ર અભિલાષા, આગમના અભ્યાસની તાલાવેલી અને શાસનની સાચી હિતચિંતાવાળા થોડા આવા સંયોગો વચ્ચે આપણે આરાધના કરવાની છે. માર્ગ આ જ છે એમાં સંશય નથી, પણ બહુજ સાચવીને ચાલવા જેવું છે. ધર્મક્રિયા અને તત્વજ્ઞાન બંનેને પચાવતા રહી, એમાં ઉત્કર્ષ કરવા માટે જીવન અર્પણ કરી દેવાનું ધ્યેય રાખનાર આત્મા આ કાળમાં સાચી જીત પામ્યો એમ ગણાશે.

વિષયોના વેગથી બચવું, કષાયને જીતવા, વૈરાગ્યની વૃદ્ધિ કરવી, તત્વજ્ઞાનની રુચિ વધારવી, આત્માની ચિંતા અહોનિશ કરવી, પરમાત્માના શાસનનો ઉપકાર ક્ષણે ક્ષણે યાદ કરવો; વીતરાગની આજ્ઞા હૈયામાં ધારણ કરવી, આશ્રવ ત્યજીને સંવરભાવમાં આવવા પુરુષાર્થ કરવો, આરંભ અને પરિગ્રહના ફંદામાંથી બચવાની ભાવના હરઘડીયે રાખવી.

જગતના જીવોના જીવન તરફ બહુ જોવાને બદલે પોતાના જીવન પ્રત્યે અધિક દૃષ્ટિપાત કરવો. આત્મા અને શરીર સાથેનો, કુટુંબ સાથેનો, ધન સાથેનો સંબંધ કેવો છે, એની વિચારણા કરતા રહેવું. પંચમહાવ્રતધારી થવાની મનોવૃત્તિ ક્ષણ ક્ષણ ચાલુ રાખવી. સંસારનો રસ ઘટે, અને મોક્ષનો પ્રેમ વધે એવા પુરુષાર્થમાં મગ્ન રહેવું.

આવા ઉત્તમ પ્રયત્નોવડે, જીવ પોતાનું કલ્યાણ કરી શકે છે. પરમતારક પરમાત્માના શાસનની છાયાનો અધિકાધિક લાભ લઇને ઉજ્વલતા કેળવો, એજ શુભ આશીર્વાદ.

૨૦૧૫ના પોષ વ. ૧૧ સોમવાર તા. ૩–૨–૫૯

જરૂરી સૂચના.

પત્ર વ્યવહાર કે મનીઓર્ડર કરતી વખતે રેપર ઉપર લખાતો ગ્રાહક નંબર અવશ્ય લખવા મહેરબાની કરવી.

★

નવ રસો ની આત્મશ્રેયાર્થે વિચારણા

ડો. વલ્લભદાસ નેણસીભાઇ—મોરબી

★

અધ્યાત્મયોગી શ્રી આનંદઘનજી મહારાજ બાવીશમા શ્રી નેમનાથ પ્રભુના સ્તવનની ૧૬ મી કડીમાં વર્ણવે છે કે:—

ત્રિવિધ-યોગ ધરી આદર્યો રે,
નેમ-નાથ ભરતાર. મન૦
ધારણ પોષણ તારણો રે,
નવ-રસ મુગતા હાર. મન૦

ભાવાર્થ— મહાન સતી રાજીમતી કહે છે કે મેં આપને નેમિનાથ પ્રભુને મન-વચન-કાયા એમ ત્રણેય યોગથી ભરતાર તરીકે સ્વીકાર્યા છે. મને આશ્રય આપવો, મારો નિભાવ કરી મારૂં પોષણ કરવું અને મારો ઠેઠ સુધી નિસ્તાર કરવો એ બધું આપનું જ કાર્ય છે. શૃંગાર આદિ નવે રસોનું મારામાં ધારણ કરવામાં, પોષણ કરવામાં અને તેમને પાર પહોંચી જવામાં પણ આપનો જ આશરો છે. જે એક વખત મારા શૃંગાર આદિ રસના પોષક હતા તે હવે શાંત રસના પોષક બનો અને મોતીના હારની માફક સદા ધ્યેય તરીકે મારા દિલમાં વસો.

શૃંગાર, હાસ્ય, કરૂણ, બીભત્સ, વીર, રૌદ્ર. ભયાનક, અદ્‌ભૂત અને શાંત રસ. આ નવે રસોને શક્તિ અનુસાર જીવનમાં ઉતારવા. તેની વિચારણા કરવાનું આવશ્યક જણાય છે.

શરીરની ટાપટીપ આદિમાં અજ્ઞાનતાથી શૃંગારાદિ નવ રસો જીવ કેળવે છે. તે ટાળી આત્માની સાચી શોભા કઈ છે તે વિચારવું. આહારાદિ સંજ્ઞાની જેટલે અંશે પરાધીનતા, વિહ્વળતા, સ્પૃહાદિ તેટલે અંશે દુઃખરૂપ છે એમ સદ્‌હણા પૂર્વક "નવ રસો" આત્મશ્રેયાર્થે વિચારવા.

(૧) **શૃંગાર રસથી** એ વિચારવું કે જે ક્રિયા વગેરે હું કરૂં છું તે આજ્ઞા, વિધિ, હેતુ, લક્ષ, મુદ્રા વગેરે સાચવવાપૂર્વક ઉપયોગથી કરૂં છું તે મારી શોભા છે. જયણાથી પગલું ભરવું વગેરે ઉપયોગ તે શૃંગાર. નમુત્થુણં વગેરેમાં જે અનેક આત્માના ગુણો છે તેજ આત્માના આભૂષણો છે તે લક્ષ.

(૨) **હાસ્યરસ—** જે તીર્થંકરાદિ ઉત્તમ જીવોના પ્રત્યે અનુમોદના, નમોસ્તુ વર્ધમાનાય વગેરે બોલતાં જે ઉત્સાહ-આનંદ તથા પોતાનામાં જે આજ્ઞાપાલન-જીવન હોય અગર કરવાનો અવસર પ્રાપ્ત થયો છે તે વિચારી જે હર્ષ દેવવંદનાદિમાં આવે છે તે.

(૩) **કરૂણા રસ—** અનંત જીવો પર દયા. તથા પોતાના આત્માની કરૂણા. (કલ્યાણ થાય તે માટે હિત ચિંતા તે) આયરિય ઉવજ્ઝાએ, ખામેમિ સવ્વજીવે વગેરે બોલતાં વૈરભાવ છોડી પોતાનુ તથા સર્વ જીવોનું કલ્યાણ ચિંતવવું તે.

(૪) **બીભત્સ રસ—**(સુગામણું) અનંત જીવોને કિલામિઆ વગેરેથી દુઃખ ત્રાસ પમાડયા હોય તથા પોતે જે જન્મ-મરણ-રોગ-શોકાદિથી અનંત દુઃખો ભોગવ્યાં જે વિચારી તે તરફ અણગમો, અને ફરી ન ભોગવવા પડે તે માટે સાવધાની રાખવી તે.

(૫) **વીર રસ—** તે દુઃખોથી છુટવા જે ધર્મમાં પરાક્રમ ફોરવવું તે. વંદિતુ વગેરે બોલતાં વીરાસનાદિમાં ઉત્તમ જીવોના ચરિત્રો વિચારી પોતે આગળ વધવું તે.

(૬) **રૌદ્ર રસ—**(ક્રુરતા)—અભ્યંતર શત્રુઓ—કષાયો અને રાગ-દ્વેષ આદિએ જે આપણું ખરાબ કર્યું છે તે યાદ કરી જરૂરમળથી હઠાવવા

નિંદામિ–ગરિહામિ વગેરે બોલતાં કર્મ તૂટે તે લક્ષ.

(૭) **ભયાનક રસ**—નરકાદિ દુઃખો ઉત્પન્ન થાય તેવા જે અઢાર પાપસ્થાનકો, અતિચારો વગેરે પાપો કર્યા હોય તેનું ફળ વિચારી ભવ-ભ્રમણથી જે ત્રાસ અનુભવવો તે ભય રસ–પ્રતિક્રમણ વગેરે બોલતાં તે તે ભૂલો વિચારી ફળ ન આવે તે પહેલાં પ્રાયશ્ચિતાદિ લેવું તે.

(૮) **અદ્‌ભુત રસ**—અરિહંતાદિ મહાન આત્માઓએ જે ગુણો કેળવ્યા તે કેવા ઉત્તમ છે. જિનશાસનમાં એક પણ ભાવ નમસ્કાર તારનાર છે વગેરે અદ્‌ભુતતા વિચારી પોતે તેવું અદ્‌ભુત કાર્ય કરવા તૈયાર થવું તે.

(૯) **શાંત રસ**—ઉપરના રસોમાં પરાવલંબનરૂપ શુભ અથવા અભ્યાસ પાડવારૂપ શુદ્ધ ભાવ પણ છે, પરંતુ વિકલ્પ રહિત તદ્દન આત્મસ્વભાવમાં સ્થિરતારૂપ આ શાંત રસ એજ પરમ કલ્યાણ (સુખરૂપ) છે, કાઉસ્સગ્ગાદિમાં જે સુખ છે તેની પાસે જગતનું સુખ બિંદુ સમાન જ ભાસે છે.

પ્રતિક્રમણના સૂત્રોની રચના ગણધરાદિ પૂજ્ય પુરુષોએ કરેલ છે. તેમાં અનંત સાર છે એમ વિચારી પ્રવર્તવું જોઈએ. દોષ લાગવાનો છદ્મસ્થને સંભવ છે, માટે છ આવશ્યક (પ્રતિક્રમણ)ની પરમાવશ્યકતા છે, ને દોષ લાગ્યા છતાં પ્રતિક્રમણ ન કરવાથી આરાધક ન થવાય, ને આરાધના શિવાય મોક્ષપ્રાપ્તિ કદી પણ ન થાય.

ઉપર મુજબ પ્રતિક્રમણાદિ આવશ્યક ક્રિયાઓમાં આ નવે રસોની વિચારણા કરવાથી ધાર્મિક અનુષ્ઠાનોની સાથે તેનો સુંદર સમન્વય કરી શકાશે.

સહુ કોઈ નવમા શાંતરસને જીવનમાં ઉતારવા પ્રયાસ કરો, એજ મંગલ કામના.

શ્રી અરૂણાબ્હેન રતિલાલ હીરાલાલ
(ઉ. વ. ૨૦)



વતન : **રાધનપુર** હાલ **મુંબઇ**

-: પરિચય :-

મુંબઇની શ્રી વર્ધમાન જૈન–પાઠશાળામાં બાર વર્ષ સુધી પં. શ્રી ભુરાલાલ ભુખણદાસ તથા અન્ય શિક્ષકો પાસે શિક્ષણ સંઘના અભ્યાસક્રમ મુજબ ૧૧ ધોરણ સુધીનો તેમજ તે ઉપરાંત પંચસંગ્રહ અને તર્કસંગ્રહ વગેરે વિષયોનો ધાર્મિક અભ્યાસ કર્યો છે. અને શ્રેષ્ઠ નંબરે ઉત્તીર્ણ થઇને સારી રકમના ઇનામો પ્રાપ્ત કર્યા છે.

માત્ર ચૌદ વર્ષની ઉંમરે ચતુર્થ બ્રહ્મચર્ય વ્રતનો સ્વીકાર કર્યો છે. તેમજ દીક્ષા લેવા અંગે છેલ્લા બે વર્ષથી દૂધ અને દહીં એ બે વિગઇનો ત્યાગ કર્યો છે. નાની વયમાં અઠ્ઠાઈ, ક્ષીરસમુદ્રનો તપ તથા વર્ધમાનતપની ૨૪ ઓળી પૂર્ણ કરી છે. શ્રી વર્ધમાન જૈન પાઠશાળા તરફથી અભિનંદન આપવાનો સમારંભ શેઠ બેચરદાસ હરિચંદ ઝવેરીના પ્રમુખસ્થાને યોજાયો હતો. મહા વદ ૧૧ ના દિને કટારીયા મુકામે તેમણે પ્રવ્રજ્યા અંગીકાર કરી છે.



ઉમદા દૃષ્ટાંત

૧૮૬૫ની વાત છે, તે સમયે બે આનામાં આખું ભોજન મળી શકતું હતું.

'શેઠ સા'બ એક પૈસો આપો!' એક છોકરાએ દર્દભર્યા અવાજથી ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર પાસે આવી આજીજી કરી. 'હું એકના બદલે બે પૈસા આપું તો તું શું કરે?' વિદ્યાસાગરે પ્રશ્ન કર્યો.

'હું એક પૈસાના મમરા લઉં અને બીજો પૈસો મારી માને આપું.'

'બે પૈસાને બદલે તને બે આના આપું તો?'

'તો એક આનામાં દાળભાત ખાઉં અને એક આનો મારી માને આપું.'

'હું તને ચાર આના આપું તો?'

'મહાશય, શા માટે મશ્કરી કરો છો આપવું ન હોય ને....'

'નહિ ભાઇ! હું તારી મજાક નથી કરતો. તને ખાલી હાથે નહિ જવા દઉં. હું તને ચાર આના આપું તો તું શું કરે?'

'બે આનામાં હું પેટ ભરી જમું. છેલ્લા આઠ દશ દિવસથી પેટ ભરી જમ્યો નથી. અને બાકીના બે આના મારી માને આપું તે પણ પેટ ભરીને જમે.'

'લે ભાઇ લઇ જા આ રૂપિયો.' ઇશ્વરચંદ્રે એક રૂપિયો આપ્યો. તે લઇ, ખુશ થતો આશિર્વાદ આપતો તે ચાલતો થયો.

આ વાતને દશ વર્ષ વીત્યાં. એક દિવસ વિદ્યાસાગર રસ્તે પસાર થતા હતા ત્યારે એક માણુસે આવી વિનંતિ કરતાં કહ્યું: 'પ્રભુ, આપ મારી ગરીબની દુકાન પાવન કરો, વધુ નહિ તો પાંચ મીનીટ તો આપનાં પગલાં કરો.'

વિદ્યાસાગર તેની દુકાને ગયા. આવા મહાન પુરુષને એક સાધારણ માણુસની દુકાને બેઠેલા જોઇ રાહદારીઓ નવાઇ પામ્યા. તે માણુસે હાથ જોડી વિદ્યાસાગરને કહેવા માંડયું: 'આપને યાદ હશે કે આજથી દશ વર્ષ પહેલાં એક ભીખારી છોકરો આપની પાસે પૈસો માંગવા આવેલો અને આપે તેને એક રૂપિયો આપ્યો હતો. તે ભીખારી છોકરો તે હું પોતે. તમે આપેલા રૂપિયામાંથી આઠ આના મેં અને મારી માએ જમવાપેટે ખર્ચી નાખ્યા અને આઠ આનાની પરચુરણ વસ્તુઓ ખરીદી વેચવા નીકળ્યો. એમ કરતાં આઠ આનામાંથી બીજા આઠ આના કમાયો. ધીમે ધીમે રૂ. ૫૦-૧૦૦ કમાયો, નાની દુકાન ભાડે રાખી, થોડો માલ રોકડેથી અને થોડો ઉધાર મળવા લાગ્યો અને આજે આ દુકાન જેમાં આપનાં પગલાં થયાં છે તે ભાડે રાખી મારી પાસે લગભગ દશ હજાર રૂપિયા થઇ શકયા. મારી સ્થિતિનો બધો યશ આપના ફાળે જાય છે.'

આ સાંભળી બેઉની આંખો પ્રેમભીની બની. **કયાં નિઃસ્વાર્થભાવે, પ્રસિદ્ધિની લાલસા વિનાની આ મદદ-સેવા અને કયાં આજની પ્રસિદ્ધિ અર્થે થતી સેવા?**

*

ચાંલ્લો લેવાનો નથી.

હમણાં હમણાં આર્ય કુટુંબો અને ધાર્મિક લોકો પણ કંકોત્રીમાં લખે છે કે, 'ચાંલ્લો લેવાનો નથી.' 'અર્થાત્ તે રિવાજ બંધ કરવો જરૂરી છે,' એમ આડકતરૂં સૂચન કરે છે. ભારતીય લગ્નવ્યવસ્થા અને સંસ્કારોને ન માનનારા લોકો ભલે એમ લખે, પરંતુ તેમાં માનનાર લોકોથી એ કેમ લખાય? તેમ લખનાર એ ભૂલી જાય છે કે, ચાંલ્લો બંધ થાય છે, પરંતુ

તેને સ્થાને પ્રેઝન્ટનો રિવાજ દાખલ થઇ જાય છે. સ્વહસ્તે જ ભારતીય પ્રણાલિકા તોડીએ છીએ, અને વિદેશીય પ્રણાલિકા દાખલ કરીએ છીએ.

કેટલાક અજ્ઞાન લોકોએ એવું ગપ ચલાવ્યું છે કે પ્રથમના લોકો ગરીબ હશે તેથી ચાંલ્લાનો રિવાજ રાખ્યો હશે. આથી હાલમાં શ્રીમંતો પોતાની શ્રીમંતાઇ દર્શાવવા 'ચાંલ્લો લેવાનો નથી.' એવું ખાસ લખે છે. અને સામાન્ય સ્થિતિના લોકો 'પોતે ગરીબ છે' એવું ન દેખાય તે માટે તેઓ પણ ચાંલ્લો લેવાનો નથી, એમ લખી શ્રીમંતોનું અનુકરણ કરવા લાગ્યા છે.

વાસ્તવિક રીતે ચાંલ્લો લેવાદેવા પાછળ જુદો જ હેતુ છે. લગ્ન દ્વારા એક પુરુષ અમુક સ્ત્રીમાં જ સંતોષ માનવાની, અને સ્ત્રી અમુક પુરુષમાં જ સંતોષ માનવાની પ્રતિજ્ઞા કરે છે, અને એ રીતે ઉભય મુક્ત–વ્યભિચારનો સંયમ કરે છે. તેથી તે સંસ્કારનો ઉત્સવ કરવા, તેને પ્રતિષ્ઠા આપવા, સગાસંબંધીઓ વગેરેનું આગમન થાય છે. આવનારાઓ ચાંલ્લો આપવાના પ્રતીક દ્વારા તે સંસ્કારનું સન્માન કરે છે. લગ્નસંસ્કાર, જે માર્ગાનુસારિ અને પ્રાથમિક સંયમનું પ્રતીક છે, તે ગુણના સત્કાર માટે ચાંલ્લો લેવા–દેવાનો છે.

ચાંલ્લો કેટલો આપવો તેનો નિયમ નથી. પરંતુ વધુ પડતું ન અપાઇ જાય તેમજ તોછડાઇ લાગે તેટલું ઓછું ન અપાઇ જાય તેટલી મર્યાદા હોય છે. શક્તિ ન હોય તો છેવટે એક શ્રીફળ કે એક સોપારી આપે. ગામડામાં લગ્ન પૂર્વે પુલેકું ફરે છે, જેમાં ગામના દરેક પ્રતિષ્ઠિત અને સંબંધીઓ શેરીવાર પસલી (પ્રસનાંજલિ શેરીવાર ફલનો ખોબો.) ભરાવે છે. તેમાં રૂપિયા, આઠ આના કે છેવટે બે આના પણ હોય છે. એ દ્વારા લગ્ન સંસ્કારનો સત્કાર કરવામાં આવે છે.

એટલે ધર્મ અને સંસ્કૃતિને માનનારાઓએ ચાંલ્લાનો રિવાજ બંધ ન કરતાં ચાલુ રાખવો જોઇએ–આગ્રહપૂર્વક ચાલુ રાખવો જોઇએ.

એ જ પ્રમાણે ચાલ્લો ધાર્મિક યજ્ઞોપવિત, તપ-જપ, ઉપધાન, ઉદ્યાપન, અઠ્ઠાઇ વગેરે ધાર્મિક ક્રિયાના સત્કારનું વ્યાવહારિક પ્રતીક છે. અને તે જ ધોરણે જન્મ લગ્ન વગેરે પ્રસંગે પણ તે સંસ્કારના સન્માનનું સૂચક ચાંદલો છે.

[હિત–મત–પથ્યમ્–સત્યમ્]

અવિવેક આપત્તિનું મૂળ છે.

विवेकभ्रष्टानां भवति विनिपातः शतमुखः ।

ત્યારે આ વિવેક છે શું ? એમાંથી સહેજ પણ ખસ્યા, તો શતમુખ વિનિપાત ! એને સહેજ પણ કોરાણે મૂકીને ચાલ્યા કે તરત જ આપત્તિનું ઊંડું મૂળ સરજાઈ ચૂકયું !

વિવેક એ સાચા–ખોટાની પરખ છે; અને એ પરખને અજવાળે જીવનની કળા છે. આ કંચન છે અને આ કથીર છે એટલું જાણવું જ માત્ર બસ નથી; પણ કંચનને સંઘરતાં અને કથીરથી છેટા રહેતાં પણ આવડવું જોઇએ. આ કામનું છે, અને આ નકામુ છે, આ કાયમી મહત્ત્વનું છે અને આ ક્ષણિક મોજશોખનું છે, એવી સમજ જે બુદ્ધિના પ્રકાશે અંતરમાં પ્રગટ થાય અને જે બુદ્ધિના પ્રકાશે એ સમજને જીવનમાં ઉતારવાની શક્તિ સાંપડે–એ બુદ્ધિનું બીજું નામ વિવેક.

જગતનાં ઘણાંખરાં દુઃખો–અરે બધાંજ દુઃખો 'સાર' અને 'અસાર' વચ્ચે આપણે વિવેક નથી કરી શકતાં તેમાંથી જ જન્મે છે. ઘરને આંગણે ગંગાનાં અમૃતનીર ઊછળતાં હોય, છતાં જીવનભર આપણે મૃગજળ પાછળ ભમ્યા કરીએ, શાશ્વત શાન્તિનો જ મોંઘામૂલો મણિ આપણા ઘરને એક ખૂણે પડયો હોય, છતાં ક્ષણિક એશઆરામના રંગબેરંગી કાચોને હાથ કરવા માટે આપણે જીવનભર

તરફડિયાં માર્યા જ કરીએ ! આથી વધુ મોટો અવિવેક બીજો કયો હોઈ શકે ? અને આવો અવિવેક અહોરાત આચરનારા એવા આપણે જીવનભર આપત્તિઓમાં જ અટવાઇ રહીએ એમાં આશ્ચર્ય પણ શું ?

એટલે વિવેક શબ્દ આપણે અંતરની નોંધપોથીમાં પહેલા પૂજાના પાના ઉપર અમૃતના અક્ષરોએ આલેખી રાખવો જોઇએ. જીવનના પ્રત્યેક કાર્યમાં આ ' વિવેક 'ની દોરવણી લેવાનો નિયમ રાખીએ, તો પસ્તાવાનો સમય ન જ આવે. જગતના બીજા બધા ગુરુઓ ખોટા નીકળી શકે છે, પણ અંતરનો અવાજ ભાગ્યે જ આપણને ઊંધે રસ્તે દોરે છે–એ બતાવવા માટે અખાએ ' તું તારો ગુરુ થઇને બેસ ! ' એમ જે કહ્યું છે તેનો અર્થ પણ એ જ છે કે 'વિવેકને ગુરુને સ્થાને બેસાડ.'

આ વિવેકમાં શું નથી આવી જતું ? કયા સાત્વિક ગુણનો એનામાં સમાવેશ નથી થતો ? વિવેકમાં, સામે આવેલી વસ્તુઓને, તદ્દન બિનંગત રીતે, કોઈ પણ જાતના ઉશ્કેરાટ કે આવેશ વગર, તપાસવાની ધીરજ છે; આકર્ષક છતાં અહિતકરને તજવાની ત્યાગવૃત્તિ છે; અનાકર્ષક દેખાતા માંગલ્યને ઓળખવા જેટલી અંતર્મુખતા છે; અને એવા માંગલ્યની સાધના કરવા જેટલી શ્રદ્ધા છે; સન્માર્ગે જતાં નિઃસંશય આવનારાં વિઘ્નો અને સંકટોને બરદાસ્ત કરવાની તિતિક્ષા છે; અને સૌથી વધુ તો, ' હું ગમે તેવા બાદમાં મોઢું ઘાલનાર પશુ નથી, પણ જે મારી સામે આવે, તે મારા માટે બાદ્ય છે કે અબાદ્ય, એવો વિચાર કરી, તે પછી જ એ બાદ્યને જોઇતા પ્રમાણમાં અને યોગ્ય સમયે મોંમાં મૂકનાર મનુષ્ય છું" એવું આત્મભાન છે.

બરોબર ધીરજ, ત્યાગવૃત્તિ, અંતર્મુખતા, શ્રદ્ધા, તિતિક્ષા, આત્મભાન.....આદિ અનેક સાત્વિક સંપત્તિઓના સર્જક જેવો વિવેક એ જીવનનું સૌથી મોટું ધન છે.....

અને માટે જ અવિવેકને આપત્તિના સૌથી મોટા મૂળ તરીકે ઓળખવવામાં આવ્યો છે. 'પદ્મ'

જ્યોત પેટાવો

જાપાનની વાત છે. એક નિર્ધન વિદ્યાર્થી ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરવાની બાબેશ રાખતો હતો. વિદ્યાર્થી મહેનતુ હતો. હોશિયાર હતો. પરંતુ વિદ્યાધ્યયન માટે ધન ન હતું. તે જાપાનના એક શ્રીમંત સજ્જન પાસે ગયો. તેમને તેણે પોતાની વાત જણાવી અને મુશ્કેલી કહી. આ દયાળુ સદ્‌ગૃહસ્થે તેને ૫૦૦ યેન (જાપાની સિક્કા) આપ્યા અને કહ્યું, 'તારો અભ્યાસ પૂરો કર.'

જાપાની વિદ્યાર્થીએ પોતાનો અભ્યાસ પૂર્ણ કર્યો. અભ્યાસ પૂર્ણ થતાં જ મહેનત કરવા લાગ્યા અને ૫૦૦ યેન કમાયો. આ ૫૦૦ યેન એકઠા થયા કે તરત જ તે લઇને તે યુવાન પેલા ઉદાર શ્રીમંત પાસે દોડી ગયો અને કહ્યું, 'મુરબ્બી ! તમારી મદદના પરિણામે મારો અભ્યાસ પૂર્ણ બન્યો. તમારો ઉપકાર હું કદાપિ ભૂલીશ નહિ. હું આજે તમારા ૫૦૦ યેન પરત કરવા આવ્યો છું.' એમ કહેતાં તો તેણે સિક્કાવાળો હાથ લંબાવ્યો અને કહ્યું, મુરબ્બી, સ્વીકારી લો.

પરંતુ પેલા સદ્‌ગૃહસ્થે તે પાછા ન લીધા. તેમણે કહ્યું, 'મેં આ ધન અજ્ઞાનરૂપી અંધકાર દૂર કરવા માટે તને આપ્યું હતું. હવે તારી જરૂરિયાત પૂરી થઇ ગઈ છે તો તું બીજા જરૂરિયાતવાળા જાપાની વિદ્યાર્થીને તે આપજે.' પેલા વિદ્યાર્થીએ તે યેન બીજા જરૂરિયાતવાળા વિદ્યાર્થીને આપ્યા.

કહેવાય છે કે આજે પણ આ પાંચસો યેન જાપાનમાં સુરક્ષિત છે. તેની મદદથી સેંકડો જાપાની વિદ્યાર્થીઓ આજ સુધી ભણી ચૂકયા છે. આમ જાપાનમાં અજ્ઞાનના અંધકારને હઠાવવા માટે આ રીતે આ જાતની સુંદર પરંપરા ચાલી રહી છે. શું આપણા દેશમાં પણ અજ્ઞાનના અંધકારને હઠાવવા આવી જ રીતે જ્યોતની અમર દીપિકાઓ પ્રજ્વલિત બનશે ?

[અખંડ આનંદ] **રમેશભાઇ મો. પટેલ**

★ ફૂલ અને ફોરમ ★

પૂ૦ પંન્યાસજી શ્રી પ્રવીણવિજયજી ગણિવર

★

હુકમ કરવાનો હક કોને છે?

Obedience alone gives the right to command.

જે માણસો પોતાના વડીલોની આજ્ઞાને આધીન રહે છે. તેમને જ બીજા ઉપર આજ્ઞા-હુકમ કરવાનો હક છે.

માનવીઓનો મોટો શિક્ષક

Pains the great-teacher of the mankind beneath it souls develope.

મુશીબત-આપત્તિ એ મનુષ્યજાતિનો મોટો શિક્ષક છે કે જેના હાથ નીચે આત્માઓ વિકાશને પામે છે, માટે આપત્તિમાં સજ્જનોએ કદી ગભરાવાની જરૂર નથી.

પ્રકૃતિનો (સ્વભાવ) પ્રભાવ

लोक लाज माया तजी, तज्यो सिंहासन राज;
एक प्रकृति न तजी, तेणे भयो अकाज.

લોકલજ્જા, માયા, સિંહાસન, વૈભવવિલાસ બધુંએ છોડયું પણ એક પ્રકૃતિ ન છુટવાથી કાજ સરતું નથી. કાર્ય સુધારવું હોય તો પોતાની માનીતી ખોટી પ્રકૃતિ (nature) ને પણ છોડવી જોઇએ.

જમા-ઉધારના પાસા તપાસો પછી સુખની આશા રાખો

एरण की चोरी कीनी सोयका दीया दान,
उपर चढ के देखते कब आवे विमान.

એરણની ચોરી કરી અને સોયનું દાન આપી વિમાન આવવાની રાહ જોનારો જેમ મૂર્ખ ગણાય છે, તેમ આખું જીવન અધર્મમાં જ પસાર કરી થોડોઘણો ધર્મ કરનાર માનવી સુખની આશા રાખે તો તે પણ મૂર્ખ જ ગણાય છે.

યુગપ્રધાનનાં લક્ષણો

एषांच वस्त्रे न पतन्ति युकाः
न देशभंगो, न च राष्ट्रचिन्ता।
पादोदकेनापि गदोपशान्तिः
युगप्रधाना मुनयो वदन्ति ॥

જેમના કપડામાં જુ પડતી નથી. જ્યાં જ્યાં તેઓ વિચરે ત્યાં ત્યાં દેશભંગ કે રાષ્ટ્રની ચિન્તા ઉત્પન્ન થતી નથી, જેમના પાદપ્રક્ષાલનના પાણીથી રોગની શાન્તિ થાય છે. તેમને યુગ-પ્રધાન કહેવામાં આવે છે.

પરલોકમાં પણ ભાથાની જરૂર છે

प्रहरद्वयमार्गेऽपि, नराः कुर्वन्ति शम्बलम् ।
न कुर्वन्ति परत्रार्थे, वर्षकोटिप्रयाणके ॥

માત્ર બે પ્રહર જેટલા માર્ગના પ્રયાણમાં (મુસાફરીમાં) મનુષ્યો સાથે ભાથું લઇ લે છે. પરન્તુ કોડો વર્ષના પ્રયાણવાલા પરલોક માટે કાંઈ જ ભાથુ બાંધતા નથી. માટે પરલોકમાં સાથે આવે એવું ધર્મનું ભાથું બાંધી લેવાની જરૂર છે.

યાચક કરતાં યાચનાનો ભંગ કરનાર વધુ હલકો છે

परपत्थणापवन्नं, मा जणणी जणेसु एरिसं पुत्तं,
मा उअरे वि धरिज्जासु, पत्थणभंगो कओ जेण ॥

બીજા પાસે પ્રાર્થના-યાચના કરનારા પુત્રને હે માતા ! તું જન્મ ન આપીશ. પરન્તુ જે યાચકની પ્રાર્થનાનો છતી શક્તિએ ભંગ કરે કરે છે એવા પુત્રને તો હે માતા ! તું ઉદરમાં પણ ધારણ કરીશ નહિ.

સિંહ કોણ અને કુતરો કોણ ?

उपेक्ष्य लोष्टक्षेप्तारं लोष्टं दशति मंडलः
सिंहस्तु शरमप्रेक्ष्य शरक्षेप्तारमीक्षते ॥

કુતરો લાકડી–અગર પત્થર મારનારની ઉપેક્ષા કરી પત્થરને બચકું ભરે છે. જ્યારે સિંહ બાણની ઉપેક્ષા કરી બાણ મારનારાને દેખે છે. એ જ મુજબ દુઃખ આપવામાં નિમિત્ત બનનારને જે ગુન્હેગાર ગણે છે તે કુતરા જેવા ગણાય છે. જ્યારે નિમિત્તને જતું કરી પોતાના કર્મને જ ગુન્હેગાર ગણનારો સિંહ જેવો ગણાય છે.

માટે કુતરા જેવા ન બનતા સિંહ જેવા બનવાની જરૂર છે.

ગુણપ્રાપ્તિ માટે પ્રયત્ન કરો

गुणेषु यत्नः क्रियतां किमाटोपैः प्रयोजनम् ।
विक्रियन्ते न घंटाभिः गावः क्षीरविवर्जिताः ॥

પ્રત્યેક માનવીએ ગુણોની પ્રાપ્તિ માટે યત્ન કરવાની જરૂર છે. ખોટા આડંબરનું જરાપણ પ્રયોજન નથી. કારણ કે દૂધને નહિ આપનારી ગાય કાંઇ ગળામાં ઘંટ બાંધવાથી વેચાવાની નથી. એજ મુજબ આડંબરી માણસ પૂજાવાનો નથી, પણ ગુણી માણસ પૂજાય છે.

સર્વમાન્ય સિદ્ધાન્ત

दुःखं पापात्, सुखं धर्मात् सर्वधर्मव्यवस्थितिः ।
न कर्तव्यमतः पापं कर्तव्यो धर्मसञ्चयः ॥

પાપથી દુઃખ થાય છે, અને ધર્મથી સુખ થાય છે. સર્વ ધર્મમાં આ માન્યતા એક સરખી છે. માટે પાપ ન કરતા પુણ્યનો–ધર્મનો સંગ્રહ કરવાની જરૂર છે.

સમયની સફળતા શાથી

सामाइय-पोसह–संठियस्स जीवस्स जाइ जो कालो।
सो सफलो बोधव्वो सेसो संसारफलहेउ

સામાયિક ને પૌષધમાં રહેલા આત્માનો જે સમય જાય છે તેટલો જ સફળ ગણાય છે. બાકીનો સમય સંસારના પરિભ્રમણને વધારનારો થાય છે.

નવ વાતો ગુપ્ત રાખવી

आयुर्वित्तं गृहछिद्रं मन्त्रं मैथुनमौषधम् ।
दानमानापमानं च नव कार्याणि गोपयेत् ॥

આયુષ્ય, ધન, ગૃહનું છિદ્ર, મંત્ર, મૈથુન, ઔષધ, દાન, માન અને અપમાન, આ નવ કાર્યો ગુપ્ત રાખવા.

કીંમત બુદ્ધિની છે

सप्तवितस्तिमितो देहो बुद्धितुल्या तु अर्घ्यता ।
तुल्ये नाणकपत्रेऽपि मूल्यमंकानुसारतः ॥

શરીર સાત હાથનું હોય છે, પણ પૂજ્યતા બુદ્ધિ અનુસાર હોય છે. હુંડીના કાગળો એક સરખા હોય છે, પણ તેનું મૂલ્ય તેમાં લખેલા આંક પ્રમાણે હોય છે.

પગ ખરડાય તો ધોવાય, પણ ખરડીને નહિ

धर्मार्थं यस्य वित्तेहा तस्यानीहा गरीयसी,
प्रक्षालनाद्धि पंकस्य दूरादस्पर्शनं वरम ॥



જ્ઞા ન લ હ રી

-શ્રી વજ્રપાણિ

૧. અભ્યંતર તપ સુંદર મજાનો છોડવો છે. પણ તેની સંભાળ તો બાહ્ય-તપની કાંટાળુ વાડથી જ થઈ શકે.

૨. માનવ! હજારો બુઝાયેલા દીપને જગવવાની અભિલાષા વ્યર્થ કાં સેવે? તું જાતે જ ઝળહળતો દીપ ન બની જાય? પછી બુઝાયેલા દીપ તારા સાન્નિધ્યમાત્રથી પ્રગટી જશે.

૩. અનુભવનો તાળો શાસ્ત્રોક્ત-નિરૂપણથી મેળવી શકાય.

૪. તે ગુરુ કન્યાને પરણી જતા ગોર જેવા છે, જે ભક્તના હૈયામાં દેવને ન સ્થાપતાં જાતની સ્થાપના કરાવે છે.

૫. જેનું મન અસ્થિર અને અસ્વસ્થ છે, એ બીજાને સ્થિર અને સ્વસ્થ શું કરવાનો હતો! સ્થિરતા જ્ઞાનાર્જનથી આવે અને સ્વસ્થતા એ જ્ઞાનથી ઉત્પન્ન થતાં સંવેદનોમાંથી પ્રગટે.

ધર્મ કરવા માટે ધન કમાવાની ઇચ્છા કરતા તેની ઇચ્છા જ ન કરવી એ મોટી વાત છે. કાદવને ધોવા કરતાં તેનો સ્પર્શ ન કરવો એજ વધુ હિતકર છે.

★

શ્લોકાર્ધેન પ્રવક્ષ્યામિ, યદુક્તં ગ્રન્થકોટિભિઃ
પરોપકારઃ પુણ્યાય, પાપાય પરપીડનમ્ ॥

કોડો ગ્રન્થમાં જે કહ્યું છે તે હું અર્ધા શ્લોકમાં કહું છું. કે પરોપકાર કરવો એ પુણ્ય માટે થાય છે અને બીજાને પીડા-દુઃખ આપવું એ પાપના માટે થાય છે.

૬. જગતને મૈત્રી, પ્રમોદ, કરુણા, માધ્યસ્થ્ય ભાવોથી જ ભાવિત કરવાની સાધકને જરૂરીયાત છે. જેને જે રીતે ભાવના આપીએ એવી જાતનો માનસિક સંબંધ એ પદાર્થ સાથે બંધાય છે. એકજ વ્યક્તિમાં દુશ્મનપણાની ભાવના આપનાર એ વ્યક્તિને દુશ્મન તરીકે જુવે. અને બીજી વ્યક્તિ એજ વ્યક્તિમાં મૈત્રીની ભાવના આપે તો મિત્ર તરીકે જુવે. સારું ય જગત ઉક્ત ૪ ભાવોથી ભાવિત કરવામાં આવે તો જગત એ સ્વર્ગીય નંદનવન બની જાય.

૭. સ્વાત્માનું સંવેદન જ સજાતીય પરાત્મામાં સંવેદન જગાવવા સમર્થ બને. બુદ્ધિનો વૈભવ તો પરની બુદ્ધિને જ દિલચશ્પી લગાવી શકે. ત્યાં સંવેદનના તાર ઝણઝણી શકતા નથી.

૮. એક જમાનો એવો હતો કે જ્યાં ભોગમાં ય ત્યાગ હતો; આજે જમાનો એવો આવ્યો છે કે ત્યાગમાં પણ ભોગ પેસી ગયો છે.

૯. જગતમાં પ્રેમથી (નિર્દોષ સ્નેહથી) અધિક કશું ય નથી, પણ એ પ્રેમમાં વિકાર પેસે તો તેના જેવું અધમ પણ બીજું કોઇ નથી.

૧૦ દુશ્મનને વખોડી કાઢવો સહેલો છે, પણ મિત્રને વખોડવા ઘણી હિંમત જોઇશે.

૧૧ 'તૂટતું હંમેશ સાંધવું' એ આજના પ્રત્યેક માનવનું ભીષ્મ-વચન હોવું જોઈએ. કેમકે જગત એવું વિચિત્ર છે કે જ્યાં મિત્રનો દુશ્મન બની જતાં જરાય વાર લાગતી નથી. અને થોડી તડમાં તો મોટી ચીરાડો પડી જાય, ભયાનક આપત્તિનાં ગુંચળા વીંટળાઇ જાય.

૧૨. જીવન છેવટે તો વર્તનનો જ વિસ્તાર છે. જીવવું એટલે વર્તવું અને એ વર્તનની

પાછળનું પ્રેરકબળ છે સમજજો. જેની જેવી સમજણ, તેનું તેવું વર્તન. આથી જ ભક્તિ પણ વર્તનની એક મંગળમય અવસ્થા છે.

૧૩. જાગતિક જન્તુ! ચાલ, આપણે સહુની સાથે મૈત્રી બાંધવાનું સદાવ્રત માંડીએ, અને સહુ સાથે વૈરના વિસર્જનનો મહોત્સવ શરૂ કરીએ.

૧૪. આજની દુનિયાને મૈત્રીભાવ ખૂબ જ જરૂરી બન્યો છે. કેમકે પ્રજ્ઞાએ પૃથ્વીને બહુજ સંકુચિત કરી મૂકી છે. મૈત્રીનો પ્રયોગ સૌ પ્રાણી સાથે અજમાવતાં હૈયાંનો સંકોચ વિદાય લે છે. અને વિકાસ આકાર લે છે. દુનિયાને સુધારવા જવાની જરૂર નથી. એનામાં કોઈ ખોડ–ખાંપણ નથી. આપણો જ મેળ દુનિયા સાથે બાતો નથી માટે જાતને જ સુધારવાની જરૂર છે. મૈત્રીની કેળવણી આત્મ–સુધારણાનો નક્કર પ્રયોગ છે

૧૫. પ્રેમનું મહાકાવ્ય કરૂણા છે.

૧૬. અપ્રસન્ન થવાના કરોડો નિમિત્તને લકવો કરી નાંખવાની આત્માની જે અખૂટ શક્તિ તે જ ક્ષમા.

૧૭. ઉદાસીન એટલે એરંડીયા બજારનો રાજા નહિ. સદા સૂતકી મોં લઇને ફરનાર નહિ. સ્મશાની માનસ નહિ પણ તત્વનિષ્ઠ માનવતા. કેમકે તત્વ જ પક્ષપાત રહિત હોય છે.

૧૮. જનમવું એ આત્માનું એક ભયંકર અપમાન નથી?

૧૯. જડ જગત સાથે વિકારી સંબંધ થવો એનું નામ ઉપભોગ. અને એ જડ જગત સાથેનો અનાસક્તિ ભાવ એનું નામ ઉપયોગ. જગત મ્યુઝિયમ છે. એના પદાર્થો નિરીક્ષક બનીને જોવાના જ છે. એનો ઉપભોગ થઈ શકતો જ નથી. પરમાત્મભાવ મેળવવા માટે જગતના જંતુને જડ જગત સાથે ઉપયોગનો સંબંધ સાધવો જરૂરી છે.

૨૦ માનવની ભોગ–ભૂખી નજરે નરક સર્જ્યાં છે, સંહાર સર્જ્યો છે. ભયંકર તાંડવો પણ કર્યા છે. જેની દૃષ્ટિમાં ભોગ નથી એને કોઇ વિકારી રોગ લાગુ પડતો નથી, એ તો યોગની પરમ સાધનામાં સર્વ શ્રેયસ્કરી સમદૃષ્ટિને લાધે છે.

૨૧. ચેતન! તારી કોઇ સાધના વિના સારાય જગતને જગાડી દેવાની નિષ્ફળ મનોવૃત્તિ શાને ધરે? તારી સાધના એક બિંદુ સમાન છે. એ બિંદુમાં જ આખા ય જગતની સાધનાનો સિંધુ સમાઈ નથી જતો?

૨૨. મૌન સ્વયં મહાવ્યાખ્યાન છે.

૨૩. દિલસાં પ્રકાશ છે, ત્યાં સુધી જ સામાના દિલમાં પ્રેમ છે. દિલમાં અંધકાર પ્રગટે તે જ ક્ષણે સામાના દિલમાં વહેમોની ભુતાવળ જાગે છે.

૨૪. માનવી બોલે છે ૩ રીતેઃ– જીભ વડે, અક્કલ વડે અને જીગર વડે.

૨૫. આપત્તિ એક અંધારા ખંડમાં પડેલી વસ્તુઓ જેવી છે. જો આપણે ખંડમાં પ્રવેશવાની દરકાર ન કરીએ તો તે વસ્તુઓ ચિત્રવિચિત્ર આકારની અથવા ડરામણી લાગ્યા કરશે કાં તો દીવો પ્રગટાવી તે અંધકાર દૂર કરવો જોઈએ અથવા અંધકારમાં પ્રવેશી આંખ ટેવાય નહિ ત્યાં સુધી ધૈર્ય ધરવું જોઇએ. ધીમે ધીમે આપત્તિઓ એના ખરા સ્વરૂપમાં દેખાય છે અને તે સ્વરૂપમાં તે આપણી સંપત્તિ બની જાય છે.

૨૬. તમે સિંહની જેમ છલંગ મારી આગળ ભલે વધો પણ સિંહની જેમ પાછળ જોવાનું ચૂકતા નહિ. જો તમે તમારા વહી ગયેલા જીવન–કાળની પળેપળની નોંધ લેશો નહિ તો તમે સિંહાવલોકન કરનારા નહિ બનતાં સિંહ જેવા શૂર બનીને આગળ વધી શકશો નહિ.

૨૭. માનવીની એક પ્રતિજ્ઞા તૂટે છે, ત્યારે હજારો ભાવના, હજારો કામના અને કલ્પના ભાંગીને ભુક્કો થઈ જાય છે. એક મહાબંધ તૂટે તો કેટલા ગામ જળ બંબાકાર થઈ જાય?

['સાધનાની પગદંડીએ'માંથી]

જૈન દર્શનનો કર્મવાદ

રસબંધનું સ્વરૂપ.

માસ્તર ખુબચંદ કેશવલાલ સિરોહી (રાજસ્થાન)

જીવ અનાદિકાળથી કર્મના યોગે સંસારમાં પરિભ્રમણ કરે છે. એ કર્મનું સ્વરૂપ દરેકે જાણવું જરૂરી છે. કર્મબંધ ચાર ભેદે છે. પ્રકૃતિ, સ્થિતિ, રસ અને પ્રદેશ. તેમાં પ્રકૃતિ અને સ્થિતિબંધનું સ્વરૂપ લેખકે ' કલ્યાણ ' ના અગાઉના અંકોમાં રજૂ કર્યું છે. હવે રસબંધનું સ્વરૂપ સરળ ભાષામાં લેખકે રજૂ કરેલ છે. કર્મ સાહિત્યના અભ્યાસીઓને આ લેખમાળા અતિ ઉપયોગી છે.

અહીં રસ એટલે શું? તે સમજવું પહેલું જરૂરી છે.

કર્મરૂપે પરિણામ પામેલ કાર્મણવર્ગણાના પુદ્ગલોમાં સ્વસ્વભાવાનુસાર જીવને અનુગ્રહ (ગુડ એફેક્ટ) કે ઉપઘાત (બેડ એફેક્ટ) કરવામાં ન્યૂનાધિક સામર્થ્ય (પાવર) તેને કર્મરસ કહેવાય છે. જગતમાં કેટલીયે વસ્તુઓ એવી છે કે સમાન-સ્વભાવીય તે પૃથક્ પૃથક્ વસ્તુઓ જીવોને પોતાનો સ્વભાવ બતાવવામાં એક સરખું સામર્થ્ય ધરાવતી નથી. એક સરખું સામર્થ્ય નહિ ધરાવવાના હિસાબે તેમના સ્વભાવની અસર પણ જીવ ઉપર એક સરખી થતી નથી.

અનુગ્રહ પ્રાપ્ત કરાવવાના સ્વભાવવાળી વસ્તુઓ પૈકી જે વસ્તુનું સામર્થ્ય (પાવર) વધુ તેમ તેની કિંમત વધુ સારી અંકાય. તેથી વિપરીત એટલે ઉપઘાત પ્રાપ્ત કરાવવાના સ્વભાવવાળી વસ્તુઓ પૈકી જે વસ્તુનું સામર્થ્ય ઓછું તે, તે સ્વભાવવાળી વધુ સામર્થ્ય યુક્ત વસ્તુઓ કરતાં સારી ગણાય, આ હકિકત સહેલાઇથી સમજી શકવા માટે મનુષ્યોને અનેકવાર ઉપયોગી 'સુંઠ'નું દ્રષ્ટાંત લઇએ. વાયુ હરવા માટે યા તો જઠરાગ્નિ પ્રદીપ્ત કરવા માટે યા તો સુંઠના ગુણને અનુરૂપ શારીરિક ચિકિત્સા માટે સુંઠનો ઉપયોગ કરવાની પ્રથા આપણામાં વિશેષે કરીને પ્રચલિત છે. વિવિધ પ્રકારની સુંઠો બજારમાં વેચાતી હોવા છતાં આપણે અમુક જ સ્થાને ઉત્પન્ન થતી સુંઠને વધુ કિંમતી ગણીયે છીએ. તમામ સ્થાનોની સુંઠો મુખ્યત્વે તો ઉપર કહેલ શારીરિક ચિકિત્સાના ઉપયોગ માટેજ બજારમાં વેચાય છે. તેમ છતાં એકજ સ્વભાવવાળી તે સુંઠોમાં પોતાના સ્વભાવાનુસાર અસર કરવામાં વધુ પાવરવાળી સુંઠ વધુ કિંમતી ગણાય છે. અને માણસો વધુ કિંમત આપીને તે પહેલી લે છે. તમામ સુંઠ સરખા સ્વભાવવાળી હોવા છતાં તેમાં સામર્થ્ય (પાવર)ની ન્યુનાધિકતા ઉત્પન્ન થવામાં તેની ઉત્પત્તિ સ્થાને તેને પોષક સંયોગોની ન્યુનાધિકતા યા તો અનુકૂલ-પ્રતિકૂલતા જ કારણભૂત છે. એ દ્રષ્ટાંતને અનુસાર કાષાયિક અધ્યવસાયથી નિયત થતી કર્મના રસબંધની હકિકત પણ આપણે વિચારીને સમજી શકીયે.

આ જીવ કાષાયિક અધ્યવસાય વડે અનંતાનંત પ્રદેશો યુકત અનંત સંખ્યા પ્રમાણ કર્મસ્કંધોને એક વિવક્ષિત સમયે પ્રત્યેક આત્મપ્રદેશે ગ્રહણ કરે છે. તે પ્રત્યેકે પ્રત્યેક કર્મપ્રદેશમાં સ્વસ્વભાવાનુસાર આત્માને અનુગ્રહ (ગુડ એફેક્ટ) કે ઉપઘાત (બેડ એફેક્ટ) કરનાર રસાવિભાગ (અનડીવાઇડેબલ પાર્ટીકલ ઓફ પાવર)નું પ્રમાણ ઓછામાં ઓછું (least) પણ સર્વજીવથી અનંત ગુણ સંખ્યા પ્રમાણ તો હોય જ છે. વળી એકજ સમયમાં ગ્રહણ થયેલા કર્મ પુદ્ગલોના તે પ્રત્યેક પ્રદેશમાં રસાવિભાગોની સંખ્યાનું પ્રમાણ એક સરખું નહિ હોતાં હીનાધિક હોય છે.

એકજ અધ્યવસાયવડે ગ્રહણ થતા સર્વ પરમાણુઓમાં એક સરખી યોગ્યતાનો અભાવ

હોવાથી ગ્રહણ સમયે થતું રસનું પરિણમન હીનાધિકપણે થાય છે. તે સર્વ હીનાધિકપણાનો સમુદાય તે એક અનુભાગ બંધસ્થાન કહેવાય છે.

કર્મપ્રાયોગ્ય વર્ગણાઓમાં આત્માને અનુગ્રહ કે ઉપઘાત કરવાનું સામર્થ્ય (પાવર) તેને જીવે ગ્રહણ કર્યા પહેલાં હોતું નથી. તે કર્મ પુદ્ગલોને જીવવડે ગ્રહણ કરાતા સમયે જ તેમાં જ્ઞાનાવરણત્વાદિ વિચિત્ર સ્વભાવો ઉત્પન્ન થવાની સાથે જ જીવના કાષાયિક અધ્યવસાયોવડે અનુગ્રહ કે ઉપઘાતના સામર્થ્યનું નિર્માણ થાય છે. પુદ્ગલના આવા વિવિધ પરિણામો જગતમાં પણ આપણે પ્રત્યક્ષ અનુભવીએ છીએ. એટલે કર્મરૂપે પરિણામ પામેલ કાર્મણવર્ગણાના પુદ્ગલોમાં અમુક સ્વભાવ કે સામર્થ્યનું નિર્માણ આ રીતે થાય તેમાં કંઇ અસંભવિત જેવું નથી.

આધુનિક રસાયન શાસ્ત્રમાં અમુક પ્રયોગ દ્વારા અમુક અમુક વસ્તુઓમાં ઉત્પન્ન થતો અમુક પ્રકારનો સ્વભાવ અને સામર્થ્ય એ કર્મપ્રદેશોમાં ઉત્પન્ન થતા સ્વભાવ અને સામર્થ્યની હકિકતને સત્યરૂપે પુરવાર કરવામાં સચોટ દૃષ્ટાંત રૂપ છે. ખૂબ દીર્ઘદૃષ્ટિથી અનંત જ્ઞાનીઓએ કહેલાં સર્વ વચનોની ગવેષણા કરીએ તો આજના વૈજ્ઞાનિક પ્રયોગોથી આપણે જે થનથનાટ અનુભવીએ છીએ તે થનથનાટ સર્વજ્ઞ દેવોએ કહેલ તત્ત્વજ્ઞાન આગળ તુચ્છવત્ છે. સૂર્યના તેજને જેણે ન જોયું હોય કે ન સાંભળ્યું હોય તેને એક ટમટમીયા દીપકનો પ્રકાશ પણ આનંદમગ્ન બનાવે તેમાં કંઇ આશ્ચર્ય ન કહેવાય.

રસબંધના સ્વરૂપ કથનમાં વપરાતા કેટલાક સૈદ્ધાંતિક શબ્દોની સમજણ ન પડે તો તે વિષય સમજવામાં મુશ્કેલી ઉભી થાય. એટલે પ્રથમ તો તે પારિભાષિક શબ્દોની સ્પષ્ટતા કરી લઇએ એટલે આ વિષય સમજવામાં સુલભતા રહે.

કર્મપ્રદેશ—કર્મરૂપે પરિણામ પામેલ પુદ્ગલ સ્કંધનો અવિભાજ્ય (અનડીવાઇડેબલ પાર્ટીકલ) ભાગ.

રસાનુભાગ યા રસાંશ—કર્મનો અવિભાજ્ય રસ (અનડીવાઇડેબલ પાર્ટીકલ ઓફ પાવર)

અનુભાગવર્ગણા—સરખી સંખ્યા પ્રમાણ રસાંશવાળા કર્મ પ્રદેશનો સમૂહ. (લોટ)

અનુભાગ સ્પર્દ્ધક—અભવ્યથી અનંત ગુણ અથવા સિદ્ધજીવોથી અનંતમા ભાગ પ્રમાણ અનુભાગ વર્ગણાઓના સમૂહનું એકીકરણ. (ગ્રુપ ઓફ લોટસ)

અનુભાગ બંધ—અભવ્યથી અનંત ગુણ અથવા સિદ્ધજીવોથી અનંતમા ભાગ પ્રમાણ સંખ્યા યુકત અનુભાગ સ્પર્દ્ધકો (ગ્રુપ ઓફ ગ્રુપ્સ)માંના કર્મપ્રદેશોના રસાંશ સમૂહના એકીકરણથી ઉત્પન્ન થયેલ સામર્થ્ય. અથવા વિવક્ષિત સમયે આત્માએ ગ્રહણ કરેલ સંપૂર્ણ કર્મસ્કંધોનો સામુહિક પાવર.

એક સમયે જીવે ગ્રહણ કરેલ હીનાધિક પ્રમાણ રસાવિભાગોવાળા તે કર્મસ્કંધોમાંના ઓછામાં ઓછા (least) રસાવિભાગોએ યુક્ત જે કર્મપ્રદેશોનો સમૂહ તે એક વર્ગણા કહેવાય છે. તેના કરતાં એક રસાવિભાગ અધિક પ્રમાણવાળા જે કર્મપ્રદેશોનો સમૂહ તે દ્વિતીય વર્ગણા કહેવાય છે. એમ એક એક રસાવિભાગની વૃદ્ધિવાળી કર્મપ્રદેશોની ક્રમેકમે વર્ગણા કરતા અભવ્યથી અનંત ગુણ અથવા સર્વ સિદ્ધથી અનંતમા ભાગ પ્રમાણ વર્ગણાઓ કહેવી. પ્રત્યેક વર્ગણામાંના કર્મપ્રદેશ સમૂહ, પૂર્વની વર્ગણા કરતાં એક એક રસાવિભાગે અધિક રસાંશવાળા હોવા છતાં તે પ્રદેશ સમુહની સંખ્યા, પૂર્વની વર્ગણાના પ્રદેશ સમૂહથી વિશેષ હીન હોય છે. એટલે કે પ્રત્યેક વર્ગણાએ એકએક રસાવિભાગની વૃદ્ધિ થવાની સાથે પ્રદેશસંખ્યા ઓછી થતી જાય છે.

ઉપર કહ્યા મુજબ અભવ્યથી અનંતગુણ અથવા સર્વ સિદ્ધથી અનંતમા ભાગ પ્રમાણ સંખ્યાયુક્ત વર્ગણાનો સમુદાય તે સ્પર્દ્ધક કહેવાય

છે. હવે તે પહેલા સ્પર્દ્ધકની છેલ્લી વર્ગણામાંના પ્રત્યેક કર્મ પ્રદેશના રસાવિભાગની સંખ્યા કરતાં સર્વજીવથી અનંતગુણ જેટલા અનંતાનંત રસાવિભાગ અધિક સંખ્યા પ્રમાણ રસાવિભાગવાળા કર્મપ્રદેશોના સમૂહવાળી બીજા સ્પર્દ્ધકની પહેલી વર્ગણા હોય છે. તેના કરતાં એક રસાવિભાગ અધિક પ્રદેશવાળી બીજી વર્ગણા હોય છે. એ રીતે બીજા સ્પર્દ્ધકમાં પણ એક એક રસાવિભાગની વૃદ્ધિએ પ્રથમ સ્પર્દ્ધક પ્રમાણ વર્ગણાઓ સમજવી. અને એ રીતે અભવ્યથી અનંતગુણ અથવા સર્વ સિદ્ધના અનંતમા ભાગ પ્રમાણ સ્પર્દ્ધકો કહેવાં. તે પ્રત્યેક સ્પર્દ્ધકની પહેલી વર્ગણામાંના પ્રત્યેક કર્મપ્રદેશમાં પૂર્વ સ્પર્દ્ધકની છેલ્લી વર્ગણામાં રહેલા પ્રત્યેક પ્રદેશના રસાવિભાગો કરતાં અનંત ગુણ રસાવિભાગો સમજવા. આ પ્રમાણે ઓછામાં રસાવિભાગોવાળા કર્મપ્રદેશોની વર્ગણાથી પ્રારંભી અભવ્યથી અનંતગુણ અથવા સર્વસિદ્ધના અનંતમા ભાગ પ્રમાણ સ્પર્દ્ધકો સુધીમાં હીનાધિકપણે રહેલ રસાવિભાગોનો જે સમુદાય તે પહેલું અનુભાગ (રસ) બંધ સ્થાન અથવા તો જઘન્ય અનુભાગ (રસ) બંધ સ્થાન કહેવાય છે.

આ જઘન્ય અનુભાગ બંધ સ્થાનમાં ઉપર કહ્યા મુજબ રસાવિભાગોના સમુદાયથી એકપણ રસાંશ ન્યૂન રસસમુદાય કોઇ પણ કર્મનો હોય જ નહિં. ત્યારપછી ક્રમેક્રમે એક અનુભાગબંધ પ્રમાણ રસની વૃદ્ધિએ ઉત્કૃષ્ટ (હાઇએસ્ટ) રસબંધ સુધી કર્મના રસનું પ્રમાણ સમજવું. એક એક અનુભાગ બંધ સ્થાનની વૃદ્ધિમાં પૂર્વના અનુભાગ બંધસ્થાનથી પછીના અનુભાગ બંધસ્થાનમાં સ્પર્દ્ધકોની સંખ્યા અનંતભાગ અધિક સમજવી તથા પૂર્વના અનુભાગ સ્થાનના છેલ્લા સ્પર્દ્ધકની છેલ્લી વર્ગણાના કોઇપણ કર્મપ્રદેશના રસાણુમાં સર્વજીવથી અનંતગુણ સંખ્યા પ્રમાણ રસાણુ ઉમેરતાં જેટલા રસાણુ થાય તેટલા રસાણુ, પછીના અનુભાગસ્થાનના પહેલા સ્પર્દ્ધકની પહેલી વર્ગણાના કોઇપણ કર્મપ્રદેશમાં સમજવા.

આ રીતે એક અનુભાગ સ્થાનના કુલ રસાંશની સંખ્યા કરતાં પછીના અનુભાગ સ્થાનમાંના રસાંશોની અધિકતા સમજી શકાશે. અને રસાંશોની અધિકતાના હિસાબે પૂર્વના અનુભાગ સ્થાન કરતાં પછીના અનુભાગ સ્થાનની તીવ્રતાનો પણ ખ્યાલ થશે. કારણકે અનુભાગસ્થાનોમાં જેમ જેમ રસાંશોની અધિકતા તેમ તેમ તે તે અનુભાગસ્થાનદ્વારા જીવને ઉપઘાત કે અનુગ્રહની અસર વધુ થાય છે.

અહીં તો માત્ર જઘન્ય અનુભાગ (રસ) સ્થાનનું સ્વરૂપ વિચાર્યું. તેના કરતાં આગળ આગળનાં અનુભાગ સ્થાનોમાં રસની તીવ્રતા સમજવા માટે અનુભાગ સ્થાનોમાં કંડક પ્રરૂપણા તથા ષટ્સ્થાનક પ્રરૂપણાનું સ્વરૂપ પંચસંગ્રહ, કર્મપ્રકૃતિ વગેરે ગ્રંથોથી સમજવું અત્યંત આવશ્યક છે. અહીં તો માત્ર વિષયનિર્દેશ કર્યો છે, અનુભાગસ્થાનો સમજવાની સુગમતા માટે આ તો માત્ર વિષયપ્રવેશ છે. ઉપરોક્ત ગ્રંથોમાં દર્શાવેલ આ વિષયની હકિકત અંગે રૂચિ પેદા કરવામાં અહિંતો માત્ર અંગુલિનિર્દેશ છે. એટલે મુમુક્ષુ આત્માઓએ આ વિષયને ગુરુગમથી યા તો મહાન્ ગ્રંથોથી અતિસ્પષ્ટપણે સમજવો તે આત્મશુદ્ધિ માટે અત્યંત જરૂરી છે.

શાસ્ત્રોમાં આવા સૂક્ષ્મ વિષયની વિચારણામાં શાસ્ત્રીય પદ્ધતિએ કેટલીક સંખ્યા દર્શાવવામાં આવી છે. જે સંખ્યાને ઓળખવા માટે આધુનિક ગણત્રીવાળી સંખ્યામાં કોઈ સંજ્ઞાજ નથી, તેવી સંખ્યાને સમજવા માટે શાસ્ત્રકારોએ દ્રષ્ટાંતદ્વારા ઉપમાઓ આપી તેની અમુક અમુક સંજ્ઞાઓ આપેલી છે. વિષય સમજુતીમાં આવતી એવી સંખ્યાવાચક સંજ્ઞાઓ કેટલાક સંદિગ્ધ આત્માઓને શુષ્ક લાગે છે, પરંતુ એવાઓએ સમજવું જોઈએ કે એ રીતની સંખ્યાસૂચક સંજ્ઞાઓનો મહાપુરુષોએ શાસ્ત્રમાં ઉપયોગ ન કર્યો હોત તો આજના બાલજીવો અતિ મહત્વના અધ્યાત્મવિષયના જ્ઞાનથી સર્વથા વંચિત જ રહી જાત, મોટામાં મોટી કે નાનામાં નાની

અંક સંખ્યા સમજવા માટે તે મહાપુરુષોએ આવી સંખ્યાસૂચક સંજ્ઞાઓથી તે તે સંખ્યાની સમજને એવી સુગમ બનાવી છે કે તે જોતાં તો ભાવદયાનિધાન તે મહાપુરુષો પ્રત્યે અનેક ભવ્યાત્માઓનાં શિર ઝુકી જાય છે.

ભૌતિક લાલસામાં મગ્ન બની રહેનાર અને અધ્યાત્મ જીવનની ઉપેક્ષા કરનારાઓને આવી હકિકતો પ્રત્યે સૂગ આવે એ સ્વાભાવિક છે. એક તારાનું વર્ષે તેજ અહીં આવે છે, એક તારો અમુક કરોડ વર્ષે અમુક પ્રમાણમાં આપઘાત કરતો જાય છે, એક પરમાણુ એક રજકણનો અમુક કરોડમો ભાગ છે, આવી કરોડો, અબજો, સંખ્યાત, અસંખ્યાત, તથા અનંતની વાતોવાળા આધુનિક વિજ્ઞાન વિષે પ્રસિધ્ધ થતા લેખો વાંચતાં જેને માનસિક પરિશ્રમ નથી અનુભવાતો, તેમાં આવતી હકિકતો જેને વિચિત્ર નથી લાગતી, તે હકિકતોની સૂક્ષ્મતા સમજવા માટે વૈજ્ઞાનિકોએ રચેલી અમુક અમુક સંજ્ઞાવાળી શબ્દરચના જેને હંબક નથી લાગતી, તેવા મનુષ્યો આ અધ્યાત્મજ્ઞાન અંગેની આવી સૂક્ષ્મ હકિકત પ્રત્યે ઉપેક્ષાવૃત્તિ, ઘૃણા કે અવિશ્વાસ કેમ રાખતા હશે ? તે કંઇ સમજી શકાતું નથી.

અરે ! આધુનિક વિજ્ઞાનની ઉપરોક્ત હકિકતોનો જેને મગજમાં ખ્યાલ પણ નથી, અને સમજી શકે તેવી શકિત પણ નથી, એવા મનુષ્યો પણ વિજ્ઞાનની સર્વ હકિકતને સંપૂર્ણ સત્ય સમજે છે. વળી ભવિષ્યમાં બીજી પણ વિજ્ઞાનસિદ્ધિ કરવાના વૈજ્ઞાનિક પ્રયત્નો પ્રત્યે વિશ્વાસ દ્રષ્ટિએ જુએ છે, આવા મનુષ્યો પણ અનંતજ્ઞાની પુરુષોએ કહેલ અધ્યાત્મ વિષયક હકિકતને સત્યપણે સ્વીકારવામાં સ્વબુદ્ધિગમ્યનો જ આગ્રહ સેવે છે, સ્વબુધ્ધિગમ્યથી વિપરીત હકિકતનો સ્વીકાર કરવામાં તેઓ લેશમાત્ર તૈયાર નથી, આવા મનુષ્યો કેવળ દયાને જ પાત્ર છે એથી વિશેષ શું કહી શકાય ?

[ચાલુ]

★ ★ ★

ઘરમાં તેમજ લાઈબ્રેરીમાં અચૂક વસાવવા યોગ્ય

'કલ્યાણ'ની ફાઇલો

[દરેક ફાઇલના રૂા. ૫-૫૦ પોસ્ટેજ અલગ]

'કલ્યાણ' સોળ વર્ષથી ચાલે છે. ૮૦૦ ઉપરાંત પેજની દરેક ફાઇલો છે. અનેક વાર્તાઓ, શંકા સમાધાન; જ્ઞાનગોચરી, મધપૂડો, વહેતાં વહેણો, લેખો, નિબંધો, સમાચાર વગેરે ઉપયોગી સાહિત્ય સામગ્રીથી ભરપૂર પાકું બાઇન્ડીંગ છતાં મૂલ્ય ૫—૫૦

કલ્યાણ પ્રકાશન મંદિર : પાલીતાણા. [સૌરાષ્ટ્ર]

મોક્ષ અંગેની મુદ્દાની વાતો

શ્રી જૈન શ્રેયસ્કર મંડળ-મહેસાણા તરફથી શ્રી પ્રભુદાસભાઇ પારેખ કૃત સૂત્રાર્થ અને સારબોધિની સાથે પ્રગટ થનાર **શ્રી ત-ત્વાર્થાધિગમ** સૂત્રમાં ગ્રંથકારશ્રીએ અંત્ય કારિકાઓમાં સુંદર રીતે મોક્ષનું સ્વરૂપ વર્ણવેલું છે, તે ઉપયોગી જણાયાથી અહિં સાભાર ઉદ્ધૃત કરવામાં આવેલ છે.

卐

૧ ઘાતિ કર્મોના નાશનો ક્રમ:

एवं तत्त्व-परिज्ञानाद्, विरक्तस्यात्मनो भृशम् ।
निरास्रवत्वाच्छिन्नायां नवायां कर्म-सन्ततौ ॥१॥
पूर्वार्जितं क्षपयतो, यथोक्तैः क्षय-हेतुभिः ।
संसारबीजं कात्स्न्र्येन, मोहनीयं प्रहीयते ॥२॥
ततोऽन्तराय-ज्ञानघ्न — दर्शनघ्नान्यनन्तरम् ।
प्रहीयन्तेऽस्य युगपत्, त्रीणि कर्माण्यशेषतः ॥३॥

એ પ્રમાણે—

તત્વજ્ઞાન થવાથી વૈરાગી આત્મા તદ્દન આસ્રવો રહિત થાય એટલે—

નવી કર્મોની પરંપરા (બંધાતી) અટકી જાય છે !

અને પૂર્વે કહેલા સમ્યગ્દર્શનાદિક કર્મના ક્ષયના હેતુઓથી પૂર્વે સંગ્રહેલા કર્મોનો ક્ષય થવાથી સંસારના બીજરૂપ મોહનીય કર્મ પૂરેપૂરું ક્ષય પામી જાય છે. ૨

ત્યારપછી—

અંતરાય, જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય એ ત્રણેય કર્મો પૂરેપૂરા એકી સાથે તરત જ ક્ષય પામી જાય છે.

૨ ઘાતિકર્મોનો નાશ થવાનું કારણ:

गर्भ-सूच्यां विनष्टायां, यथा तालो विनश्यति ।
तथा कर्म क्षयं याति, मोहनीये क्षयं गते ॥४॥

જેમ-ગર્ભમાં રહેલી લાંબી સોય નાશ પામે છે ત્યારે તાડનું ઝાડ પણ નાશ પામી જાય છે, તેમ-મોહનીય કર્મ ક્ષય પામવાથી (શેષ) કર્મ પણ ક્ષય પામે છે. ૪

૩ ઘાતિકર્મોનો નાશ થવાથી શું થાય ?

ततः क्षीण-चतुःकर्मा, प्राप्तोऽथाख्यात-संयमम् ।
बीज-बन्धन-निर्मुक्तः, स्नातकः परमेश्वरः ॥५॥
शेष-कर्म-फलापेक्षः, शुद्धो बुद्धो निरामयः ।
सर्वज्ञः सर्वदर्शी च, जिनो भवति केवली ॥६॥

તે વાર પછી—

ચાર કર્મ જેના નાશ પામેલા છે: યથાખ્યાત ચારિત્રને પામેલા: બીજના બંધનથી રહિત: સ્નાતક: પરમેશ્વર: બાકીના ચાર કર્મોના વિપાકો ભોગવતા: શુદ્ધ: બુદ્ધ: નિરોગી: સર્વજ્ઞ: સર્વદર્શી; જિન: અને કેવલી: થાય છે. ૫-૬.

૪ મોક્ષ કેવી રીતે પામે છે ?

कृत्स्न-कर्म-क्षयादूर्ध्वं, निर्वाणमधिगच्छति ।
यथा दग्धेन्धनो वह्नि-निरुपादान-सन्ततिः ॥७॥
दग्धे बीजे यथाऽत्यन्तं, प्रादुर्भवति नाङ्कुरः ।
कर्म-बीजे तथा दग्धे, नारोहति भवाङ्कुरः ॥८॥

પછી—

જેમ લાકડાં બળી ગયા પછી, નવા બળતણના સંકોરણ વગરનો અગ્નિ બુજાઈ જાય છે. તેમ-સર્વ કર્મોનો ક્ષય થઇ ગયા પછી નિર્વાણ-મોક્ષ પામે છે. ૭

બીજ તદ્દન બળી જવાથી જેમ અંકુરો ફૂટી શકતો નથી. તેમ કર્મરૂપી બીજ બળી જવાથી સંસારનો અંકુરો ફૂટી શકતો નથી. ૮.

૫ કર્મોથી મોક્ષ–મુક્તિ થતાં જ શું થાય ?

तदनन्तरमेवोर्ध्व–मालोकान्तात् स गच्छति ।
पूर्व–प्रयोगासङ्गत्व––बन्धच्छेदोर्ध्वगौरवै : ॥ ९ ॥

સર્વ કર્મક્ષય પછી તુરત જ પૂર્વ પ્રયોગ; અસંગપણું–તદ્દન છુટાપણું; અને બંધન તુટી પડવાથી ઉંચે જવાના સ્વભાવને લીધે આત્મા ઉંચે લોકના અંત સુધી પહોંચી જાય છે. ૯.

૬ સિધ્ધની ગતિના સમર્થક પૂર્વ પ્રયોગાદિના ઉદાહરણો :

कुलाल–चक्रे दोलाया– मिषौ चापि यथेष्यते ।
पूर्व–प्रयोगात् कर्मेह, तथा सिद्धिगतिः स्मृता ॥ १० ॥

मृल्लेप–सङ्ग–निर्मोक्षाद्, यथा दृष्टाऽप्स्वलाबुनः ।
कर्म–सङ्ग– विनिर्मोक्षात्, तथा सिद्धिगतिः स्मृता ॥ ११ ॥

एरण्ड–यन्त्र–पेडासु, बन्ध–च्छेदाद् यथा गतिः ।
कर्म–बन्धन––विच्छेदात्, सिद्धस्यापि तथेष्यते ॥ १२ ॥

"ऊर्ध्व–गौरव–धर्माणो, जीवा" इति जिनोत्तमैः ।
"अधो–गौरव–धर्माणः. पुद्गला" इति चोदितम् ॥ १३ ॥

यथाऽधस्तिर्यगूर्ध्वं च, लोष्ट–वाय्वग्नि–वीतयः ।
स्व–भावतः प्रवर्तन्ते तथोर्ध्वं गतिरात्मनाम् ॥१४॥
अतस्तु गति–वैकृत्य––मेषां यदुपलभ्यते ।
कर्मणः प्रतिघाताच्च, प्रयोगाच्च तदिष्यते ॥१५॥
अधस्तिर्यगथोर्ध्वं च, जीवानां कर्म–जा गतिः ।
ऊर्ध्वमेव तु तद्धर्मा, भवति क्षीण–कर्मणाम् ॥१६॥

અર્થ :–જેમ પૂર્વપ્રયોગથી કુંભારના ચાકડાની ગતિ, હિંડોળાની ગતિ અને બાણની ગતિ જે રીતે હોય છે, તે રીતે અહીં ગતિક્રિયા થાય છે. માટે સિદ્ધિક્ષેત્રમાં જવાની ગતિ જણાવી છે. ૧૦.

પાણીમાં ડૂબાડેલાં માટીના લેપવાળા તુંબડા ઉપરથી માટીના લેપનો સંબંધ ચાલ્યો જવાથી તે જેમ ગતિ કરીને ઉપર આવી જાય છે, તેમ કર્મનાં સંબંધ છૂટી જવાથી સિદ્ધિક્ષેત્રમાં આત્માની ગતિ જણાવી છે. ૧૧.

એરંડીના ફળની, યન્ત્રની રચનાની અને પેડાની જેમ બંધન તૂટી જવાથી–ખસી જવાથી ગતિ થાય છે, તેમ કર્મના બંધન તૂટી જવાથી સિદ્ધના આત્માની ગતિ થાય છે. ૧૨.

શ્રી જિનેશ્વર દેવોએ કહ્યું છે, કે—

" જીવો ઉંચે જવાના સ્વાભાવિક સ્વભાવવાળા હોય છે " અને " પુદ્ગલો નીચે જવાના સ્વાભાવિક સ્વભાવવાળા હોય છે " ૧૩.

જેમ ઢેકું, પવન અને અગ્નિ અનુક્રમે નીચે, વચ્ચે અને ઉંચે ગતિ કરે છે, તેમ ઉંચે જવાના સ્વભાવવાળા આત્માની સ્વભાવથી ઉંચે ગતિ પ્રવર્તે છે. ૧૪.

એ કારણે—

તેઓની (ઢેકું, પવન અને અગ્નિની) ગતિમાં વિકાર દેખાય છે–ફેરફાર દેખાય છે (એટલે કે– ઢેકું ફેંકવાથી ઉંચે જાય, પંખા આદિની પ્રેરણાથી વાયુ નીચે કે ઉપર પણ જાય, અગ્નિની જ્વાળા પવનના જોરથી નીચે કે બાજુમાં પણ ગતિ કરી શકે. ઇત્યાદિ વિકાર દેખાય છે) તે ગતિને પર્વત, ભીંત વગેરેની રોકાવટ થવાથી અને પુરુષ ઇચ્છાપૂર્વક બીજી રીતે પ્રયોગથી ગતિ કરાવવાથી ઘટી શકે છે. ૧૫.

એ પ્રમાણે—જીવોની નીચે (નરકાદિમાં) વચ્ચે (તિર્યક્‌લોકમાં) અને ઉંચે (વૈમાનિકાદિ કે દેવવિમાનોમાં) ગતિ કર્મોને લીધે થાય છે. પરંતુ કર્મોનો ક્ષય થતાં જ સ્વાભાવિકી ગતિ ઉંચે જ થાય છે. ૧૬.

૭ એક જ સમયમાં ભવક્ષય, મોક્ષતા અને ઉર્ધ્વગતિની પ્રાપ્તિ :

द्रव्यस्य कर्मणो यद्वद्-उत्पत्त्यारम्भ-वीतयः ।
समं तथैव सिद्धस्य, गति-मोक्ष-भवक्षयाः ॥१७॥
उत्पत्तिश्च विनाशश्च, प्रकाश-तमसोरिह ।
युगपद् भवतो यद्वद्, तथा निर्वाण-कर्मणोः ॥१८॥

જેમ-(પરમાણુ આદિ) દ્રવ્યમાં ક્રિયા ઉત્પન્ન થાય છે. ક્રિયા પ્રવર્તે છે અને ક્રિયા નાશ પામે છે [એ ત્રણેય જેમ એક જ સમયમાં એકી સાથે થાય છે] તે પ્રમાણે [ઉલ્ટા ક્રમથી લેવાથી]

૧ સંસાર (કર્મ)નો સર્વથા ક્ષયઃ ૨ મોક્ષ સ્વાત્મસ્વરૂપસ્થતાઃ અને ૩ [સિદ્ધશિલા સુધી જવાની] ગતિઃ એ ત્રણેય મુક્ત આત્માના એકી સાથે [એક જ સમયમાં] થાય છે.

જેમ-લોકમાં પદાર્થની ઉત્પત્તિ અને નાશ પ્રકાશ અને અંધકાર એકી સાથે થાય છે. તે પ્રમાણે નિર્વાણની ઉત્પત્તિ અને કર્મના નાશ એકી સાથે થાય છે. ૧૮

[સા૦ બો૦] મોક્ષસ્થાનમાં પહોંચતા વચ્ચે કશી યે આત્માને રૂકાવટ થતી નથી. કેમકે વચ્ચેના સાતરાજ પ્રમાણ ક્ષેત્રમાં રહેલા આકાશ પ્રદેશોને તેની સ્પર્શના કરે તો અસંખ્યાત સમયો ચાલ્યા જાય, માટે અસ્પૃશદ્ગતિ કરવામાં આવે છે વચ્ચે રોકવાનું તેને કોઇપણ કારણ નથી. તેથી તે ત્યાં જ સીધા જાય છે. કારણ કે-એ પ્રકારનો મુક્ત આત્માનો પ્રગટ સ્વસ્વભાવવાળા આત્માનો સ્વભાવ છે. માટે ત્રણે ય એક જ સમયમાં થાય છે. ૧ કર્મોથી છુટવું; ૨ મુક્તાવસ્થામાં સ્થિતિ; ૩ સિદ્ધશિલા સુધીની ગતિ. ૧૮

૮ સિદ્ધિક્ષેત્ર કેવું છે ? ને તેના ઉપર સિદ્ધો કેવી રીતે રહેલા છે ?

तन्वी मनोज्ञा सुरभिः, पुण्या परम-भास्वरा ।
प्राग्भारा नाम वसुधा, लोक-मूर्धनि व्यवस्थिता ॥ १९ ॥
नृ-लोक-तुल्य विष्कम्मा, सित-च्छत्र-निभा शुभा ।
ऊर्ध्वं तस्याः क्षितेः सिद्धा, लोकान्ते समवस्थिताः ॥ २० ॥

લોકને મસ્તકે—

પાતળીઃ સુંદરઃ સુગંધિઃ પવિત્રઃ અને અત્યન્ત તેજસ્વીઃ

પ્રાગ્ભારા નામની પૃથ્વી (અનાદિકાળથી) વ્યવસ્થિત-સ્થિર રહેલી છે. ૧૯

(તે શિલા) મનુષ્યલોક જેટલી (૪૫ લાખ યોજન લાંબી) પહોળી અને સફેદ છત્રી જેવા આકારની અને શુભ છે.

તે પૃથ્વીની ઉપર અને લોકને અંતે સિદ્ધ આત્માઓ સદા કાળને માટે સ્થિર રહેલા છે. ૨૦

[સા૦ બો૦] પ્રાગ્ભારા સિદ્ધશિલાથી એક યોજનની અંદર ઠેઠ લોકને અંતે રહેલી લોકાકાશની છેલ્લી પ્રતરશ્રેણીને સ્પર્શીને સિદ્ધાત્માઓ રહેલા છે. અને ઉપરથી ૫૦૦ ધનુષ્યના ત્રીજા ભાગથી નીચેનો ભાગ સિદ્ધો અને પ્રાગ્ભારાની વચ્ચે સિદ્ધો શીવાય ને ખાલી ભાગ છે. ૨૦

૯ ત્યાં સિદ્ધોના જીવોનું સામાન્ય સ્વરૂપ

तादात्म्यादुपयुक्तास्ते, केवल—ज्ञान——दर्शनैः ।
सम्यक्त्व-सिद्धताऽवस्था, हेत्वभावाच्च निष्क्रियाः ॥ २१ ॥

કેવળજ્ઞાન-દર્શનમય હોવાથી તેઓ કેવળ જ્ઞાન અને કેવળદર્શનના ઉપયોગમાં રહેલા હોય છે. ક્ષાયિક સમ્યક્ત્વ અને સિદ્ધતા અવસ્થામાં રહેલા હોય છે. તથા કશું યે કારણ ન હોવાથી ગતિ વગેરે ક્રિયા કરતા નથી. માટે નિષ્ક્રિય હોય છે. ૨૧

૧૦ લોકના અંતથી ઉપર સિદ્ધોની ગતિ કેમ ન હોય ?

"ततोऽप्यूर्ध्वं-गतिस्तेषां, कस्मान्नास्ती (स्ति" इ)
ति चेन्मतिः ।
धर्मास्तिकायस्याभावात्, स हि हेतुर्गतेः परः ॥२२

"તેથી પણ ઉપર તેઓની ગતિ કેમ ન હોય ?" કદાચ આવો પ્રશ્ન થશે.

તો તેનો જવાબ એજ છે, કે—

ઉપર ધર્માસ્તિકાયનો અભાવ છે. માટે ઉપર ગતિ થતી નથી. કારણ કે ગતિનો મુખ્ય હેતુ ધર્માસ્તિકાય જ છે. ૨૨

૧૧ મોક્ષના સુખ વિષે વિચારણા

૧ સુખ કેવું હોય?

संसार–विषयातीतं, मुक्तानामव्ययं सुखम् ।
अव्याबाधमिति प्रोक्तं, परमं परमर्षिभिः ॥२३॥

" સાંસારિક વિષયોના સુખથી ઉંચા પ્રકારનું જુદું જ સુખ મોક્ષના જીવોને હોય છે, અને તે સુખ અવ્યય, બાધારહિત અને ઉંચા પ્રકારનું હોય છે." એમ પરમર્ષિઓએ કહ્યું છે. ૨૩

[સા૦ બો૦] અવ્યય એટલે કદી નાશ ન પામે. અવ્યાબાધ એટલે તેની વચ્ચે કદી કોઇપણ પ્રકારની ડખલ ન જ આવે. પરમ એટલે ઉંચામાં ઉંચું તેના કરતાં કોઇપણ–અનુત્તરવાસી દેવોનું કે મુનિની શાંતિનું ય સુખ ઉંચું હોઇ શકે નહીં. સૌથી ઉંચા પ્રકારનું સુખ હોય છે, એમ મહર્ષિઓએ–સર્વજ્ઞોએ કહ્યું છે. તેથી જાણ્યું છે, ને અમે કહીએ છીએ એ આચાર્યશ્રીનો આશય છે. ૨૩

૨ મુક્તને સુખ કેવી રીતે સંભવે?

स्यादेतदशरीरस्य, जन्तोर्नष्टाष्टकर्मणः ।
कथं भवति मुक्तस्य, सुखमित्यत्र मे शृणु ॥२४॥

" એ બંધુ ભલે હોય, પરંતુ આઠ કર્મ નાશ કરી ચૂકેલા શરીર રહિત મુક્ત આત્માને સુખ શી રીતે સંભવી શકે?"

આ પ્રશ્નનો મારો જવાબ સાંભળ. ૨૪

[સા૦ બો૦] " સુખ સાતા વેદનીયાદિક કર્મોથી ભોગવાય છે, તેમ જ શરીર દ્વારા ભોગવાય છે મુક્તને તે કર્મો ય નથી, ને શરીરે ય નથી, તો પછી સુખ કઇ રીતે હોઇ શકે?" આ પ્રશ્નકારનો પ્રશ્ન છે.

૩ ઉત્તર :–

लोके चतुर्ष्विहार्थेषु, सुख–शब्दः प्रयुज्यते ।
विषये वेदनाभावे, विपाके मोक्ष एव च ॥२५॥

આ લોકમાં—

૧ વિષયસુખ, ૨ વેદનાનો અભાવ, ૩ સાતા–વેદનીયના ભોગવટામાં અને મોક્ષમાં આ ચાર અર્થમાં " સુખ " શબ્દ વપરાય છે.

ઉદાહરણો : ૧ લું–૨ જું ઉદાહરણ :

"सुखो वह्निः, सुखो वायुः" विषयेष्विह कथ्यते ।
दुःखाभावे च पुरुषः, सुखितोऽस्मीति मन्यते ॥ २६ ॥

૧ વિષયસુખમાં અહીં–

" અગ્નિ સુખકર છે, વાયુ સુખકર છે " એમ કહેવાય છે.

૨ દુઃખના અભાવમાં–

" હું સુખી થયો છું " એમ માણસ માને છે. ૨૬

૩ જું–૪ થું ઉદાહરણ :

पुण्य–कर्म–विपाकाच्च. सुखमिष्टेन्द्रियार्थजम् ।
कर्म–क्लेश–विमोक्षाच्च, मोक्षे सुखमनुपमम् ॥२७॥

૩ કર્મવિપાકજન્ય સુખ–

પુણ્યકર્મના વિપાકથી ઇન્દ્રિયોને મનગમતા વિષયોથી ઉત્પન્ન થાય છે.

૪ મોક્ષનું સુખ–

કર્મના કલેશોથી છુટી જવાથી મોક્ષમાં અનુપમ સુખ થાય છે. ૨૭.

૧૨ મોક્ષના સુખમાં મતભેદો :

सुख–प्रसुप्तवत् केचि–दिच्छन्ति परिनिर्वृतिम् ।
तदयुक्तं क्रियावत्त्वात्, सुखानुशयतस्तथा ॥२८॥
श्रम–क्लम–मद–व्याधि–मदनेभ्यश्च सम्भवात् ।
मोहोत्पत्तेर्विपाकाच्च दर्शघ्नस्य कर्मणः ॥२९॥

કેટલાક કહે છે, કે— " સુખે સુઈ રહેલા માનવના જેવું નિર્વાણ–મોક્ષ હોય છે." તે અયોગ્ય છે. કેમ કે (સુખે સુઈ રહેવાનું સુખ) વચન કાયાના યોગથી પ્રવર્તું હોય છે. તથા તે ઘટ–વધવાળું હોય છે. ૨૮

કારણકે— તે નિદ્રા, થાક, ઢીલાશ, ઘેન, રોગ અને કામસેવન તથા મોહના ઉદયથી અને દર્શનાવરણીય કર્મના ઉદયથી ઉત્પન્ન થતી હોવાથી ઉપર જણાવ્યા પ્રમાણે (ક્રિયાયુકત અને વધઘટ પ્રમાણવાળી) હોય છે.

૧૩ એ સુખનું કોઈ દૃષ્ટાંત બતાવશો ?

लोके तत्सदृशो ह्यर्थः, कृत्स्नेऽप्यन्यो न विद्यते ।
उपगीयते तद् येन, तस्मान्निरुपमं सुखम् ॥३०॥

આ સમસ્ત જગતમાં તેના જેવો બીજો કોઇ પદાર્થ જ નથી, માટે તે સુખ નિરુપમ–ઉપમા વિનાનું–દૃષ્ટાંત વિનાનું કહેવાય છે. ૩૦

૧૪ એ સુખ ઉપમા રહિત છે, તેનું શું કારણ ?

लिङ्ग–प्रसिद्धेः प्रामाण्या–दनुमानोपमानयोः ।
अत्यन्तं चाप्रसिद्धं तद्, यत् तेनानुपमं स्मृतम् ॥३१॥

અનુમાન અને ઉપમાન પ્રમાણ લિંગની પ્રસિદ્ધિથી થાય છે. પરંતુ તે તો તદ્દન અપ્રસિદ્ધ છે. નથી જ. માટે "તે અનુપમ સુખ છે" એમ કહ્યું છે ૩૧

[સા૦ બો૦] ટીકાકારશ્રીએ સૂચિત કરેલો અર્થ આ પ્રમાણે છે. મોક્ષસુખ જેવું કોઇ લિંગ ઓળખાવનાર ચિહ્ન નથી, એ પ્રમાણે કોઈ અન્વય વ્યતિરેકી લિંગ પણ થળતું નથી, જેથી તેના ઉપર તેનું અનુમાન કરાવી શકાય.

૧૫ તો પછી આપ એવા તે સુખનું અસ્તિત્વ હોવાનું પણ શી રીતે કહી શકો છો ?

प्रत्यक्षं तद् भगवता- मर्हतां तैश्च भाषितम् ।
गृह्यतेऽस्तीत्यतः प्राज्ञै–र्न छद्मस्थ–परीक्षया ॥३२॥

અરિહંત ભગવંતોને પ્રત્યક્ષ થયું હોય છે. અને તેઓએ કહ્યું છે, માટે "તે છે" એમ વિદ્વાનો જાણે છે, માને છે. પરંતુ છદ્મસ્થની પરીક્ષાથી તે હોવાનું જાણી શકાતું નથી. ૩૨.

[સા૦ બો] "મોક્ષનું સુખ છે, અને તે અનુપમ છે" એમ બન્ને રીતે સર્વજ્ઞ વીતરાગ અરિહંત ભગવંતોએ પોતાના કેવળજ્ઞાનથી જાણ્યું હોય છે અને તેઓએ મોક્ષમાં ગયા પહેલાં શરીરધારી પણે સ્વ–મુખથી તે પ્રમાણે કહ્યું હોય છે. માટે તેમના વચનથી દરેક સંતો–ડાહ્યા પુરૂષો તે હોવાનું અને તેવું હોવાનું કબુલ રાખે છે. આ સિવાય બીજો ઉપાય જ નથી હોતો. છદ્મસ્થો તે છે કે નહીં ? અને કેવું છે ? તે પણ વાસ્તવિક રીતે જાણી શકે નહીં. જેઓ સર્વજ્ઞ ભગવાનને સીધી રીતે મળી શકયા નથી. હોતા, તેઓ સર્વજ્ઞ પ્રણીત આગમોના વચનોથી જાણી શકે છે ૩૨

આ શ્લોકોમાં મોક્ષ સંબંધી બહુજ મુદ્દાની વાતો ઘણી જ સરળતાથી સમજાવવામાં ગ્રંથકારશ્રી સફળ થયાં છે. તેથી આ કારિકાઓ મૂળ સાથે આપી છે તેમાં ગ્રંથકારશ્રીનાં ભાષા ઉપર પ્રભુત્વ, સરળતા, શબ્દ સૌન્દર્ય, સમજાવવા નીકળા લોકભોગ્ય ને સાદી છતાં સચોટ દલીલો, તેવાં જ દૃષ્ટાંતો અને યુકિતયુકત કથન કરવાની શૈલી વગેરે સ્પષ્ટ થાય છે.

આટલી સુંદર અને મનોરમ ને મીઠી રચનારા શૈલીના દૃષ્ટાંતો સંસ્કૃત વાડ્મયમાં કોઇ વિરલ જ હશે. ૩૨

★

આભારી છીએ

'કલ્યાણ' પંદર વર્ષ પુરાં કરી આ અંકથી સોળમા વર્ષમાં પ્રવેશ કરે છે. આજલગી પૂ. આચાર્યદેવ આદિ મુનિવરોએ,શુભેચ્છકોએ અને વાંચકોએ અમને જે સહકાર આપ્યો છે એ બદલ અમે સૌના અત્યંત ઋણી–આભારી છીએ.

પુનર્જન્મ

શ્રી ચક્રવર્તી રાજગોપાલાચાર્યની વાર્તાનું આ રૂપાંતર છે.
રૂપાંતરકાર શ્રી ચંદ્રકળા. 'રાજ-હંસ' નવેમ્બરના અંકમાંથી ટૂંકાવી
પૂ મુનિરાજ શ્રી જયપદ્મવિજયજી મહારાજે અહિં રજુ કરેલ છે.

શ્રી પિલ્લૈ કે જેની અવસ્થા એંસી વર્ષથી વધારે છે. અને પોલિસ વિભાગમાં એક પ્રતિષ્ઠિત પદ પર કામ કર્યા પછી પોતાની શેષ જીંદગી રામચંદ્રપુરમાં ગાળવા આવ્યા હતા. સંધ્યા સમયે સ્થાનીય સ્કુલના હેડમાસ્તર શિવપ્રકાશ એની સાથે વાતચીત કરવા આવતા.

એકવાર સાંજના તેઓ પુનર્જન્મ સંબંધી ગંભીર વાદવિવાદની ચર્ચામાં ઉતરી પડ્યા. શિવપ્રકાશ જે નવા જમાનાનો હતો અને કંઇ વર્ષોથી વિજ્ઞાન શીખવી રહ્યો હતો, તે પુનર્જન્મના સિદ્ધાંતમાં માનવા તૈયાર ન હતો, એને એ બધું કાલ્પનિક લાગતું હતું.

જ્યારે બીજી બાજુ પિલ્લૈ મહાશયનો અનુભવ ખુબજ વિશાળ હતો. અને પોતાની લાંબી મુદ્દતની નોકરીમાં ભિન્ન ભિન્ન પ્રકારના લોકોના સંપર્કમાં આવ્યા હતા.

તેમણે કહ્યું : 'વિજ્ઞાન જ બધું કંઈ નથી, **ધર્મનું પણ એક સામ્રાજ્ય છે.** જે વિજ્ઞાનના પહોંચની બહાર છે. પુનર્જન્મના સિદ્ધાંતનો સંબંધ આ સામ્રાજ્યમાંનો એક છે, એટલે એને ટેસ્ટટ્યુબ દ્વારા નહિ માપી શકાય, તમે એની સત્યતા માટે ઇન્કાર નહિ કરી શકો.'

એના પ્રત્યુત્તરમાં શિવપ્રકાશ બોલ્યો: 'અંધ વિશ્વાસ તેમજ ભ્રમના તર્કથી દૂર ભાગવામાં જ મઝા છે, અને આ બધા જ આપણી અવનતિ અને પતનનું કારણ છે. સંસારની આ બધી ખોટી વાતો જોઇએ તેટલી ચાતુર્યપૂર્ણ હોય પણ મને તે અત્યાર સુધી સંતોષી શકી નથી, જ્યાં સુધી મને પ્રત્યક્ષ અનુભવ ન થાય ત્યાં સુધી તો નહિ જ.'

"ઠીક તો હું તમને મારા અનુભવની વાત સંભળાવું" પિલ્લૈ મહાશયે જવાબ દેતાં કહ્યું.

"કંઈ વર્ષો પહેલાંની વાત છે. હું તીર્થયાત્રા માટે તિરૂપતિ ગયો હતો, તે દિવસે સખત ગરમી હતી. હું વિશ્રામ માટે એક ઝાડની છાયા નીચે બેઠો. મારાથી થોડે દૂર એક વૈરાગી બેઠો હતો. તેણે કૌપીન અને રૂદ્રાક્ષની માળા પહેરી હતી, અને આખા શરીરે વિભૂતિ લગાવી હતી. એની આકૃતિ બનાવટી કે પાપી સાધુઓ જેવી ન હતી. એની વાતચીત ઉપર મને પૂર્ણ વિશ્વાસ થઇ ગયો કે મારો સાક્ષાત્કાર એક સભ્ય અને વિદ્વાન મનુષ્ય સાથે થયો છે. તેણે આડીઅવળી થોડી વાતો કર્યા પછી તેણે પોતાની કૌપીનમાંથી એક નાની થેલી કાઢી, તેમાંથી એક સફેદ ગોળી આપી.

"આ ખાઇ લ્યો" તેણે કહ્યું.

'હું પહેલાં અચકાયો' કોણ જાણે આ શું હશે અને એની શી અસર થતી હશે? આવા જોખમમાં કોણ પડે? ત્યારે મૃદુ સ્વરથી તેણે કહ્યું: 'ડર નહિ. ખાઇ લે, તું હૃદય રોગથી મુક્ત થઈ જઇશ.' ત્યારે મારી દ્વિલચરપી અધિક વધી ગઇ. મારૂં હૃદય કમજોર હતું તે વાત સત્ય હતી. કોઇ કોઇવાર એના કષ્ટદાયક હુમલાઓ થતા હતા. ખાસ કરીને જ્યારે હું ઉત્તેજિત અથવા ભાવાવેશમાં આવી જતો ત્યારે હુમલો થતો.

પરંતુ આ વ્યાધિની ખબર આ વ્યક્તિને ક્યાંથી પડી ? આ પ્રમાણે હું એને આશ્ચર્યથી જોઇ રહ્યો હતો ત્યારે તે મને ગોળી ખાઇ જવાને માટે આગ્રહ કરવા લાગ્યો, ગોળી કવીનાઇનથી પણ વધારે કડવી હતી, આથી મારી આંખ થોડીવાર માટે એકદમ બંધ થઇ ગઇ. ફરી જ્યારે મેં આંખ ઉઘાડી અને વૈરાગી તરફ જોયું તો હું સ્તબ્ધ થઇ ગયો.

મધ્યાહ્નના પ્રકાશમાં તે વ્યક્તિની છાયા દૂર પથ્થર પર પડી રહી હતી, અને તે છાયામાં મેં મારી માને જોઇ કે જેનું મૃત્યુ કંઇક વર્ષો પહેલા થયું હતું. હું એકદમ બરાડી ઉઠ્યો મા ! અને ફરીથી હું બેભાન બની ગયો.

" જ્યારે હું હોશમાં આવ્યો ત્યારે મેં જોયું કે હજી વૈરાગી ત્યાંજ બેઠો હતો અને મારી તરફ જોઇને મંદમંદ હસી રહ્યો હતો. પરંતુ છાયા માત્ર છાયા જ રહી ગઇ હતી. મારી મા લુપ્ત થઇ ગઇ હતી. હજી મારામાં ઔષધિની અસર હતી.

' થોડી ક્ષણ પહેલા મારી પ્રતિછાયા જોઇ હતી તે મારા પૂર્વજન્મનું રૂપ હતું. આ સંસારમા માનવીય સંબંધ માતા, પુત્ર, વગેરે જે છે તે મિથ્યા છે કેવળ ઇશ્વર જ સત્ય છે ' આમ કહી તેણે મને ચાર ગોળી વધારે આપી જે કેળના પાનમાં વિંટાળેલી હતી અને મને કહ્યું: કે તું એને તારી પાસે રાખજે જ્યારે તને હૃદયનો હુમલો આવે ત્યારે એક ગોળી ખાઇ લેજે, ચાર ખાઇ લીધા પછી તું વ્યાધિ મુકત થઇ જઇશ અને હંમેશા પ્રસન્ન રહીશ, તને સરકારી પેન્શન નેવું વર્ષ સુધી મળશે એમ કહી તે જવા માટે ઉઠ્યો અને બોલ્યો :

જ્યારે તું ગોળી ખાઇશ ત્યારે તે ઔષધિના પ્રભાવમાં તું સજીવ વસ્તુ તરફ પ્રથમ દૃષ્ટિ કરીશ તેમાં તને તારા પોતાના પૂર્વ જન્મના સ્વરૂપનો આભાસ થશે તે પણ એકવાર. તું બીજીવાર તેજ વસ્તુ જોવા બીજી ગોળી ખાઇશ તો પણ તે વસ્તુ પાછી નહી દેખાય.' આમ કહી ચાલતો થયો. હું પ્રભાવિત થઇ ઘેર ગયો.

કંઇક મહિનાઓ પસાર થઇ ગયા અધિક કામના બોજાના લીધે અને નવા નવા અનુભવોને લીધે હું વૈરાગી અને તેની ગોળીઓ બિલકુલ ભૂલી ગયો.

એક દિવસ બપોરે હું ઉંઘમાંથી ઉઠ્યો ત્યારે દૂધનો ગ્લાસ જે હંમેશાં નોકર રાખી જતો હતો તે ઉઠાવવા ટેબલ પાસે ગયો ત્યારે મેં જોયું કે મારી બિલાડીએ દૂધનો ગ્લાસ નીચે પાડી નિરાંતે દૂધ પીતી હતી. અચાનક ક્રોધના આવેશમાં મેં તેના તરફ ભારી વસ્તુ ફેંકી પણ પોતાની જાતને બચાવી તે ઓરડામાં ભાગી ગઇ એ બિલાડીને સીધી કરવા હું તેની પાછળ દોડયો, પરંતુ તે વખતે જ મને હૃદયની તીવ્ર પીડાએ જકડી લીધો, ત્યારે મને વૈરાગીની ગોળીઓ યાદ આવી. મેં તેને સુરક્ષિત રીતે મારી પાસે રાખી હતી તેમાંથી એક ગોળી ખાધી અને તરત જ સ્વસ્થ થઇ હું બહાર વરંડામાં ફરવા લાગ્યો. મધ્યાહ્નના તડકામાં ઉભો હતો ત્યારે બિલાડી ક્ષમાયાચનાની ઇચ્છાથી મારી પાસે આવીને મ્યાઉં, મ્યાઉં કરીને મારા પગ પાસે પોતાનું શરીર ઘસવા લાગી. મારો ક્રોધ દૂર થઇ ગયો હતો. હસતો હસતો તેને જોવા લાગ્યો. તેની છાયામાં મેં મારી પત્નીને જોઇ તેનું મૃત્યુ ઘણાં વર્ષો પહેલાં યુવાવસ્થામાં થયું હતું, અને મૃત્યુએ મારી એકલી પત્ની જ નહિ પણ સાથે સાથે જીવનસાથીને મારાથી અલગ કરી હતી.

આ સમયે તેને જોઇને મને કેટલી પ્રસન્નતા થઇ હશે. એ કેમ બતાવી શકું ? મેં સ્નેહથી બિલાડીને ઉપાડી તેને ચુમતો તથા પંપાળતો બોલ્યો : ' ઠીક તેં મારૂં દુધ પીધું હતું ખરું ને ? હવે પત્નીને બીજીવાર જોવા માટે બીજી ગોળી ખાધી અને બિલાડીને નીચે ઉતારીને તેની છાયા જોવા લાગ્યો. પણ કાંઇ દેખાયું નહિ. વૈરાગીની

ચેતવણી તદ્દન ભૂલી ગયો હતો. પરંતુ હવે યાદ આવ્યું કે તેણે કહ્યું હતું કે તને પૂર્વ જન્મનું એક રૂપ એક જ વાર દેખાશે. બીજી ગમે તેટલી ગોળી ખાઈશ તોપણ તે વસ્તુ ફરી નહિ દેખાય. તે દિવસ પછી બિલાડી મારી પત્નીના આત્મા સુધી પોંચનાર માધ્યમ તરીકે મને પ્રિય થઈ પડી. એના સ્વરમાં મને મારી પત્નીનો સ્વર સંભળાતો. એની આંખમાં એની છાયા દેખાતી. થોડા વખત પછી બિલાડીનું મૃત્યુ થયું. ત્યારે હું વ્યથિત થઇને તેની પાસે બેસી ગયો. તેને પાછળના ભાગમાં દફનાવી તેની કબર પાસે એક લીમડાનો છોડ વાવ્યો. તે છોડ દિવસે દિવસે મોટો થતો ગયો. તેના સૌંદર્યમાં મને મારી પત્નીનું સ્મરણ થતું, અને મારૂં હૃદય સંતોષથી ભરાઇ જતું.

કંઇ વર્ષો વીતી ગયાં, મારી નોકરીની અવધિ સમાપ્તિ પર પહોંચી ગઈ હતી. અવકાશના સમયમાં સુખમાં રહેવા માટે મેં ખૂબ પુંજી ભેગી કરી હતી. મારો એક મિત્ર કાશીવિશ્વનાથ હતો. તે પાછળથી ધૂર્ત છે એમ સાબિત થયું. પણ એના રૂવાબમાં હું અંજાયો અને મેં મારી બધી સંપત્તિ એની બનાવેલી યોજનામાં આપી દીધી. એક દિવસ મને ખબર પડી કે અમારા વ્યવસાયમાં કેટલાએ હજારની ખોટ આવી છે. અને કાશીવિશ્વનાથ ક્યાંક ચાલી ગયો છે, મારા માણસો એને શોધીને મારી પાસે લાવ્યા. અને અધિકારીઓને સોંપતા પહેલાં મારો ક્રોધ એના ઉપર ઊતારવા મને પોતાને રોકી ન શકયો.

મેં એને મારવાનું શરૂ કરી દીધું. મેં એને ત્રણચાર તમાચા ચોઢી દીધા પણ પછી મને ખુબજ દુઃખ થયું, એટલે અટકી ગયો. તરતજ મેં વૈરાગીની ગોળી ખાધી. એની કડવાશમાં મને જેણે ધોખો દીધો હતો અને ભયભીત થઇને મારી સામે ઉભો હતો, તેને જોઇને મારો ક્રોધ વધ્યો અને જેવો મેં તેને મારવા હાથ ઉપાડ્યો કે તરત જ એ દુષ્ટની છાયામાં મેં મારા પિતાને જોયા.

'એને મુક્ત કરી દો' મેં આશ્ચર્યચકિત થયેલા સિપાઇઓને ઘૂમ પાડીને કહ્યું, 'એને જવા દો' હું વિચારમાં પડી ગયો કે શું સ્વયં મારા પિતાએ જ મને દગો દીધો? શું એમના ઉપકારનો બદલો ચુકવવાનો આજ રસ્તો હતો? અને મને તરતજ યાદ આવ્યું કે મેં કેટલીએ વાર મારા પિતાનો વિશ્વાસઘાત કર્યો હતો.

એક દિવસે કલેકટરે મને શિકાર માટે આમંત્રણ આપ્યું. હું કટ્ટર શૈવ હતો. પણ નિર્દોષ પક્ષીઓની હત્યા કરવાના પક્ષમાં ન હતો.

કલેકટરની શરમે અસ્વીકાર ન કરી શકયો. આ સમય મારા માટે અરૂચિકર હતો. મેં એક પક્ષીને મારી ગોળીથી શિકાર બનાવી દીધું. મેં મારી જિંદગીમાં આ પહેલું જ પક્ષી માર્યું હતું. જ્યારે અમે કેમ્પમાં પાછા ફરતા હતા ત્યારે એક નોકર તે જખ્મી પક્ષીને પગ બાંધીને ખભાપર લઇ જતો હતો અમે તળાવના કિનારે કિનારે એક પંકિતમાં જતા હતા ત્યારે મને એક પક્ષીની હત્યા માટે ખુબજ દુઃખ થતું હતું, મને મહર્ષિ વાલ્મીકીએ એક પારધીદ્વારા એક પક્ષીને મારવા ક્રોધ વચન કહ્યાં હતાં તે યાદ આવ્યાં. મહર્ષિએ શ્રાપ આપ્યો હતો– **मा निषाद प्रतिष्ठा त्वमगमः शाश्वतीः समाः !** (ભવિષ્યમાં શાશ્વતી સરખી પ્રતિષ્ઠા ન પામ.) હું વિચારવા લાગ્યો 'કે ક્યાંક મહર્ષિનો શ્રાપ મને તો નથી લાગ્યો ને?'

આખો દિવસ મારી તબીયત સારી ન રહી આ વખત પણ મારી પહેલાની પીડા શરૂ થઇ ગઇ. જ્યારે સહન ન થયું ત્યારે એક ઝાડની છાયા નીચે બેઠો અને સારૂં થઈ જવાની વાટ જોવા લાગ્યો, દર્દથી હું વિહ્વળ થઇ ગયો પરંતુ સૌભાગ્યવશ મારી છેલ્લી ગોળી હતી તે ખાધી અને આંખો ઊંચી કરીને જોયું તો તે જખમી પક્ષીના છાયામાં પડી ત્યાં મેં મારા એક માત્ર પુત્રની છાયા જોઈ. જેની મૃત્યુ વખતે પાંચ વર્ષની હતી મરતી વખતે એના ભયગ્રસ્ત મોમાંથી એક ચીસ નીકળી પડી હતી. બાપુ, જુઓ મને કોઇ

આપણું જીવન અને દવાઓ

વૈદ્ય : શ્રી કાંતિલાલ શાહ. ઝીંઝુવાડા

હવા, પ્રકાશ, પાણી, ખોરાક, ઉંઘ, વ્યાયામ, વિશ્રાંતિ વગેરે ઉપર માણસના નિરોગી જીવનનો પણ આધાર છે, આ બધી વસ્તુઓ શુદ્ધ નૈસર્ગિક, અને પ્રમાણસર ઉપયોગમાં લેવામાં આવે તો મનુષ્ય નિરોગી, ચપળ, અને દીર્ઘાયુષી બની ધર્મ ધ્યાન કરી મનુષ્ય જીવન સફળ બનાવી શકે છે.

ભારતની પ્રજા અહિંસક રીતે નીરોગી જીવન જીવી શાંતિથી મૃત્યને ભેટતી હતી. દેશમાં શાંતિ હતી.

પણ આજે વિજ્ઞાનના નામે હવામાં ઝેરી હિંસક પદાર્થો ફેંકવામાં આવ્યા. સૂર્ય, ચંદ્ર, તારા, ગૃહ નક્ષત્રના પ્રકાશને સ્થાને હિંસક યાંત્રિક તેજ આવ્યું. ખોરાક ચિકાસ વગરના અને ઓછા રેસાવાળા હિંસક ખાતરોથી ઉત્પન્ન થવા લાગ્યા. મોટર, ખટારા, લોટ દળવાના હિંસક યાંત્રિક સાધનોથી વ્યાયામ જીવનમાંથી ખસી ગયું. પરિણામે—

એક રૂપીઆ મણનો દાણો દસ રૂપીએ મણ થયા. રૂપીઆનું અઢીશેર ઘી ત્રણ રૂપીએ શેર થયું. પાંચ રૂપીઆ મણનું તેલ ત્રીશ રૂપીએ મણ થયુ. એક આનાનું શેર દુધ પાંચ આને શેર થયું મીલ કામદારોનું મોંઘવારી ભથ્થું રૂા ૧–૧૪–૦નું માર્ચ ૧૯૫૯ માં રૂા ૮૭–૧–૧૦ થયું. દોઢ રૂપીએ મણનો ગોળ દસ રૂપીએ મણ થયો આવી ભીષણ મોંઘવારીએ પ્રજાને ભરખવા માંડી અને જીવનમાંથી શાંતિ અને ઉંઘ ઉડી ગયા આની સીધી અસર મનુષ્યમાત્રના શરીર ઉપર ચડી અને પરિણામે શરીર રોગથી વ્યાપ્ત બન્યું

ગામોગામ દવાખાના ખોલવાની માગણીઓ થઈ રહી છે. છતાંએ નવા નવા રોગો ઉત્પન્ન થએ જ જાય છે, આનું મૂળ તપાસની જરૂર છે.

ગુરૂવાર તા. ૧–૫–૫૮ના જનસત્તા દૈનિક છાપામાં રાવજીભાઈ મણીભાઇ પટેલનાં લેખમાં લખેલ છે કે,

ડાકટરી દરેક દવાના મિક્ષ્ચરમાં દારૂ તો ઓછા

(અનુસંધાન પાન ૭૩નું ચાલુ)

ધસડી જાય છે અને મેં તેને ધુચકારીને કહ્યું હતું, ‘ નહીં બેટા ત્યાં કોઈ નથી. ડર નહીં.’ પરંતુ તે નિષ્ઠુર રાત્રિએ તેને મારી પાસેથી છીનવી લીધો હતો. હમણાં આ બધાનું સ્મરણ થયું, અને માનસિક તથા શારીરિક યાતનાને લીધે હું જમીનપર પડી ગયો. અને એ પક્ષી પણ મરી ગયું. ઓહ મેં મારા પુત્રને મારી નાંખ્યો.

મહીના પછી સામ્પ્રદાયિક ઝગડાની સમાપ્તિ માટે જાહેર સભામાં એક સાધારણ કિસાન બોલ્યા:–દોસ્તો આપણા ઝગડા પર વિચાર કરો. આપણે પાછલા જન્મમાં કોણ હતા. તે જાણતા નથી. અને ભવિષ્યમાં આપણે કોણ હશું તે કોઇને ખબર નથી. આપણે ક્યાંથી આવ્યા છીએ અને આપણું ધ્યેય શું છે? વગેરે મને એનો અનુભવ હતો પરંતુ મારો માને કોણ. ગોળીઓ હવે સમાપ્ત થઇ હતી. ગયે મહીને મેં રજા લીધી અને તિરૂપતિ ગયો, પરંતુ ભરપુર શોધ કરવા છતાં તે વૈરાગીનો પત્તો ન લાગ્યો. ‘ તો સમજ્યા, શીવપ્રકાશ દુનિયામાં એવી કોઇ ચીજ છે જે તમારા દર્શનમાં મેળ નથી ખાતી. શું હજી પણ વિશ્વાસ નથી પડતો?’ શીવપ્રકાશે કહ્યું:– ઠીક છે, શેકસપીઅરે કોઈ જગ્યાએ આવી જ વાત કરી હતી:–‘ દુનીઆમાં એવી બહુ વસ્તુઓ છે, હોરેશિયો, જે તમારા દર્શનની કલ્પનાથી પર છે.’

વત્તા પ્રમાણમાં હોય જ છે. ગાયના પાચના ઇન્જેકશન લીધા સિવાય તો ભાગ્યે જ કોઇ બાકી રહ્યું હશે. પરદેશની દવાઓ તૈયાર આવે છે એમાં એવી એવી વસ્તુઓ હોય છે કે, આપણે તેના વિષે સાચી હકીકત જાણીએ તો આપણામાંથી ઘણાને જીવવા પર તિરસ્કાર છુટે.

લીવર એકટ્રેસ્ટમાં શું હોય છે? ડાકટરી તૈયાર દવામાં મરઘા, બતકાં, ઘેટાં, બકરાં વાંદરા ગાય, ઉંદર, છછુંદર, કુતરી અને નર્કમાં બદબદતા મોટા કીડાના જુદા જુદા અંગોનો ઉપયોગ હોય છે. આ બધી હકીકત જાણીએ તો આપણને ચીતરી ચડે. છતાં આંધળીઆ કરીને દવા તરીકે વાપરીએ છીએ. આપણામાંથી ઘણાં આ બધું જાણીએ છીએ છતાં અજાણ્યા થઇ વાપરીએ છીએ અને આપણી જાતને છેતરીએ છીએ. લોકોએ અને ખાસ કરીને ગરીબ અને મધ્યમવર્ગના દરદીઓ તો આવી દવાઓના બીલ આપી આપી ને હવે તો એવા થાકી ગયા છે કે તેમનો રોગ વિના પૈસે મટતો હશે તો ગમે તેવી સુગ કોરે મૂકી પેસાબ પણ વાપરશે.

પ્રજાનું જે શોષણ બુદ્ધિએ કરવા માંડયું છે તે એવી આફતથી થાય છે કે, જાણે આપણી સેવા કરવા અર્થે સ્વર્ગમાંથી દેવો ઉતરી પડયા હોય, એવા દેવો સાથે એ કાર્ય થયા કરે છે.

આ ઉપરથી સમજવાનું એ છે કે દવાઓના નિમિત્તે પણ ઘોર હિંસાનું સામ્રાજ્ય ફેલાઈ રહ્યું છે.

પરોપકારી જ્ઞાની મહાપુરૂષોએ પ્રાણી માત્રના દરદો મટાડવાના હેતુથી જે લખ્યું તેનું નામ છે આયુર્વેદ શાસ્ત્ર.

દરેક પ્રાણી શુભ–અશુભ કર્મો સાથે જન્મે છે, મૃત્યુ પામે છે, એ પ્રમાણે જુદીજુદી પ્રકૃતિના માણસો સુખીદુઃખી રોગી–નિરોગી, સબળ દુર્બળ જોવામાં આવે છે, સ્વભાવમાં પણ ભિન્નતા કોઇ ગરમ સ્વભાવના (પિત્ત) કોઇ ઠંડા સ્વભાવના (કફ) કોઈ વાયડા સ્વભાવના (વાયુ) જોવામાં આવે છે.

આયુર્વેદશાસ્ત્રનો પાયો પણ વાત–પિત્ત અને કફ આ ત્રિધાતુથી ભરેલો છે. આ ત્રણે શક્તિ સમતોલ હોય ત્યારે શરીર નીરોગી અને કોપે ત્યારે રોગી બને છે.

અહિંસક ભારતીય પ્રજામાં અહિંસા ધર્મના પ્રભાવે રોગનું પ્રમાણ ઘણું જ ઓછું હતું. પાંચ દસ વરસે રોગ થતો ત્યારે ઉપરોકત ત્રિધાતુના કોપને સમાવતી અહિંસક આયુર્વેદીક પદ્ધતિથી રોગોનું શમન કરવામા આવતું હતું.

તાત્પર્ય એ છે કે, રોગમાંથી બચવું હશે. તો વહેલા–મોડા પણ જીવન અહિંસા પ્રધાન બનાવી અહિંસક દવાઓ વાપરી નૈસર્ગિક જીવન જીવવું પડશે જ.

આજનો વ્યાપક રોગ ગેસ ચડવો એ છે. ગેસ ચડવો એ મૂળ અજીર્ણમાંથી નવા નામે ઉત્પન્ન થયેલું દરદ છે, યાંત્રિક ચક્કીમાં પીસેલા અને તેલમાં તળેલા અને તમતમતાં મસાલાવાળા પદાર્થો ખાવાથી વાછુટ દ્વારા વાયુ છુટતો નથી અને વાયુ કોપે છે. જેથી અકળામણ બેચેની દાહ વગેરે થવાથી દરદી હેરાન થાય છે.

વિરમગામના ટપાલી નાથાભાઇ અત્રે તેમના દીકરા ટપાલમાં નોકરી હોવાથી બે દિવસ મળવા આવેલા. રાત્રે દસ વાગે ગેસ ચડયો. રાત્રે તબીયત જોઇ. દવામાં હરડે દળ તોલો ૧ અને વસ્ત્રગાળ કરેલી સુંઠ બે આની ભાર આપી ઉપરાંત સિધ્ધયોગી નાગાર્જુનની કૃતિ મુજબ બનાવેલી આરોગ્ય વર્ધની આઠ દિવસ આપી રોગનું શમન થયું. વાયુ શાંત થયો. બહુજ થોડા ખરચમાં કામ પતી ગયું. ઉપકાર માની વીરમગામ ગયા. એટલે મારૂં કહેલું એ છે કે દેશી દવાઓનો ઉપયોગ કરતાં શીખો.

આંખની દવા

વડનું દુધ ત્રણ રતી અને કપુર એક રતી મીલાવી આંખમાં આંજવાથી ફુલું મટી જાય છે.

★



અર્થશાસ્ત્રની ગુજરાતી કહેવતો

ડો. મંજુલાલ ર. મજમુદાર
એમ. એ. એલ.એલ. બી.

અર્થકારણને સ્પર્શતી કેટલીક ઉપયોગી તથા વ્યવારૂ કહેવતો ગુજરાતી ભાષાના વિદ્વાન શિક્ષણશાસ્ત્રી અધ્યાપક શ્રી મજમુદાર અહિં રજુ કરે છે જે અર્થશાસ્ત્રને લગતી ઉપયોગી અને અનેકવિધ હકીકતોને ટુંકમાં સમજાવી જાય છે.

મનુષ્યનું સામાજિક તથા વ્યાવહારિક જીવન શકય બનાવવા માટે 'દ્રવ્ય'–'અર્થ' એ એક સાધન છે. ચાર પુરુષાર્થમાં તે બીજે નંબરે આવે છે. એ અર્થની પ્રાપ્તિ, તેનું સંવર્ધન, તેનું સંરક્ષણ, તેનો સદ્વ્યય વગેરેમાં પૂર્ણ અનુભવ અને પૂર્ણ ડહાપણની જરૂર ડગલે ને પગલે પડે છે.

ગુજરાતી પ્રજા સૈકાઓથી વ્યાપાર ખેડતી આવી છે; 'વહેપાર' દ્વારા લક્ષ્મી કેમ સંપાદન કરવી અને પછી તેનો યોગ્ય વ્યય કેમ કરવો તે ગુજરાતીઓ બરાબર જાણે છે. ગુજરાતી લોકોના આવા સ્વભાવના સૂચક એવા પુરાવારૂપે અર્થશાસ્ત્ર સંબંધી કહેવતોનું સારું ભંડોળ ગુજરાતી ભાષામાં નજરે પડે છે.

સંસારના અનેક પ્રલોભનો, સ્વાર્થ, દંભ, લોભ વગેરેની સામે થવાના પ્રસંગો દરેક મનુષ્યને પ્રાપ્ત થાય છે. તેવે પ્રસંગે લોકાનુભવથી પ્રચારમાં આવેલા કહેવતરૂપી 'માર્ગસૂચક સ્તમ્ભો' થી સાચો માર્ગ જડી શકે છે. અને પરિણામે માનવજીવનનું ધ્યેય અને સાધ્ય જે 'સુખ' તે પ્રાપ્ત થઇ શકે છે.

ગુજરાતીઓ વાત–વાતમાં 'શું રહ્યા?' 'શો ફાયદો?' 'શો લાભ?' એવી નફાતોટાની પરિભાષાનો ઉપયોગ સહજ સ્વભાવે કરે છે. તેથી અર્થશાસ્ત્રને લગતી કહેવતો ભાષામાં ઘણી હોય એ સ્વાભાવિક છે. ગુજરાતી કહેવતોના અમાપ સાગરમાંથી અર્થશાસ્ત્રને લગતાં વચનો અહીં વ્યવસ્થિત રૂપે રજૂ કર્યાં છે.

'કહેવત' એ અનુભવથી ઘડાયેલા અને સંસારવ્યવહારમાં પલોટાયેલા ડાહ્યા માણસોએ ઉચ્ચારેલા ટૂંકાં અને સચોટ વચનબાણ છે. લોક અનુભવમાંથી ચળાઈ ચળાઇને આવેલાં આ વચને કાળે કરીને રૂઢ બનતા જાય છે અને ચલણી સિક્કાની જેમ વપરાશમાં આવતાં જાય છે.

કહેવતો દ્વારા તે તે ભાષા બોલનાર લોકોની સંસ્કૃતિ, રહેણીકરણી, જનસ્વભાવ અને શિષ્ટતાનો ખ્યાલ આવી શકે છે. જુદા જુદા પ્રદેશોની જુદી જુદી પ્રજાઓના લોકાનુભવ એક સરખા હોવાથી એક જ અર્થની અનેક કહેવતો જુદીજુદી ભાષામાંથી મળી શકે છે. સ્થળભેદ કે ભાષાવાદ આમ કહેવતોના પ્રચારની આડે આવતો નથી.

'કહેવત' નાં કેટલાંક વિશિષ્ટ લક્ષણો છે.

તેનું પહેલું તત્વ તે મિતભાષિત્વ. ઓછામાં ઓછા શબ્દોમાં ભારોભાર અર્થનું ભરણું: ઉદાહરણ. 'લાખની પાણ,' 'કણના મણ' 'ગરથ ગાંઠે વિદ્યા પાઠે.'

તેનું બીજું તત્વ તે તેના શબ્દકલેવરમાં રહેલો ચોટદાર કટાક્ષ. ઉદાહરણ: 'વાયદે ગયું તે વાયે ગયું.'

ત્રીજું તત્વ તે તેમાં આવતો અંત્યપ્રાસ, જેનાથી કહેવતના ઉચ્ચારણમાં અને તેની વાણીમાં એક પ્રકારનું જોમ આવે છે. ઉદાહરણ: 'આવે તે હૂંડી, અને જાય તે મૂડી.'

ચોથું તત્વ તેમાં આવતો એક પ્રકારનો સાદો તાલ છે. જે બાલગીતો તથા ઉખાણામાં પણ હોય

છે. ઉદાહરણઃ વ્યાજમાં રાજ ડૂબે,' 'જેણે રાખી વટ, તેને વાણિયો ધીરે ઝટ,' વગેરે.

પાંચમું તત્ત્વ તે તેમાં આવતો લાટાનુપ્રાસ નામનો શબ્દાલંકાર. એક ને એક વર્ણ ફરીથી આવવાથી કથન મધુર બને છે, અને કહેવતને યાદ રાખવાનું સુગમ બને છે. ઉદાહરણઃ 'સોના સાઠ કરવા.' જન જોડવું, પણ જમાની ન જોડવી 'ગાંઠનું ગોપીચંદન.' ઇ૦

કહેવતોનું સાચું મૂલ્ય સામાન્ય જનસમાજ ઉપરાંત પંડિતો અને વક્તાઓ સારી રીતે સમજે છે; કારણ કે તેની મદદથી બોલનારની ભાષામાં જુસ્સો અને સચોટતા આવે છે.

આમ કહેવતો ટૂંકી, બહુમાન્ય, ચિત્તવેધક, છટાદાર અને ઝડઝમકવાળી હોવાથી, પરિણામે ભાષાનાં શણગારરૂપ બની રહે છે. 'કહેવત'ને 'બહુમાન્ય' અને 'સર્વમાન્ય' નહિ, એમ કહેવાનો આશય એ છે કે પ્રસંગે પ્રસંગે જે સત્ય દેખાયું હોય તેને આધારે બનેલી કહેવત ઘણીવાર અર્ધ સત્ય અથવા પ્રશ્નની એક બાજુને પ્રગટ કરે છે; તેથી એવાં પરસ્પરની વિરુદ્ધ લાગતાં વાકયોને સાથે રાખીને વિચારવાથી સંપૂર્ણ સત્યની ઝાંખી થઇ શકે છે. ઉદાહરણ તરીકે, 'ખાધું ખભે આવે' એમાં આહારની મહત્તા બતાવી છે, ત્યારે 'ભૂખ્યું એને કાંઇ ન દુખ્યું' એમાં આરોગ્ય માટે નિરાહારનો મહિમા ગાયો છે; એ બંનેને સાથે વિચારીએ તો 'મિત ભોજન' જ ઉપકારક છે, એ સત્ય પ્રતીત થાય છે.

હવે અર્થશાસ્ત્રની કહેવતોનો વિચાર કરીએ.

(૧) **દ્રવ્યનું ઉપાર્જન :** (અર્થની પ્રાપ્તિ) અને પછી તેનો સંચય એ ગૃહસ્થાશ્રમી પુરૂષનું પહેલું કર્તવ્ય છેઃ **अप्राप्तस्य प्रापणं योगः । અને प्राप्तस्य रक्षणं क्षेमः ।** એટલે દ્રવ્યનો યોગ-ક્ષેમ જો સધાય તો જ સંસાર સફલ બને છેઃ તે સંબંધી નીચેની કહેવતો મળે છેઃ—

(૧) કરે ચાકરી તો પામે ભાખરી; (૨) લક્ષ્મી રાજ્યે વધે કે વ્યાજે વધે; (૩) કણના મણ થાય; (૪) ટીપેટીપે સરોવર ભરાય; (૫) દમડી દમડી કરતાં રૂપિયો થાય; (૬) પૈસો પૈસાને મેળવે; (૭) ધૂળમાંથી ધન પેદા થાય; (૮) પૈસો જીરવે વાણિયો અને ખોરાક જીરવે ભેંશ.

(૨) **દ્રવ્યની સાચી કિંમતઃ** દ્રવ્ય કમાઈને ભેગું કર્યા પછી તેનો ઉપભોગ તથા ઉપયોગ થવો ઘટે છે. જીવનનું એ સાધન છે, સાધ્ય નથી પૈસાને પૈસાની ખાતર ચાહો તે અવગુણ છે, પરિણામે માણસ 'અર્થદાસ' તરીકે વગોવાય છે. આ સંબંધમાં નીચેની કહેવતો પ્રચલિત છે.

(૧) એકડા વિનાનાં સો મીંડાં નકામાં; (૨) (૨) એક રતિભિન એક રતિ કો. (૩) ગરથ વગરનો ગાંડો અને છોકરાં વગરનો નાનો; (૪) નાણાં વિનાનો નાથિયો ને નાણે નાથાલાલ; (૫) છત ડાહી અને અછત ગાંડી; (૬) દમડે ઊંટ પણ દમડો કયાં ? (૭) દામ તેવું કામ; (૮) દામ કરે કામ ને લૂંડી કરે સલામ; (૯) હોય નાણાં તો પરણે હરિભાઇ કાણા.

(૩) **દ્રવ્યનો લોભઃ** જેમની પાસે જરૂરિયાત કરતાં વધારે ધન છે, છતાં વધારે ધન મેળવવા પાછળ જે અવગતિયાની પેઠે ફાંફાં માર્યા કરે છે ત્યારે એ વૃત્તિને 'દ્રવ્યનો લોભ' કહેવામાં આવે છે. દ્રવ્યને દ્રવ્યની ખાતર ચાહવાનું કેટલાક ધનિકોને વ્યસન પડી જાય છે; એટલે એ દ્રવ્યની અતૃપ્ત લાલસામાં પોતાની માણસાઇ તેઓ ગુમાવે છે અને તેથી કહેવત પ્રમાણે, 'લોભે લક્ષણ જાય' છે. આ સંબંધની કહેવતો જાણીતી છે.

(૧) અતિ લોભ તે પાપનું મૂળ; (૨) અડધું મૂકીને આખાને ખાવા જવું; (૩) દમડી માટે દસ (૪) પૈસો મારો પરમેશ્વર ને હું પૈસાનો દાસ; (૫) પાઇ માટે નિભાડે આગ મૂકે.

(૪) **દ્રવ્યની અસ્થીરતાઃ** દ્રવ્યનો સદુપયોગ કરવામાં વિલંબ ઘટતો નથી; કારણ કે લક્ષ્મી ચંચળ છે, એ અનેક ઘર બદલે છે. તેથી

દ્રવ્યની વહેતી ગંગાને અમસ્તી વહી જવા દેનાર જીવનની ભારેમાં ભારે મંગળ તક ગુમાવે છે. ધર્મની અને દ્રવ્યની ગતિ ત્વરિત કહી છે તે આ અર્થમાં. દ્રવ્યની ભરતી પછી ઓટ આવતા માણસને પસ્તાવું પડે છે.

(૧) નામ રહેંતાં ઠકકરાં, નાંણું નવ રહંત (૨) નાણું તો નંદનું પણ રહ્યું નથી; (૩) કીડીએ સાંચ્યું તેતર ખાય; (૪) ખોદે કોળ ને ભોગવે ભોરિંગ.

(૬) **કરકસર અને ત્રેવડ** : દ્રવ્યનો પ્રવાહ અસ્થિર છે; તેથી મનુષ્યે પૈસાની રેલછેલની વખતે થોડો થોડો સંચય કરી લેવાની ટેવ રાખવી જોઇએ. અને દ્રવ્યનો ઉપયોગ ખૂબ કરકસર અને વિવેકથી કરવાની કાળજી રાખવી ઘટે. ખપ કરતાં જરા પણ વધારે નહિ, અને જોઇએ તેટલું જ ખરચવું તેનું નામ 'કરકસર.' અમુક નિશ્ચિત આવકમાંથી પોતાની બધી જરૂરિયાતોને પહોંચી વળવા પ્રયત્ન કરવો તેનું નામ 'ત્રેવડ.' આ ત્રેવડને સગા 'ત્રીજા ભાઇ'ની ઉપમા અપાઈ છે તે આ અર્થમાં જ. કરકસર અને ત્રેવડ સંબંધી કહેવતો જોઈએ.

(૧) અન્ન, ધન ને આબરૂ જીવની પેઠે જાળવવાં; (૨) એક કસર અને સો સફર; (૩) એવું શું રળિયે કે દીવો બાળીને દળિયે ? (૪) ઓછે નફે વધુ વેપાર; (૫) કરકસર એ બીજો ભાઈ, અને ત્રેવડ ત્રીજો ભાઇ; (૬) ઘંટી પ્રમાણે ઓરણું અને ચૂલા પ્રમાણે ઓરણું; (૭) કોઠી પૂગે, પણ મૂઠી ન પૂગે.

(૬) **કંજુસાઇ અને ઉડાઉપણું** : કરકસરને પણ હદ હોય છે. દ્રવ્યનો ઉપયોગ જ્યાં કરવો ઘટે ત્યાં પણ તે કરવામાં ન આવે તો તે 'કૃપણતા' અથવા 'કંજૂસાઇ' કહેવાય છે. દ્રવ્યને દ્રવ્ય ખાતર ચાહવાથી મનુષ્ય કંજુસ બની જાય છે. કરકસરનો હદપાર આગ્રહ તથા તેનો પક્ષપાત તેનું નામ કંજૂસાઇ. તે સંબંધી કહેવતો જુઓ :

(૧) કરપીનું ધન કાંકરા; (૨) બાળે કૂચા ને દરવાજા મોકળા; (૩) છતે પૈસે ભિખારી; (૪) લાલા લાખ ત્યારે સવા લાખ; (૫) ચમડી જાય પણ દમડી ન જાય; (૬) લાખ મળવાના નથી અને લખેશરી થવાના નથી; (૭) ધનવાનનો ખેરો અને ગરીબનો પેટભરો; (૮) આંધળા ખર્ચનું અંતકાળે સરવૈયું.

(૭) **આયવ્યયનો વિવેક** : વેપારમાં ચોખ્ખો નફો કેટલો રહેશે તેનો વિચાર રાખીને જ કામ કરવું હિતાવહ છે. યોગ્ય આવક અને તેનો યોગ્ય વ્યય એ સતત ચિંતનનો વિષય રહેવો જોઈએ, તો મનુષ્યજીવન સંતોષથી નિભાવી શકાય. તે માટેની કહેવતો જોઇએ :

(૧) આવકથી ખર્ચ મોટો, તેને સદાય તોટો; (૨) આવતા ધને અસવારી; (૩) ખાનાર સો અને કમાનાર એક; (૪) ગજું જોઇને વાત કરવી; (૫) ચોસઠની ઊપજ ને પાંસઠનો વરો; (૬) પાવલાની પાડી ને પોણો ચરાઇ; (૭) પેટ બાળી સાંચવું નહિ, ને દીવો બાળી કાંતવું નહિ.

(૮) **રોકડ અને ઉધાર** : આવક પ્રત્યક્ષ અને નગદ હોય તો જ ખરી આવક ગણાય; અને એનેજ 'રોકડ' કહી શકાય. જે વસ્તુની કિંમત ગમે તે ઘડીએ બજારમાં થઇ શકે અથવા ઊપજી શકે તે જ 'રોકડ' ગણી શકાય.

પરંતુ સંસારવ્યવહારમાં બધું રોકડથી ચાલી શકતું નથી. તેથી ઉધારથી વ્યવહાર કરવો પડે છે. છતાં ઉધાર વ્યવહારમાં ખૂબ જોખમ છે. વર્તમાન લાભ ઉપર જ વિશેષ ભરોસો અને આધાર રાખવો હિતાવહ છે. રોકડ અને ઉધારના સંબંધમાં બહુ સૂચક કહેવતો ગુજરાતીમાં પ્રચલિત છે :

(૧) આજે રોકડા કાલે ઉધાર; (૨) આવે તે હુંડી ને જાય તે મૂડી; (૩) આંખે મહેર અને કલાલે લેખાં, જતે દહાડે કાંઇ ન દેખાં; (૪) અધીરાનું લેવું નહીં અને ઉછીનાનું ખાવું નહિ (૫) ઉછી જાય લૂછી; (૬) ઉછીનાની મા મુઇ;

(૭) ઉધાર ઘરાકી ને ગાલે હાથ; (૮) ઉધારકે આમ ખટ્ટે; (૯) ઉધાર આપ અને ખરું જોખ (૧૦) ઉધારની માને નગદ પરણે; (૧૧) ઉધાર કહે 'એ' તો ખૂણે બેસીને રો; નગદ કહે 'જી,' તો ખા ખીચડી ને ઘી; (૧૨) ઉધાર ખાતે ચોકડી; (૧૩) ત્રણ ત્રેવીસની બરજ સારે; (૧૪) રોકડા રોક ને વાણી ફોક; (૧૫) લાખ કરતાં વીસ વધે; (૧૬) સોનાં સ્વપ્નાં કરતાં પાઇ રોકડી સારી.

(૯) આંટ અથવા શાખ : ઉધાર આપવા-લેવાનું જોખમ ભરેલું છે; છતાં સંસાર–વ્યવહારમાં તેની જરૂર પડે છે; પરસ્પરનો વિશ્વાસ, પતીજ; ભરોસો, શાખ–જે કહો તે તેનાથી ઉધાર વ્યવહાર શક્ય બને છે. કારણ કે આખું જગત વિશ્વાસ ઉપર ચાલે છે. એકબીજાની ગૃહસ્થાઇમાં શ્રદ્ધા તથા તેની ખાનદાનીમાં ભરોસો રાખવાથી જિંદગીના બધા વ્યવહાર ચાલે છે. તેમ નાણાંની ધીરધાર પણ એ જ પ્રકારની 'આંટ' અથવા 'શાખ'થી જ નભે છે, કવિ દયારામભાઈની 'હિતશિક્ષા' અહીં સંભારવા જેવી છે :

'લાખ ગુમાવી શાખ રાખને,
શાખે મળશે લાખ જી :
શાખ ગયે સહુ ખાખ–શિક્ષા શાણાને.

હવે કહેવતો જોઇએ :

(૧) આડત અને અધીરાઇને બને નહીં; (૨) ઊભો શેઠિયો લાખનો અને બેઠો તે રાખનો; (૩) આઠ રૂપિયાનો મહેતો અને એંશી લાખનો શેઠિયો; (૪) જેણે રાખ્યો વટ, તેને વાણિયો ધીરે ઝટ; (૫) નામીચો શાહુકાર રળી ખાય, અને નામીચો ચોર માર્યો જાય; (૬) આંધી મૂઠી લાખની અને ઉઘાડી તે રાખની; (૭) વણજારો લાખ હારે, પણ ખેપ ન હારે.

(૧૦) ધીરધાર અને લેણદાર : વેપારી, દુકાનદાર કે કારીગર પાસે રોકડ નાણું પૂરતા પ્રમાણમાં હોતું નથી, તેથી તેવા ગરજવાન માણસોને કેટલાક ધનવાનો નાણું ધીરે છે અને તેવી મદદના બદલામાં તેમની પાસેથી વ્યાજનું ઉત્પન્ન મેળવે છે. આને આપણે 'ધીરધાર' અથવા 'લેણદાર' કહીએ છીએ. લેણદેણના પ્રસંગો પ્રત્યેકના જીવનમાં આવ્યા વગર રહેતા નથી. તેથી તેવે પ્રસંગે શી શી સાવધાનતા રાખવી તે માટે 'કહેવતો'ની મદદ મળે છે :

(૧) એક નન્નો સો દુઃખને હણે; (૨) એક હાથે લેના એર દૂસરે હાથ દેના; (૩) દેવું ત્યાં વાયદો શાનો ? (૪) ધનકા ધન ગયા એર દોસ્તકા દોસ્ત; (૫) લેણદાર લાડકો; (૬) લેવુંદેવું વ્યવહારે; (૭) લેતાં લાજી, આપતાં ગાજી; (૮) સોનબાઈ લઇને રૂપબાઇ આપવી; (૯) ભાણાવ્યવહાર હોય ત્યાં નાણાંવ્યવહાર ન રાખવો; (૧૦) આપે ત્યારે કોઇ ન જાણે, માગે ત્યારે સૌ જાણે; (૧૧) આપે તે સુંવાળો ને માગે તે મુવાળો.

(૧૧) કરજદાર અને લેણદાર : સંસારમાં મનુષ્યને ઉછીનો વ્યવહાર, મને કે કમને, રાખવો જ પડે છે. અનિવાર્ય બપની વસ્તુ પોતાની પાસે ન હોય ત્યારે બીજા પાસે માગવી પડે છે; પરંતુ જ્યારે માગીને ચલાવવાની વૃત્તિ એક પ્રકારની ટેવ બની જાય છે, ત્યારે દેવું કરનાર નફકરો થઈ જાય છે. આવતી કાલની અથવા આવનાર દુઃખની ઘડીનો એ વિચાર કરતો નથી. તેને પરિણામે દેવાદારની દયામણી સ્થિતિ, દેવામાં ડૂબેલાંનાં પારાવાર દુઃખ, વ્યાજના 'ઘોડા'ની દોડ, અને પછી નાખી નજર ન પહોંચે ત્યારે નાદારનું દેવાળું, એ બધી સમાજમાં બનતી વાતો છે. કરજ લેવા જનારની સ્થિતિ સંબંધી કહેવતો જોઇએ :

(૧) અર્થીને અક્કલ નહીં; (૨) અતિ રણિયાને ર(ઋ)ણ નહીં ને અતિ દુઃખિયાને દુઃખ નહીં; (૩) કરજિયું ને દરદિયું બરાબર; (૪) કરજ કરગરે મળે નહીં; (૫) ખાનગી દેવું એક ધણીનું સારું; (૬) ખાતું ખાય અને ભરતું ભરે; (૭) હાથમાં નહીં કોડી ને ઊભે બજારે દોડી; (૮) દેવું તો ઝાડમાં અવતરીને પૂરું કરવું પડે; (૯) લેણું હજો લાખ, પણ કરજ ન હજો દોકડો;

(૧૦) સંપત જેવું સુખ નહીં, ને દેવા જેવું દુઃખ નહીં; (૧૧) હામ હારી જનાર દેવાદાર 'દેવાળું' કાઢે છે, અને 'દેવાળિયો' કહેવાય છે: દે(આપવાનું)ણને જે વાળી નાખે છે, તે સામે મોટું ફૂંડાળું કરી દે છે તે 'દે-વાળિયો.'

(૧) દલાલને દેવાળું નહીં, ને મસીદે ખાતર નહીં; (૨) દેવાળિયાને દિવાળી ને વેપારીને હોળી; (૩) આભ ફાટયું ત્યાં થીંગડું ક્યાં દેવું? (૪) લાખના તૂટ્યા સોએ સંધાય નહીં; (૫) ફૂલણજી ફૂલ્યા અને વ્યાજમાં ડૂલ્યા; (૬) બાપ લાખ ચાળીસના, અને દીકરા વ્યાજમાં ડૂબે!

'વ્યાજ' સંબંધી નીચેની કહેવતો અર્થ-સૂચક છે:

(૧) એક રામે લંકા લીધી, તો બાર રામ શું ન કરે? (૨) દીકરો રળે ચાર પહોર, અને વ્યાજ રળે આઠ પહોર; (૩) વ્યાજને ઘોડા ન પહોંચે; (૪) વ્યાજને વિસામો નહીં; (૫) વ્યાજમાં રાજ ડૂબે; (૬) વ્યાજ ભલભલાની લાજ મુકાવે; (૭) વ્યાજખોરના ઘરમાં નાણું નહીં અને વાંઝિયાને ઘેર વહાણું નહીં.

(૧૨) **હીસાબની ચોખવટ** : ચોપડા એ નાણાંના આવક-ખર્ચનું દર્પણ છે. તેથી જ લક્ષ્મીપૂજનના જેવો, શારદાપૂજન . અથવા 'વહીપૂજન' કે ચોપડાપૂજન'નો ઉત્સવ, વર્ષને અંતે આવતી દિવાળીને દહાડે રાખવામાં આવ્યો છે. ચોપડામાં લખેલી શારદા-સરસ્વતીનું એ પૂજન છે. હિસાબ રાખવાથી ખર્ચનારની આંખ ઉઘડે છે; હિસાબ લખવાની ઝીણવટ એવી જોઇએ જેથી આખો વ્યવહાર સમય વીતતાં પણ પૂરેપૂરો સાંભરી આવે. નામાના આધારથી જ લેણાંદેણાં સમજી શકાય છે.

હિસાબની ચોખવટ સંબંધી ગુજરાતીમાં વધારેમાં વધારે કહેવતો છે:

(૧) અભણના ભીંતે લીંટા; (૨) આગુસે દિખના, પીછેસે દેના; ઉસમેં ઘટે તો મેરે સે લેના; (૩) આંખમાં એક રજ સમાય તો હિસાબમાં પાઈ સમાય; (૪) કામ ન રાખો કાચું, ને નામું રાખો પાકું; (૫) ચોપડો તો સો વર્ષે બોલે; (૬) દાઝ્યા ભૂલે પણ લખ્યા ન ભૂલે; (૭) દાનત તેવી બરકત; (૮) પાનું ફરે ને સોનું ઝરે; (૯) પાઈની ભૂલ પાછળ જઇનું દીવેલ; (૧૦) પોલે-પાને વહેવાર; (૧૧) મણમાં આઠ પાંચશેરીની ભૂલ; (૧૨) લખો દીકરા ખાતાવહી, બોરડો ગયો ને પરસાળ રહી; (૧૩) રાતે સાલ્લે રાંડ, ને લઇ ગઈ પાશેર ખાંડ; (૧૪) લાખની પાણ; (૧૫) લઇને લખ, લખીને દે; (૧૬) સંભારીને નામું લખે ને ઊંટે ચડીને ઊંઘે; (૧૭) હિસાબે થાય તેમાં વાંકું બોલાય નહીં; (૧૮) હિસાબ તો આરસી છે; (૧૯) હિસાબ સઉનો, મઠ કાંગ ને ઘઉંનો; (૨૦) હિસાબ કોડીનો ને બક્ષિસ લાખની.

વ્યાપારમાં લક્ષ્મી વસે છે એમ કહેવાય છે; પરંતુ એ લક્ષ્મી મેળવતાં, સાચવતાં અને પછી તેનો યોગ્ય વિનિયોગ કરવામાં કેટકેટલો પરિશ્રમ, તકેદારી, સચ્ચાઈ અને ઇમાનદારી રાખવાં પડે છે તે તો જે વેપાર કરતું હોય તે જ જાણે.

એટલે ગુજરાતી સમાજના અંતરમાં ડોકિયું કરવા માટે, દૃષ્ટાંત તરીકે 'અર્થશાસ્ત્રની કહેવતો' નું અહીં પરિશીલન કર્યું છે.

(અખંડ આનંદ)

★

★ વિણેલાં પુષ્પો ★

દેહની ગુલામીમાં આત્માનો અધઃપાત સમાએલો છે.

જીવન એટલે શું? જન્મ અને મૃત્યુના બોવારા વચ્ચે વહેતો ચેતન પ્રવાહ તો નહિ?

પરાર્થે સર્વ સમર્પણ-એ માનવ જીવનનો મર્મ અને એ મર્મને ગ્રહણ કરવો એ માનવનો ધર્મ.

ભદ્રેશ્વર તીર્થની યાત્રાએ

શ્રી કાંતાબેન જુઠાભાઇ લુણાવા

★

દેવના પણ દેવ એવા જિનેશ્વર ભગવાનનું દર્શન પાપનો નાશ કરનારૂં છે. સ્વર્ગની સીડી છે અને મોક્ષનું સાધન છે; તીર્થ એટલે સંસાર સમુદ્રથી તારે તેનું નામ તીર્થ. એવું જે ભવ્ય રમણીય અને અલૌકિક તીર્થ ભદ્રેશ્વરનું નામ તો સૌ કોઇએ સાંભળ્યું હશે. પહેલાં તે બાજુ ટ્રેન નહોતી એટલે જવાનું વિષમ હતું પણ હવે તો કંડલા બંદર થયું એટલે છેક ગાંધીધામ સુધી ટ્રેન થઈ છે, તેથી માર્ગ સરલ થયો છે.

અમારી વાંકલીના સંઘની સ્પેશ્યલ ટ્રેન તા. ૧-૨-પહ્લના રોજ રાતના એરણપુરા સ્ટેશનથી ભીલડીયાજી તીર્થે આવીને અટકી.

પોષ વદી દશમનો દિવસ હતો. [ગુજરાતી] ત્યાં ત્રેવીશમા પાર્શ્વનાથ ભગવાન બિરાજમાન છે. શ્રેણિક મહારાજે ત્યાં ભીલડી સાથે લગ્ન કરેલાં તેથી ભીલડીયાજી તીર્થ નામ પડયું. પાર્શ્વનાથની ચમત્કારી મૂર્તિ ભોંયરામાં બિરાજમાન છે. હાલ મૂળનાયક મહાવીર સ્વામી છે. ત્યાં અષ્ટપ્રકારી પૂજા તથા પંચકલ્યાણુકની પૂજા રાગરાગણીથી ભણાવી સ્ટેશન ઉપર આવ્યાં.

સવારના રાધનપુર ગયાં જે ધર્મપુરી કહેવાય છે. આ અવસર્પિણી કાલમાં ચોવીશ તીર્થંકરની સંખ્યાની ઉપમા ધરાવતાં ત્યાં ચોવીશ જિનમંદિરો છે. તેમાં સૌથી મોટું આદીશ્વર ભગવાનનું દહેરાસર તો શત્રુંજયના પુંડરીકસ્વામિના દહેરાસરની યાદ આપે તેવું છે. લાકડાથી જડેલ ત્રણ ગભારાવાળું સોનાનું દહેરાસર પણ છે.

ત્યાંથી ગાંધીધામ આવ્યા બજારમાં ધાતુની પ્રતિમાવાળું દહેરાસર છે. ત્યાંથી અંજાર આવ્યા કુદરતની લીલા એવી છે કે જે વસ્તુ સવારમાં જોઇ તેવી બપોરે નહીં અને બપોરે નહીં તે પ્રમાણે અંજારના દહેરાસરો ધરતીકંપથી સાવ જમીન દોસ્ત થઇ ગયેલાં. હાલ નવેસરથી જીર્ણોદ્ધાર થઇ રહ્યો છે. તે જોઇને આપણને થાય કે સમય તારી બલિહારી.

પછી ભદ્રેશ્વર તીર્થે ગયાં સુસ્વાગતના સંગીતના મધુર સૂરથી સંઘને વધાવી લીધો. વિશાળ ધર્મશાળા, ભોજનશાળા, નંદીશ્વરદ્વીપની સંખ્યા વાળાં બાવન જિનાલય અને નલિનીગુલ્મ વિમાનની આકૃતિવાળું ભવ્ય દહેરાસર ત્યાંનું શિલ્પ કામ, ચિત્રકામ પ્રભુના ઉપસર્ગના પ્રસંગોના દ્રશ્યો જોઇ અનેરો આનંદ થયો.

સંસારરૂપી તાપથી દાઝેલા પ્રાણીને શિતળ જલ સમાન એ સ્થાન છે. એવી અપાર શાંતિ. ભદ્રેશ્વર તીર્થ ૨૪૪૦ વર્ષનું અતિ પ્રાચીન તીર્થ છે. પહેલાં મૂળનાયક શ્રી પાર્શ્વનાથ ભગવાન હતા. મહાવીરપ્રભુના પાંચમા ગણધર શ્રી સુધર્માસ્વામિના શિષ્ય શ્રીમદ્ કપિલ કેવળીએ તેમની અંજનશલાકા કરી હતી. ધરતીકંપ થવાથી પાર્શ્વનાથને દહેરાસરની પાછલની ઢેરીમાં બિરાજમાન કર્યા ને હાલ ત્રિલોકનાથ શ્રી મહાવીરસ્વામિની પ્રતિમા મૂળનાયક તરીકે બિરાજમાન છે. તેમની પ્રતિષ્ઠા વિજય શેઠ અને વિજયાશેઠાણીએ કરાવેલી છે.


આ તીર્થ ભારતવર્ષમાં એક મોટું તીર્થ છે. જેમકે શત્રુંજય, ગિરનાર અને સમેતશિખરજીની માફક પ્રાચીન તીર્થ છે અને સાથેસાથ પ્રાચીન શિલ્પકળામાં પરિપૂર્ણ છે. અમો ચાર દિવસ ભદ્રેશ્વરમાં રહ્યાં. વીરજિણુંદજગત ઉપગારી એ સ્તવનમાં છેલ્લી ગાથામાં, મ્હારે તો સુષમાથી દુષમા અવસર પુન્ય નિદાનજી; એ કડી બોલતાં મનમાં થતું કે હે પ્રભુ સુષમા-ચોથા આરામાં આપશ્રી સમવસરણમાં ભાવ અરિહંત રૂપે બિરાજમાન હશો. આપના મુખમાંથી અમૃતરૂપી

વાણીનો ધોધમાર વરસાદ વરસતો હશે પણ તે વખતે મેં આપને અરિહંત રૂપે ઓળખ્યા નહીં હોય. આપના વંદન, નમન સ્તવનાદિ સારી રીતે કર્યા નહીં હોય. ચોરાશી લાખ યોનિમાંથી કોણ જાણે કેવી યોનિમાં આ જીવ પરિભ્રમણ કરી રહ્યો હશે તે તો જ્ઞાની જાણે, !

ત્યારે આ પંચમ દુષમ કાલમાં પણ હે પ્રભુ? આપની (સ્થાપના) મૂર્તિનાં દર્શનરૂપી અમૃત નયનરૂપી કટોરા ભરી ભરીને પીધું તો પણ આત્મા તૃપ્તિ પામતો નથી અને આપને અરિહંતરૂપે ઓળખ્યા તેથી આ અવસર પુન્યરૂપી બજના તુચ્ય માનું છું.

જગડુશાહ શેઠ કે જેમણે ભારતભરના બાર બાર વર્ષના દુકાળને અન્ન પૂર્ણ કર્યું છે. ધન્ય હો એવા દાનવીરને ! ભદ્રાવતી નગરી કે હાલનું ભદ્રેશ્વર તીર્થ જગડુશાહની વાવ અને મહેલ ખંડેર રૂપે તેમની સાક્ષી પૂરતા ઉભા છે તેઓ મૂક ભાષામાં કહે છે "કે" હે પુન્યશાળીઓ તમો પણ જગડુશાહ જેવા દાનવીર, ધર્મવીર, બનેનો અને અમર નામના રાખો. અમો મહા સુદ બીજના દિવસે કે ચોથા અભિનંદન સ્વામિનો જન્મ કલ્યાણક દિવસ અને બારમા શ્રી વાસુપૂજ્ય સ્વામિનો કેવલજ્ઞાન કલ્યાણક દિવસ. જેમ બીજનો ચંદ્રમા દિવસે દિવસે વૃદ્ધિ પામે છે તેમ અમારૂં સમ્યક્ દર્શન વૃદ્ધિ પામવાના મનોરથ સેવતા શ્રી મહાવીર સ્વામિકી જય નામની ઉદ્‌ઘોષણા સાથે સકલ સંઘે ત્યાંથી પ્રયાણ કર્યું. એ ભદ્રેશ્વર તીર્થનાં સંસ્મરણો આજે પણ નજર સામે આવે છે.

નવી ડીઝાઈન



શત્રુંજય પટ

ગૂર્જર સ્ટુડીઓએ ૫૦ વર્ષના અનુભવે શત્રુંજય પટની નવી ડીઝાઇન તૈયાર કરી છે. તે પાણીથી બગડે નહિ એવા પાકા રંગમાં કુમાસદાર કાપડ ઉપર ગામ અને નવ ટૂંકોના મંદિરોમાં સોનાની પ્રતિમાઓના ભાવભીના દર્શન સ્વર્ગનું ભાન કરાવે છે.

લખો : ગૂર્જર આર્ટ સ્ટુડીઓ—પાલીતાણા (સૌરાષ્ટ્ર)



વિવિધ વિષયસ્પર્શી હળવું તથા ધ્યેયલક્ષી વાંચન આ વિભાગનાં આપવાનો અમારો ઉદ્દેશ છે. તેને અનુરૂપ દરેક ક્ષેત્રમાં ઉપયોગી શોધ અને બોધ આપતી રસપ્રદ સાહિત્યની સામગ્રી અહિં પીરસાય છે.

⊙

ન જાણતા હો તો જાણવા જેવું

ભિલાઇના કારખાનાનું ભુંગળું ને કુતુબ મિનારો

ભિલાઈના કારખાનાની કોક ઓવન બેટરીનું ભૂંગળું એશિયામાં ઉંચામાં ઉંચું ભૂંગળું છે. રશિયન લોન અને રશિયન નિષ્ણાતોના સહકારથી બંધાયેલા આ પોલાદના કારખાનાનું રાષ્ટ્રપતિએ તાજેતરમાં ઉદ્‌ઘાટન કર્યું. પણ કોલસામાંથી કોક બનાવવાની તેની ભઠ્ઠી ગયા ઓકટોબરની ૨૫ મી તારીખે પેટાવવામાં આવી હતી ત્યારે હમણા તે બરોબર પેટી !

ભારતમાં કુતુબમિનાર સૌથી ઉંચો મિનાર છે. તેની ઉંચાઈ ૨૩૮ ફીટ છે. ત્યારે ભીલાઇના આ ભૂંગળાની ઉંચાઇ ૩૨૯ ફીટ છે.

ભઠ્ઠીની અજાયબીઓ

આ કોક ઓવન બેટરીની અજાયબીઓ પણ જાણવા જેવી છે. તેને પેટાવ્યા પછી પૂરેપૂરી પેટતાં પેટતાં બે માસ લાગ્યા ! પૂરેપૂરી પેટયા પછી તેમાં એક હજાર ડીગ્રી સેન્ટીગ્રેઇડ એટલે કે ઉકળતા પાણીની ગરમી કરતાં દસ ગણી ગરમી ઉત્પન્ન થઇ. ભઠ્ઠીને યોગ્ય રીતે પેટાવવામાં ન આવે, તેને એકાએક કે વત્તીઓછી ગરમી આપવામાં આવે તો તેની ખાસ પ્રકારનાં ઈંટોમાં તડ પડી જાય, તેને એક વખત પેટાવ્યા પછી લગભગ ૨૫ વર્ષ સુધી હોલવાયા વિના ચાલુ રહેશે.

એક ભઠ્ઠીમાં શું જોઇએ ?

કોલસામાંથી ગેસ છૂટો પાડીને કોક બનાવવામાં આવે છે. આ કોક અને ગેસ વિના લોખંડ અને પોલાદ બની શકે નહિ. એક કોક ઓવન બેટરી બાંધવામાં કેટલો બધો માલ જોઇએ છે તે જુઓ એટલે તેની વિશાળતાનો ખ્યાલ આવશે; પહેલી કોક ઓવન બેટરીમાં ૫૦ હજાર ઘન મિટર સિમેન્ટ કોંક્રિટ, ચાર હજાર ટન પોલાદનાં માળખાં અને સાધન-સામગ્રી તથા વિવિધ પ્રકારની તથા કદની ૧૩,૫૭૦ ટન ઇંટો ખપી છે ! આવી કેટલીક બેટરીઓ છે અને તે બધી કામ કરતી થશે ત્યારે વર્ષે બાર લાખ ટન કોક બનાવશે.

★

આ પણો પ્રજાસત્તાક દિન પાટનગર નવી દિલ્હીમાં ખૂબ દબદબાપૂર્વક ઉજવવામાં આવે છે.

પાટનગર ખાતે છેલ્લા પ્રજાસત્તાક દિન–૨૬ મી જાન્યુઆરી ૧૯૫૮–ની ઉજવણી પાછળ ભારત સરકારે ૬, ૧૨, ૨૦૦ રૂપિયાનો ખર્ચ કર્યો હતો જ્યારે ૧૯૫૭ના પ્રજાસત્તાક દિન માટે સરકારે ૫, ૪૭, ૬૦૦ રૂપિયા ખર્ચ્યા હતા.

ભારતમાં સાયકલનાં કુલ ૬૮ કારખાના છે. એમાંનાં ૨૦ મોટાં કારખાનાં છે. આવું એક



મોટું કારખાનું મુંબઇમાં છે, બીજું એક બિહારમાં બે દિલ્હીમાં, ત્રણ પશ્ચિમ બંગાળમાં, છ પૂર્વ પંજાબમાં અને છ ઉત્તર પ્રદેશમાં આવેલાં છે. આ ૨૦ કારખાનાંઓએ ઈ. સ. ૧૯૫૭માં ૭, ૯૧,૦૦૦થી વધારે સાયકલો તૈયાર કરી હતી. ૧૯૫૬માં આ આંકડો ૬,૬૪,૦૦૦ અને ૧૯૫૫ માં ૪, ૯૧,૦૦૦ હતો. ૧૯૫૭ના વર્ષ દરમિયાન દેશનાં ૭૮ નાનાં કારખાનાંઓએ એક લાખથી વધુ સાયકલો તૈયાર કરી હતી. ભારતીય સાયકલ ઉદ્યોગ પાછળ ૩ કરોડ ૩૯ લાખ રૂપિયાની ભારતીય મૂડી અને ૩૯ લાખ ૮૧ હજાર રૂપિયાની વિદેશી મૂડી રોકાયેલી છે.

૧૯૫૧ માં ભારતમાં સાયકલનાં ૩૯,૪૦,૦૦૦ ટાયરો અને ૪૯,૦૦,૦૦૦ ટયૂબો બન્યાં હતાં, જ્યારે ૧૯૫૭ માં ૭૧,૫૦,૦૦૦ ટાયર અને ૭૦,૦૦,૦૦૦ ટયૂબો બની હતી.

★

ભારતમાં મીઠાનાં ૧૬૪ કારખાનાં આવેલાં છે. ૧૯૫૭ના વર્ષ દરમિયાન આ કારખાનાંઓએ ૬,૮૩,૦૦,૦૦૦ મણ મીઠું તૈયાર કર્યું હતું. જ્યારે ૧૯૫૬ માં ૮,૮૯,૦૦ ૦૦૦ મણ મીઠું ઉત્પન્ન થયું હતું. ૧૯૫૭ માં ભારતમાં ૧૫,૪૩૦ ટાઇપરાઇટર તૈયાર થયાં હતાં અને ૧,૮૨૭ મોટરસાયકલો બની હતી.

★

ઈ. સ. ૧૯૫૭ માં ૧૪,૪૮૯ ટન અખબારી કાગળ ભારતમાં બનાવવામાં આવ્યો હતો. જ્યારે ૬૩,૭૫૦ ટન અખબારી કાગળ વિદેશથી આયાત કરવામાં આવ્યો હતો. ૧૯૫૬ માં દેશમાં ૧૦૭૮૧ ટન અખબારી કાગળ બન્યો હતો, જ્યારે ૭૧,૪૫૦ ટન અખબારી કાગળ પરદેશથી આયાત કર્યો હતો. ૧૯૫૫ માં માત્ર ૨,૫૬૩ ટન અખબારી કાગળ ભારતે બનાવ્યો હતો, તેથી એ વર્ષે ૭૩,૬૦૦ ટન અખબારી કાગળ વિદેશમાંથી આયાત કરવો પડયો હતો.

★

ચૂંટણીનો વીમો

હવે એ વાત જાહેર થઇ ગઇ છે કે બ્રિટનના ઉદાર મતવાદી પક્ષે પોતાના પક્ષના ઉમેદવારોની અનામત રકમ માટે "લોઇડઝ" માં મોટી રકમનો વીમો ઉતરાવ્યો હતો. પહેલાં પચાસ ઉમેદવારોની જપ્ત થયેલ અનામત રકમ સિવાય બધું નુકશાન એક વિમા કંપનીએ ભરી આપવાનું માથે લીધું હતું. આ વીમા કંપનીને ઉદાર મતવાદી પક્ષે પ્રીમીયમ તરીકે પાંચ હજાર પાઉન્ડ આપ્યા હતા.

★

જમીનદારી બંધ કરવા માટે

બિહારમાં જમીનદારીની પ્રથા બંધ કરવાનાં જુદાંજુદાં ફોર્મો છાપવા માટે ત્રણસો સાડા એકસઠ ટન કાગળ જોઈશે, એમ સત્તાવાર રીતે જણાવવામાં આવ્યું છે.

★

"મરજી પડે તેટલા પૈસા આપો!"

યુનાઇટેડ સ્ટેટસના વિન્કોન્સિન પરગણાના મેકફર્ડના રેસ્ટોરાંના માલીક ફ્રેન્ક એન્ડ્રીએ નિર્ણય કર્યો છે કે ગ્રાહકોને તેમની મરજીમાં આવે તેટલું ખાવા દેવું ને તેમને યોગ્ય લાગે તેટલા પૈસા આપે. ગામવાળાઓને પ્રથમ તો લાગ્યું કે તેનું ભેજું ચસ્કી ગયું છે. પણ ફ્રેન્કના નફામાં તો વધારો થયો! ભોજન દીઠ તેની કમાણી અગાઉ જેટલી જ છે. પણ દિવસ અને રાત તેના રેસ્ટોરાં પાસે લોકોની કતાર જામી હોય છે.

જગતનું સૌથી ઉંચું મકાન વધુ ઊંચું થશે!

ન્યુયોર્કનું "એમ્પાયર સ્ટેટ બીલ્ડીંગ" અત્યારે જગતમાં સૌથી વધારે ઉંચું મકાન હોવાનું માન ધરાવે છે. આ ઉંચા મકાનની ટોચે ટેલિવીઝન મોકલવા માટે એક ટાવર બાંધવાનો છે. આથી આ મકાનની ઉંચાઇ હજી ૧૫૫ ફીટ વધશે એટલે કે આ મકાનની કુલ ઉંચાઇ લગભગ ૧૪૫૦ ફીટ થશે.

★

જગતનું અતી ગંદુ શહેર

જગતનું અતિ ગંદું ગણાતું શહેર ન્યુયોર્ક એ કલંક ભૂંસી નાખવા માટે પ્રયત્નશીલ થયું છે. ફેબ્રુઆરી માસના એક અઠવાડિયા દરમ્યાન કોઈ કાગળનો ટુકડો, ખાલી ડબ્બો કે અન્ય કોઇ પણ પ્રકારનો કચરો ફેંકતો પકડાય તેના પર સમન્સ બજાવશે એવી યોજના ઘડાઇ હતી. આ ગુન્હા માટે વધારેમાં વધારે એક વર્ષની જેલ અને ૧૭૮ પૌંડનો દંડ બન્ને છે.

★

વિશ્વનું સૌથી મોટું નાટ્યગૃહ

હવાનામાં ૨૮ લાખ ૫૦ હજાર ડોલરને ખર્ચે વિશ્વનુ સૌથી મોટું નાટ્યગૃહ બાંધવામાં આવ્યું છે. તેમાં ૬૭૫૦ પ્રેક્ષકોને બેસવાની સગવડ છે. એનો રંગમંચ ૧૨૦ ફીટ લાંબો અને ૬૦ ફીટ પહોળો છે. ૧૦૦૦ મોટરો તેના કમ્પાઉન્ડમાં ઊભી રહી શકે એવી વ્યવસ્થા છે!

જાહેર નાટ્યપ્રયોગ ઉપરાંત અમેરિકાની એક કંપનીએ સ્ટેજ પર બરફની "સ્કેટીંગ" કરવાની વ્યવસ્થા પણ કરી છે. ૧૫ થી ૧૮ ઇંચનો થર થાય એટલો બરફ સ્ટેજ પર ટૂંકા ગાળામાં જ પાથરી શકાય એવી વ્યવસ્થા કરવામાં આવી છે. આ નાટ્યગૃહને અમેરિકન સંગીતકારોની મદદ મળી છે. રે પૈસાનો ધુમાડો!

★

મકાન ભાડાનું પ્રમાણ

કેનેડાના લોકો પોતાની આવકના સરેરાશ રબા ટકા ભાડું ભરવામાં ખર્ચે છે. બ્રિટીશરો ૨૨॥ ટકા, અમેરિકનો ૨૦ ટકા, બેલ્જિયનો ૨૦ ટકા, જર્મનો ૧૭॥ ટકા, ડેન્માર્કવાસીઓ ૧૬ ટકા, સ્વિટઝરલેન્ડના લોકો ૧૨॥ ટકા અને રશિયનો ૧૦ ટકા ખર્ચે છે. આપણા ભારતવાસીઓનો આંકડો કોઇએ કાઢયો જાણાતો નથી.

★

સ્વભાવ બગાડવા માટે નુકસાનીનો દાવો!

રસ્તા પર થયેલા એક અકસ્માતથી પોતાના સારા સ્વભાવનું ખરાબ સ્વભાવમાં પરિવર્તન થયાનું જણાવતાં બર્મીંગહામની અદાલતમાં એક માણસને બાવન હજાર રૂપિયાની નુકસાની આપવામાં આવી હતી! જે લોરીએ આ માણસને નીચે પછાડયો હતો તથા તેનાં બાળકને મારી નાંખ્યું હતું, તેના માલિકોએ આ પૈસા ભરવાના હતા.

સેકન્ડનો પરાર્ધમો ભાગ માપવાની રીત

યુનાઈટેડ સ્ટેટસના વૈજ્ઞાનિકોએ સેકન્ડનો પરાર્ધમો ભાગ માપવાની રીત શોધી કાઢી છે!

★

આપણા દેશની પ્રથમ આધુનિક ટંકશાળનો પાયો કલકત્તામાં ઇ. સ. ૧૮૨૪ માં નાખવામાં આવેલો. તેમાં તેર લાખ રૂપિયાની કીંમતનાં યંત્રો વસાવ્યાં હતાં. પહેલી ઓગસ્ટ ૧૯૨૯ ને રોજ આ ટંકશાળનું ઉદ્‌ઘાટન થયું હતું. ત્યારે તેની ઉત્પાદનશક્તિ દરરોજના બે લાખ રૂપાના સિક્કા હતી. અલીપોર ખાતેની નવી ટંકશાળનું ઉદ્‌ઘાટન તે વખતના નાણાંપ્રધાન શ્રી. ચિંતામણ દેશમુખે ઓગણીસમી માર્ચ ૧૯૫૨ના રોજ કરેલું. આ ટંકશાળની ઉત્પાદનશકિત રોજની આઠ કલાકની પાળીએ કામ કરતાં બારલાખ સિક્કાની છે. ભારતમાં હાલ ત્રણ ટંકશાળો છે. અલીપોર, મુંબઇ અને હૈદ્રાબાદ. તેમનું સાપ્તાહિક મૌલિક ઉત્પાદન લગભગ આઠ કરોડ સિક્કાનું છે. કલકત્તાની ટંકશાળે યુધ્ધકાળ દરમિયાન એટલે કે ઇ. સ. ૧૯૪૪–૪૫માં ૧,૦૪,૮૭,૨૭,૮૦૦ સિક્કા પાડી વિક્રમ નોંધાવ્યો હતો. આને લગભગ આંતરરાષ્ટ્રીય વિક્રમ ગણી શકાય.

દક્ષિણ આફ્રિકાની કિમ્બર્લીની હીરા—ખાણ જગતભરમાં માનવીએ ખોદેલો સૌથી મોટો ખાડો ગણાય છે. એના મોંઢાનો ચકરાવો લઇએ તો એક માઇલ થાય. હીરાની આ ખાણની ઉંડાઇ ૧૩૩૫ ફીટ છે. ઇ. સ. ૧૯૧૪માં આ ખાણને પડતર બનાવી હતી. ત્યાં સુધીમાં તો ૬૪૦૪ રતલ જેટલા હીરા તેમાંથી મેળવવામાં આવ્યા હતા.

બ્રિટનવાસીઓએ ઇ. સ. ૧૯૫૫-૫૭ ના વર્ષમાં માદક પીણાં અને તંબાકુ પાછળ ૧૮૩ કરોડ પાઉન્ડ લગભગ ૨૫ અબજ રૂપિયા નો ધૂમાડો કર્યો હતો! અને ખોરાક પાછળ— ૪,૩૭,૬૦,૦૦,૦૦,૦૦૦ પાઉન્ડનો ખર્ચ થયો હતો એ વર્ષે બ્રિટનનો સંરક્ષણખર્ચ લગભગ— ૧,૭૦,૧૦,૦૦,૦૦૦ પાઉન્ડ હતો.

મનુષ્યનું મગજ તેની ૭૦ વર્ષની વયે પણ પંદર કરોડ વસ્તુઓનું સ્મરણ સંગ્રહી શકવા શક્તિમાન હોય છે, એવો મત જ્ઞાનતંતુવિજ્ઞાનના નિષ્ણાત ડો. રાલ્ફ જીરાર્ડે આપ્યો છે. મનુષ્યના મગજની ચિંતન તથા સ્મરણ કરનારી માંસપેશીઓના કોષોની સંખ્યા ૧૦૦ અબજથી ૧૨૦ અબજ જેટલી હોય છે!

★

'સાઠી બુદ્ધિ નાઠી' એ કહેવતમાં કેટલું તથ્ય છે. તે જુઓ: પોતપોતાના જમાનાના પ્રથમ પંક્તિના લડવૈયા, રાજપુરુષ, કવિ, લેખક કે કલાકાર નીવડ્યા હોય એવા ચારસો મહાપુરુષોની ઉત્તમ સિદ્ધિઓમાં ૩૫% એમની ઉંમર ૬૦-૭૦ વચ્ચેની હતી ત્યારની છે; ૨૩% તેઓ ૭૦-૮૦ વચ્ચે હતા ત્યારની અને ૮% સિદ્ધિઓ તો ૮૦ વર્ષની અવસ્થા પછી પ્રાપ્ત થઈ હતી! મતલબ કે જગતનાં ૬૬% મહાન કાર્યો ૬૦ વર્ષની ઉંમર વટાવી ગયેલા માણસોને હાથે જ થયાં છે!

★

અમેરીકાના દક્ષિણ કેરોલીનાના ડેમોક્રેટ સભ્ય મી. સ્ટોમી થરમોન્ડે સતત બોલ્યા જ કરવાનો અભૂતપૂર્વ વિક્રમ સ્થાપ્યો છે. ઓગસ્ટ'૫૭ના છેલ્લા અઠવાડિયામાં તેમણે એક ધારું ૨૨॥ કલાક કરતાં લાંબું પ્રવચન અમેરિકન સેનેટ સમક્ષ આપ્યું હતું! શ્રી થરમોન્ડ હબસીઓ માટેના નાગરિક હક્કોને લગતા સમજૂતી ખરડા પર બોલ્યા હતા. એ પહેલાંનો વિક્રમ સેનેટર વેઇન મોર્સ, તેલ-ખરડા પરની ચર્ચા પ્રસંગે ૨૨ કલાક ૨૬ મિનિટ સુધી અવિરત બોલીને સ્થાપ્યો હતો!

★

જાપાનના બાપ શહેરમાં પથ્થરનાં નાણાં પણ વપરાય છે. એમાંના કેટલાક સિક્કાઓ તો ગાડીના પૈડા કરતાં પણ મોટા હોય છે!

★

સોવિયેત સંઘમા અત્યારે ૭૫૪૦ વર્તમાનપત્રો પ્રકટ થાય છે. તેમનો કુલ ફેલાવો લગભગ ૫,૪૦,૦૦,૦૦૦ નકલોનો છે. એમાં ત્રણ કરોડ નકલો તો માત્ર ૬૫૦ વર્તમાનપત્રોની ખપે છે. ઇ. સ. ૧૯૫૬ની ગણતરી મુજબ રશિયામાં ટેકનિકલ પત્રોના ગ્રાહકો ૧૯,૨૦,૦૦૦ હતા, જ્યારે ખેતીવાડીવિષયક પત્રોના ગ્રાહકોની સંખ્યા ૨૭,૩૬,૦૦૦ હતી. જગતભરમાં સૌથી વધારે ફેલાવો ધરાવતું વર્તમાન પત્ર લંડનનું, રવિવારનું "ન્યૂઝ ઓફ ધ વર્લ્ડ" છે. દર અઠવાડિયે તેની ૯૦,૦૦,૦૦૦ નકલો ખપે છે!.....બધાંય દૈનિક પત્રોમાં વધુમાં વધુ ઢળદાર અંક અત્યાર સુધીમાં "ન્યુયોર્ક ટાઇમ્સે" ૬ મે ૧૯૫૬ને રોજ આપ્યો હતો.

★

દુનિયાનો સૌથી મોટો ઘંટ સોવિયેત રશિયાના પાટનગર મોસ્કોમાં આવેલો છે. 'ક્રેમલીન'ને એક ખૂણે પડેલો આ ઘંટ ૬,૦૦૦ મણ વજન ધરાવે છે. આવો જ એક મહાકાય વજનદાર ઘંટ જાપાનના એક વખતના પાટનગર કયોટો શહેરમાં આવેલો છે. જાપાની બૌદ્ધોના જોડો સંપ્રદાયનાં ત્રણસો વર્ષ જૂના મુખ્ય મંદિરમાં 'ચિયોન ઇન'માં આ રાક્ષસી ઘંટ ઢાળવામાં આવ્યો હતો. ૧૮ ફીટ ઊંચો અને ૯ ફીટ પહોળો આ ઘંટ ૪૧૪૪ મણ વજન ધરાવે છે. કયોટો પૂર્વે જાપાનનું પાટનગર નારા હતું. વર્ષો પહેલાં જાપાનમાં દરેક રાજ્યકર્તા પોતાની રાજધાની બદલે એવી પ્રણાલિકા હતી. પરંતુ સામ્રાજ્ઞી ગેમ્યોએ આ રિવાજ દૂર કર્યો ત્યા

રથી તે કયોટો જાપાનનું પાટનગર બન્યું ત્યાં સુધી નારા શહેર રાજધાની રહ્યું. આ નારા શહેરમાં આવેલાં શિંટો ધર્મના 'કસુંગા જિંગો' મંદિરમાં ૩,૦૦૦ જેટલાં પથ્થરનાં ફાનસો છે. ત્યાંથી થોડે દૂર ૨૬૬૮ મણનો એક ઘંટ પણ આવેલો છે.

★

યુ. સ્ટે. ના. ન્યુયોર્ક રાજ્યમાં હડસન નદી પર વસેલું ૩૬૫ ચો. માઇલના વિસ્તાર અને ૮૦ લાખની વસ્તીવાળું ન્યુયોર્ક શહેર દુનિયાનું બીજા નંબરનું તથા યુ. સ્ટે. નું પહેલાં નંબરનું સૌથી મોટું શહેર છે. દુનિયાના ઉદ્યોગનું હૃદય હોવા ઉપરાંત શિક્ષણ, સંસ્કારમાં ખૂબ વિકસેલું છે. બાર રેલ્વે તથા ૪ હવાઇ મથકો અને ૭૭૦ માઇલના કિનારા પર વિસ્તરેલા અમેરિકાના શ્રેષ્ઠ બંદર દ્વારા તે સર્વત્ર જોડાયેલું છે શહેરમાં ૧૩૦ ઈસ્પિતાલો હોઇ અગત્યનું આરોગ્ય સંશોધન કેન્દ્ર છે. ૧૫૨૪ પછી ડચ કંપનીએ ત્યાં વસાહત સ્થાપવા માનહટન ટાપુ ખરીદ્યો, અને મુંબઇની જેમ ન્યુયોર્કના ભવ્ય ઉગમનું બી રોપાયું. ૧૯મી સદીની અધવચથી યુરોપથી ઊતરી આવતા લાગેલાં ટોળાંએ શહેરને ખૂબ ગીચ અને ગંદુ કરી મૂકયું પરિણામે શિકાગો પછી ન્યુયોર્કમાં પણ ગગનચૂંબી ઈમારતો બંધાવા લાગી. (સૌથી ઊંચા ઇમારત એમ્પાયર સ્ટેટ બિલ્ડિંગ ઊંચાઇ ૧૯૯૪ ફીટ) ૧૯૪૬માં અમેરિકાના દાનવીર રોકફેલરે વિશાળ જમીનનું દાન આપતાં સંયુક્ત રાષ્ટ્રોનું કાયમી વડુ મથક ન્યુયોર્કમાં સ્થપાયું. ન્યુયોર્કમાં જગતના દરેક ભાગના માણસો વસે છે. ભારતીય વસ્તી નહિ જેવી છે. શહેરની આબોહવા સમધાત અને હેજવાળી છે.

★

આ ગા મી અં ક થી શ રૂ થ શે

'કલ્યાણ'નું નવું આકર્ષણ

મહાગુજરાતના સમર્થ નવલકથાકાર સુપ્રસિધ્ધ સાહિત્યકાર વૈદ્યરાજ ભાઈશ્રી મોહનલાલ ધામીની ચમત્કારી શૈલીએ નવી ઐતિહાસિક ચાલુ કથા. 'કલ્યાણ'ના આગામી અંકથી શરૂ થશે. જેનાં પાને પાને તમને અદ્‌ભુત કથારસનું પાન કરવા મળશે. ભાઈશ્રી ધામીની શૈલી માટે કશું કહેવાનું રહેતું નથી. ભાવવાહી ભાષા, અપૂર્વ પાત્રાલેખન તથા સચોટ સંવાદો એ તેઓની આગવી શૈલી છે. એક વખત અંક હાથમાં લીધા પછી મૂકવાનું મન નહિ થાય.

આગામી અંકથી શરૂ થતી ઐતિહાસિક વાર્તા માટે 'કલ્યાણ' વાંચવાનું ભૂલશો નહિ. તમારો અંક વસાવી લેશો.

જ્ઞાન વિજ્ઞાનની તેજછાય

સંપાદક : શ્રી કિરણ

મંત્ર, ઔષધ અને ગારુડ

પ્રિય કમલ,

દક્ષિણ અમેરિકાના ત્રણ સંશોધકોની આ કથા છે. ગોર્ડન મૈકક્રીગ, ડેમિલ બ્રાઉન, અને જી. એસ. મેકાર્થી—તેમનાં નામ.

કાયરતા નિવારક જડીબુટ્ટી.

દક્ષિણ અમેરિકામાં "કૈપી" નામની એવી જડીબુટ્ટી થાય છે જેનો રસ પીવાથી માનવી ભયથી મુક્ત બને છે. આવી વાતો ઉપર વૈજ્ઞાનિકોને વિશ્વાસ નહોતો.

જર્મનીના બૈરન હંબોલ્ટ બ્રાઝિલના જંગલિઓ પાસેથી એવી જડીબુટ્ટીનું નામ સાંભળ્યું હતું જેનું સેવન ભયરહિત બનાવે.

રિચર્ડ સ્પ્રૂસે એવા કેટલાક લાલ પુષ્પો જોયા હતા જેને ત્યાંના જંગલીઓ "સાહસ પુષ્પ" કહેતા.

વીશ નામના એક શોધકે એક રેડ ઇન્ડીયનને કંઇ પ્રવાહી પીતા જોયો. પૂછવાથી પ્રત્યુત્તર મળ્યો કે આ ઔષધનું સેવન કરવાથી કાયર વ્યક્તિ પણ સાહસિક બની જાય છે.

આ હકીકતોના આધાર પર શોધકો દક્ષિણ અમેરિકાના પેરૂ અને બ્રાઝિલના જંગલોમાં આ અદ્ભુત ઔષધ શોધવા નીકળ્યા.

હાથવેંતમાં મૃત્યુ.

આ પ્રદેશમાં આજે પણ સભ્ય માનવીનો પ્રવેશ શક્ય નથી. અહિં ઝેરી જીવજંતુ તથા જંગલી માનવીઓ વસે છે. જંગલીઓના તીર ભયંકર વિષભર્યા હોય છે. મૃત્યુ માટે એક તીર બસ છે.

આ શોધમાં ઘણા શોધકો મૃત્યુ પામ્યા. અનેક દુર્ઘટનાઓ ભયંકર રોગો અને આફતોની એ કથા લાંબી છે.

માત્ર ત્રણ વ્યક્તિઓ તેમાં બચી. મૈકક્રીગ, બ્રાઉન, અને મેકાર્થી.

એક અજ્ઞાત જંગલમાં એક નદીના કિનારે કિનારે નાવમાં જતા એક ઝેરી તીર મૈકક્રીગના માથા પાસેથી નીકળી ગયું.

થોડીવારે જંગલીઓનો સરદાર આગળ આવ્યો. મૈકક્રીગે વીજળીની બત્તી સળગાવી. આ અદ્ભુત જાદુ જોઇ સર્વે જંગલીઓ તેમનાથી ભય પામ્યા.

કૈપી.

ત્રણે શોધકોને સન્માનપૂર્વક જંગલીઓનો સરદાર પોતાની વસ્તીમાં લઇ ગયો. અને પોતાની રીતે તેમનો આદર સત્કાર કર્યો.

મૈકક્રીગે એકવાર જંગલીઓને યુદ્ધની તૈયારી કરતા પહેલા એક પ્રકારની વનસ્પતિનો રસ પીતા જોયા.

આ "કૈપી" નામની એ જડીબુટ્ટી. જેમની શોધમાં તેઓ આવ્યા હતા.

જંગલીઓના સરદારને કહીને શોધકોએ આ જડીબુટ્ટી મેળવી. અને મહામૂલ્ય કૈપીએ પાછા આવ્યા.

આ જડીબુટ્ટીની પ્રાપ્તિમાં આશરે દોઢ લાખ રૂપીઆ ખર્ચ થયો. અને આ પ્રયાસમાં કેટલાય માનવીઓના મૃત્યુ થયા. આ જંગલી જડીબુટ્ટીનું વજન આશરે પાંચ શેરથી વધુ નથી.

પ્રયોગો પછી વૈજ્ઞાનિકોને લાગ્યું છે કે આ ઔષધથી ભય દૂર થાય છે. જો કે હજી આ સંબંધી પરીક્ષણ પુરૂં થયું નથી પરંતુ અત્યાર-સુધીના પ્રયોગોથી લાગે છે કે સફળતાના સંભવો ઘણા છે.

શસ્ત્રોપચાર Surgery પહેલા અથવા પ્રસવ Delivery પહેલા વ્યક્તિને જો આ ઔષધનું સેવન કરાવવામાં આવે તો તે ભયમુક્ત થઇ જાય એવું વૈજ્ઞાનિકોનું મંતવ્ય છે. પરંતુ હજી ચિકિત્સકોનું તે માટેનું સંશોધન ચાલી રહ્યું છે.

પરમ ઔષધિ.

કમલ, "ડ્રેપી"નું સંશોધન હજી અધુરૂં છે. આવી જડીબુટ્ટીની પ્રતિ અસરો Reactions તથા સેવન પછીની પાછળની અસરો After-effects શું છે ? હજી વૈજ્ઞાનિકો પણ તે જાણતા નથી.

પરંતુ એક પરમ ઔષધિ અનુભવસિધ્ધ છે અને તે છે શ્રી નમસ્કાર મહામંત્ર.

ભય સમયે શ્રી નવકાર મંત્રનું સ્મરણ ભય રહિત બનાવે છે. સર્વ ઔષધિઓના મૂળિઆથી અધિક આ મહાન જડીબુટ્ટી છે. અને સ્વાનુભવ-સિદ્ધ છે.

કમલ ! અનેક આત્મ વૈજ્ઞાનિકોએ આ ઔષધનું સેવન કર્યું છે. આ ઔષધ શ્રેષ્ઠ છે. કારણ કે ધીમે ધીમે તે દ્વારા ભયની વૃત્તિનો સમૂળ ક્ષય થાય છે.

કહ્યું છે કે,

किमत्र मन्त्रौषधि मूलिकाभिः
किं गारुत्स्वर्गमणीन्द्रजालैः ? ।
स्फुरन्ति चित्ते यदि मन्त्रराज-
पदानि कल्याण-पदपदानि ॥

જો ચિત્તને વિષે કલ્યાણનાં પદને આપનારાં પંચ પરમેષ્ઠિ નમસ્કાર રૂપી મંત્રરાજનાં પદો સ્ફુરાયમાન થાય છે, તો પછી મંત્ર અને ઔષધિઓનાં મૂળો વડે કે ગારૂડ, ચિંતામણિ કે ઇન્દ્રજાળો વડે શું કામ છે ? અર્થાત્ તે વડે સર્યું.

મહા વિજ્ઞાન

Science of Sciences.

કમલ, પ્રાચીન મંત્રશાસ્ત્ર પાસે આજનું અશ્રાવ્ય ધ્વનિવિજ્ઞાન Science of Supersonics, જૂના વૈદક પાસે આજનું દવાશાસ્ત્ર Medical Science અને જૂની ગારૂડવિદ્યા પાસે આજના ઝેર દૂર કરવાના પ્રયોગો Depoisoning Methods સામાન્ય, અતિ સામાન્ય only elementary છે.

શ્રી નવકાર મહામંત્ર Supra Supersonics છે. કારણ કે તે વડે સર્વ સિદ્ધિઓ-મોક્ષસિદ્ધિ પણ તે દ્વારા શક્ય છે.

શ્રી નવકાર મહા ઔષધિ Supra medicine છે કારણ કે તે વડે સર્વ રોગો મહા ભયંકર એવો કર્મરોગ પણ મટે છે.

શ્રી નવકાર મહાગારુડ Supra Depoisoner છે કારણ કે તે વડે સર્વ ઝેર મહામોહનું કાલકુટ ઝેર ઉતરે છે.

મંત્ર, ઔષધિ, ગારુડ ઇત્યાદિથી થતા લાભ બાહ્ય External છે. શાસ્ત્રકાર આવા સર્વ સાધનોને ઇંદ્રજાલ કહે છે Not of any permanent Value.

શ્રી નવકારથી થતા લાભ આંતર Internal છે. મણિ મંત્રાદિ સાધનોમાં રહેલી શક્તિઓ-ઉપરાંતની અનેક શક્તિઓ શ્રી નવકારમાં રહેલી છે. All effects of શ્રી નવકાર are better and of permanent value.

આ શક્તિઓ કઈ રીતે પ્રગટે ?

શ્રી નવકાર દ્વારા પાપનો ક્ષય થાય છે.

શ્રી નવકાર આત્મશુદ્ધિ Purification of Soul લાવે છે. શ્રી નવકારની આ સર્વ શક્તિઓ અપ્રગટ Potential છે.

તે પ્રગટ કઇ રીતે થાય? શાસ્ત્રકાર કહે છે.

" स्फुरंति चित्ते यदि मंत्रराजः "

આ મંત્રના પદો જો ચિત્રમાં સ્ફુરાયમાન થાય તો.

આ મંત્રના પદો ચિત્તમાં સ્ફુરાયમાન કઈ રીતે થાય?

તે માટે મંત્રરાજની આરાધના કરવી પડશે. " આરાધના "ની એ કક્ષા climax આવવી જોઇએ કે જ્યારે **ચિત્તમાં** આ મંત્રપદો સ્ફુરાયમાન થાય.

ચિત્તમાં મનનું સ્ફુરાયમાન થવું એટલે શું? What is this condition ?

" ચિત્તમાં મંત્રરાજની સ્ફુરણા " ની જૂદિ જૂદિ ભૂમિકાઓ different levels કેવી છે?

શાસ્ત્રકાર " મંત્ર " નહિ મંત્રરાજ શા માટે કહે છે?

આ પદો " કલ્યાણ પદ " આપનારા કઇ રીતે છે?

કમલ, આ સંબંધી વિચાર કયારેક કરીશું.

સ્નેહાધીન

કિરણ

શ્રી નમસ્કાર મહામંત્રનું વિજ્ઞાન.

(શ્રી જૈન સાહિત્ય સભા–મુંબઇ તરફથી શ્રી કિરણનું "શ્રી નમસ્કાર મહામંત્ર વિજ્ઞાન" એ નામનું પુસ્તક પ્રસિદ્ધ થયું છે.

આ પુસ્તકમાંથી " પ્રવેશ " અને " પ્રથમ પત્ર " નું લેખન મિત્રો સાથે વાંચતા થયેલી અંગત ચર્ચા. તત્વજ્ઞાનની વિચારણાઓમાં સૂક્ષ્મ રસ લેતા કોઇ સહૃદયી વાંચકને ઉપયોગી થાય એ આશાએ અહિં રજુ કરી છે.)

પ્રશ્નોત્તરી.

પ્ર૦–દ્રવ્યાનુયોગ અને ગણિતાનુયોગની જેમ ચરણ કરણાનુયોગનું મહત્વ શું છે?

ઉ૦–ચરણ કરણાનુયોગ મોક્ષમાર્ગમાં સહાયક કસરતો Spiritual Exercises રૂપે છે.

ચરણસિત્તરી અને કરણસિત્તરી આત્માને કર્મોથી મુક્ત કરવાની પ્રક્રિયા Process of the sublimation of Soul માટે છે.

પ્ર૦–મોક્ષનું કારણ તો ભાવશુધ્ધિ છે. ક્રિયાથી શું વળે?

ઉ૦–જેમને દેહ અને મનનો સંબંધ Relation of Body & Mind હજી સમજાયા નથી, તેઓ ક્રિયાની ઉપેક્ષા ભલે કરે, બાકી સક્રિયા આત્મશુદ્ધિનો રાજમાર્ગ છે. ક્રિયા અને ભાવ એકબીજા સાથે સંકળાયેલાં છે.

પ્ર૦–શું ક્રિયાનો ભાવ સાથે સંબંધ છે?

ઉ૦–આજનું મનોવિજ્ઞાન પણ સ્વીકારે છે કે કયારેક માત્ર વિચારથી વિચાર રોકાતા નથી પણ ક્રિયાથી રોકાય છે. ચોક્કસ ક્રિયાઓને ચોક્કસ ભાવો સાથે ગાઢ સબંધ છે.

પ્ર૦–દ્રવ્યાનુયોગ અને ગણિતાનુયોગ સાથે ચરણ-કરણાનુયોગનો શું સંબંધ?

ઉ૦–દ્રવ્યાનુયોગ વડે પોતાનું વૈભાવિક તથા સ્વાભાવિક સ્વરૂપ સમજાય છે. ગણિતાનુયોગ વડે દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવના માપ Measurement સ્પષ્ટ થાય છે.

ચરણકરણાનુયોગ આત્મશુદ્ધિનો પ્રયોગ છે, સાધના છે.

ચરણ–કરણાનુયોગ વડે દુષ્કર્મો રોકાય છે. It is Preventive Medicine તથા બંધાયેલા દુષ્કર્મો છૂટે છે. It is also curative medicine.

પ્ર૦–તો શું ચરણ–કરણાનુયોગ માત્ર ક્રિયા નથી?

ઉ૦–ચરણ કરણાનુયોગ યંત્રવત્ ક્રિયા Mechani

cal actions નથી. ક્રિયાથી કંઈક અધિક છે.

વરણ કરણાનુયોગમાં માનસશાસ્ત્રના નિયમો કાર્ય કરે છે. It is the application of Higher Psychological Principles.

વરણ કરણાનુયોગ ઉચ્ચ જીવનની કલા છે. It is the Art of Divine Life.

છૂટા ફુલ

અપવિત્રથીય અપવિત્ર શું ?

શાસ્ત્રાર્થમાં દિગ્વિજયી યુવક રામાનંદ કાવેરીના તટ ઉપર ઉભા રહી અર્ઘ્ય ચઢાવી રહ્યા હતા.

સંયોગવશાત્ ચામડા ધોનારા એક ચમારના પાણીના છાંટા ભૂલથી તેમના પર ઉડ્યા.

ગર્વથી ચકચૂર રામાનંદનું વદન ક્રોધાગ્નિથી સળગી રહ્યું. તિરસ્કાર વરસાવતા તેમને કહ્યું:-

" નારકીય, અધમ ! તારો નાશ થાઓ. " મારે ફરી સ્નાન કરવું પડશે.

સૌમ્યતાથી ચમારે કહ્યું :-

" ભગવન્ ! ક્ષમા કરો મારો અપરાધ ! સ્નાન તો મારે કરવું પડશે. ચામડાના છાંટાથી આ દેહનું ચામડું શું અપવિત્ર થાય ?

પરંતુ ક્રોધ જે અપવિત્રમાંય અપવિત્ર છે તેના અપાવન છાંટા મારા ઉપર પડ્યા છે."

सव्वो वि इह पसंतो
पसंतजणमज्झसंठिओ संतो ।
सह कोवकारणे जो
अकोहणो सो इह पसंतो ॥

આ લોકમાં શાંતજનોના મધ્યમાં રહેલો તો કોઈપણ શાંત હોય છે, જે ક્રોધના કારણો ઉપસ્થિત થયા છતાં કિંચિત ક્રોધ ન કરે તે જ ખરેખર શાંત કહેવાય.

આપવાનો આનંદ.

તલાવે નદીને કહ્યું :- ' અરે, મહામૂર્ખ છે તું ! તારૂં આ મીઠું જલ ખારા સમુદ્રમાં વહાવી દે છે, બદલામાં શું મળે છે તને ! અરે ગાંડી સમુદ્ર તો ખારો ને ખારો જ રહે છે.

નદીએ ઉત્તર વાળ્યો :- રે ભાઇ, વહેવું મારૂં કામ છે, આપવું મારો સ્વભાવ છે. મને તો વહેવામાં, આપવામાં આનંદ મળે છે, બસ ! "

અને નદીનો પ્રવાહ તો હજી ય વહે છે, જ્યારે પેલા તલાવનું સ્થિર પાણી આજે સુકાઈ ગયું છે.

ગંદી આદત

એક અંગ્રેજે એક દિવસ વાતચિતમાં એક ભારતવાસીને કહ્યું :- " તમારા લોકોની કેટલી ગંદી આદત છે કે તમે હાથેથી ભોજન કરો છો. શા માટે તમે ચમચીનો ઉપયોગ કરતા નથી ! "

ભારતવાસીએ તરત કહ્યું :- " માફ કરજો. અમારી આંગળીઓ તો કેવલ અમારાંજ મોઢામાં જાય છે. પરંતુ તમારી આ ચમચી તો સેંકડોના મોઢામાં જાય છે. આપ જ કહો કે આંગળીઓથી ભોજન કરવું એ ગંદી આદત છે કે ચમચીથી !

અધિક મહત્ત્વ

વાણી કરતા મૌનનું મહત્ત્વ અધિક છે.

વાંચન કરતા વિચારનું મહત્ત્વ અધિક છે.

પ્રવૃત્તિ કરતા નિવૃત્તિનું મહત્ત્વ અધિક છે.

સાધનાની શીઘ્ર સફળતાના ત્રણ ઉપાયો

૧ મન વચન કાયાની એકાગ્રતા.

૨ પ્રતિક્ષણ શીલ અને સંયમમાં ઉદ્યુક્તતા એટલે યથાયોગ્ય ભૂમિકાનુસાર ઉદ્યુક્ત રહેવું જોઇએ.

૩ અવિરાધિત વ્રતનિયમ યુક્તતા એટલે અંગીકાર કરેલા વ્રતનિયમનું લેશ પણ ખંડન ન થાય તેની સાવધાનતા.

તમારી વાત

સાચું કહું ! તમે દુનિયાના સર્વથી મહાન

મનુષ્ય છે. પરંતુ તમારામાં એક દુર્ગુણ છે કે તમે તમારા આત્મગુણોને પ્રકાશમાં લાવવાના સર્વ પ્રયત્નો, સર્વ શક્તિ વડે કરતા નથી.

શ્રી નવકારમંત્રનો જાપ

શ્રી પંચ પરમેષ્ટિ ભગવંતો પ્રત્યેના ભક્તિ-ભાવ વડે વારંવાર નવકારના રટણ વડે અધમ સંસ્કારો અને પ્રચંડ વાસનાઓ નિર્મૂળ થઇ જાય છે, અને શ્રી પંચ નમસ્કાર વડે જ સદ્‌-ગુણોની પ્રાપ્તિ થાય છે.

ચિંતન

(ઓછામાં ઓછું ત્રણવાર વાંચવું)

ચાર ભાવના

૧. પ્રાણી માત્ર પ્રત્યે સ્નેહના પરિણામ તે મૈત્રી.

૨. આપણા કરતાં અધિક ગુણવાળા વડિલો પ્રત્યે નમન આદિથી અને નાના પ્રત્યે પ્રસન્નતા આદિથી જણાવાતો હાર્દિક ભક્તિરાગ તે પ્રમોદ.

૩. દીન, દુઃખી રોગી વગેરે પ્રતિ દયાની અને દુઃખ ફેડવાની લાગણી તે કરૂણા.

૪. અયોગ્ય આત્મા પ્રત્યે રાગદ્વેષનો અભાવ તે માધ્યસ્થ્ય.

ભાવ ધર્મ અને વ્યવહાર ધર્મ

રાગદ્વેષ મોહાદિ ચિત્તનો મેલ ઘટવાથી પુષ્ટિ તથા શુદ્ધિવાળા ચિત્તનો જે પ્રાદુર્ભાવ, તે ભાવ ધર્મ, અને નિર્મળ ચિત્ત દ્વારા કાયિક પ્રવૃત્તિ થાય તે વ્યવહાર ધર્મ; પુનઃ તે પ્રવૃત્તિ દ્વારા ચિત્ત શુદ્ધિ પ્રગટે તે ભાવ ધર્મ અને તે ભાવ ધર્મ દ્વારા હેય તત્વોમાં ત્યાગ અને ઉપાદેય તત્વોમા આદર રૂપ પ્રવૃત્તિ થાય તે વ્યવહાર ધર્મ.

રાગદ્વેષ મોહાદિ એ ચિત્તનો મેલ છે. તેને ઓળખીને શુદ્ધ ચિત્તપૂર્વક ક્રિયા કરવાથી તે દૂર થાય છે. એ દૂર થવાથી ચિત્તની શુદ્ધિ અને પુષ્ટિ થાય તે ભાવ ધર્મ છે.

અહિં–શુભ પુન્ય કર્મનો સંચય તે પુષ્ટિ અને અશુદ્ધિ જ્ઞાનાવરણીયાદિ કર્મોની નિર્જરા તે શુદ્ધિ સમજવી, આ બંન્ને પરંપરાએ વધતાં જતાં કરીને આત્માની કર્મથી સંપૂર્ણ મુક્તિ થાય છે.

બુદ્ધિના આઠ ગુણો

૧ શુશ્રુષા–તત્વ સાંભળવાની ઇચ્છા.

૨ શ્રવણ–તત્વને સાંભળવું.

૩ ગ્રહણ–ઉપયોગપૂર્વક સાંભળેલું ગ્રહણ કરવું

૪ ધારણ–ગ્રહણ કરેલું ભૂલી નહિ જવું. યાદ રાખવું.

૫ ઉહ–જે અર્થ સાંભળ્યો; જાણ્યો, યાદ રાખ્યો તેને તે જ્યાં જ્યાં ઘટિત હોય ત્યાં ત્યાં ઘટવાવો તે, અર્થાત્ ઉહ એટલે પદાર્થનું સામાન્ય જ્ઞાન, સર્વસ્પર્શી જ્ઞાન.

૬ અપોહ–સાંભળેલા વચનોથી તથા યુક્તિથી પણ વિરૂધ્ધ એવાં હિંસા, અસત્ય, ચોરી વિગેરે દુષ્ટ ભાવોના માઠા પરિ-ણામો (દુઃખો) જાણી તેને છોડી દેવા; અર્થાત અપોહ એટલે પદાર્થનું તે તે ગુણ પર્યાય પૂર્વકનું વિશેષ જ્ઞાન.

૭ અર્થ વિજ્ઞાન–ઉહાપોહ દ્વારા થયેલ ભ્રમ, સંશય કે વિપર્યય વગેરે દોષોથી રહિત (તે તે ભાવોનું) યથાર્થ જ્ઞાન.

૮ તત્વજ્ઞાન–ઉહાપોહથી સંશયાદિ દોષ રહિત થયેલું "આ એમ જ છે" એવું નિશ્ચિત જ્ઞાન.

આ આઠ ગુણો ઉતરોત્તર બુદ્ધિની વિશુદ્ધિ રૂપ છે.

શ્રી નમસ્કારનો મહિમા અને જપનું વિધાન

અક્ષરદ્વયમપ્યેતજ્જપ્યમાણં વિધાનતઃ ।
ગીતં પાપક્ષયા યોગ્યૈર્યોગસિદ્ધૈર્મહાત્મભિઃ ॥૧॥

—પૂ. શ્રી. હરિભદ્રસૂરિજી

આ ધ ના મા ર્ગ ની કે ડી

'શ્રી પથિક'

આત્મકલ્યાણની સાધનાના સાધક મુમુક્ષ આત્માઓને જીવનશુદ્ધિ માટે જે ચિંતનોપયોગી વિચારણા ભવના ભાથા રૂપે ઉપયોગી છે. અહિં નિયમિત રજૂ થતી રહે છે. 'કલ્યાણ'ના હજારો વાચકોએ આ વિભાગને બિરદાવ્યો છે. દર અંકે આ વિભાગ નિયમિત પ્રસિદ્ધ થતો રહેશે. સર્વ કોઇ વાચકો આનો અવશ્ય લાભ લે.'

ભક્તિ.

જ્ઞાન સાધારણ છે, શ્રદ્ધા અસાધારણ છે, શ્રદ્ધા, સાધારણ છે, ભક્તિ અસાધારણ છે. થોડી પણ ભક્તિ ઘણા પાપોનો નાશ કરે છે.

ભક્તિ એ માત્ર ક્રિયા નથી પણ અર્પણ છે, સમર્પણ છે.

શ્રી નવકારમાં નમસ્કાર છે. નમસ્કારમાં ભક્તિ છે. આ ભક્તિની વિદ્યુત વડે પાપકર્મોનો નાશ થાય છે.

શ્રી પંચપરમેષ્ઠિનું માત્ર કોરું જ્ઞાન તે ભક્તિ નથી, પણ તેમની પ્રત્યેની પ્રીતિ, બહુમાન તે ભક્તિ છે.

સંસારનું કારણ કેવળ અજ્ઞાન નહિ પણ અભક્તિ છે.

જૈનધર્મની વિશિષ્ટતાઓ

૧ જૈનધર્મ દરેક વસ્તુને અનેક રીતે જૂએ છે જેમાં બે બાજુઓ મૂખ્ય છે. એક દ્રવ્યાર્થ અને બીજો પર્યાયાર્થ.

"યોગ" એવા માત્ર બે અક્ષરો પણ વિધાનપૂર્વક સાંભળવામાં આવે તો અત્યંત પાપક્ષયને માટે થાય છે એમ યોગસિદ્ધ મહાપુરૂષોએ કહેલું છે.

જો બે અક્ષરમાં આવી અચિન્ત્ય શક્તિ રહેલી છે, તો શ્રી નવકાર મહામંત્રના અનેક અક્ષરોનું તો કહેવું જ શું?

"યોગ" એવા માત્ર બે અક્ષરોને જ તેવા પ્રકારનો તેનો અર્થ ન જાણવા છતાં, શ્રદ્ધા-સંવેગાદિ શુભ્ર ભાવોલ્લાસપૂર્વક અને બે હાથ જોડવા પૂર્વક સાંભળવામાં આવે તો તે મિથ્યાત્વ-મોહ આદિ અકુશલ કર્મનું અત્યંત નિમૂર્લન કરનાર થાય છે, એમ યોગ જેમને સિદ્ધ થયો છે, એવા શ્રી જિનેશ્વર ગણધરાદિ મહાપુરૂષોએ કહ્યું છે.

શ્રી નવકારના અક્ષરોનું સામર્થ્ય તો અચિન્ત્ય છે. વિધાનપૂર્વક એટલે બ્રહ્મચર્ય દેવપૂજાદિ વિધિના પાલન પૂર્વક જો તેની આરાધના કરવામાં આવે તો સર્વ પાપકર્મોનો ક્ષય થાય છે.

પૂજ્ય શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ ફરમાવે છે, કે–ધાર્મિક પુરૂષનું પ્રધાન લક્ષણ જપ છે, એ પણ ચિત્ત શુદ્ધિનું કારણ હોવાથી અધ્યાત્મ કહેવાય છે, જપથી પાપનો અપહાર થાય છે.

હાથની આંગળીઓ ઉપર કે માળા ઉપર, નાસિકાના અગ્ર ભાગ ઉપર દૃષ્ટિ સ્થિર કરીને તથા અંતરાત્માથી શાંત થઇને મંત્રના અક્ષરોને વિષે, અર્થને વિષે અને પ્રતિમાદિ આલંબનને વિષે ચિત્તની વૃત્તિ પરોવવી. ચિત્તની વિપરીત ગતિ થવા લાગે ત્યારે જપનો ત્યાગ કરવો.

વ્યાકુળ ચિત્ત વખતે જપનો ત્યાગ કરવાથી (અંદરથી અશાંત છતાં બહારથી શાંત આકારરૂપી માયાચારનો ત્યાગ થાય છે તથા વિશ્રાંતિ લેવાથી જપમાં ફરીવાર સારી રીતે પ્રવૃત્તિ થાય છે. એ રીતે શુદ્ધિની કામનાથી કરેલો ત્યાગ એ અત્યાગ છે.

(બે ઘડી આદિ) જેટલા કાળ માટે પ્રતિજ્ઞા લીધી હોય તેટલા કાળ પ્રમાણ જપ કરવો, પ્રતિજ્ઞા કરવાથી જપ સિવાયના કાળે પણ જપમાં મનોવૃત્તિ કાયમ રહે છે, એમ બુદ્ધ પુરૂષો કહે છે. (પરમેષ્ઠિ નમસ્કાર)

પહેલી રીતે જોઇએ તો સૃષ્ટિ શરૂઆત અને અંત વિનની છે.

Cosmos has no beginning

Cosmos has no end.

બે બીજી રીતે જોઇએ તો ઉત્પત્તિ અને પ્રલય પ્રત્યેક પળે થતો રહે છે.

૨ જૈનધર્મમાં શ્રુતધર્મ Theoretical Aspect ઉચ્ચ તત્ત્વજ્ઞાન છે અને ચારિત્રધર્મ Practical Aspect ઉચ્ચ નીતિ છે.

૩ શ્રુતધર્મમાં નવતત્વોનું, ષડ્ દ્રવ્યોનું, ચાર ગતિઓનું વર્ણન આવે છે. જીવ અને અજીવનું પૂર્ણ વિવેચન કરવામાં આવ્યું છે.

જીવ તે છે કે જે જાણે છે, વિચારે છે, જેને લાગણી છે, તેને સુખદુઃખ છે. જૈનશાસ્ત્રો કહે છે, કે–જ્ઞાન, વિચાર, લાગણી, ઇચ્છા, સુખદુઃખ કોઇ સજીવ વસ્તુ LIFE ઉપર આધાર રાખે છે.

આવી સજીવ વસ્તુ LIFE ભલે ચર્મચક્ષુથી ન દેખાતી હોય તોપણ તે ભાવાત્મક Something Real છે.

૪ જૈન તત્ત્વજ્ઞાન મુજબ આત્મા એક રીતે જ્ઞાનથી જૂદો છે, બીજી રીતે તે જ્ઞાન પોતેજ છે.

૫ જૈનધર્મ મુજબ કર્મથી બદ્ધ આત્માને જન્મ-મરણ છે તથા તે વિકાસ અને પતનને આધીન છે It is subjected to Evolution and Involution.

૬ જેમ જીવનું અસ્તિત્વ છે, તેમ અજીવનું પણ અસ્તિત્વ છે, આ અજીવ માત્ર જડપદાર્થ, પુદ્ગલ Matter એટલું નથી.

અજીવ Non-soul માં જે કંઇ આત્મા નથી તે સર્વ સમાઇ જાય છે. જેમાં પુદ્ગલ Matter આકાશ Space ધર્માસ્તિકાય Principle of Motion અધર્માસ્તિકાય Principle of Rest અને કાલ Time છે.

પ્રકાશનો પારસમણિ.

અમૃતનાભિંદુ માત્રથી મૃતદેહ સજીવન થાય છે અને સ્પર્શમણિને અડતાની સાથે લોઢાનું સુવર્ણ થાય છે.

તત્ત્વજ્ઞાન આનંદનું અમૃત છે, પ્રકાશનો પારસમણિ છે.

તત્ત્વજ્ઞાનનો પ્રકાશ થતાં અજ્ઞાન અંધકાર વિલીન થાય છે. આત્માનો અનંત આનંદ પ્રગટે છે.

દેહ વિદ્યુત

ન્યુરેમ્બર્ગના ઓટો ઝીલીચ Otto Zillich માં એક અદ્‌ભૂત શક્તિ છે. ઇલેક્ટ્રીક વાયરના બે છેડાઓનો ઓટો ઝીલીચ સ્પર્શ કરે એટલે ઇલેક્ટ્રીક ગોળો Bulb પ્રકાશે છે. ડોક્ટરો આ માટેનું રહસ્ય સમજી શક્યા નથી.

ડેન્માર્કના પીટર જહોનસેન માટેનો આશ્ચર્યનો હજી ઉકેલ થયો નથી. જહોનસેન બત્તી બંધ કરે અને આરામખુરશીમાં બેસે ત્યારે ગાઢ અંધકારમાં પણ તમે તે શું કરે છે તે જોઇ શકો. જહોનસેનના શરીરમાંથી એક પ્રકાશ પુંજ radiating a rare luminosity નીકળતો દેખાય છે. આ પ્રકાશ ખાસ કરીને છાતી, હાથ તથા કપાળની આસપાસ વિશેષ હોય છે.

તમે જો એક કાચની રકાબીમાં લોખંડની ખીલીઓ મૂકો અને જહોનસન પોતાનો હાથ રકાબી નજીક લાવે તો ખીલીઓ હવામાં નાચવા માંડે !

X Ray Eyes દિવ્ય ચક્ષુ.

આંખના ડોક્ટરોને આશ્ચર્યચકિત કરનાર સ્પેનિયાર્ડ Argemasilla de la cerda આગેમેસીલા સરદાની આંખો કોઇ પણ ધાતુની આરપાર જોઇ શકે છે. ડોક્ટરોએ તેના પર ઘણા પ્રયોગો કર્યા, હોશિયાર એક્સ રે Specialist જાણકારો કંઇ ઉકેલ આપી શકતા નથી.

એલન વિનિફ્રેડ નામની ન્યુયોર્કની એક બાઈ અંધારામાં કોઇપણ રંગ પારખી શકે છે, આંખે પાટા બાંધીને એક અંધારા રૂમમાં વાસણમાં ભરેલી રંગીન ગોળીઓના રંગ આ બાઇ સ્પર્શ માત્રથી કહી શકે છે. વૈજ્ઞાનિકોએ A panel of experts તેની પરીક્ષા કરી છે.

વૈજ્ઞાનિકોને આશ્ચર્ય થાય છે કે રંગના પરમાણુઓ સ્પર્શ દ્વારા કઈ રીતે પોતાની ઓળખ

આપી શકે ? How could colour wavelengths moving in "packets" pass into nerve fibres which are thought to be insensitive to these waves ?

મૃત્યુની આગાહિ

અન્યનું મૃત્યુ કહી આપવાની શક્તિ શું ચકિત કરનારી નથી ?

ઇ. સ. ૧૯૩૧ માં પોલેંડ Metaphysic Institute of Warsan માં એક ગામડિઓ હોસ્પીટલના દર્દિઓને સુંઘીને તેમના મૃત્યુની આગાહી કરી શકતો.

પીટર હરકોસ પણ મૃત્યુની આગાહિ કરી શકે છે.

વિજ્ઞાન અતીન્દ્રિય શક્તિઓને ટેલીપથી Telepathy ક્લેરવોયન્સ Clairvoyance સાઈકોમેટ્રી Psychometry જેવા નામો ભલે આપ્યા કરે, પરંતુ વૈજ્ઞાનિકો સ્વીકારે છે કે આવા રહસ્યોનો ઉકેલ તેમની પાસે નથી.

થોડા સમય પહેલા પીટર હરકોસે કહ્યું છે કે "હિટલર જીવે છે અને સ્પેનમા છે." કમલ, તેનું આ કથન તને પણ વિચારમાં મૂકશે.

માનવી પંચમહાભૂતનો પિંડ માત્ર નથી. અનંત ગુણોના પૂંજ એવા આત્મદ્રવ્યના સ્વીકાર વિના આવા રહસ્યોનો ઉકેલ શક્ય નથી.

કમલ ! સાચી રીતે આત્મદ્રવ્ય એ શ્રધ્ધાનો વિષય નથી પણ એક હકિકત છે not faith but a fact.

વિશેષ પછી.

(અંગ્રેજી પત્રોના આભાર સાથે)

સ્નેહાધિન

કિરણ

માંગણી અને લાગણી

..... ભાઇ ! માંગણી કરતાં લાગણી વધુ બળવાન છે. કયારેય ન ભૂલશો કે માંગણી કરનારને માપનું જ મળે છે. માગણી કરવાથી તો જે અમાપ મળવાનું હતું, તેનું માપ બંધાય છે.

હું જે કંઇ માંગીશ તે મારા પરિમિત મન બુદ્ધિ દ્વારા માંગીશ. જ્યારે લાગણી કરનારને તો અમાપ મળે છે. શ્રી પંચ પરમેષ્ઠિ પાસે માગણી કરીને Unlimited અમાપનું હું માપ limit ન બાંધું. તેમની પ્રત્યે તો સદાય આપણી લાગણી-ભક્તિભાવ રહ્યો !

ચાર ભાવના

..... જીવનમાં આ ચાર ભાવનાઓને ખૂબ પુષ્ટ કરવા પ્રયત્ન કરો. સર્વ પ્રાણીઓ પ્રત્યે મૈત્રી, ગુણાધિક આત્માઓ પ્રત્યે ભક્તિ રાગ રૂપ પ્રમોદ. દુઃખી જીવો પ્રત્યે કરૂણા. જેને સુધારી શકાય તેમ ન હોય એવા દોષોથી ભરેલા જીવો પ્રત્યે ઉપેક્ષાવાળું હૃદય, માધ્યસ્થભાવ.

ધર્મક્રિયાઓને સજીવ બનાવવા માટે, બાહ્ય અનુષ્ઠાનોને સાર્થક કરવા માટે આ ભાવનાઓ અનિવાર્ય છે. મૈત્રીભાવ વિના વૈરભાવ કંઇ રીતે જશે ? જો ગુણનો રાગ નથી, ગુણી પ્રત્યે પ્રમોદ નથી. તો પોતે ગુણી કઇ રીતે બની શકશે ? જેને અન્યના દુઃખની લાગણી નથી તેને પોતાના જન્મ મરણનું સાચું દુઃખ કઇ રીતે સ્પર્શ કરશે ? પોતે ઉન્માર્ગથી કઇ રીતે બચશે ? જ્યાં પોતાનો કંઇ ઉપાય નથી ત્યાં ઉપેક્ષાભાવ ન જાળવી શકનારમાં દ્વેષ વડે અશુભભાવની વૃદ્ધિ થાય છે. માટે માધ્યસ્થ ભાવ વિના કર્મબંધથી કેમ બચાશે ?

મૈત્રી, પ્રમોદ, કરૂણા અને માધ્યસ્થની આ ચારે ભાવનાઓને શાસ્ત્રમાં અવશ્ય મોક્ષરૂપી ફળની પ્રાપ્તિ કરાવનાર ધર્મરૂપ કલ્પવૃક્ષના મૂળ તરીકે જણાવી છે. મૈત્ર્યાદિ ભાવરૂપ મૂળ વીના ધર્મરૂપ કલ્પવૃક્ષ કયાંથી ઉગશે ? ધર્મરૂપકલ્પવૃક્ષ વિના મોક્ષરૂપ ફળ કયાંથી મળશે ?

સહાય

આ સંસારમાં કોઈ પણ વ્યક્તિ એટલી સંપન્ન નથી જેને અન્ય કોઇની સહેજ પણ મદદની જરૂર ન જ પડે.

એ પ્રમાણે કોઇપણ વ્યક્તિ એટલે દરિદ્ર પણ નથી કે પોતે કોઇ રીતે પણ અન્ય કોઇની સહાયક ન બની શકે.

*



મન અને મંત્ર

પૂ. મુનિરાજ શ્રી મિત્રાનંદવિજયજી મહારાજ

મન જેટલું સંસારનાં પ્રલોભનોથી ઘેરાયેલું છે તેટલું જ અનેક પ્રકારની આધિ-વ્યાધિ અને ઉપાધિઓથી જકડાએલું છે તેનાથી પર બનવા માટે મંત્રજાપ કેવી શક્તિ ધરાવે છે તેની લેખકે સરળ અને સુંદર શૈલિએ રજુઆત કરી છે. પૂ. મુનિરાજ શ્રી વાંચકોને ઉપયોગી અને ઉપકારક લખાણો અવાર-નવાર મોકલતા રહેશે એવી અપેક્ષા રાખીએ છીએ.

સમગ્ર વિશ્વ આધિ, વ્યાધિ અને ઉપાધિના ત્રિવિધ તાપથી પીડિત છે. ઉપાધિઓમાં પણ મનુષ્યોની આર્થિક ઉપાધિ મુખ્ય છે. એમાંથી રાહત મેળવવા, એ ઉપાધિને હઠાવવા સારૂ માનવજગત સતતપણે તનતોડ પ્રયત્નો કરી રહ્યું છે. સવારે ઉઠે ત્યારથી રાતના સુવે ત્યાંસુધી આર્થિક ઉપાધિના પ્રતિકારનીજ પ્રવૃત્તિ એક સરખી રીતે માનવીના જીવનમાં દેખાય છે. રાતના ઉંઘમાં સ્વપ્ના પણ એનાજ આવે છે. ખેદની વાત છે કે આટઆટલા પ્રયત્નોને અંતે પણ માનવોને આજે આર્થિક ઉપાધિ વધુ સંતાપી રહી છે.

આ રીતે શારીરિક રોગોના પ્રતિકાર માટે પણ જાતજાતની ઔષધિઓનો આશ્રય લેવાય છે. નિત્ય નવી ઔષધિઓ શોધાઈજ રહી છે. શારીરિક રોગના પ્રતિકાર માટે પ્રત્યેક પ્રાણી પ્રતિપળ જાગૃત છે, છતાં રોગો ઘટવાને બદલે દિન પ્રતિદિન વધીજ રહ્યા છે. એ પણ એક હકીકત છે.

શારીરિક રોગો કે આર્થિક ઉપાધિઓ તો પરિમિત છે. માનસિક રોગો અને ચિંતાઓની સીમા નથી. અસંખ્ય અનંત છે. એમ કહીએ તો પણ અતિશયોક્તિ નથી. અશાંત અને અસ્વસ્થ મન શારીરિક અને આર્થિક વ્યાધિ-ઉપાધિઓનું ઉદ્ભવસ્થાન છે. ક્રોધ અને ક્રોધના સૂક્ષ્મ સૂક્ષ્મતર સૂક્ષ્મતમ અસંખ્ય અનંત પ્રકારો તેમજ માન, માયા, લોભ, મદ, મત્સર, ઇર્ષ્યા, રતિ, અરતિ, આદિ પ્રત્યેક દોષોના સૂક્ષ્મ, સૂક્ષ્મતર, સૂક્ષ્મતમ ભેદોનો માનસિક રોગમાં સમાવેશ થાય છે. ચંચલતા, અપ્રસન્નતા, દીનતા ભયભીતતા તુચ્છતા, અસ્થિરતા, અશાંતતા, અવશતા, વગેરે મનના ભયાનક રોગો છે. રોગગ્રસ્ત મનમાં આર્થિક અને બીજી સાચી-ખોટી ઉપાધિઓની ભ્રમણાઓ થયા કરે છે. અને એની ઘણીજ ખરાબ અસર મનુષ્યના જીવન ઉપર તેમજ શરીર ઉપર પણ નિપજે છે.

મનુષ્યના જીવનની એક અવસ્થા એવી પસાર થાય છે કે જે અવસ્થામાં તેનું મન અનેક રોગોથી ઘેરાયેલું હોય છે. તેમાંય અર્વાચીન કાળમાં માનસિક રોગોનું સામ્રાજ્ય વધતું જાય છે. તંદુરસ્ત મનના માનવી બહુજ અલ્પ સંખ્યામાં હશે. મનના અસંખ્ય રોગોથી પીડાતા માણસોના વિચારોમાં ક્ષણે ક્ષણે પરિવર્તન થયા કરે છે, તેઓના મનની સ્થિતિ કાચના વાસણ કરતાં પણ અતિનાજુક હોય છે. પ્રલોભક અનેકાનેક વસ્તુઓ વધતી જાય છે. અને તેમાં અસ્થિર મન ભટકે છે. પોતાનું ધાર્યું કાર્ય તેથી પાર પાડી શકતા નથી. કારણ કે અધવચ્ચમાં જ વિચારો પલટો લે છે, નાનું સરખું કાર્ય કરવામાં પણ મનની સ્થિરતા અવશ્ય જોઈએ. કોઈ પોતાના પ્રારંભેલા કાર્યમાં સાવ નાસીપાસ થાય છે. કોઈ જરા મુશ્કેલી ઉભી થતાં અધવચ્ચથી એનો ત્યાગ કરે છે. ત્યારે કોઈકજ તેને પૂર્ણ કરે છે. આ બધી

તરતમતાએ। માનસિક સ્થૈર્યની તરતમતા ઉપર આધાર રાખે છે માનસિક સ્થૈર્ય અર્થાત્ ઇચ્છાશક્તિ (વીલપાવર)ની બળવત્તાના યેાગેજ પ્રારંભેલા કાર્યનેા ગમે તેવી વિકટ સ્થિતિમાં પણ ત્યાગ કરતેા નથી. બલ્કે પેાતાના નિશ્ચયને જ વળગી રહેવાય છે, માટેજ મનુષ્યે અદ્ભુત દૃઢતા અવશ્ય મેળવવી જોઇએ. મેાક્ષમાર્ગની આરાધનામાં તેા મનની નિર્મળતા, મનની પ્રબળતા, મનનું સ્થૈર્ય અને મનનું ધૈર્યજ સહાયક બને છે. પ્રગતિકારક બને છે.

પરવસ્તુઓની આશાના ગુલામ બનેલા મનુષ્યેાના મન હંમેશા નબળાજ હેાય વિનશ્વર વસ્તુઓમાં લુબ્ધ બનેલું મન અસ્થિરજ હેાય છે. સંયેાગેાને આધીન થઇ વારંવાર તેઓના વિચારેામાં પરિવર્તન થયા જ કરે છે. ભવાંતરમાં સંસ્કારેા પણ એ પરિવર્તનમાં અગત્યનેા ભાગ ભજવે છે.

જન્માંતરના તેવા પ્રકારના સંસ્કારેાથી વિચારેામાં વારંવાર ફેરફાર થાય તેમાં નવાઈ નથી. પરંતુ એવા સંસ્કારેાથી, પ્રલેાભનેાથી કે આશાઓથી નિર્બળ બનેલ મનને પણ દૃઢ બનાવવાનેા ઉપાય મંત્રજાપ છે. મંત્રજાપથી માનસિક તંદુરસ્તી અવશ્ય મળી રહે છે. અપ્રશસ્ત અશુભભાવેામાંથી પ્રશસ્ત શુભભાવેા તરફ મનને વાળવાની શક્તિ જપયેાગમાં (મંત્રજાપમાં) રહેલી છે. પ્રાણીઓનું મન બંધ-મેાક્ષમાં વિચિત્ર રીતે ભાગ ભજવે છે. તે મનનું વક્રગમન અટકાવી તેને સન્માર્ગગામી બનાવવામાં જપયેાગ અજબ સહાય કરે છે. જપયેાગ માનવીના સુંદર (ભવ્ય) ભાવીનું સર્જન કરે છે. તેથીજ ધર્મઆરાધનામાં જપ સાધનાને મહત્ત્વનું સ્થાન આપવામાં આવ્યું છે. કેાઇ સ્તેાત્રેા વડે મન જે (સ્વસ્થતા) અનુભવે છે. તે સ્વચ્છતા (સ્વસ્થતા) વિધિપૂર્વકના એક જપ દ્વારા અનુભવાય છે. આરાધક આત્માઓ માટેજ એ પ્રતિદિનની અનિવાર્ય સાધના છે. અન્ન એ શારીરિક ખેારાક છે. જપ એ માનસિક ખેારાક છે. તેથી જપસાધના મનુષ્યના જીવનમાં નિત્યના ખેારાક જેટલી અનિવાર્ય જરૂરી છે.

જેમ રેાજ મંજન (દાંતણ) થી દાંત સાફ કરવાની, સ્નાન વગેરેથી શરીર સાફ કરવાની અને વસ્ત્રોને ધેાવાની જરૂર પડે છે. વાસીદું વાળી ઘરને પણ રેાજ સાફ રાખવું પડે છે. આપણને દરેક વસ્તુ સાફ અને સ્વચ્છ ગમે છે. તેમ મનને પણ સાફ રાખવું અતિ આવશ્યક છે. રાખ ઘસવાથી આરિસાનેા મેલ સાફ થાય છે અને આરિસેા સ્વચ્છ બને છે. તેમ મન ઉપર રેાજ ચઢતેા મેલ રેાજની જપસાધનાથી સાફ કરવાનેા છે. માણસ ઇચ્છે કે ન ઇચ્છે તેા પણ રસ્તાપરની ધૂળ તેના મકાનમાં ઘરમાં આવીને પડે છે તેમ ધ્યાયતો વિષયાન્ પુંસ સંગસ્તેષૂપજાયતે। એ ઉક્તિ અનુસાર મન અને ઇન્દ્રિયેાથી વિષયેાનું ધ્યાન થતાંજ મનુષ્ય વિષયાસક્ત બની કર્મરજથી ખરડાય છે. તે કર્મરજની મલિનતાને દૂર કરવા પ્રતિપક્ષી શુદ્ધ તત્ત્વોનું તીવ્ર ધ્યાન જગાવવું જોઇએ. વિધિયુક્ત નમસ્કાર મહામંત્રના જાપમાં તે પ્રતિપક્ષી શુદ્ધ તત્ત્વોનું ધ્યાન અવશ્ય જાગૃત થાય છે. પાંચ વિષયેાના ધ્યાનથી મન મલિન બને છે. પરમેષ્ઠિઓમાં રહેલા પાંચે પ્રશસ્ત વિષયેાના ધ્યાનથી મન વિશુદ્ધ બને છે.

મનના સર્વ રેાગેા (મેલ) દૂર કરી મનને નિરેાગી-સ્વસ્થ બનાવવાની તાકાત જપયેાગમાં છે. માનસિક સ્વસ્થતા હેાય તેા શારીરિક તેમજ બીજી સ્વસ્થતા પણ અનુભવી શકાય છે. માટે જપયેાગ-જપસાધના એ મન અને તનને તંદુરસ્ત બનાવવાનું અજોડ સાધન છે. માનસિક રેાગેાનું અમેાઘ ઔષધ હેાવાથી શાંતિના ચાહક આત્માને માટે શાંતિનેા રાજમાર્ગ છે. સૌ કેાઇ પેાતાના જીવનમાં અપનાવી શકે તેવેા સુગમ સન્માર્ગ છે. પરમ તત્ત્વોની વિશિષ્ટ આરાધના માટે માનસિક ભૂમિકાને તૈયાર કરી આપનાર જપયેાગ છે. જપસાધનાથી સુરક્ષિત મનને વ્યાધિ કે ઉપાધિની વ્યાકુળતા સ્પર્શી શકતી નથી જ તેથી જ ધાર્મિક ક્ષેત્રમાં જપયેાગના ઘણા ઘણાં મૂલ્યાંકન છે.

જપની સામાન્ય વ્યાખ્યા એ કહી શકાય કે વિધિપૂર્વક પોતાના ઇષ્ટદેવના નામનું પુનઃ પુનઃ સ્મરણ કરવું, મનન કરવું. સાચા અર્થમાં ધાર્મિક પુરૂષ પણ તેનેજ કહેવાય કે જે પોતાના ઇષ્ટદેવાદિ પૂજ્ય વ્યતિઓના નામનું–નામમંત્રનું નિત્ય સ્મરણ કરતો હોય. ઇષ્ટદેવાદિના નામસ્મરણ દ્વારા ધાર્મિક પુરૂષોનો ઇષ્ટદેવાદિ પ્રત્યે હાર્દિક શ્રદ્ધાભાવ સૂચિત થાય છે,

જૈનસંઘનું પરમ સૌભાગ્ય છે કે ઇષ્ટદેવાદિના સ્મરણ માટે મંત્ર શિરોમણિ શ્રી નમસ્કાર મહામંત્ર જપવા મળ્યો છે. જે મંત્રમાં જગતની ઉત્તમોત્તમ અને પૂજ્ય વ્યકિતઓનો સમાવેશ છે.

એ મહામંત્રના જાનથી તેમના નામનું સ્મરણ અને તેમને નમસ્કારની ક્રિયા એ બે કાર્યો થાય છે. શાસ્ત્રકારોએ અનેક ધાર્મિક વિધાનોમાં તેમજ સાંસારિક કાર્યોના પ્રારંભમાં પણ નવકાર મહામંત્ર ગણવાનું ફરમાન કર્યું છે. તેની પાછળ શાસ્ત્રકારોનો ગંભીર આશય છે. ગણનારને મંગળપ્રાપ્તિ અને કર્મનો ક્ષય થાય. પૂજ્ય પુરૂષો પ્રત્યે વિનય, બહુમાન થાય મનનું સંરક્ષણ થાય મન નિરોગી બને. નિર્મળ બને. સાધનામાર્ગમાં આધ્યાત્મિક બળની પૂર્તિ થાય વગેરે મહાન લાભો સમાયા છે.

આ મહામંત્રથી પ્રત્યેક જૈન સુપરિચિત છે. માત્ર એને પરમેષ્ઠિના મંત્રના જાપથી મારા સર્વ કોઇ ઇષ્ટની સિધ્ધિ અવશ્ય થશે એવી દૃઢ શ્રદ્ધાપૂર્વક એકાગ્રતાએ અને પરમભકિતથી એને ગણવો–જપવો જોઇએ ભાવપૂર્વકના જાપ મંત્રથી ત્રણે કાળના, ત્રણે ભુવનને પૂજવા લાયક આત્માઓની પૂજા થાય છે. પૂજવા યોગ્ય આત્માઓની પૂજા અવશ્ય કરવી જોઇએ. જો એ ન કરવામાં આવે તો મહાદોષના ભાગીદાર બનીએ છીએ. તપ, ત્યાગ, સંયમ, પરિષહસહન અને ઉપસર્ગનય વગેરે અગણીત સુકૃતો પરમેષ્ઠિઓએ કર્યા હતા, જપદ્વારા એ સુકૃતોનો લાભ આપણને મળે છે. જાપમાં થતા નમસ્કારથી સાધકની એ ઉચ્ચ તત્વો પ્રત્યેની નમ્રતા–વિનયભાવ સૂચિત થાય છે. ખુબી તો એ છે કે શ્રી અરિહંતાદિ પ્રત્યે કરેલા વિનયથી આખું જગત વશ થાય છે કારણ કે તેમનું જ શાસન દરેક કાળમાં જયવંતુ વર્તે છે. વધુમાં જગતનો મોટામાં મોટો શત્રુ મોહવૈરી પણ તેને નમી પડે છે, કારણ કે તેમણે તેને હરાવી ઝેર કરવાનો માર્ગ દેખાડયો છે.

जिनमंदिरोके उपयोगी

रथ, हाथी, इन्द्रध्वजा गाडी, पालखी, भंडारपेटी. शास्त्रोक्त पद्धति अनुसार तीन प्रतिमाजी स्थापन करनेका सिंहासन, लकड़ेका कोतरकाम बनाके उसके पर सोने, चांदीके पतरे (चदर) लगानेवाले.

चांदीकी आंगीओ, पंचधातुकी प्रतिमाजी ओर परिकर बनानेवाले. चांदीकी चदर आपके यहां आके लकडे पर लगा देते है. ओर्डर हमारी दुकान पर देनेसे भी काम बना के भेज सकते हे. मशीन (यंत्र) से चलनेवाले रथ और ईन्द्रधजाकी गाडी बनाने वाले

मिस्त्री व्रिजलाल रामनाथ पालीताणा.

ता. क. मीलनेकी जरुर हो तो खर्च देनेसे आ सकते है.

ટૂંકા ફકરાઓ દ્વારા જૈનદર્શનના કેટલાક માનનીય સત્યોની વિશદ તથા સ્વચ્છ સમીક્ષા કરવાનો આ લેખમાં પ્રયત્ન થયો છે. 'પાપથી દુઃખ અને ધર્મથી સુખ' એ સિધ્ધાંતને હળવી પણ રસપ્રદશૈલીયે અહિં પૂ. મહારાજશ્રી ચર્ચે છે. જે સર્વ કોઇને મનનીય બનશે. સં૦પા૦

★

પ્રકાશનાં પગલાં

પૂ. પં. મહારાજ શ્રી કનકવિજયજી ગણિવર

'दुखं पापात् सुखं धर्मात्' પૂ૦ આ૦ મ૦ શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજશ્રીએ સર્વ ધર્મ-શાસ્ત્રોનો નિચોડ આ બે પદોમાં ઠાલવ્યો છે. સંસાર સમસ્તમાં પ્રત્યેક આત્માને દુઃખ અનિષ્ટ છે, અનિષ્ટતર છે. આ કારણે દુઃખ આવી પડતાં માનવ માત્ર ફફડી ઉઠે છે. દુઃખ બે પ્રકારના શારીરિક-માનસિક ઇત્યાદિ પૌદ્ગલિક અને આત્મિક એટલે આત્માને પરભાવની આસક્તિ-રૂપ; વાસ્તવિક રીતે આત્મિક દુઃખોમાંથી જ શારીરિક, માનસિક અને સંસારના સમસ્ત દુઃખો જન્મે છે અનિષ્ટ સંયોગ, ઇષ્ટ વિયોગ, પરાધીનતા, જન્મ, જરા, મૃત્યુ, રોગ, શોક, સંતાપ, દરિદ્રતા, દુર્ભાગતા ઇત્યાદિ પારાવાર દુઃખો પાપકર્મના યોગે જ આત્માને પ્રાપ્ત થાય છે.

પાપ એક પ્રકારનું નથી. અનેક પ્રકારો પાપનાં છે, મુખ્યત્વે જૈનશાસ્ત્રોમાં અઢાર પાપો ફરમાવ્યાં છે; આના મૂલમાં મુખ્ય પાપો બે છે, રાગ અને દ્વેષ. એમાંથી ક્રોધ, માન, માયા, અને લોભ; આ ચાર પાપો જન્મે છેઃ ચારમાંથી હિંસા, જૂઠ, ચોરી, અબ્રહ્મ, અને પરિગ્રહ એ પાંચ પાપો પેદા થાય છે, ને પાંચમાંથી સાત પાપો બીજા આવે છે; આ બધા પાપો આત્માને દુઃખનાં કારણ છે, તે આત્મિકદુઃખ અને પૌદ્ગલિક દુઃખ બન્ને દુઃખો આપે છે. જેમ જેમ પાપો ઓછા થતાં જાય, તેમ તેમ આત્મા કર્મના ભારથી હળવો બને છે; કદાચ બંધ પડે તો શુભનો પડે છે, પરિણામે આત્મા સર્વ દુઃખોથી મુક્ત બને છે. 'दुःखं पापात्' આટલું જો સમજાઈ જાય કે, સંસારમાં મને જે કાંઇ દુઃખ પ્રાપ્ત થાય છે, તે મારાં પોતાનાં દુષ્કર્મથી, તેમાં અન્ય કોઇનો દોષ નથી, તો આજે જે જીવનમાં અરાજકતા વ્યાપી રહી છે, તે મુદ્દલે જન્મવા ન પામે; આજે તો એ માન્યતા જાણે ઘર કરી ગઈ છે, શું ડાહ્યો કે શું ગાંડો; વિદ્વાન કે મૂર્ખ સર્વ કોઈ પોતાનાં દુઃખની વેળાએ જાત સિવાય દુનિયાને યાદ કરી-કરીને રડે છે. એની ફરિયાદ પણ એ હોય છે કે, 'ફલાણાએ મારૂં બગાડયું, ફલાણાએ મને ખાડામાં નાંખ્યો' આવી ફરિયાદોના મૂલમાં જાતનું અજ્ઞાનપણું છે. મનમાં એ નિશ્ચય થઇ જવો જોઇએ કે, 'મારૂં બગાડનાર હું છું' મારા જ પાપે હું દુઃખી બન્યો છું. તેમાં અન્ય કોઇનો દોષ નથી. આ માન્યતા જો હૃદયના ઉંડાણમાં સાચી રીતે ઉતરી જાય, તો પોતાની જાત સિવાય કોઈના પર ગુસ્સો ન આવે. વૈર, ઝેર કે વૈમનસ્યની પરંપરા ન વધે. આ જેવો તેવો લાભ નથી પણ એટલું સમજાઇ જવું જોઇએ કે, 'દુઃખ એ પાપથી છે' હૈયાનાં ઉંડાણમાં આ શ્રદ્ધા અસ્થિમજ્જા બની જવી જોઇએ. તે સિવાય દુઃખ કદિ ટળે નહિ, દુઃખના ઉપાયોને જ્યાં સુધી ટાળવાનો પ્રયત્ન થાય નહિ, સમજવાનો પ્રયત્ન થાય નહિ, ત્યાં સુધી દુઃખોને ટાળવાનો પરિશ્રમ કદિ સફલ થાય નહિ.

★

આજે લગભગ મોટા ભાગના આત્માઓ એવી ભ્રમણામાં રહ્યા કરે છે કે સંસારમાં કાંઇપણ સારૂં થાય, સુખ કે સંપત્તિ મલે તો તે 'બધું અમે કર્યું, અમારાથી થયું, અમારા પ્રયત્નનું આ પરિણામ; અમે ધારીએ તે કેમ ન થાય? થાય જ.' અને જ્યારે દુઃખ, વિપત્તિ કે મુંઝવણ આવે, દરિદ્રતા, રોગ, અનિષ્ટ સંયોગ કે ઇષ્ટ વિયોગ પ્રાપ્ત થાય ત્યારે આવા આત્માઓ એમ માન્યા કરે છે કે, 'મારૂં આ બધું ખરાબી કરનાર અમુક છે.' એ રીતે સારામાં હું અને અમે, તેમજ નબળામાં બીજા આ માન્યતા એ ભારોભાર અજ્ઞાનતા છે. જ્યારે સાચી પરિસ્થિતિ આથી તદ્દન નિરાલી છે. વાસ્તવિક હકીકત એ છે કે, જે કાંઇ સારૂં થાય છે તે ધર્મના પ્રભાવે; ને નબળું થાય છે તે દુષ્કર્મના ઉદયે; જૈનદર્શનનો આ એક મૌલિક સિદ્ધાંત છે. આ જ કારણે વિવેકી આત્માઓ સારી સ્થિતિમાં ધર્મના પ્રભાવને યાદ કરે, ને નબળી દશામાં પોતાનાં દુષ્કર્મને યાદ કરે છે.

મગધેશ્વર શ્રેણિક મહારાજા જ્યારે શાલિભદ્રને મળવા ગયા છે; ને શાલિભદ્રને ખોળામાં બેસાડી, તે પુણ્યવાનના ભોગસુખનાં દેવતાઈ પ્રસાધનો જોઈ, આશ્ચર્યમુગ્ધ બનેલા તેઓ શાલિભદ્રને પૂછે છે; 'કેમ છો? ક્ષેમકુશળ વર્તે છે?' જવાબમાં શાલિભદ્ર કહે છે; 'દેવ–ગુરુ તથા ધર્મની દયાથી અમે કુશળ છીએ.' શાલિભદ્રનો આ જવાબ સાંભળી મગધેશ્વર શ્રેણિક મહારાજાને ખરેખર આનંદ થાય છે. એટલે વાસ્તવિક સત્ય તે છે કે, સુખમાં ધર્મને યાદ કરવો ને દુઃખમાં પાપકર્મોને યાદ કરવા આમ કરવામાં આત્મજાગૃત્તિ રહે છે. સમાધિ જળવાઇ રહે છે. પણ આજે કરૂણતા તો એ છે કે, મૂઢ આત્માઓ સારા–નરસાની બાબતમાં બાલિશ વ્યવહાર રાખે છે. ઘેર કોઇ સારો પ્રસંગ આવ્યો હોય ત્યારે 'અમે કરી એ છીએ' એમ કહે છે. ને નરસા પ્રસંગ માટે કોઈ ન મલે તો છેવટે ભગવાન પર દોષનો ટોપલો નાંખે છે. આને અંગે આજના પ્રચલિત વ્યવહારની વાત છે; ઘેર દીકરા–દીકરીના લગ્નનો પ્રસંગ છે; કંકોત્રી તૈયાર થાય છે, તેમાં શું લખાય છે? 'અમારા ચિ૦ કલાણા ભાઈ યા કલાણી બ્હેનના શુભ લગ્ન અમે નિરધાર્યા છે' અહિં 'અમે નિરધાર્યા છે' એ શબ્દપ્રયોગ સમજવા જેવો છે. આપણી પૂર્વકૃત પુણ્યાઇ વિના આપણી અનુકુળતા મુજબ એક પાંદડું યે હાલતું નથી એ ચોક્કસ છે. હાથમાંથી લઇને અન્નનો કોળીયો મોઢામાં નંખાય છે. તેમાં હાથ કે મોઢાનું કામ નથી, પણ પુણ્યાઇનું પરિબલ છે. નહિતર હાથનો કોળીયો હાથમાં રહી જાય છે. આ વાત સ્પષ્ટ દીવા જેવી છે. શ્વાસ લઇને મૂકાય છે, તે આપણું ધાર્યું નથી થતું, પૂર્વકૃત સુકૃતના કારણે જે શુભનો કે શાતાનો બંધ આત્માએ બાંધ્યો છે, તેના પરિણામે બધું વ્યવસ્થિત ચાલે છે. છતાં માનવની કેવી આ મૂઢતા છે. તે કહે છે કે, 'અમે નિરધાર્યા છે.' ને બીજે જ દિવસે છાપામાં મોટા હેડીંગથી જાહેરાત પોતાના પૈસાથી આપે છે કે, 'અનિવાર્ય સંયોગના કારણે લગ્ન મુલતવી રહ્યા છે.' આ વખતે એનું નિરધારેલું ગયું ક્યાં?

કંકોત્રીમાં દેવ–ગુરુનું નામ નહિ, ધર્મના પ્રભાવની કોઇ વાત નહિ. જે 'સુખં ધર્માત્' એ સમજાય, હૃદયમાં તેના પ્રત્યે શ્રદ્ધા પૂર્ણપણે થઈ જાય તો લગ્નની કંકોત્રીમાં શું લખાય! ખબર છે? 'અમે નિરધાર્યા છે' એમ ન આવે પણ એમ લખાવું જોઈએ કે, દેવ ગુરુ ધર્મના પુણ્ય પ્રભાવે' આ શબ્દો કંકોત્રીમાં આવવા જોઇએ. જ્યારે આજે લગ્નની કંકોત્રીમાં એ શબ્દોજ નહિ; ને નજીકના મરણ પ્રસંગે પત્ર લખવાનો હોય છે, તેમાં શું લખાય છે? કલાણા ભાઇ અથવા બ્હેન અવસાન પામ્યા છે. અને પછી શું લખે છે? કોઇક વિચારક હોય તો જુદી વાત છે, વિવેકી આત્મા તો વિચારીને લખે–બોલે પણ સામાન્ય રીતે આજે શું લખાય છે? મરણ પ્રસંગે લખાય છે કે, 'ભગવાનને ગમ્યું તે ખરૂં' પછી શું લખે છે? ખબર છે ને? જાણે ઉપદેશ આપવા નીકળ્યા હોય તે રીતે લખે છે કે,

'પાંચમો આરો કઠણ છે, ધર્મ કરશે તે તરશે' દુઃખની વેળાયે ભગવાનની ઉપર બધો ટોપલો ! આ કેવી વિચિત્રતા !

★

જે રીતે દુઃખના પ્રસંગોમાં પંચમકાલ યાદ આવે છે, તે રીતે સુખના પ્રસંગોમાં તે બધું યાદ આવવું જોઇએ. ખરી રીતે વિચાર એ કરવો જોઇએ કે 'મારૂં દુઃખ મારા પાપના ઉદયથી છે' તો પછી આપણા અંગતના બનતા માઠા પ્રસંગોમાં ભગવાનને આ રીતે યાદ કરીને તેમના ઉપર દોષારોપણ ન થાય; બીજું 'ભગવાનને ગમ્યું તે ખરૂં' આ બોલવામાં, લખવામાં કે સમજવામાં ઘોર મિથ્યાત્વ છે. ભગવાનનું સાચું સ્વરૂપ, દેવતત્ત્વનું–સુદેવતત્ત્વનું યથાર્થ ભાન હોય તો કદિ આવું વિચારી શકે જ નહિ. પરમાત્મા તો વીતરાગ વીતદ્વેષ છે, એમને કોઈ ઇચ્છા હોય નહિ, જ્યારે અરિહંતપણે વિચરતા હતા ત્યારે પણ એમને ઇચ્છા હોય નહિ. ને સિધ્ધ બન્યા પછી પણ ઇચ્છા ન હોય; અને કોઇના પણ મૃત્યુ પ્રસંગને પરમાત્માની ઇચ્છા સાથે સાંકળવો એના જેવી નિકૃષ્ટ મનોદશા અન્ય કઇ હોઈ શકે ? ઘોર અજ્ઞાનતા એ કહેવાય ! એમાં બે મત નથી ! મૂલ મુદ્દો એ છે કે, એટલું સમજાઈ જવું જોઇએ કે, 'ધર્મથી સુખ છે' તો દુન્યવી સુખોનાં છેલ્લા શિખરપર આરૂઢ થયેલાને ધર્મ યાદ આવ્યા વિના રહે નહિ. દેખાતાં સુખોમાં પણ જે શાતા આપવાની શક્તિ છે, તેમાં ધર્મ સિવાય કોઇનો પ્રભાવ નથી. એ હકીકત ત્રણેય કાલનું સત્ય છે. ધર્મ આટલેથી અટકતો નથી. પણ આ બધા પૌદ્ગલિક સુખોમાં રહેલી સુખાભાસતાનું આત્માને ભાન કરાવે છે, માટે પૂ. આ. મ. શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ ખૂબ જ ઉંડા મથનના પરિણામે 'ધર્માત્' શબ્દ યોજે છે, 'પુણ્યાત્' શબ્દ નહિં. કારણ કે, જૈનદર્શન સિવાય, મોક્ષની અભિલાષા કે ધ્યેય જેઓમાં નથી તેવા ધર્મદર્શનકારો 'સુખં પુણ્યાત્' થી અટકી જાય છે. પુણ્ય અને ધર્મની વચ્ચે રહેલા અંતરને, ભેદને તેઓ સમજી શકતા નથી. પુણ્ય અને ધર્મ વચ્ચે ઘણો ભેદ છે. અને તે ભેદ તાત્ત્વિક; વિવેકચક્ષુથી બન્ને વચ્ચેના ભેદને સમજવા જેવો છે. ધર્મ આત્માને મોક્ષમાં લઇ જનાર છે; પુણ્ય સંસારમાં લઇ જનાર છે; ધર્મના પરિબળવાળું પુણ્ય જરૂર મોક્ષ માટેની આત્માને સામગ્રી આપે, પણ મોક્ષમાં લઈ ન જાય. મોક્ષમાં તો ધર્મ જ લઈ જાય છે. પુણ્યાનુબંધી પુણ્ય બહુ તો મોક્ષમાર્ગની સાધનામાં ઉપકારક આલંબનો જરૂર આપે, એ સિવાય પુણ્ય કશું ન કરી શકે ! અનંતકાલીન સંસારનું પરિભ્રમણ ટાળવાની શક્તિ ધર્મમાં છે; સમ્યગ્ધર્મમાં રહેલી એ શક્તિને ઓળખવાની આંખ અવશ્ય પુણ્યાનુબંધી પુણ્યથી આત્માને પ્રાપ્ત થાય છે. તેમાં બે મત નથી.

માટે જ પ્રજાપાલ રાજાના પ્રશ્નના ઉત્તરમાં પરમવિવેકી મદનાસુંદરી એક જ કહે છે કે, 'વિણય વિવેક પસન્નમણુ, શીલ સુનિમ્મલદેહુ, પરમપ્પહ મેલાવડુ, પુણ્ણેહિં લબ્ભઇ એહુ' તેઓ કહે છે. કે 'પરમતારક પૂજ્યસ્થાનો પ્રત્યેનો બહુમાન પૂર્વકનો વિનય સારાસારના વિચારરૂપ વિવેક, ચિત્તની સમાધિ, શીલથી અતિનિર્મલ દેહ, પરમકલ્યાણકર માર્ગની પ્રાપ્તિના નિમિત્તો આ બધું પુણ્યથી પ્રાપ્ત થાય છે. પુણ્યનો આ ઉપકાર છે. પણ તેની પાછળ પણ ધર્મ તો રહેલો છે. સદ્ધર્મની આરાધના જાગ્રતપણે આત્માએ કરી હોયતો જ પુણ્ય આ બધી આરાધનામાર્ગની સન્મુખ આત્માને રાખનારી સામગ્રી આપે છે. અને પુણ્યથી પ્રાપ્ત તે સામગ્રીઓને મોક્ષની સાધનાના માર્ગે સદુપયોગ પણ ધર્મથી જ થાય છે. ધર્મ જો પૂર્ણપણે જાગતો ન હોય, તો ! સામગ્રી સારી મલ્યા પછી પણ તેનો સુંદર ઉપયોગ પણ ધર્મને આધીન છે. માટે જ ધર્મથી જે સુખની વાત થાય છે, તે પરંપરાએ મોક્ષસુખનો જ નિર્દેશ કરે છે. 'પુણ્ય' શબ્દ એ અપેક્ષાએ જ અહિં નથી

શ્રી નવકારથી ભવપાર

શ્રી પ્રિયદર્શન

મનના મનોરથોને સફળ બનાવવામાં શ્રી નવકાર મહામંત્ર એ એક સબળ હથિયાર છે એ નવકાર મહામંત્રના પ્રબળ પ્રભાવે સિદ્ધિ પદને પામનારનું આ એક સુંદર કથાનક શ્રી પ્રિયદર્શને સુંદર ભાવવાહિ શૈલિમાં રજુ કર્યું છે. આવા સુંદર કથાનકો 'કલ્યાણ'ના વાંચકો માટે રજુ કરતા રહેવાની નમ્ર વિનંતિ કરીએ છીએ.

આધ્યાત્મિકતાની વસંત ત્યાં સદૈવ ખીલેલી રહેતી. ત્યાંના રહેવાસીઓ નિરંતર એ વસંતની મોજ માણતા અને જીવતરને અજવાળતા.

જીવતર ઉજળું થાય તેવી માણેલી મોજ જ અભિનંદનીય બને, જીવતરને કાળુંમેંશ બનાવી દેનારી મોજ-મહેફિલો તો સદૈવ ધિક્કારને પાત્ર બને છે.

એ વસંતપુરમાં એક યુવાન રહેતો હતો. તેનું નામ હતું ક્ષેમંકર. બાલ્યકાળથી તેને જડનો પક્ષપાત ગમતો નહિ, એને તો ચેતનને ચેતાવવાનો જ નાદ લાગેલો. તત્ત્વજ્ઞાનનો તે ખૂબ શોખીન હતો. ધર્મકથા કરવામાં તો તે થાકતો જ નહિ.

તેને ખાવા કરતાં દેવું વધારે ગમતું. રમવા કરતાં ભણવામાં તેનું ચિત્ત અધિક ચોટતું. સારૂં સારૂં અને રૂડું રૂપાળું જાતે પહેરવા ઓઢવા કરતાં સારૂં સારૂં અને રૂડું રૂપાળું જે જે મળે તે તે દેવ અને ગુરુને સમર્પણ કરવામાં તેને ખૂબ આનંદ ઉભરાતો.

બાલ્યકાળ આમ સાત્વિકતા અને આધ્યાત્મિકતાથી ઘડાયો, અને ક્ષેમંકર યુવાવસ્થાને પામ્યા.

તે યુવાન હતો, છતાં ઉન્માદ તેનામાં દેખાતો ન હતો; ઉષ્ણ લોહી તેની નાડીઓમાં વહી રહ્યું હતું છતાં ઉચ્છૃંખલતા કે કષાયોના ધમધમાટથી તે પર હતો.

યુવાવસ્થામાં તેને જ્ઞાનપ્રૌઢતા અને આધ્યાત્મિક પ્રકાશ લાધ્યાં. તત્ત્વચિંતનમાં તે રસતરબોળ બન્યો. પોતાના પરિપકવ ચિંતનને તે પોતાના નિવૃત્તિકાળમાં મિત્રો સમક્ષ રજુ કરવા લાગ્યા.

મિત્રોને ક્ષેમંકરની શર્કરાસ્વાદુ અને હિતકારી વાણીએ આકર્ષ્યા. કોઈ દિવસ ક્ષેમંકર સંસારની ભિષણતા અને સંયમની મધુરતા વર્ણવે છે....કોઈ દિવસ નવતત્ત્વોના રસથાળ પિરસે છે, તો કોઇ દિ' કર્મવાદના સૂક્ષ્મસિદ્ધાંતોને રજુ કરે છે. કોઈ દિવસ નવકાર મંત્રના અજબગજબ પ્રભાવો પ્રકાશે છે, તો કોઇ દિ' આત્મતત્ત્વના ઉત્થાનની ક્રમિક વિકાસ યોજના બતાવે છે તો કોઇ દિ' પૂર્વકાલીન પરાક્રમી મહર્ષિઓના ગુણાનુવાદ કરે છે !

રોજ નિયમિત સામાયિકના સમયે અને પર્વતિથિએ પૌષધની નિવૃત્તિમાં તેની આસપાસ સહધર્મી મિત્રોની મોટી ઠઠ જામે ! સ્વસ્થ ચિત્તે, કરૂણારસિત હૃદયે અને હસતા મુખે એક

મૂકયો. કારણ કે પુણ્ય તો સંસારમાં દુન્યવી અનુકૂલતા આપીને અટકી જાય છે. ઇષ્ટસંયોગ, અનિષ્ટવિયોગ, સંપતિ, ઐશ્વર્ય ભોગોપભોગના પ્રસાધનો, તેમજ ભોગવવાની શકિત ઇત્યાદિ અવશ્ય આપે પણ આ બધા સુખ જેવા જણાતાં સુખાભાસોમાં રહેલું સંસારના જન્મ-મરણને વધારનારૂં જે અનિષ્ટ છે તેનું વાસ્તવિક જ્ઞાન તો ધર્મથી પ્રાપ્ત થાય છે, પરિણામે મોક્ષસુખને અનુકૂળ આત્માનો પુરૂષાર્થ ધર્મની સહાયથી થાય છે, આ કારણે ધર્મ શબ્દને સુખની સાથે જોડવાનો અંતર્ગત આજ મુખ્ય ઉદ્દેશ છે.

★

એક વાતને એ એવી અજબ ઢબથી રજુ કરતો કે કલાકોના કલાકો સુધી એ રસલ્હાણુ મિત્રમંડળ લુંટતું.

અને આની અજબ અસર થઇ ! ઓટલે ઓટલે હવે ગામગપાટા બંધ થયાં, અને ક્ષેમંકરના તત્ત્વજ્ઞાનની પરબો મંડાઇ ! ચૌટેચૌટે વિષયવાસનાને ઉત્તેજનારા ગરબાઓ અને ભવાઈઓ મંદ પડી અને ભવવિરાગને તથા જિનભક્તિને જગવતાં ગીતો અને ગરબાઓ શરૂ થયા ! રાજકથાને સ્થાને જિનેશ્વરદેવોના મહાસામ્રાજ્યની કથાઓ લોકજિહ્વાએ રમવા માંડી દેશકથાને સ્થાને શિવાસૃષ્ટિના મનોરથો જનહૃદયે ઉલસવા લાગ્યા. ભોજનકથાને બદલે પરમાર્થ પરોપકારની યોજનાઓ યુવાનો ઘડવા લાગ્યા. સ્ત્રીકથાઓ બંધ થઇ અને સતીઓના મહાન સતની પ્રશંસાઓ પ્રસરવા લાગી.

(૨)

રાત્રી જામી હતી. જગત જંપી ગયું હતું વસુંધરા સુજલા, સુફૂલા અને શસ્યશ્યામલા બની હતી; પશ્ચિમનો પવન મંદમંદ વહી રહ્યો હતો.

ક્ષેમંકર એક એકાંત ઓરડામાં સંથારા પર જાગૃતાવસ્થામાં બેઠો હતો. તેણે પદ્માસન લગાવ્યું હતું. દૃષ્ટિને નાસિકાગ્રે સ્થાપી દીધી હતી, અને હૃદયને પરમપિતા જિનેશ્વરદેવના ધ્યાનમાં ઢાળી દીધું હતું. ત્યાં શાન્તિ હતી; શીતળતા હતી; આદમત્વને અજવાળતી પવિત્રતા હતી અને હૃદયને સચ્ચિદાનંદથી ભરી દે તેવી મધુરતા હતી.

ક્ષેમંકરનું ચિંતન ભૂતકાળના ગાઢ પડદાને ચીરવા મથતું હતું. "હું કયાંથી આવ્યો ?"

"મારો અનંતકાળ કયાં કયાં વ્યતીત થયો ?

"જગતનાં દ્રવ્યોનું સ્વરૂપ કેવું ?"

"રૂપી અને અરૂપી દ્રવ્યોની શક્તિઓ કેવી ?...."

"આત્માની મૂળ અવસ્થા કઇ....એનો આવિર્ભાવ કેમ થાય....?"

"ધર્મસાધનાની કેવી અનુપમ તક મળી છે મારો પુરુષાર્થ કેવો અલ્પ છે ?

"ચતુર્ગતિ સંસારમાં જીવોનું કેવું કારમું પરિભ્રમણ....?"

પ્રભાત થયું; ક્ષેમંકરે પ્રાતઃકાલીન કર્ત્તવ્યો પૂર્ણ કર્યા અને સમયસર તે પૌષધશાળા પહોંચી ગયો.

કર્મમળને ચીરી નાંખે, કષાયોને કરમાવી દે અજ્ઞાનના અંધકારને ભેદી નાંખે તેવી ધર્મકથા શરૂ થઇ. રાત્રિનું ચિંતન–અનુપ્રેક્ષા અહીં વિકસ્યાં-

ક્ષેમંકરે, ભવભવમાં ભમતાં જીવે આચરેલી પાપલીલાને બતાવી, મોહની ક્રૂરતા અને ભયંકરતાને ચીતરી....

શ્રોતાઓની આંખમાં આંસુ ભરાઇ આવ્યાં.

જાતનાં બુરાં આચરણો પર તિરસ્કાર છૂટયા.

રાગ અને દ્વેષમાં ફસેલી જાતને ઉદ્ધારવાના મનોરથો જાગ્યા.

ક્ષેમંકરની તત્ત્વ અનુપ્રેક્ષા નિર્મળ બનતી ચાલી; અધ્યવસાયોની વિશુદ્ધિ તીવ્રાતિતીવ્ર બની અને ત્યાં એ મહાન સાત્વિક શ્રાવકને અવધિજ્ઞાનનો પ્રકાશ અસંખ્ય રૂપી દ્રવ્ય પ્રકાશી લાધી ગયો.

(૩)

અવધિજ્ઞાનના નિર્મળ અને દિવ્યપ્રકાશમાં ક્ષેમંકરે પોતાના નાના ભાઇ આભંકરના જીવનને જોયું. એનાપર લાગેલી કર્મવર્ગણાઓ જોઇ. આયુષ્યકર્મની સ્થિતિ નિહાળી. અને તે ચોંકયો માત્ર છ મહિનાનું જ આયુષ્ય બાકી રહેલું જોયું.

આભંકરનું જીવન જિનધર્મથી રસાયેલું હતું. મોટાભાઇના ઉચ્ચજીવનમાંથી તે નિત્ય નવીનવી પ્રેરણાઓ મેળવતો, અને દિન પ્રતિદિન પોતાના જીવન–આરસમાં સુંદર કોતરણી કરતો.

માનવનું જીવન એટલે સંગેમરમરનો આરસ. આત્મા જો કુશળ શિલ્પી બને તો એ આરસ-

માંથી પાવનતાનો પારસ સર્જાય. બાકી ભોગ-વિલાસનાં કપડા ધોવામાં જ એ આરસના પથ્થરને વાપરીયે તો શિલ્પી કેમ જ કહેવાઈએ ?

આભંકરની શ્રાવકજીવનની કરણી પ્રશંસનીય હતી. પણ હજુ તેને આત્મશ્રેયનાં ઘણાં સોપાન ચઢવાનાં બાકી હતાં ! આત્મહિતના દ્રષ્ટા ક્ષેમંકરે લઘુબંધુને અલ્પાયુષ્ક જાણીને તુરત જ કહ્યું "આભુ ! તું પૌષધ કર....તું જરાય આત્મહિતને ભૂલ મા.....

એકવાર કહ્યું, ભારપૂર્વક કહ્યું, કહ્યાજ કર્યું !

બાજુમાં બેઠેલા ક્ષેમંકરના મિત્ર બ્રહ્મસેનને આશ્ચર્ય થયું.

"આભંકર સદૈવ ધર્મકરણીમાં રત રહે છે. પર્વતિથિએ પૌષધ પણ કરે છે. તો રોજ પૌષધ કરવાનો આગ્રહ શા માટે કરે છે ? બ્રહ્મસેને ક્ષેમંકરને જિજ્ઞાસાથી પૂછ્યું.

બ્રહ્મસેન ! એ જે આરાધે છે, તે બિંદુ છે; સાગર જેટલું બાકી છે, એ તું કેમ ભૂલી જાય છે ?'

"પરંતુ, જો એ રોજ પૌષધ લઈને બેસશે તો ઘરસંસાર કેવી રીતે ચલાવશે ?"

"બ્રહ્મસેન ! હું તે સમજું છું છતાં એને રોજ પૌષધનો આગ્રહ કરું છે, તેમાં મહાન રહસ્ય રહેલું છે.

'તે શું ?' બ્રહ્મસેનની જિજ્ઞાસા તીવ્ર બની.

'એનું આયુષ્ય હવે માત્ર છ મહિનાનું જ બાકી છે.'

'હેં....?' ભય ગ્લાનિ અને જિજ્ઞાસાપૂર્વક આખી સભા બે બાકળી બની ઉઠી.

'છ માસના અંતે આભંકરનું મૃત્યુ ?'

ભલો, સજ્જન, ધાર્મિક અને મમતાભર્યો આભુ અમારી વચ્ચેથી ચાલ્યો જશે ?

છ માસનું આયુષ્ય ક્ષેમંકરે શી રીતે જાણ્યું ?'

'હા.... છ માસના અંતે આભુ આપણી આ માનવસૃષ્ટિમાંથી વિદાય લેશે, એને મારે પુણ્યનું પાથેય બંધાવવું છે, એની પાસે રૂડી પૌષધની આરાધના કરાવવાપૂર્વક મારે વિદાય-માન આપવું છે.'

ક્ષેમંકરનો ગંભીર ધ્વનિ સભામાં પ્રસરી રહ્યો.

'કેવો અજબ ભ્રાતૃપ્રેમ ! કેવી આત્મપ્રીતિ ! કેવી મોક્ષમાર્ગની પ્રભાવનાની લગની !' સહ-ધર્મી શ્રાવકો અનુમોદન કરી રહ્યા.

'પણ તમે શી રીતે જાણ્યું કે....' બ્રહ્મસેને પૂછ્યું.

'હા ! તમારે સંશય કરવાની જરૂર નથી. અત્યારે સભામાંજ તમારી સમક્ષ ધર્મકથા કરતાં કરતાં મને અવધિજ્ઞાન પ્રગટ થયું.'

'અહો ! નિષ્કામ અને નિર્મમભાવથી કરેલી ધર્મસાધનાનો કેવો અજબ પ્રભાવ !' બ્રહ્મસેનનો પ્રમોદભાવ પ્રગટી ઉઠ્યો.

પરસુખતુષ્ટિર્મુદિતા પરાત્માની ઉન્નતિ આબાદી જોઈને આપણું હૈયું હસી ઉઠવું જોઈએ ઉઠે તો આપણે પણ એ ઉન્નતિ અને આબાદીનાં શિખરો પર વિજય મેળવી શકીએ; સમજવું જોઈએ કે જ્યાં આપણું હૃદય હસી ઉઠે છે, તે આપણને ગમે છે; અને આપણને જે ગમે છે, તેની પાછળ આપણાં તન, મન અને ધનનાં સમર્પણ થાય જ છે. અને ગમતું પ્રાપ્ત કરાય છે.

હવે, જો બીજામાં દોષ જોઈને, આપણને એના નિરીક્ષણમાં અને પ્રગટીકરણમાં રસ આવે તો આપણે શું મેળવીયે ? આબાદી નહિ પણ બરબાદી ! ઉન્નતિ નહિ પણ અવનતિ.

પણ પાછી બ્રહ્મસેનને શંકા ઉદ્ભવી—શ્રાવકને અવધિજ્ઞાન હોઈ શકે !" પણ તે શંકાને હાલ તૂર્ત દબાવી દઈ, તેણે ક્ષેમંકરને કહ્યું—

"જો તમારી વાત સત્ય ઠરશે, તો હું પર્વતિથિએ પૌષધની આરાધના કરવાનું છોડીશ નહિ."

(૪)

છ મહિનાને જતાં શી વાર ! નિરંતર ધર્મ-ચર્યામાં મગ્ન રહેલા આભંકરનો અંતિમકાળ નજીક આવી લાગ્યો.

પરંતુ આભંકરને મૃત્યુથી ભય નથી; તેણે આત્માની સહસ્રમુખી ઉન્નતિ કરી લીધી છે. મૃત્યુની પેલેપાર કયાં જવાનું છે, તેનું જ્ઞાન તેને તેની સબળ સાધનાએ કરાવ્યું છે?

મૃત્યુનો ડર તો એને લાગે કે જેણે આ જીવનને પાપાચરણની છીણીથી છણી નાખ્યું હોય.

ક્ષેમંકરની આગાહીનો આજે દિવસ છે.

આભંકર આજે અતીવ જાગ્રત છે, સિંહનો શિકારી સિંહને જોતાં કેવો જાગ્રત રહે ! પૌષધ-વ્રતને તેણે સ્વીકારી લીધું. ચિત્તમાં પંચ પરમેષ્ઠિનું ધ્યાન લગાવ્યું. સર્વ સાંસારિક સંબંધોને તેણે વોસિરાવી દીધા; સકળ વિશ્વની સાથે ક્ષમાની આપ લે કરી. "હે વિશ્વના પ્રાણી ! હું તમને ક્ષમા આપું છું. તમે પણ કૃપા કરી મને ક્ષમા બક્ષો; સર્વ જીવોની સાથે હું આજે મિત્રતાને ધારણ કરું છું મારે કોઈની ય સાથે વેર નથી વિરોધ નથી."

પરભવની દીર્ઘયાત્રાએ જતા વ્હાલા બંધુને જાણે વિદાય આપવા ક્ષેમંકર સજ્જ ન બન્યો હોય તેમ આભંકરને સંથારો કરાવી ક્ષેમંકર તેને અપૂર્વ આરાધના કરાવે છે.

"મારો ભાઇ ! મારા સંબંધમાં આવેલો, તેને સદ્ગતિનો યાત્રિક બનાવું ? દુર્ગતિઓની ભયાનક દુર્દશાથી ઉગારી લઉં ! મોક્ષના દ્વારે તેને ખડો કરી દઉં?....."

આભંકરની જીભે નવકાર મંત્રનું રટણ અસ્ખલિતપણે ચાલતું હતું. ત્યાં એની જીભ સ્ખલના પામવા લાગી. શરીરે કંપારી ઉઠી, આંખો ઘેરાવા લાગી; ક્ષેમંકરે એકત્રિત થયેલા જન સમુદાયને નવકાર મંત્રનો મધુર અને મધ્યમ સ્વરે જાપ કરવા સૂચવ્યું....

જોત જોતામાં આભંકરનો આત્મા માટીની કાયાને છોડી ગયો....માળામાંથી પંખેરું ઉડી ગયું.

વસંતપુરમાં આભંકરના અવસાનની વાત વાયુવેગે પ્રસરી ગઇ.

શેરીમાં રમતા બાળકોનું હાસ્ય સુકાઈ ગયું; બાલકો બોલી ઉઠ્યા " હેં....આભુકાકા મરી ગયા !" કોઈની આંખમાં આંસુ ભરાઇ આવ્યાં, તો કોઇનું મુખ ગ્લાન બની ગયું.

કુવે પાણી ભરતી યુવતીઓ હાથમાં દોરડા સાથે થંભી ગઇ "શું આભંકરભાઇ ગયા....જતિ ભાઇના સદ્ગના વિયોગની પીડાથી આર્યાવર્તની એ સ્ત્રીઓ અકળાઇ ઉઠી.

બ્રહ્મસેન તો ધ્રૂસકે ને ધ્રૂસકે રડી રહ્યો છે

માત્ર નથી રડતો, કે નથી શોક કરતો ક્ષેમંકર ! આંખમાં આંસુ સાથે ભારે હૈયે બ્રહ્મસેને આવીને ક્ષેમંકરને કહ્યું—

"શું ધર્મી આત્મા પથ્થરદીલના હોય ?"

"બ્રહ્મસેન ! સાચી વાત છે હું પથ્થરદિલનો છું....ભાઈના અકાળ મૃત્યુથી મારી આંખમાં આંસુ નથી, મારૂં મુખ ગ્લાન નથી, તેથી તું મારા હૃદયની કઠોરતા કલ્પે, તે માનવસ્વભાવને અનુરૂપ છે.'

પરંતુ, તું ભૂલી ન જા; કે હું અવધિજ્ઞાનના પ્રકાશમાં એ મારા નાના ભાઈની પરલોકયાત્રા જોઇ રહ્યો છું. જેમ મેં એનું છ માસનું આયુષ્ય જોયું હતું, તેમ હું એનો પરલોક પણ જોઇ રહ્યો છું. એ અત્યારે દેવી ભોગોનો સ્વામી બન્યો છે; હમણાં જ તે આવશે, અને મારા ઘર પર સુવર્ણની વૃષ્ટિ કરશે.

વળી બ્રહ્મસેન ! કાળની ફાળ કોનાપર નથી ત્રાટકી ! તીર્થંકરદેવ હો કે ચક્રવર્તી હો ! દરીદ્રી હો કે ધનવંત હો ! વિદ્યાધર હો કે ધન્વંતરી હો ! એક દિ' મૃત્યુ આવીને સહુ કો' ને લઇ જાય છે ! દુનિયાનો જે ક્રમ છે, એ ક્રમ મુજબ જે વાતો બનતી જાય, તેમાં વિવેકી આત્માએ શા માટે સંતાપને ધરવો ! શા માટે આશ્ચર્ય કે અચંભો સમજવો ?' शोके धर्मो विवेकिनाम् જ્યારે જગત, દેશ, સમાજ કે કુટુંબ શોકમાં ગરકાવ થઇ ગયું હોય ત્યારે વિવેકીનું કર્તવ્ય

જુદું બની જાય છે, તેણે તો તેવા પ્રસંગે ચિત્તની ખૂબ જ પ્રસન્નતા જાળવવી અને શોકને નિવારનારા કલ્યાણ અનુષ્ઠાનોમાં ઓતપ્રોત બની જવું જોઇએ.

આખુનું જીવન સુધર્યું, મૃત્યુ મહોત્સવરૂપ બન્યું અને પરલોક મહાસુખમય બન્યો ! કહે આ બધાથી મારે શોક કરવો ! કે ખુશી અનુભવવી !'

બ્રહ્મસેનની આંખોને પોતાના બેસના છેડેથી લૂછી નાંખી સાધક્ષેમંકરે તેને પોતાની છાતી સરસો ચાંપ્યો, બંને સાધર્મિક મિત્રોનું ત્યાં મધુર મીલન થઇ રહ્યું.

ધર્મચર્ચા જામી હતી, પ્રશાંત રસનો સાગર હિલોળે ચઢયો હતો. ક્ષેમંકરની તત્ત્વમિમાંસામાં આબાલ ગોપાલ મુગ્ધ બન્યા હતા.

ત્યાં આકાશમાર્ગે ઉદ્યોત થયો.

એક દિવ્ય વિભૂતિ પૃથ્વીપટપર અવતરી.

એના કાને કનકનાં કુંડલ હતાં, મસ્તકે મોતી મઢયો મુગટ હતો. શરીરે સોહામણાં વસ્ત્ર હતાં.

તેના મુખપર તેજસ્વિતા હતી, તેટલી જ પ્રસન્નતા હતી, હૃદયમાં કોઈ અગોચર આનંદ હતો.

એ દેવલોકનો દેવ હતો, આભંકરનું એ આત્મત્વ હતું ! એ આવ્યો અને ક્ષેમંકરના ચરણોમાં ઝુકયો, તેના કોકીલ કંઠમાંથી રણકાર ઉઠયો.

"હે વડિલ બંધુ ! તમેજ સાચા ભાઇ છો. તમે જ મને પતનમાંથી ઉગાર્યો. અપૂર્વ ધર્મ આરાધના કરાવી મને દેવત્વ પમાડયું ! હું તમારા કેટલા ગુણ ગાઉં ! તમે મારા જનમ જનમના ગુરુ છો ! નાથ છો !..."

આખી સભાએ આભંકરને નિહાળ્યો. સહુ કોઇને પ્રતીતિ થઇ કે "આભંકર મૃત્યુ બાદ દેવ થયો છે, ક્ષેમંકરનું અવધિજ્ઞાન સાચું છે."

બ્રહ્મસેનને તો હવે અટલ શ્રધ્ધા થઇ ચૂકી. ક્ષેમંકરની ભવ્ય જ્ઞાનપ્રતિભાએ અને જીવન પાવિત્ર્યે તેના હૃદયમાં સ્થાન જમાવ્યું.

બ્રહ્મસેનને ધર્મસાધનાનો રૂડો પ્રતાપ દેખાયું તેને જિનધર્મ પર ગાઢ પ્રીતિ જામી. પૌષધવ્રતમાં તે ઓતપ્રોત બનવા લાગ્યો.

પર્વતિથિ આવે કે બ્રહ્મસેન પૌષધ ચૂકે નહિ. સર્વ સાંસારિક પ્રવૃત્તિઓથી નિવૃત્ત થઈ તે ધર્મધ્યાનમાં મગ્ન થઇ જતો. રાત્રીના સમયે તે મૌન ધારણ કરી કાઉસ્સગ્ગ ધ્યાનમાં મસ્ત રહેતો.

વર્ષ પછી વર્ષ વીત્યાં, દિન પછી દિન ગય બ્રહ્મસેનની આર્થિક પરિસ્થિતિ નબળી પડી ધન–ધાન્યથી હાની થઈ.

કેવી કર્મોદયની વિચિત્રતા ! આધ્યાત્મિકતાની ઉચ્ચ સપાટીએ બિરાજેલા આત્માનું પણ ભૌતિક અધઃપતન સર્જાતાં વાર નહિ !

પરંતુ વાંધો નહિ ! એ ઉચ્ચ ભૂમિકાએ થતું ભૌતિક પતન ચિત્તને પીડતું નથી, શાંતિને હરતું નથી આર્ત્તધ્યાનમાં પાડતું નથી.

બ્રહ્મસેન પૂર્ણ સ્વસ્થ હતો, કર્મોના ઉદયોનું એને પુરેપુરૂં ભાન હતું. તેણે વિચાર્યું.

"જીવ ! તું જરાય ચિંતાગ્રસ્ત ન થા; ભૌતિક અપૂર્ણતાથી જ આત્મિક પૂર્ણતા પ્રાપ્ત થાય છે.! તું ધન–ધાન્યથી અપૂર્ણ બનતો જશે, તેમ તેમ આત્મિક જ્ઞાનાદિ સંપત્તિની નીકટ થતો જઇશ! ભૌતિક ન્યૂનતામાં રખે તારી જાતને હીણભાગી માનતો ! આત્મિક ખુમારીને સાબુત રાખજે ! અપૂર્ણતાને ભૂલી, પૂર્ણતા તરફનું પ્રયાણ થઇ રહ્યુ છે," તેનો મહા આનંદ માણજે.

એણે આત્માને તો નિરાશામાંથી ઉગારી લીધો. ચિત્તની પ્રસન્નતાને અખંડ રાખી પરંતુ સાથે સાથે કુટુંબના સભ્યોનો ખ્યાલ તેને કંપાવી ગયો.

પત્ની અને પુત્ર પરિવાર ભૌતિક–પતનમાં ચિત્તની પ્રશાંતિ ન જાળવી શકે; એ હકિકતે તેને વિચારગ્રસ્ત બનાવ્યો.

કંગાલ પરિસ્થિતિમાં ગામ વચ્ચે વસવું એને અસમાધિનું કારણ લાગ્યું.

જગત એટલે ચર્મચક્ષુથી જોનારૂં ! તેના તરફથી થતી અપકીર્તિને તેની વચ્ચે રહીને સહવી. એ પોતાની શકિત બહારનું લાગ્યું અને તે વસંતપુર છોડી ગયો.

પણ, આધ્યાત્મિકતાની વસંત તેનાથી અળગી ન હતી, અને તેની મસ્તીમાં દરિદ્રતાનું દુઃખ તે ભૂલી જતો, ભૂલાવી શકતો !

જીવનના ઝંઝાવાતમાં અનેક પ્રશ્નો ઉઠે છે. તેવા પ્રશ્નોની વિવિધ દૃષ્ટિએ વિચારણા કરતી આ લેખમાળા સાત્વિક, ધ્યેયયુત તથા તાત્વિક દૃષ્ટિ દર્શાવતી રહી છે. વિચાર શુદ્ધિના ઉપાસકોને માટે અને આચારશુદ્ધિની નિર્મલસાધનાને અંગે આ લેખમાળા અવશ્ય વાંચવા વિચારવા જેવી છે, જે 'કલ્યાણ' માં હર અંકે પ્રસિધ્ધ થાય છે.

મનનમાધુરી

શ્રી વિમર્શ

સાચું તે સોનું.

એમાં મારે શું ? એમ કહીને અનેક સમાજોન્નતિનાં, સારાં અને લોકોપયોગી કાર્યો કરવામાં મનુષ્ય ખૂબ ઉદાસીન બની જાય છે, એટલેથી અટકી ન જતાં કેટલાક તો એવાં કાર્યો કરનારની ઇર્ષ્યા કરવા એગે છે અને વારંવાર તેમાં વિઘ્નો નાખે છે. જાણે કે એ કાર્ય એનું એકલાનું હોય અને બીજાને એમાં કંઇ લેવાદેવા ન હોય એમ બીજા વર્તે છે; ઉપરથી એનો દ્વેષ પણ કરે છે.

આપણે સહેજ આત્મ-નિરીક્ષણ કરીશું તો જણાશે કે જેને આપણે હું કહીએ છીએ તે તો માત્ર ગ્રાહક છે, અને જેને 'મારૂં' કહીએ છીએ તે બધું ગ્રહણ કરેલું હોય છે. ગ્રાહકને જે મળેલું હોય છે તે તેણે કુદરતમાંથી, સમાજમાંથી, સંસ્થાઓમાંથી કે વ્યક્તિઓ પાસેથી લીધું હોય છે. બહાર વિસ્તરેલું અનંત જગત, તેના અસ્તિત્વની અકલ્પ્ય આંટીઘુંટીવાળું તેનું તંત્ર, વંશપરંપરાગત અનુભવોમાંથી ઘડાયેલી સમાજ વ્યવસ્થા, મહાન્ વિભૂતિઓનાં સૂક્ષ્મ દર્શનોથી રચાયેલાં શાસ્ત્રો, સાહિત્ય-રચનાઓ અને કલાકૃતિઓ, સમાજ-ધારણ માટે પ્રચલિત થયેલી રાજઘટના અને અર્થ પ્રણાલીકાઓ, લગ્નો અને કૌટુંબિક આચાર-વિચારો, સાધુ-સંતોની સ્વાનુભવની તરતી વાણી અને ઉચ્ચ સંસ્કારોની શિક્ષણરૂપે આપ-લે કરનારી સંસ્થાઓ, એ બધા તાણાવાણામાંથી મનુષ્યના વ્યક્તિત્વનું અને તેના 'હું'નું વણાટ કામ થાય છે, તેનું પોતાનું કંઇ હોય તો તે તેની ગ્રાહકશક્તિ અને તેના ચૈતન્યે આપેલી વણાટની ભાત આ બધાં ઐહિક ઋણો ભૂલી જઇને માણસ જ્યારે એમ કહેવા લાગે છે કે, 'એમાં મારે શું ?' ત્યારે તે આત્મ-વંચના જ કરી રહ્યો હોય છે. પોતાના વ્યક્તિત્વની સામગ્રીને અવગણીને કાલ્પનિક 'હું'ની જાળમાં તે ફસાય છે. પોતાના શરીરને કે શરીરના ઇંદ્રિયવ્યાપારોને જ 'હું' માની લઇને પોતાની પરિમિત સ્વાર્થ-કોટડીમાં પુરાઈ રહે છે અને પરમાર્થને' બીજા શબ્દોમાં મહાન-સ્વાર્થને જતો કરે છે.

વસ્તુતઃ કોઇએ પણ સત્યને પારકું માનવું જોઇએ નહીં. જે જે સત્યાચરણ કરતું હોય તેને પોતાનું સમજી લઇને અને તેના સત્કાર્યને પોતાનું જ કાર્ય માની લઇને વ્યવહારો ચલાવવા

જોઇએ. જે આપણે કરવું જોઇએ તે બીજો કોઇ કરે તો તે આપણું જ કામ કરે છે, એવી ભાવનાથી તેને સંપૂર્ણ સહાય પહોંચાડવી જોઇએ. કંઈ નહીં, તો તેનો દ્વેષ તો ન જ કરી શકાય, એ તો પોતાનો જ દ્વેષ કરવા જેવું નિંદ્ય કામ છે. સમાજનાં અને પરમાર્થનાં અનેક કાર્યો લોકોની આત્મવંચનાને પરિણામે મંદ બની જાય છે.

સારું કાર્ય કરનારે પણ તેના અભિમાનને તિલાંજલી આપવી જોઇએ. યશને ખાતર કે કીર્તિને ખાતર સારું કામ કરનાર પોતાના ક્ષુદ્ર અભિમાનને જ પોષે છે. સત્કાર્ય જ સારું હોઈ શકે. સત્ય ભલે મનુષ્યો દ્વારા સ્થાપિત થતું હોય પણ મનુષ્યની શક્તિઓથી હરગીઝ નહીં. સત્યમાં પોતામાં જ સ્થાપિત થવાનું અને બધાંને માન્ય થઇ જવાનું સામર્થ્ય છે. સત્ય પ્રગટ કરવામાં જ મહત્તા છે; તેને જબરીથી લાદવાની કંઇ જરૂર નથી. અહિંસાથી સિદ્ધ થાય તેજ સત્ય. ધન્ય છે એને કે જે સત્ય પ્રગટ કરવાનું માધ્યમ બને છે. એ વાજિંત્ર છે, સત્ય બજવૈયો છે, સત્યના વાજિંત્ર થવાની ભાગ્યરેખા ન હોય તેને પણ સત્યનું સંગીત સાંભળવાનું ભાગ્ય તો મળેલું જ છે. પ્રતિભાનો દ્વેષ છોડી તેનું સંગોપન કરવામાં જ આપણો ખરો સ્વાર્થ કહો કે પરમાર્થ રહેલો છે.

સાચું તે સૌનું અને ખોટું તે કોઈનું જ નહીં, એ સદાચારનો મહામૂલો મંત્ર છે.

★

રમકડાં.

બાળકને કોઈ પૂછે કે, 'પૈસા ક્યાંથી આવે છે?' તો તે બેધડક કહેશે કે, 'બાપાના ગજવામાંથી' તેને મન તો દેખીતું જગતજ સાચું છે. તે જુએ છે કે શાકભાજી માર્કેટમાંથી આવે છે, અનાજ–કાપડ દુકાનોમાંથી આવે છે, પાણી નળમાંથી આવે છે અને દૂધ દૂધવાળો લાવે છે, એ બધાને મેળવવાના પૈસા બાપાના ગજવામાંથી જ આવે છે. એની સમજ ખોટી નથી પણ અધૂરી છે; એટલે કે એ રમકડાંની દુનિયાની મોજ માણી શકે છે. કયારેક બાપના ગજવાના પૈસા ખૂટે છે. તેનાં રમકડાંની ગાય ભાંગી પડે છે, તેની રમકડાની સીટી વાગતી નથી, અને એ રોકકળ કરી મૂકે છે.

મોટી ઉમરે પણ માણસો બાળ–બુદ્ધિથી દોરવાતાં હોય છે. 'અહિંસા પરમો ધર્મ:'નો પોપટીયો જાપ જપનારાં લોકો મોજશોખ માટે ચમકદાર રેશમી કપડાં પહેરે છે; ઉચ્ચ અને મુલાયમ ચામડાનાં બુટ પહેરે છે; શરીર સુધારવા હેમોગ્લોબીન, લીવર–એકસ્ટ્રેકટ, અથવા કોડ–લીવરની દવાઓ પીયે છે; બંગલાઓમાં કે મોટરોમાં મોજ માણે છે; ત્યારે તેમને ભાગ્યેજ ખબર હોય છે કે તેમના ક્ષુદ્ર શોખ ખાતર રેશમી કપડાં માટે રેશમના લાખો કીડાઓને ઉકળતા પાણીમાં નાખીને મારી નાખવામાં આવે છે; તેમનાં બુટના ચામડાં મેળવવા માટે હજારો મુંગા ઢોરની કતલ કરવામાં આવે છે. તેમની દવાઓ માટે સેંકડો ઘોડાઓ, બળદો, માછલાંઓ કે ઇતર પ્રાણીઓનાં અસહ્ય ક્રૂરતાથી બલિદાન લેવામાં આવે છે. તેમના બંગલા બંધાવવામાં કે મોટરો ચલાવવામાં ખર્ચાતાં નાણાં કાળી મજુરી કરનારાં લાખો મજુરોના રકતના શોષણનું ફળ હોય છે. આવું તો તેમને નજરે દેખાતું નથી એટલે બાળકોના જેટલા જ અજ્ઞાનથી તેઓ મોજ ઉડાવ્યા રાખે છે. કયારેક તેમનાં રમકડાં કામ આપતાં નથી યા ધન લુપ્ત થાય છે, ત્યારે તેઓ બાળકની પેઠે જ રોકકળ કરી મૂકે છે.

દેખીતી વસ્તુમાં જ સર્વસ્વ જોનારાં આવાં લોકો જગતનાં રમકડાંઓનાં જ લટૂડુ હોય છે. ધન તેમને આ બધું ખરીદી આપે છે, એટલે તેઓ ધનનું મૂલ્ય આંકે છે અને ધનવાન થવામાં જ જીવનની બધી શક્તિઓ ખર્ચે છે. નિર્ધન માણસો પણ આજ પ્રકારનાં હોય છે; ફરક એટલોજ કે તેઓ ધનવાન થવા છતાં ધનવાન થઈ શક્યા હોતા નથી. પરિણામે કેટલાંક નિર્ધનો ધનવાનોથી અંજાઇ જઇ તેમના દાસાનુદાસ બની

રહે છે અને કેટલાંક નિષ્ફળતાથી બીજવાઇ ધનવાનો ભયંકર દ્વેષ કરે છે.

પણ ધનવાનો અને નિર્ધનો બંને ધનિત્વનું પ્રમાણાધિક મૂલ્ય આંકે છે. દ્રવ્યોપાર્જનનું મૂળ તેઓ જોઇ શકતા નથી; તેઓ તો દ્રવ્યવૃક્ષનાં લટકતાં ફળમાં જ ચકચુર હોય છે. એથી સમજાય છે કે લાખ રૂપિયા એટલે લાખ માણસની દૈનિક એક રૂપીયાના હિસાબે એકત્ર થયેલી એક દિવસની મજુરી. જેનાં ઉત્પાદનમાં વ્યાવહારિક બુદ્ધિનો થોડો ફાળો હોય જ. તો તેઓ દ્રવ્યોત્પાદનનું સાચું મૂલ્ય આંકતા થશે. દ્રવ્ય બળ છે ખરૂં, પણ એ બળ તેના માલીક થઇ બેઠેલા દ્રવ્યવાનનું પોતાનું નથી. અકસ્માત કિંવા કારણવશાત્ ધનની માલીકી હરાઇ જતાં ધનવાનની સ્થિતિ પાંખ વગરનાં પક્ષી જેવી થઇ જાય છે. ધનથી વિભક્ત થયેલા ધનિકની કિંમત સડેલાં ફળ જેટલી થાય છે, ધનિક કે નિર્ધન જો આટલું સમજી લે તો ધનવાનોથી અંજાઇ જતો કે તેમનો દ્વેષ કરતો બચી જાય. ધનની પાછળ રહેલો શ્રમ જે જુએ છે, મોજમજાહની પાછળ રહેલું લાખોનું ચૂસણ જે જુએ છે તે જ ધનનું સાચું મૂલ્ય આંકી શકે છે. અને ધનવાન બનવા કરતાં ધનનો કેવળ સંગ્રહ કરવા કરતાં તેનો વ્યય સન્માર્ગે કરતો રહે છે.

અને ધન બધું જ ક્યાં ખરીદી શકે છે? સાચો પ્રેમ–માતાપિતાનો, ભાઇ–ભાંડુઓનો કે પ્રિયજનોનો જે ધનની ખરીદ–શક્તિથી બહાર છે. સિધ્ધાંતવાદી લોકોત્તર પુરૂષો ધનથી ક્યાં લલચાય છે? ધનથી આયુષ્ય ખરીદી શકાતું નથી. સમયના પ્રવાહને ધન ક્યા ખાળી શકે છે? ચારિત્ર્ય અને માનસિક શાંતિ ધનની કક્ષામાં ફરતાં નથી. દ્રવ્ય મહાત્માઓ પાસે ક્યાં હોય છે? ટૂંકમાં ધન વ્યવહારિક જગતનું મહાન બળ છે ખરૂં, તથાપિ તેની શક્તિઓ ખૂબ મર્યાદિત છે અને તે પણ તેના સદુપયોગ ઉપર અવલંબિત છે, નહિ કે કેવળ સંગ્રહ કે સંચય ઉપર–સંગ્રહ કે સંચયમાં રાચનારાં, રમકડામાં રાચનારાં, બાળકો કરતાં જરા પણ આગળ વધ્યા હોય એમ માનવું વ્યાજબી જણાતું નથી.

★

શ્રી ગૌતમપૃચ્છા ગુજરાતી ભાષાંતર સહિત

આ પુસ્તકમાં જીવને સુખ દુઃખ કેવી રીતે પ્રાપ્ત થાય છે. તે સંબધી શ્રી ગૌતમસ્વામી ગણધર મહારાજે શ્રી મહાવીર સ્વામી ભગવંતને જુદા જુદા અડતાલીશ પ્રશ્નો પૂછેલ, તેના જવાબમાં શ્રી મહાવીરસ્વામીએ શુભાશુભ કર્મોના ફલ દ્રષ્ટાંતિક અડતાલીશ સુંદર કથાઓ સહિત કહી બતાવ્યા છે. આ ગ્રંથ પૂર્વપુરૂષપ્રણીત મૂલ ગ્રંથનું ભાષાંતર છે. પૃષ્ઠ ૧૪૪+૧૨ કીંમત માત્ર રૂા. ૧=૨૫

★ શ્રી જિનેન્દ્ર દર્શન ચોવીશી તથા અનાનુપૂર્વી ★

સંપૂર્ણ પરિકર સાથેના ચોવીશ ભગવાન તથા ગૌતમસ્વામી, સિદ્ધચક્ર, વીશસ્થા નક, ઘંટાકર્ણ–માણીભદ્ર, પદ્માવતીદેવી, ચક્રેશ્વરીદેવી તથા અંબિકાદેવીના પૂર્ણરંગી ચિત્રો સાથે.

[કીંમત–માત્ર રૂા. ૧=૫૦ નયા પૈસા.] વધુ લેનારને યોગ્ય કમીશન મળશે.

લખો— જૈન પ્રકાશન મંદિર : ૩૦૯/૪ ડોશીવાડાની પોળ, અમદાવાદ–૧.

કથા કલ્લોલિની

'કલ્યાણ'નો કથા વિભાગ

'કલ્યાણ'ના વાચકો માટે આ વિભાગ ગતવર્ષથી શરૂ કરેલ છે. નહાની નહાની બોધક કથાઓ સાદી સરલ ભાષામાં સર્વજનને ગ્રહણ થાય તેવી શૈલીએ આ વિભાગમાં રજૂ કરવાનો અમારો પ્રયત્ન છે. પૂ. વિદ્વાન મુનિવરોને તથા અન્યાન્ય શ્રધ્ધાથી લેખકોને અમારો આગ્રહ છે કે. તેઓ પોતાની લેખિની દ્વારા જૈન કથા સાહિત્યના વિશાલ સાગરમાંથી વિણી-વિણીને સદ્બોધ પ્રધ, રસમય ટુંકી કથાઓ તૈયાર કરીને અમને મોકલાવોક. થાઓ શાસ્ત્રીય હોવી જોઇએ તેમજ ટુંકી. સારરૂપ હેતુલક્ષી ધર્મ-કથાઓ રૂપે હોવી જોઇએ.

'કલ્યાણ'નો આ વિભાગ આશા છે કે સર્વ કોઇને રસપ્રદ બોધક તથા પ્રેરણા રૂપ બનશે.

★

સંપા૦

ભિક્ષુક વંદનીય બને છે

જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં સમૃદ્ધિથી તથા લોકોથી ભરપૂર કૌશામ્બી નામની નગરી છે. એક વખત બહુ સાધ્વીઓથી પરવરેલા શ્રાવકોથી પૂજાતા ને રાજા, સામંત, શેઠીઆઓ અને નગર-વાસીઓએ વાંદેલ એવા શ્રી વર્ધમાનસ્વામીના પ્રથમ શિષ્યા આર્યાશ્રી ચંદનબાલા' કૌશામ્બી નગરીના ચોકમાં ઘણાં માણસોની સાથે જતા હતા તે સમયે કાકંદીપુરથી કોઈ એક દરિદ્રી આવ્યો હતો. તે અતિ દુર્બળ અને મલિન શરીરવાળો હતો. તેના મુખ ઉપર અસંખ્ય માખીઓ બણબણાટ કરતી હતી અને કુટેલું માટીનું વાસણ હાથમાં લઈને ઘરેઘર ભિક્ષા અર્થે ભટકતો હતો તે ભિક્ષુકે માર્ગમાં સાધ્વી ચંદનબાળાને જોયાં તેથી તે વિસ્મિત થયો કે 'આ શું કૌતુક છે? આટલા બધા લોકો શા માટે ભેગા થયા છે?' એવું જાણી તે પણ કૌતુક જોવાને સાધ્વીજીની પાસે આવ્યો એટલે જેનું મસ્તક લોચ કસવેલું છે, જેણે સાંસારિક આસકિત ત્યજી દીધી છે, અને જેણે ભૂમિ પ્રદેશને પવિત્ર કરેલ છે એવી શાંતમૂર્તિ આર્યા ચંદનબાલાને ઘણાં જ સાધ્વીઓથી પરિવરેલા અને ઘણા રાજલોક વંદાતા જોઇ તેના મનમાં આશ્ચર્ય ઉત્પન્ન થયું. કથી તેથી તેણે પાસે ઉભેલા કોઈ વૃદ્ધ પુરૂષને પૂછયું કે–આ કોણ છે? ને કયાં જાય છે?' તે વૃધ્ધ પુરૂષે કહ્યુ કે, હું કહું છું તે સ્થિરચિત્તે તું સાંભળ.

ચંપાનગરીમાં દધિવાહન નામનો રાજા હતો. તેને અતિ રૂપ લાવણ્ય આદિ ગુણોથી યુકત, શીલથી અલંકૃત અને માતાપિતાને પ્રાણ કરતા પણ વધારે પ્રિય એવી વસુમતી નામની પુત્રી હતી. એક દિવસ દધિવાહન રાજાને કાંઇ પણ કારણથી કૌશામ્બી નગરીના 'શતાનીક' રાજાની સાથે કલહ થયો. શતાનીક રાજાએ મોટું સૈન્ય લઇ ચંપાનગરી ઉપર ચડાઇ કરી. દધિવાહન સૈન્ય એકઠું કરી પરિવાર સાથે સામો થયો. મોટું યુદ્ધ થવાથી ઘણા લોકો નાશ પામ્યા. પરિણામે દધિવાહનનો પરાભવ થયો તેનું સૈન્ય પણ નાશ પામ્યું. શત્રુના સૈન્યે નિર્ભયપણે ચંપા-નગરીને લૂંટી રાજાનું અંતઃપુરપણ લૂટયું. તે વખતે અંતઃપુરમાંથી નીકળી નાઠેલી અને ભયથી જેનાં નેત્ર ચપળ થઇ ગયાં છે એવી રાજકન્યા

વસુમતી ટોળામાંથી વિખુટી પડેલી હરિણીની માફક આમ તેમ નાસવા લાગી. તેને કોઇ પુરૂષે પકડી. શતાનીક રાજાનું સૈન્ય પાછું વળ્યું. તેની સાથે વસુમતી પણ કૌશામ્બીમાં કેદી તરીકે આવી. ત્યાં તેને ચોકમાં વેચવા માટે આણી. તે વખતે કૌશામ્બી પુરવાસી 'ધનાવહ' શેઠે મૂલ્ય આપીને તેને ખરીદ કરી. તે તેને જોઈ અતિ હર્ષિત થયો, અને પુત્રી તરીકે સ્વીકાર કરી તેને પોતાનાં ઘેર લઈ ગયો.

એકદા શેઠના પગ ધોતી વખતે વસુમતીનો કેશપાસ ભૂમિપર પડતાં શેઠે તેને ઉંચો પકડી રાખ્યો તે જોઇ શેઠની ભાર્યા મૂલાએ મનની અંદર વિચાર કર્યો–'આ સ્ત્રી અતિરૂપવંતી અને સૌભાગ્યાદિ ગુણથી અલંકૃત છે. તેથી મારા સ્વામી તેનાં રૂપથી મોહિત થઇ જરૂર મારી અવગણના કરશે માટે એને દુઃખ આપી ઘરમાંથી હાંકી કાઢું તો ઠીક.

એક દિવસ શેઠ કોઇ કાર્યને માટે બહારગામ ગયા ત્યારે ઘરે રહેલી મૂલાએ એ વસુમતીના કેશ મુંડાવી નાંખી, પગમાં બેડી નાંખી હાથને મજબૂત બાંધી લઇ ગુપ્ત ઓરડામાં પૂરી. શેઠ ઘેર આવ્યા એટલે તેણે પોતાની સ્ત્રીને પૂછયું; વસુમતી કયાં ગઇ છે?' તેણે જવાબ આપ્યો, હું જાણતી નથી, તે કાંઇક ગઇ હશે સરળ બુદ્ધિવાળા શેઠે વિચાર્યું કે તેમ હશે.'

એ પ્રમાણે ત્રણ દિવસ વીતી ગયા. ચોથા દિવસે કોઈ પાડોશીએ શેઠને પૂછયું; 'વસુમતી કયાં છે?'

તેના દુઃખે દુઃખીત થયેલા શેઠે કહ્યું; 'હું જાણતો નથી, પરંતુ તે કયાંઈ ગયેલી છે.'

ત્યારે તેણે કહ્યું; ' તમારી સ્ત્રીના મારથી આક્રંદ કરતી એવી તેને કોઇક ઓરડામાં પૂરતા આજથી ચોથા દિવસ ઉપર મેં જોએલી છે, તેથી તમારા ઘરમાં તપાસ કરો. શેઠે ઘરમાં તપાસ કરી એટલે જેના પગ બેડીથી બંધાયેલા છે, જેના કેશ મુંડી નાખેલા છે અને જે ઘણી ક્ષુધાતુર થયેલી છે, એવી વસુમતીને તેણે અંદરના ઓરડામાં દીઠી. શેઠે દુઃખિત ચિત્તે વિચાર કર્યો કે 'અહો! સ્ત્રીનું દુશ્ચરિત્ર કોઇપણ જાણતા નથી. કામથી અંધ બનેલી મારી સ્ત્રીને ધિક્કાર છે! શેઠે વસુમતીને પૂછયું ' આ તારી શી દશા?'

તેણે જવાબ આપ્યો, 'સઘળો દોષ મારા કર્મનો છે.' શેઠે તેને અંદરથી બહાર કાઢી ઘરના ઉંમરા પાસે બેસાડીને કહ્યું ' તું અહીં બેસ, એટલે હું બેડી ભાંગવાને કોઇ લુહારને બોલાવી લાવું.' તેણે કહ્યું ' મને બહુ ભુખ લાગી છે તેથી કાંઇક ખાવાનું આપો.' તે વખતે ઘોડાને માટે અડદ બાફેલા હતા તે સુપડામાં એક ખુણામાં નાખીને શેઠે વસુમતીને ખાવા આપ્યા. તે પણ એક પગ ઉંમરાની બહાર અને બીજો પગ ઉમરાની અંદર રાખીને બેઠી. પછી જોવામાં તે બોળામાં રહેલા સુપડામાંના અડદ ખાવા જાય છે તે અવસરે એવું બન્યું કે–

છદ્મસ્થપણે વિચરતા શ્રી મહાવીરસ્વામી ભગવાને પોતાનાં કર્મના ક્ષયને માટે એવો અભિગ્રહ કરેલો છે કે- રાજકન્યા હોય, માથું મુડાવેલું હોય અને પગમાં બેડી નાંખેલી હોય, હાથ બાંધેલા હોય, કેદી તરીકે પકડાયેલી હોય, મૂલ્યવડે ખરીદાયેલી હોય, જે એક પગ ઉમરાની બહાર ને બીજો પગ ઉંમરાની અંદર રાખીને બેઠેલી હોય ને રોતી હોય, તે બે પહોર વીત્યા પછી સુપડાના ખુણામાં રહેલા અડદ જો મને વહોરાવે તો મારે વહોરવા.

એવો અભિગ્રહ કર્યાને પાંચ માસ ને પચીસ દિવસ વ્યતીત થયા હતા. તે શ્રી મહાવીર ભગવંત એક ગામથી બીજે ગામ વિહાર કરતા તે અવસરે કૌશામ્બી નગરીએ પધાર્યા. તેઓ દરેક ઘેર પર્યટન કરે છે, પરંતુ અભિગ્રહ પ્રમાણે ભિક્ષા મળતી નથી. અનુક્રમે ભગવાન ધનાવહ શેઠને ઘેર આવ્યા તેમને જોઇ વસુમતીએ પ્રભુને કહ્યું, ' ત્રિલોકના સ્વામી! ભિક્ષાને માટે હાથ લાંબા કરીને મારો આ ભવ દુઃખમાંથી

ઉદ્ધાર કરો અને મને તારો.' એવા વસુમતીનાં વચન સાંભળીને ભગવાને વિચાર્યું કે– 'મારો અભિગ્રહ તો પૂરો થયો છે પરંતુ આ રોતી નથી એટલું અધુરૂં છે તેથી હું વહોરીશ નહીં' એવું ધારી ભગવાન પાછા વળ્યા ત્યારે વસુમતી અશ્રુજળથી નેત્રને મલિન કરી વિચારવા લાગી, મંદભાગિણી એવી મને ધિક્કાર છે ? મારાં ઘેર ભગવાન પધાર્યા છતાં મારો ઉદ્ધાર કર્યા વિના પાછા ગયા ત્યારે ભગવાને અભિગ્રહ સંપૂર્ણ થયેલો જોઇ પાછા વળીને અડદની ભિક્ષા ગ્રહણ કરી તેથી વસુમતી અતિ હર્ષિત થઈ તેનાં નેત્ર પ્રફુલિત થયાં તેની નીમરાજિ વિકસ્વર થઈ. અને તે ભવસાગરનો પાર પામી એમ માનવા લાગી.

તે અવસરે તે દાનના પ્રભાવથી તેના પગની બેડી પોતાની મેળે તુટી ગઇ. મસ્તક ઉપર શ્યામ કેશપાશ વિસ્તૃત થયા. હાથનું બંધન તુટી ગયું અને પાંચ દિવ્ય પ્રગટ થયાં. તે આ પ્રમાણે –૧ સાડિયાર ક્રોડ સોનૈયાની વૃષ્ટિ થઇ. ૨ સુગંધિ પંચરંગી પુષ્પોની વૃષ્ટિ થઈ, ૩ વસ્ત્રોની વૃષ્ટિ થઈ, ૪ સુગંધિજળની વૃષ્ટિ થઇ, ૫ અહો દાનમ્ અહોદાનમ્ એ પ્રમાણે આકાશમાં દેવતાઓએ ઘોષ કર્યો અને જય જયકાર થયો. દેવતાઓએ વસુમતીનો ચંદન જેવો શીતલ સ્વભાવ હોવાથી તેનું 'ચંદના' એવું નામ આપ્યું. પ્રભુએ છ માસી તપનું પારણું કરીને અન્યત્ર વિહાર કર્યો.

લોકોએ ચંદનાની ઘણી પ્રશંસા કરી. એ વખતે શક્ર ઇંદ્રે શતાનિક નૃપની સમીપે આવીને કહ્યું કે, 'આ વસુમતી દધિવાહન રાજાની પુત્રી છે કે જેણે સ્વગુણોથી 'ચંદના' એવું બીજું નામ મેળવેલું છે તેનું તારે યત્નથી રક્ષણ કરવું આગળ ઉપર એ ધર્મનો ઉદ્યોત કરનારી થશે અને ભગવાન શ્રી વીરસ્વામીની પ્રથમ શિષ્યા થશે એ પ્રમાણે કહીને ઇંદ્ર દેવલોકમાં ગયા.

શતાનીક રાજાથી અને બીજા લોકોથી અતિ સન્માન પામેલી ચંદનાએ કેટલાક દિવસો થયા પછી વીર ભગવંતને કેવલજ્ઞાન ઉત્પન્ન થયેલું જાણીને ભગવંત પાસે જઈ તેમના હાથથી ચારિત્ર લીધું અને ભગવાનના શિષ્યા થયા. તે આ ચંદના સાધ્વી નજીકના ઉપાશ્રયમાં રહેલા 'શ્રી સુસ્થિતાચાર્ય' ને વંદન કરવા માટે તે જાય છે.'

આ પ્રમાણે તેનું સઘળું ચારિત્ર વૃદ્ધ પુરૂષે દ્રુમકને (ભિક્ષુકને) કહી સંભળાવ્યું તેથી આનંદિત થયેલો ભિક્ષુક સાધુના ઉપાશ્રયે ગયો. આર્યા ચંદના સાધ્વીજી પણ ગુરૂને વાંદીને પોતાના ઉપાશ્રયે ગયા. ગુરુએ ભિક્ષુકને જોયો એટલે આ પુરૂષ થોડા વખતમાં સિદ્ધિ મેળવનારો છે.' એમ જ્ઞાન વડે જાણી તેમણે વિચાર્યું 'આ ભિક્ષુકને ધર્મમાં જોડવો જોઇએ, એવું વિચારી તેને મિષ્ટ વચનોથી બોલાવ્યો, તેથી તે અતિ હર્ષિત થઇ મનમાં વિચારવા લાગ્યો કે– 'આ સાધુઓ ઘણા દયાળુ છે. આલોક ને પરલોક બંનેમાં હિતકર આ માર્ગ છે. આલોકમાં શ્રેય સધાય છે અને પરલોકમાં સ્વર્ગાદિનાં સુખ મળે છે.' એવું વિચારી તે ભિક્ષુકે ગુરૂ પાસે દીક્ષા લીધી.

ગુરૂએ પણ તેને પ્રવજ્યામાં દૃઢ કરવા માટે ઘણા સાધુઓની સાથે સાધ્વીના ઉપાશ્રયે મોકલ્યો. તે દ્રુમકસાધુ આર્યા ચંદના સાધ્વીના ઉપાશ્રયે ગયો. બીજા સાધુઓ બહાર ઉભા રહ્યા અને ભિક્ષુક સાધુ એકલા ઉપાશ્રયની અંદર ગયા. ચંદના સાધ્વી નવા દીક્ષિત થયેલા. દ્રુમક સાધુને આવતા જોઇને તેમનાં સન્મુખ જઇ, આસન આપ્યું, તેમનું સન્માન કર્યું અને બે હાથ જોડી સામે ઉભા રહ્યા. દ્રુમક સાધુ વિચારવા લાગ્યા કે–'અહો ! આ વેષને ધન્ય છે ! જો કે હું નવ દીક્ષિત થયો છું છતાં આ પૂજ્ય એવા ચંદના મને આટલું બધું માન આપે છે.' એ વખતે તે ધર્મમાં દૃઢ થયો. આર્યા ચંદનાએ તેમને પૂછ્યું કે, 'આપને અત્રે આવવાનું પ્રયોજન શું છે?' દ્રુમકે કહ્યું કે–'તમારો

વૃત્તાંત જાણવાને માટે ગુરૂએ મને અહીં મોકલ્યો છે.' એટલું કહી મનને ચારિત્રમાં સ્થિર કરી ઘણા કાળ સુધી નિરતિચાર ચારિત્ર તેણે પાળ્યું ને સદ્ગતિગામી બન્યા. ચારિત્રનો આ કેવો અદ્ભુત પ્રભાવ છે.

આરિસા ભવનમાં કેવળજ્ઞાન

અયોધ્યા નગરીમાં શ્રી ઋષભદેવ સ્વામીના પુત્ર 'ભરત' નામે ચક્રવર્તી થયા હતા. જ્યારે શ્રી ઋષભદેવ સ્વામીએ ચારિત્ર ગ્રહણ કર્યું તે વખતે પોતાના સો પુત્રોને પોત-પોતાના નામવાળા દેશો આપ્યા. 'બાહુબલી' ને બહુલિ દેશમાં તક્ષશિલા નગરીનું રાજ્ય આપ્યું અને ભરતને અયોધ્યા નગરીનું રાજ્ય આપ્યું.

એક દિવસ ભરત રાજા સભામાં બેઠેલા છે તે વખતે 'ચમક અને સમક' નામના બે પુરૂષો વધામણી દેવાને સભાસ્થાનનાં મુખ્ય દ્વાર પાસે આવ્યા, પ્રતિહારે ભરત રાજાને તેઓના આગમન અંગેનું નિવેદન કર્યું એટલે ભરત નરેશ્વરે દ્વારપાળને આવવાનો આદેશ આપવાથી ચમક અને સમક સભામાં આવ્યા. તેઓ બન્ને હાથ જોડી આશીર્વાદપૂર્વક રાજાની સ્તુતિ કરી પછી તેમાંના ચમકે વિજ્ઞપ્તિ કરી, 'હે દેવ! 'પુરિમ તાલપુરના' શકી નામના ઉદ્યાનને વિષે શ્રી ઋષભદેવ સ્વામીને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું છે એ વધામણી આપવા માટે હું આવ્યો છું.'

ત્યાર પછી સમકે કહ્યું કે 'હે દેવ! એક હજાર દેવતાઓથી સેવાયેલું અને કરોડો સૂર્ય જેવું પ્રકાશ આપતું ચક્ર રત્ન આયુદ્ધશાળામાં ઉત્પન્ન થયું છે.' આ પ્રમાણે બે સેવકોનાં મુખથી બે વધામણી સાંભળીને ભરતરાજા અતિહર્ષ પામ્યો પછી તેમને જીવિતપર્યંત દેતાં અને ભોગવતાં ખુટે નહિ એટલું ધન આપીને તે બન્નેનું સન્માન કર્યું. હવે ભરત વિચાર કરવા લાગ્યા; 'મારે પ્રથમ કોનો ઉત્સવ કરવો ઉચિત છે? કેવળજ્ઞાનનો કે ચક્રનો!' એ પ્રમાણે વિચાર કરતાં પાછું તેમણે ચિંતવ્યું, મને ધિક્કાર છે કે મેં આ શું ચિંતવ્યું! અક્ષય સુખના દાતા શ્રીઋષભદેવસ્વામી પિતા કયાં અને માત્ર સંસાર સુખનાહેતુભૂત ચક્ર કયાં! વળી તાતની પૂજા કરવાથી ચક્રની પૂજા થઇ ગઇ. એ પ્રમાણેનો નિશ્ચય કરી મોટા આડંબરપૂર્વક પુત્ર મોહથી વિહ્વળ બનેલા ઋષભ! ઋષભ! એ નામનો જપ કરતા એવા પોતાના દાદી 'મરુદેવા માતાને હાથી ઉપર બેસાડીને ભરતરાજા ઋષભ સ્વામીને વંદન કરવા ચાલ્યા.

માર્ગમાં ભરતરાજે મરૂદેવામાતાને કહ્યું માતા! તમે તમારા પુત્રની સમૃદ્ધિને જુઓ. તમે મને હંમેશા કહેતા હતા કે-મારો પુત્ર વનમાં ભટકે છે અને દુઃખ અનુભવે છે, પરંતુ તું તેની સંભાળ કરતો નથી. આ પ્રમાણે દરરોજ મને ઠપકો આપતા હતા પણ હવે તમારા પુત્રનું ઐશ્વર્ય જુઓ.'

એ અવસરે ચોસઠ સુરેંદ્રોએ એકઠા થઇને સમવસરણ રચ્યું. કરોડો દેવ-દેવીઓ એકઠા મળ્યા. વિવધ પ્રકારના વાજિંત્રોના શબ્દથી ગગન મંડળ ગાજી રહ્યું. જય જય શબ્દો સાથે ગીત-ગાનપૂર્વક પ્રભુ સિંહાસન ઉપર બેસીને માલકોશ રાગમાં દેશના આપવા લાગ્યા. તે વખતે દેવ દુંદુભિના ધ્વની અને જય જયના શબ્દો સાંભળીને મરૂદેવામાતા કહે છે, 'આ કૌતુક શું છે? ભરતે કહ્યું 'આ તમારા પુત્રનું ઐશ્વર્ય છે.' મરૂદેવા માતા વિચારે છે 'અહો! પુત્રે આટલી બધી સમૃદ્ધિ મેળવી છે; એ પ્રમાણે ઉત્કંઠાપૂર્વક આનંદાશ્રુ આવવાથી તેમના બંન્ને નેત્રના પડલો ખુલ્લી ગયાં અને સર્વ પ્રત્યક્ષ જોયું. જોઇને વિચાર્યું કે 'અહો! આ ઋષભ આવું અશ્વર્ય ભોગવે છે? પરંતુ એણે મને એકવાર સંભારી પણ નથી. હું તો એક હજાર વર્ષપર્યંત પુત્રમોહથી દુઃખી થઇ અને પુત્રના મનમાં તો મોહનું કિંચિત્ કારણ પણ જણાતું નથી. અહો! મોહની ચેષ્ટાને ધિક્કાર છે! મોહાંધ માણસો કંઈ પણ જાણતા નથી.'

એ પ્રમાણે વૈરાગ્ય મગ્નપણાથી ક્ષપકશ્રેણી ઉપર મરૂદેવીમાતા આરૂઢ થયા અને આઠ કર્મનો ક્ષય કરી અંતકૃત કેવલી થઇને મોક્ષે ગયા.

દેવતાઓએ મહોત્સવ કર્યો. ઇંદ્ર આદિ સર્વ દેવોએ સમવસરણમાંથી ત્યાં આવીને મરૂદેવા માતાના શરીરને ક્ષીરસાગરના પ્રવાહમાં વહેતું મૂક્યું પછી શોકમગ્ન ભરત નરેશ્વરને અગ્રેસર કરીને સૌ સમવસરણમાં આવ્યા. ભરતરાજા પ્રભુને ત્રણ પ્રદક્ષિણા કરીને યથાયોગ્ય સ્થાને બેઠા અને પ્રભુની દેશના સાંભળી તેમનો શોક નષ્ટ થયો. દેશનાને અંતે પ્રભુને વાંદી શ્રાવક ધર્મ અંગીકાર કરી અયોધ્યામાં આવ્યા અને પછી ચક્રનો ઉત્સવ કર્યો.

આઠ દિવસ ગયા પછી ચક્ર પૂર્વ દિશામાં ચાલ્યું. ભરતરાજા પણ દેશ જીતવાને માટે ચક્રની પાછળ સૈન્ય સહિત ચાલ્યા. એકેક યોજનનું દરરોજ પ્રયાણ કરતાં કેટલાક દિવસે પૂર્વ સમુદ્રના કિનારે આવી સૈન્યનો પડાવ નાખ્યો ત્યાં ભરતરાજાએ અઠ્ઠમનો તપ કર્યો; અને માગધ નામના દેવનું મનમાં ધ્યાન કરીને સ્થિત રહ્યા. ત્રણ દિવસ પછી રથમાં બેસી સમુદ્રના જળમાં રથની ધરી પર્યંત પ્રવેશ કરી પોતાના નામથી અંકિત બાણને ધનુષ્યમાં સાંધીને ભરતરાજાએ તે બાણ બાર યોજન જઇને મગધ દેશના માગધ દેવ તરફ છોડ્યું. સભામાં સિંહાસન સાથે અથડાઇને ભૂમિ ઉપર પડ્યું. બાણનું પડ્યું જોઇ માગધ દેવ ક્રોધાયમાન થઈ ગયો. પછી તે બાણ હાથમાં લઇ તેના પરના અક્ષરો વાંચ્યા એટલે ભરત ચક્રવર્તિને આવેલા જાણી કોપરહિત થઇ ભેટણું લઇ પરિવાર સહિત તેમની સન્મુખ ચાલ્યો. નજીક આવીને તે ચક્રવર્તિના ચરણમાં પડ્યો ને બોલ્યો કે 'હે સ્વામિન્! મારો અપરાધ ક્ષમા કરો. હું તમારો સેવક છું આટલા દિવસ સુધી હું સ્વામી રહિત હતો; હવે આપનાં દર્શનથી સનાથ થયો છું. એ પ્રમાણે કહી નમસ્કાર કરી ભેટ ધરી, રજા લઇને સ્વસ્થાને ગયો પછી ભરતચક્રીએ છાવણીમાં પાછા આવી અઠ્ઠમ તપનું પારણું કર્યું.

ત્યારપછી પાછું ચક્ર આકાશમાં ચાલ્યું. સૈન્ય પણ તેની પાછળ ચાલ્યું. અનુક્રમે તેઓ દક્ષિણ સમુદ્ર કિનારે આવ્યા. પૂર્વવત્ તે દિશાના સ્વામી 'વરદામ દેવને' પણ જીત્યો. ત્યારબાદ પશ્ચિમ દિશામાં 'પ્રભાસ દેવને' જીતીને, ચક્રે ઉત્તર દિશા તરફ પ્રયાણ કર્યું. અનુક્રમે વૈતાઢ્ય પર્વત પાસે આવીને ચક્રવર્તીએ અઠ્ઠમ તપ કરી 'તમિસ્રા' ગુફાના અધિષ્ઠાયક 'કૃત માલદેવ'નું મનમાં ધ્યાન કરીને સ્થિત રહ્યા. અઠ્ઠમ તપને અંતે તે દેવ પ્રત્યક્ષ થયો અને તમિસ્રા ગુફાનું દ્વાર ઉઘાડ્યું, સૈન્ય સહિત ભરતરાજાએ તમિસ્રા ગુફામાં પ્રવેશ કર્યો. મણિરત્નના પ્રકાશ વડે સૈન્ય સહિત આગળ ચાલતાં નિમગ્ના અને ઉન્મિમગ્ના નામની બે નદીઓ આવી. તે નદીઓ ચર્મરત્ન વડે ઉતર્યા. અને આગળ ચાલી ગુફાના બીજા દ્વાર પાસે આવી સૈન્યને બહાર કાઢ્યું. હવે ત્યાં ઘણા મ્લેચ્છ રાજાઓ રહે છે તેઓ એકઠા થયા અને ચક્રીની સાથે યુદ્ધ કરવા લાગ્યા. ચક્રીએ તે સઘળાઓને જીતી લીધા. તેઓ ચક્રીના સેવકો થયા. ત્યાં આવેલા ઉત્તર તરફના ત્રણે ખંડને જીતીને ચક્રી પાછા વળ્યા. માર્ગે ચાલતાં ગંગાના તીરે સૈન્યનો પડાવ નાંખ્યો ત્યાં નવનિધિઓ પ્રગટ થયાં નવનિધિઓનું સ્વરૂપ આ પ્રમાણે:—"૧ નૈસર્પ, ૨ પાંડુક, ૩ પિંગળ, ૪ સર્વરત્ન, ૫ મહાપદ્મ, ૬ કાળ, ૭ મહાકાળ, ૮ માણવક, ને ૯ શંખ—એ પ્રમાણે તેનાં નામો છે. તે ગંગાના મુખમાં રહેનારા છે. એક પૈડાવાળા, આઠ યોજન ઉંચા, નવ યોજન વિસ્તારવાળા, ને બાર યોજન લાંબા મંજુષાને આકારે છે. તેના વૈડૂર્યમણિના કમાડ (બારણા) છે, કનકમય છે, વિવિધ પ્રકારના રત્નો વડે પરિપૂર્ણ છે. અને તેના અધિષ્ઠાતા દેવો તેજ નામના પલ્યોપમના આયુષ્યવાળા હોય છે."

ચક્રીએ ગંગાના તીરે રહીને આઠ દિવસ

સુધી તે નિધાન સંબંધી ઉત્સવ કર્યો. ગંગા નદીની અધિષ્ઠાયિકા 'ગંગા' નામની દેવી ભરત-ચક્રીને પોતાના આવાસમાં લઇ ગઇ. ત્યાં તેની સાથે એક હજાર વર્ષ પર્યંત રહી, ત્યારપછી ચક્ર આગળ ચાલ્યું. એટલે ચક્રીએ વૈતાઢ્ય પર્વત પાસે આવી તેના ઉપર રહેનાર 'નમિ' અને 'વિનમિ' નામના વિદ્યાધરોને જીત્યા. વિનમિ વિદ્યાધરે પોતાની પુત્રી ચક્રીને આપી. તે સ્ત્રી રત્ન થઇ. એ પ્રમાણે ભરતચક્રી સાઠ હજાર વર્ષ પર્યંત દિગ્વિજય કરીને અયોધ્યામાં પાછા આવ્યા. તે ષટ્‌ખંડાધિપતિ મહા બુદ્ધિમાન થયા.

તેમની ઋદ્ધિનું સ્વરૂપ આ પ્રમાણે છેઃ— ચોરાશી લાખ હાથી, તેટલા જ રથો, તેટલા જ અશ્વો, છન્નુ ક્રોડ પાયદળ, બત્રીશ હજાર દેશો, બત્રીશ હજાર મુકુટબંધ રાજાઓ તેના સેવકો છે. અડતાલીશ હજાર રાજ્યો, બોંતેર હજાર નગરો, છન્નુ કોટી ગાયો, ચૌદ રત્નો, નવનિધિ, સાઠ હજાર વંશાવળી કહેનારા ભાટો, સાઠ હજાર પંડિતો, દશ કોટી ધ્વજા ધારણ કરનારા, પાંચ લાખ મશાલચી, વીસ હજાર સુવર્ણ આદિ ધાતુની ખાણો, પચીશ હજાર દેવો જેના સેવકો છે, અઢાર હજાર ઘોડેસ્વારો જેની પાછળ ચાલે છે. આ પ્રમાણેની ઋદ્ધિ પ્રાપ્ત થઇ છતાં તેઓ વિવેક પૂર્વક રહેતા હતા.

એ પ્રમાણે ઘણુ લાખ પૂર્વો વ્યતીત થતાં એકદા ભરતચક્રી પોતાની શૃંગારશાળામાં શરીર પ્રમાણ આદર્શ (કાચ) માં પોતાનું રૂપ જોવા લાગ્યા. તે વખતે દરેક અવયવની સુંદરતા નિહાળતાં એક આંગળીને વીંટી રહિત હોવાથી અત્યંત શોભા રહિત લાગતી જોઇને મનમાં વિચાર કરવા લાગ્યા કેઃ- " અહો ! દેહની કેવી અસારતા ? પરપુદ્ગલોથી જ શરીર શોભે છે, પોતાના પુદ્ગલોથી શોભતું નથી. અરે ? મેં શું કર્યું ? આ અસારદેહની ખાતર મેં ઘણુ આરંભો કર્યા આ અસાર સંસારમાં સઘળું અનિત્ય છે. કોઇ કોઇનું નથી. મારા નાના ભાઇઓને ધન્ય છે કે તેમણે વીજળીના ચમકારાની જેવાં ચંચળ રાજ્યસુખને ત્યજી દઇને સંયમ સ્વીકાર્યું. હું અધન્ય છું જેથી આ અનિત્ય એવા સંસારી સુખમાં નિત્યપણાની બુધ્ધિથી મોહ પામેલો છું. આ દેહને ધિક્કાર છે ! અને સર્પની ફણા જેવા આ વિષયોને પણ ધિક્કાર છે ! હે આત્મા ! આ સંસારમાં તું એકલો જ છે, બીજું કોઈ તારૂં નથી." આ પ્રમાણે વિચાર કરતાં પરમપદ પર આરોહણ કરવાની નિઃસરણીરૂપ ક્ષપકશ્રેણી પર આરૂઢ થયા; અને ચાર ઘનઘાતિ કર્મનો ક્ષય કરીને ઉજ્વલ કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું. તે અવસરે દેવોએ આવીને મુનિનો વેષ અર્પણ કર્યો. તે સાધુનો વેષ ધારણ કરીને તેમણે કેવલીપણે પૃથ્વી ઉપર વિહાર કર્યો.

જૈન ભાઇઓને ખુશ ખબર

કેશર, કસ્તુરી, અંબર, બરાશ, કપુર, દશાંગધુપ, સોના–ચાંદીના વરખ, બાદલું, કટોરી, અગરબત્તી સુખડ તથા દરેક જાતના ઉંચા પીપરમૂળ, એલચી, અને માળ–પ્રતિષ્ઠા વિગેરે પવિત્ર અનુષ્ઠાનોમાં વપરાતી વસ્તુઓ અમારે ત્યાંથી ખાત્રીપૂર્વક અને વ્યાજબી ભાવે મળશે. એક વખત અમારી દુકાને પધારી ખાત્રી કરવા વિનંતી છે.
ટેલીફોન નં. ૨૭૫૨

શાહ શાંતિલાલ ઓધવજીની કું.
૩૧૭ જુમ્મામસ્જીદ મુંબઇ–૨

કુલ દીપક

શ્રી 'સૂર્યશિશુ'

'કલ્યાણ'ના આ અંકથી એક ઉગતા લેખકની લોકભોગ્ય શૈલીયે આલેખાઇ રહેલી ચાલુ ઐતિહાસિક વાર્તા શરૂ થાય છે. લેખક નવોદિત કથા લેખક છે. તેમની પાસે શબ્દો છે શૈલી છે ધીરે ધીરે તેમની કલમ કથાનાં પ્રસંગોને આલેખન કરતી રસમય બની વાચકોનું આકર્ષણ કરતી રહેશે તે નિઃશક છે. સર્વ કોઇ 'કલ્યાણ'માં દર અંકે પ્રસિધ્ધ થતી આ વાર્તા અવશ્ય વાંચો.

પ્રકરણ : ૧. (ચાલુ ઐતિહાસિક વાર્તા)

પુત્ર કામના

પુણ્યની કરામત કાંઇ ઔર જ છે. એની કીમીયાગિરિ તો ભલભલાને ભ્રમમાં નાંખી દે છે. જાદુઇ અંજને તો આત્માના તેજ વધાર્યાં છે અને એની કલાએ જ જીવન ફાલ્યાફૂલ્યાં છે. જેણે જેણે એની કલાને અપનાવી આત્મસાત્ બનાવી છે તે અક્ષયલીલાને પામ્યા છે. ધરતીના પગથારે ચાલતા માનવોને મહેલાતોના સ્વામી બનાવે છે. કોલસા પણ જેની દૃષ્ટિપથે ચડતાં સુવર્ણ થાય છે. સર્પ જેવા સર્પ પણ હસ્તસ્પર્શે ફૂલમાળા બની જાય છે....અરે ! પગે ઠોકર વાગતાં પણ ધરતી હસી ઉઠે છે....કે પાદ આગળ ધનના ખડકલા થઈ જાય છે.

સંક્ષિપ્તમાં દુઃખકાર્યો પણ સુખપણે પરિણમે છે....

એ પુણ્યની પ્રભા કાંઇ નિરાળી જ છે..... પુણ્યનું પરિબળ પૂર્વકૃત કર્મને આધીન છે.... આરોગ્ય, ભાગ્યનો અભ્યુદય, સ્વામિપણું, શારીરિક બળ, જનતામાં મહત્તા...ચિત્તને વિષે તત્વની વિચારણા....ગૃહને વિષે લક્ષ્મી....સાનુકૂળ સંયોગો આટલી વસ્તુઓ પુણ્યના ઉદયથી જ પ્રાપ્ત થાય છે. પૂર્વના પુણ્યથી જ મળી રહે છે ...

જેમ ક્ષેત્રમાં જેવા પ્રકારના બીજનું વાવેતર થાય તેવા પ્રકારનો પાક ઉતરે તેમ જીવન-ક્ષેત્રને અતુલ સમૃધ્ધિના છોડ વડે ભરપૂર સુખ સમીરની લહેરણે ઝુલતું અને ઇચ્છાપોષક ધાન્યથી લીલુછમ બનાવવું હોય અને દુઃખના આતાપથી મુક્ત તેમજ ચિંતાના હિમથી દૂર રાખવું હોય તો તેને પુણ્યના બાહુબળનો સાથ ગ્રાલવો જ પડે છે....

પુણ્યના અપૂર્વ બળના સાન્નિધ્યે મન્મથ રાજાના પાટવીકુંવર "કુળદીપક" અટલ સમૃદ્ધિને પામ્યા....કે જેણે પોતાનું જીવન પુણ્યની પરીક્ષા માટે પ્રતિકૂળતારૂપ કંટકો, દુઃખના ડુંગરો તેમ જ વિદેશાટનરૂપ આતાપને ગણકાર્યા વિના....પાણીના વ્હેણની માફક વ્હેતું મૂકયું....એના પ્રત્યેક પ્રસંગો રોમાંચક અને હૃદયદ્રાવક છે....

દક્ષિણાર્ધ ભરતક્ષેત્રમાં મગધદેશને વિષે રાજગૃહી નામની નગરી હતી....ગગનચુંબી ભવનો નગરીની શોભામાં વૃદ્ધિ કરતા જાણે કે શીલ્પીઓએ પોતાની સમગ્ર કલાની કારીગરી દેહધારી માનવોને પણ ક્ષણમાત્ર સાન ભૂલાવી દે તેવી મુગ્ધ બનાવી હતી...." કેટલીક વખત કુદરત પણ કૃત્રિમતા આગળ ઝંખવાણી પડે છે તેનો તાદૃશ્ય ચિતાર માનવગણને ડોલાવી મૂકે છે."

અહા ! ! ! શી એની ભવ્યતા ! અજબ કલા કૌશલ્યતા ! !

ભારતીય કલા સંસ્કૃતિનું અદ્વિતીય સ્થાન હતું....દેશપારની જનતા પોતાના ઉચ્ચ કક્ષાના જીવનના ઘડતર માટે કલા અને સંસ્કારનું પાન કરવા માટે, પ્રસન્નચિત્તે આવતી હતી....

ચરમ તીર્થાધિપતિનાં ચરણ સ્પર્શથી પવિત્ર થયેલી ધરાતટે વસવાટ કરતા લોકોની હૃદયભૂમિ

વાણીના ધોધથી સીંચાયેલ હોવાના કારણે વિશાળ હતી....વિશાલતાના યોગે લોકો ન્યાયસંપન્ન, સદાચારી, સુખી અને સંતોષી હતા....

જીવનનું ઘડતર હંમેશા ઉચ્ચ કક્ષાની કેળવણી અને વર્તન પર રહે છે; જ્યારે દેશનું નક્કર ઘડતર અગર આબાદી એ દેશના અધિકારી વર્ગ પર રહેલી છે. જેમ જેમ દેશની પ્રજા આબાદ, સમૃદ્ધિવાન, અને તમન્નાશીલ તેમ તેમ દેશની ઉત્નતિ અને આબાદી વધુ અને વધુ છે. આ છે ઉન્નતિનાં એંધાણ....

આવી આબાદીના ટોચ—શિખર પર સહેલ કરતો યાદવવંશના વિભૂષિત રત્ન સમાન મન્મથ રાજા રાજ્ય કરે છે. યથા રાજા તથા પ્રજા' આ સૂત્ર જેના મનપ્રદેશમાં હમેશાં રમી રહેલ છે, સદૈવ પોતાના આત્મભોગે પ્રજાના હિતને ચાહનાર છે, એવો પ્રજાપ્રેમી રાજા મન્મથ પુત્રની માફક ન્યાયથી પ્રજાનું પાલન કરે છે.

માનવીબળ—સંગઠ્ઠનબળ એ એક એવું મહાનબળ છે કે જે કલ્પનામાં સર્જેલી રંગીલી રસીલી દુનિયાને પણ સર્જી શકે છે. દુષ્કર એવા કાર્યને પણ સુકર બનાવે છે. નાના દેશને રાષ્ટ્રમાં ફેરવી શકે છે. જેથી વિચક્ષણ એવા મન્મથ રાજાએ પોતાના ઉદાત્ત ગુણોની પ્રભાથી અને કાર્યક્ષમતાથી સર્વ પ્રજાને જીતી લીધી હતી....

રાજા અને પ્રજા પોતપોતાના સ્વામિ-સેવક ભાવને બજાવતા છતાં અન્યોન્ય સહચારથી એકબીજાનું કર્તવ્ય અદા કરતા હતા. પરસ્પરના સદ્‌ભાવથી ઉભય-બન્ને સર્વ વાતે સંપૂર્ણ સુખી અને સમૃધ્ધ હતા....સમૃધ્ધિ અને સંસ્કારના કારણે વ્યાપાર ધમધોકાર ચાલતો હતો.

જ્યાં ન્યાય, સદાચાર, સંગઠ્ઠન અને સ્નેહભાવ હોય ત્યાંના સંરક્ષકની યશોગાથા આલમમાં ચોમેર પ્રસરે છે. આ ઉત્તમ પરિમલ મન્મથ રાજાના જીવનમાં વહેતી હતી....

જેવો રાજા ગુણસંપન્ન હતો તેવીજ તેને મદનાલી નામની રાણી પ્રતિભાશાળી. ધૈર્યશીલ અને શીલયુતા હતી. રાજા અને રાણી કામદેવ અને રતિ સમાન શોભતાં હતા. યુવાનીની જુવાળમાં રંગરાગ કરતા જીવનનાં અણમોલા લ્હાવનો અનુભવ કરતાં દિવસો આનંદપૂર્વક નિર્ગમન કરે છે. દિન પર સમધ્ધ પાણીનાં ઓહેણની માફક વસે જ જાય છે.

ઇન્દુ સમ ઋધ્ધિ સિદ્ધિના રસને આરોગતા દંપતિને વંશભૂષક તેમજ રાજ્ય વારસદાર પુત્ર વિના જીવનમાં કાંઇક ઉણપ અને થાક જણાવા લાગ્યાં

એ મંગલદિન આવ્યો અને પુત્ર કામનાની આશા ફળી...

રાજભવનો શણગારાયા, ઉત્સવ મંડાયા, કેટલાયે જીવોને દાન અને પારિતોષિકથી સંતોષ્યા. સર્વત્ર આનંદ વ્યાપી રહ્યો. પુત્રજન્મથી રાજા-રાણીનું જીવન કાંઇક હરીયાળું બન્યું. રાજા-રાણી અનેકવિધ રીતે પુત્રનું લાલન-પાલન કરે છે ત્યાં તો કુદરતને પણ તેમના સુખની ઇર્ષા આવી એકાએક હરતો ફરતો રાજકુમાર મૃત્યુ પામ્યો. પુત્રનો શોક આખી નગરીમાં પળાયો પુત્રમરણના યોગે ભૂપાલ અને પટ્ટરાણી દુઃખાર્ત બને છે. રાજસભામાં પણ બેસતા નથી-

સમય જતાં રાજા દુઃખ દૂર કરી રાજ્યધુરા સંભાળી લે છે. આવી રીતે રાજાને પુત્રો તો ઘણાં થયા પણ તે મૃત્યુ આધીન થતા હતા. મૃત્યુના દુઃખે ઉદ્વિગ્ન રહેતા નરપતિ વિચારે છે. કે, હે દૈવ! તું નવા પડતાં મેઘની માફક શા માટે આશાને નિરાશાના હિંડોળે ઝુલાવે છે!'

'આ કરતાં તો ફકત આશાવાદી જ રાખ કે જેની તમન્નામાં મારૂં જીવન નેત્રનિમિષ સમ અવિરતપણે પૂર્ણ કરી શકું. પરન્તુ આ દુઃખ સહ્યો જતું નથી....'

રાજાની પુત્રની આશા ઘડીક ઉત્સાહમાં અને ઘડીક નિરાશા રૂપે પરિણમતી હતી. આવી કાલની અકલ વ્યવસ્થા નિહાળવા છતાં ધૈર્યશીલ રાજા જીવન પન્થને વિરાટ જોઈ ઉદ્વિગ્ન રહેતો નથી અને દુઃખને દૂર કરે છે.

દુઃખને ભૂલવાને માટે સમયના બ્હેણુ પ્રાણી માત્રને માટે બસ છે.

પુનઃ રાજાની એજ પુત્ર કામના વર્તમાન અને ભાવિની આગાહી પ્રત્યે નિર્ભરપણે ડોકીયા કર્યે જ જાય છે.. જ્યારે કામનાની પૂર્તિ રાજ-રાણી પ્રતિ આંખ મીંચામણા કરી રહી છે.

★

પ્રકરણ : ૨
અજબ આશ્ચર્ય

ગ્રીષ્મઋતુની ગરમીથી ધખધખતી ધરતીને સંતુષ્ટ કરવા વર્ષાઋતુ આવી રહી. કૃષિકરો એના આગમનથી નાચી ઉઠ્યા. પૃથ્વીપટે રહેલાં સર્વ પ્રાણીઓનાં મન ઉલ્લસિત બન્યાં...ચોગરદમ જળાશયો ઉભરાઇ ઉઠ્યાં.

નગરની સીમાને વિષે શીતજળ નદી પાણીના પુરથી મંદમંદ વહેવા લાગી....તે અવસરે મન્મથ રાજા ત્યાં ક્રીડા કરવા આવ્યો છે, સુંદર એવી નાવ લઇ કુદરતના સૌન્દર્યની મોજ માણવામાં નાવ તરતી મૂકી....નાવમાં બેસીને તે ક્રીડા કરવા લાગ્યો....

નદીનાં નીર પુરજોશમાં વહે છે. સાનુકૂળ સમીર રાજાને નાવ હંકારવામાં મદદ કરે છે. નાવ સડસડાટ જળતટે દોડી જાય છે. નદીનાં ઉછળતાં પાણી રાજાનું પ્રક્ષાલન કરે છે, સૌન્દ-ર્યપ્રેમી રાજા આનંદમાં ગરક બને છે. સરિતાતટે ઉઠતાં પાણીના તરંગોને અને શિલા પરથી વહેતાં બ્હેણુનો તુમુલ ધ્વનિ કૌતુકપ્રિય રાજાનાં મનને પ્રમોદ આપે છે.

એ વીરપુરૂષના નયનો એની ગમ્મતથી વિશેષ ઈંતેજાર બને છે. સાથોસાથ મનોકલ્પનાના ભંડાર-માંથી સ્વરોની સૂરાવલી સરી પડે છે. ત્યાં....તો દૂર દૂર નદીના મધ્ય ભાગમાં દિવ્ય વસ્ત્રાભરણથી યુક્ત એવા એક પુરૂષને જતો રાજાએ જોયો.

એ દૃશ્ય જોતાં રાજાના નેત્રો ચમક્યાં....તે મનોમન વિચારે છે કે, પાણીના આવેગ સામે કોઇ પણ જઇ શકતું નથી. અલબત!! જાય તો તે પોતાના નાશને નોતરે છે. તો આ કોઈ સાહ સિક નર લાગે છે કે જે પૂરની સામે ધસી આવે છે. જેમ જેમ નૃપતિની વિચારમાળા વેગવાન્ બને છે તેમ તેમ એ વધુ ને વધુ જિજ્ઞાસુ બને છે. "જિજ્ઞાસા એ એક એવી ચીજ છે કે એને હૃદયના પેટાળ પુરી દીધા બાદ વધુ સબળ બની બ્હાર આવે છે અને માનવને અસ્થિર બનાવે છે."

એ અસ્થિરતા, સાહસિકવૃત્તિ તો કોઇવાર માનવને ઉત્કંઠિત બનાવે છે, જ્યારે એ જિજ્ઞાસાથી કાંઈક માહિતગાર બને છે ત્યારે શાંતિને પામે છે.

રાજાની ઉત્કંઠા એકદમ વધી....

આ શું?. કોઇ માનવ છે કે વિદ્યાધર? દેવ છે કે દાનવ? અરે!! કોઇ દુઃખી હશે કે 'જે એના પ્રાણને પુરા કરવા માટે આમ કરતો હશે? લાવ, જોઉં તો ખરો...'

આમ રાજાએ નિશ્ચય કરી પાણી મધ્યે જતા એવા પુરૂષના માર્ગ તરફ હોડીને....પૂર-પાટ હંકારી...ત્યાં તો રાજા અને જતા એવા પુરૂષ વચ્ચે સ્પર્ધા શરૂ થઇ...

રાજાની સડસડાટ આવતી નાવને જોઇ એ પુરૂષ એકદમ જલ્દીથી આગળ ને આગળ જાય છે. જેમ જેમ પુરૂષ દોડયે જાય છે તેમ તેમ રાજા બમણા વેગથી નાવને હંકારે છે. તો પણ એ પુરૂષ નજીક થતો નથી. ત્યારે રાજાએ પોતા-નામાં જેટલું બળ હતું તે બધું એકઠું કરી નાવને વધુ વેગવાન બનાવવા પ્રયત્નો કર્યા.

એટલામાં પાણી પર સરી જતા પુરૂષે ઘડી-કમાં ડુબકી તો ઘડીક પાણી પર એમ પાણી સાથે રમતાં રમતાં જવા માંડયું. આ જોઇ રાજા આશ્ચર્યમાં પડ્યો છતાં જાણવાની જિજ્ઞાસાને રોકી ન શકવાથી એને પણ નાવ હંકાર્યે રાખી....

ત્યાં તો પેલા પુરૂષની ગતિમાં અજબ આશ્ચર્ય જોયું....પાણી પર પુરૂષની કાયાને અદૃશ્ય થયેલી

જોઇ અને ફક્ત મસ્તક જ પાણી પરસરતું રહ્યું.

આશ્ચર્યમુગ્ધ બનેલ રાજા વિચાર કરે છે કે અરેખર ! આ કોઇ દિવ્ય પ્રભાવશાળી પુરૂષ જણાય છે. નહિતર સામાન્ય માનવીની ગતિમાં આવી વિવિધતા ન હોય....

કેટલેક દૂર ગયા પછી તે મસ્તક પાણી ઉપર સ્થિર થયું...ત્યારે રાજાએ જલ્દીથી તેની પાછળ જઈ તે મસ્તકની ચોટલી પકડી લીધી. જ્યાં તેને ઊંચે ખેંચવા જાય છે તેટલામાં તેનું મસ્તક જ હાથમાં આવ્યું...

વિષાદમય થયેલો રાજા મન્મથ નદી મધ્યે જુવે છે ત્યારે તે જ પ્રમાણે મસ્તક સહિત તે જ પુરૂષ જળપ્રવાહમાં હોડીની સાથોસાથ ચાલવા લાગ્યો....

વિસ્મય પામેલા રાજાએ વિચાર્યું; 'અવશ્ય આ કોઈ પણ દૈવી શક્તિ છે તેથી રાજાએ મસ્તકને પૂછયું; 'તું કોણ છે?'

મસ્તકે કહ્યું કે 'હું દેવ છું'

દેવે પૂછયું; 'તું કોણ છે?'

રાજાએ ઉત્તર વાળ્યો; 'હું રાજા છું'

મસ્તક બોલ્યું;....'જ્યારે તું રાજા જ છે તો વગર વાંકે ચોરની જેમ વેણીદંડ વડે મને તેં શા માટે પકડ્યો?' રાજા....એ તો રક્ષણહાર....સર્વનું કલ્યાણ કરનાર....દુર્બળો, અનાથો, બાળકો, વૃદ્ધો અને તપસ્વીઓ તેમ જ શત્રુથી પરાભવ પામેલા એવા સર્વને રાજા શરણરૂપ છે.

હે પૃથ્વીપાલ!! તું પાંચમો લોકપાલ અને કૃપાળુ જ છે તો મને અપરાધ વિના શા માટે પરાભવ પમાડે છે?

જ્યારે રક્ષક જ ભક્ષક થાય તે અન્યાય કોની આગળ કહેવો? જો તું રાજા તરીકેની જ મહત્તા ધરાવતો હોય તો મને મૂકી દે...દેવનાં ઉપરોક્ત વચનો સુણીને રાજાએ તેનું મસ્તક છોડી દીધું.

રાજાથી મુક્ત થયેલો દેવ પાણી ઉપર હાથી રૂપે થયો...એટલામાં કૌતુકપ્રિય રાજા પણ નાવને છોડીને હાથી ઉપર સ્વાર થઇને બેઠો. તે જ ક્ષણે હાથી પણ આકાશમાં ઉડ્યો....હાથી પર બેઠેલો રાજા આકાશ માર્ગે જતાં, પૃથ્વી પર થતાં વિવિધ પ્રકારનાં કૌતુકો અને સૃષ્ટિના સૌંદર્યની ગજબતા, અનેકવિધ નગરો, સરિતા, પહાડો, જંગલોને, રણોને નિહાળી રહ્યો છે.

જેમ જેમ હાથી ગગનમાર્ગે ઉડે છે તેમ તેમ જિજ્ઞાસુ મન્મથ રાજાની ઉત્કંઠા વધતી જાય છે....

'શું આ દેવ વૈરી હશે કે મિત્ર હશે? મને ક્યાં લઈ જશે? એ ક્યાં ઉતારશે?' આમ ગડમથલની બાજીના પાસા ફેરવે છે એટલામાં હાથીની ત્વરિત ગતિ કાંઇક ધીમી પડી અને ધીરે ધીરે એક વનમાં તે ઉતર્યો....ઉતરીને સૂંઢ રૂપી દંડ વડે તેણે રાજાને ધરતી પર મૂક્યો.... ત્યારબાદ હાથી અદૃશ્ય થઈ ગયો...

રાજાનું મન વિચાર ચગડોળના ચક્રાવે ચડ્યું. ....ઘૂમવા લાગ્યું....અને ચોતરફ દૃષ્ટિપાત કરતાં વિચારે છે કે, 'હા! આ સ્વપ્ન કે ઇન્દ્રજાલ? ક્ષણમાં આ શું થયું? ક્યાં સ્વજનસ્નેહી! ક્યાં ....રાજગૃહી? અને ક્યાં હું? અ...હા....હા...' કરતાં તેના મુખમાંથી દર્દભર્યા કરૂણ સ્વરો સરી પડ્યા....

(ક્રમશઃ)

★

વિણેલા પુષ્પો

પાપીને પસ્તાવો કરતો કરી દેવો એ પણ એક પ્રકારનું પુણ્ય નથી?

ભાગીનેય મેળવાય! અને ત્યાગીનેય મેળવાય પણ ઉભય વચ્ચે અંતર કેટલું?

ભલાઇ હાંસલ કરવા માટે બુરાઇ આચરવી એના જેવી એકે બુરાઈ નથી, સાધન પણ સાધ્ય જેટલું જ સ્વચ્છ જોઈએ.

જાતે ત્યાગ કર્યા વગર અન્યના ત્યાગની ખરી કીંમત કેમ આંકી શકાય?

●



આજે બાલમાનસને અનુકૂળ સાહિત્યના પ્રચારની અતિ આવશ્યકતા છે. સમાજની ઉગતી પેઢીને સંસ્કારો તથા શિક્ષણનો પ્રેરક સંદેશ પ્રાપ્ત થાય તે દૃષ્ટિએ 'કલ્યાણ'માં સોળમા વર્ષના મંગળપ્રારંભે 'બાલજગત'નો નવો વિભાગ શરૂ કરવામાં આવેલ છે. સર્વ કોઇ બાલમિત્રોને તેમજ યુવાન તથા પ્રૌઢવયનાને આ વિભાગમાં રસ પડશે. સર્વકોઇ ઉધડતા આ વિભાગને આવકારશે એ આશા છે. સં૰

પ્રિય મિત્રો! ઘણા સમયે આજે આપણે મળીએ છીએ. સોળમા વર્ષના પ્રારંભે. 'કલ્યાણ'ના સંપાદકે નિર્ણય કર્યો છે કે, 'હવે બાલ વિભાગ ફરી પાછો શરૂ કરવો.' તે નિર્ણયાનુસાર આ વિભાગ તમારા માટે ફરી શરૂ થાય છે. પ્રિય દોસ્તો! આ વિભાગને નવેસરથી શરૂ કરવાનો છે. તેમાં તમારો અધોય સહકાર જોઇશે. આ વિભાગમાં બાળકોને, યુવાનોને તેમજ પ્રૌઢોને આજે રસ છે. આજે શિક્ષણનો યુગ ગણાય છે. બાળકોને સુસંસ્કારિત કરવા એ અમારો મુખ્ય ઉદ્દેશ છે. તે માટે તેમને વાંચનનો રસ જાગ્રત થાય તે દ્વારા સંસ્કારો નાંખી શકાય તે ધ્યેયને અનુલક્ષી આ વિભાગનો પ્રારંભ કર્યો છે.

વહાલા મિત્રો! 'બાલજગત' માટે સારી-સારી નાની બોધવાર્તાઓ, જ્ઞાનગમ્મત, વિનોદી ટુચકાઓ જે નિર્દોષ હોવા સાથે હળવા હોય તે મોકલતા રહેશો. અમે તે બધું અહિં પ્રસિદ્ધ કરીશું! તમારા સહકારની, અમને આવશ્યકતા છે. મુખ્યત્વે આઠ વર્ષના બાલ મિત્રોથી માંડી સોળ વર્ષ સુધીના ઉગતા યુવાનોને રસપ્રદ બને, શિક્ષણ સાથે સંસ્કારો આપે, બોધ સાથે બુદ્ધિને ખીલવે, તેવું જ્ઞાન પીરસવાની આ વિભાગ દ્વારા અમારી અભિલાષા છે.

સર્વ કોઇ અમને સહકાર આપશે જે આશા સાથે બાલમિત્રોને, યુવાનો તથા પ્રૌઢોને અમારા કાર્યમાં સાથ આપવા નમ્ર નિવેદન કરીએ છીએ! સંપાદક 'બાલજગત'

★

બાલજગત અમર રહો!

બાળકોને સુસંસ્કારિત બનાવવા એ આજે જરૂરી છે.

લક્ષ્મીનો સદુપયોગ કરવો તે જ તેનું સાચું ફલ છે.

જય કે પરાજયને સાચો વિજેતા મહત્ત્વ કદિ ન આપે!

ગતિ તેવી મતિ અંત સમયે રહે છે.

તમારે સુખ જોઇતું હોય તો અન્યને સુખ આપો!

અન્યના દોષો જોવા કરતાં જગતનાં દૂષણો જોવાની ટેવ રાખો!

મહાન બનવા ઇચ્છનારે નાનપણથી નમ્ર બનવું જોઇશે.

રખડવામાં કે રમવામાં બાલ્યવય રખે ગૂમાવી દેતા!

રખે ખોટી સોબતે ચડી સદાચારોને ભૂલી જતા!

હોહા કરવા કરતાં નકકર કાર્ય કરીને આગળ આવો!

★ શ્રી. 'પ્રદીપ'

સુ—વિ—ચાર કયા કયા?

૧ વિનય ૨ વિદ્યા ૩ વિવેક અને ૪ વિરતિ આ ચાર સુવિ. છે, માટે તે જીવનને ઉર્ધ્વગામી બનાવવામાં પ્રેરક છે. આ સુવિચાર કહેવાય છે.

કુવિચાર—કયા કયા?

૧ વિષય ૨ વિકાર ૩ વિલાસ ૪ વિખવાદ આ ચાર કુ-વિ-ચાર છે. માટે જ તે જીવનને અધઃપતનના માર્ગે લઇ જનાર છે, આ કુવિચાર કહેવાય છે.

★

રંગ તરંગ:

કાકા—અલ્યા, નટુ ટપાલમાં કાગળ વિના ટીકીટ કેમ નાંખે છે?

નટુ—કાકા, કાલે ભૂલથી ટીકીટ વિના કાગળ આ પોસ્ટની પેટીમાં નાંખ્યો હતો. એથી આજે ટીકીટો નાંખું છું. એટલે દંડ ન થાય.

★

શિક્ષક : બોલ કનુ! સૂર્ય જે દિશામાં ઉગે તે કઇ દિશા કહેવાય ?

કનુ : સાહેબ! આવા પ્રશ્નનો જવાબ તો મૂર્ખો પણ આપી શકે ?

શિક્ષક : માટે તો તને આ પ્રશ્ન પૂછ્યો છે.

★

શિક્ષક : બોલ જશુ! આપણે ઘેર વાપરીએ છીએ તે અને આકાશમાં થતી વિજળી વચ્ચે શો ફરક ?

જશુ : સાહેબ! આપણે ઉપયોગમાં લઇએ છીએ તે વિજળીનું બીલ આપણે પાવર હાઉસને ભરવું પડે છે, ને આકાશની વિજળી માટે બીલ ચૂકવવું પડતું નથી.

★

મા—મારો બાબો બાર મહિનાનો થયો. આઠ મહિનાનો થયો ત્યારથી ચાલે છે.

પાડોશી : ચાર માસથી ચાલે છે. હજુ થાકયો નથી. બ્હેન, તમારો બાબો ગજબ ઠરે છે.

★

કડવી ડોશી ને મીઠી ડોશી

કડવી ડોશી : બજારમાંથી લાકડીના ટેકે ધીમા ધીમા શાકભાજી લઇને ઘર તરફ જઇ રહ્યાં હતાં, તેવામાં રસ્તામાં જ તેને **મીઠી ડોશી** મીઠા મીઠા વચનો વડે ખબર અંતર પૂછવા લાગી.

'કેમ કડવી ડોશી? કેમ છો? આજકાલ દેખાતા પણ નથી. "ઓ....હો....હો....હો...." એટલું બધું શું કામ કરી રહ્યા છો તે બિલકુલ દેરાસર કે ઉપાશ્રયમાં પણ આવતા નથી. તમે છો તો એકલા! હા....હા...યાદ આવ્યું હોં કડવી ડોશી? મેં કાલે સાંભળ્યું કે તમે તો તમારા પાડોશીની જોડે ખુબ લડયા કેમ સાચી વાત ને? એવું તે પાડોશીની જોડે લડવાનું શું કારણ હતું ?

કડવી ડોશી:–મીઠી ડોશી? છે....ને... અમારા પાડોશીના છોકરા મારા ઘરમાં ધુળને પત્થરનો વરસાદ વરસાવવા લાગ્યા, તે એવું તે કંઈ ખમાય! એટલે મારે જરા કડવાં વચનો કહેવાં પડયાં. બોલ! કહેવું તો પડે જ ને?'

મીઠી ડોશી:– 'પણ માજી, "બોલ્યા ભલે" પરંતુ તે છોકરાઓને પાસે બોલાવી મીઠા વચનોથી એને સમજાવવા હતા ને? આટલી બધી કડવાશથી શા માટે બોલ્યા?'

કડવી ડોશી:–"જારે જા." તારૂં નામ મીઠી છે. એટલે જ મને તું મીઠું બોલવાનું કહે છે પણ હું બોલું તેવી નથી હોં! "લ્યો બ્હેન શિખામણ આપવા આવ્યાં." જોતો ખરી! "મારૂં નામ કડવી" અને હું મીઠું બોલું? તો તો પછી મારૂં નામ **કડવી ડોશી** કેમ સાર્થક થાય?' આનો સાર એજ કે હંમેશાં દરેકની સાથે વાણીની મીઠાશથી વર્તવું.

★

...પશ્ચાતાપના સત્ આંસુ...

મધ્યાહ્ન વેળાએ મધ્યાકાશમાં પોતાના સુવર્ણ-તેજની ઝાંખી કરાવતો....**સહસ્ત્રરશ્મિ** સહસ્ર-કિરણોને દૂર–સુદૂર ફેંકી રહ્યો હતો....પૃથ્વીપટ પર ખડખડ વહેતી નિર્મલ સરિતા, પોતાના નિર્મલ ઝરણાંવડે વૃક્ષોને નવ પલ્લવિત કરતી. તેમજ તૃષાથી પીડાયેલાઓને સુમધુર વારિનું અમૃતપાન કરાવતી, વેગના પ્રવાહવડે દોડધામ કરતી મંદ મંદ હસી રહી હતી....સ્વચ્છ આકાશમાંથી.... લહેરણીયા લ્હેરતો, શીતલવાયુ ફરર્ર કરતો ચારે તરફ પોતાના પાલવને બિછાવી રહ્યો હતો....

આ સમયે એક માનવી ત્યાં ઉભો ઉભો ચોધાર આંસુડા સારી રહ્યો હતો. એવામાં એક

યોગી મહાત્મા તે રસ્તેથી પસાર થઇ રહ્યા હતા, તેણે આ માનવીને રડતો જોયો. એટલે પૂછયું.... 'ભાઇ તું શા માટે રડે છે? તારે રડવાનું કારણ શું છે? તે કહે.'

માનવી કહે છે....'પૂજ્ય મહાત્માજી! હું શું વાત કરૂં? મારાથી શબ્દોદ્વારા વર્ણવી શકાય તેમ નથી. મેં મારા જીવનમાં એટલાં બધાં પાપો કર્યાં છે કે એ પાપો મારાં ક્યારે નષ્ટ થશે. અગર આવા પાપોથી ભરેલો હું કઇ ગતિનાં દ્વાર ઉઘાડીશ? મારા અંતરમાં પશ્ચાતાપનો દીવડો જલી રહ્યો છે. હું શું કરૂં? ને શું ન કરૂં?'

યોગી મહાત્મા બોલ્યા; 'ભાઇ! તું પશ્ચાતાપના સત્ આંસુઓ સારે છે તે બરાબર છે. પાપ કર્યા પછી જીવનમાં પશ્ચાતાપ ન હોયતો માનવી ક્યાંનો ક્યાં પટકાઇ પડે! અને દુર્ગતિના દ્વારને આમંત્રણ આપે. માટે તારા આ પશ્ચાતાપના સત્ આંસુ, એ તો અમૃતના બિંદુ સમાન છે. હવેથી તારે એકાગ્રચિ-તે નવકારમંત્રનું નિરંતર ધ્યાન ધરજે, ને દાન, શીલ, તપ તથા ભાવધર્મના સેવનદ્વારા આત્માને નવપલ્લવિત કરજે. આમ કહી યોગી મહાત્મા દૂર દૂર ચાલ્યા ગયા. આ સમયે પશ્ચિમાકાશમાંથી સુર્ય વિદાય લઇ રહ્યો હતો.

આ પ્રસંગનો સાર એ કે પાપનો પશ્ચાતાપ જીવનમાં રાખવો.

★

કજીયાખોર સ્ત્રીના ભયથી નાસી ગયેલો વ્યંતર.

કોઇ એક મનોહર ગ્રામને વિષે શિવ નામે બ્રાહ્મણ વસતો હતો. તેને કજીયાખોર અને સર્વ પ્રકારના સદાચારથી દૂર રહેલી સાવિત્રી નામની સ્ત્રી હતી. તેના ઘરની પાસે એક વડનું ઝાડ હતું. તેમાં એક વ્યંતર પોતાનો વાસ કરીને વસી રહ્યો હતો.

સાવિત્રી, હંમેશા વડના મૂળમાં કચરો વગેરે અશુચિ પદાર્થો રાખતી હતી. ને વારંવાર કજીયા કરતી હતી તે કારણથી વિશાદ પામેલો તે વ્યંતર ત્યાંથી પલાયન થઈ કોઇ એક ગામના રમ્ય, અને મનોહર ઉપવનમાં જઇ રહ્યો. સાવિત્રી અને શિવને પરસ્પર હંમેશા આ પ્રમાણે કલહ થતો હતો.

શિવઃ–'અરે સુંદરી? તું સુંદર કેમ કરતી નથી? સાવિત્રી'—તો તમે પોતે જ કેમ સુંદર કરતા નથી? શિવ'—ક્રોધમુખી તને ધિક્કાર છે.' સાવિત્રી'—'અસત્ય બોલવામાં વાચાલ તમારાથી બીજો કોણ છે? શિવ'— 'અરે' પાપીણી! તું દરેક વાક્યમાં સામું બોલે છે?' સાવિત્રી— 'તમે ને તમારો બાપ પાપી.'

આ પ્રમાણે નિરંતર દંતકલહ અને કલેશથી દુઃખી થયેલા દંપતિને સુખ ક્યાંથી હોય? એક અવસરે શિવ બ્રાહ્મણ ઘરનો ત્યાગ કરી નાસી ગયો. અને જે ઉપવનમાં પેલો વ્યંતર રહ્યો છે તે ઉપવનમાં તે આવ્યો. વ્યંતરે શિવને બોલાવ્યો કે,

હે શિવ તું મને ઓળખે છે?

શિવે કહ્યું 'ના.'

વ્યંતરે કહ્યું; 'હું તારી સ્ત્રીના ભયથી આ ઉપવનમાં આવીને રહ્યો છું. તારો નિર્વાહ અહીં કેવી રીતે થશે?' શિવે કહ્યું; 'તમારી કૃપાથી મારો નિર્વાહ સુખરૂપે થશે.' પછી વ્યંતર શિવને જણાવી કોઇ શેઠના પુત્રને વળગ્યો.

શેઠે મંત્રતંત્ર જાણનારાઓને બોલાવ્યા, પણ કોઇથી કંઇ થઇ શકયું નહિં. એટલે શિવ ભૂતને કાઢે છે એમ જાણી તેને બોલાવ્યો. શિવે મંત્રથી મંત્રેલા જલવડે સિંચન કરી શેઠના પુત્રને સાજો કર્યો. આથી શેઠે તેને પાંચસો સોનામહોર ભેટ આપી. આ દ્વારા શિવ બ્રાહ્મણની પ્રસિદ્ધિ ખુબ ખુબ પ્રચાર પામી.

જ્યાં જ્યાં વ્યંતર જેને વળગે છે. ત્યાં ત્યાં આ શિવ.' વ્યંતરને નસાડે છે, એક વખત વ્યંતર તે શિવને કહે છે. 'જો હવે તું મને કાઢવાનો ઉપાય કરીશ તો હું તને મારીશ અને ત્યાંથી કોઇ ઉપાયે નીકળીશ નહિં. આથી તારો જગ-

તમાં અપયશ થશે. માટે હવેથી તું મને કાઢવાના પ્રયત્નો ન કરીશ.' આમ કહેવા છતાં શિવ બ્રાહ્મણ ધનમાં આસક્ત થયેલો તે કાર્ય કરતાં અટક્યો નહિં.

અન્યદા વ્યંતર કોઈ ધનવાન પુરૂષના પુત્રને વળગ્યો. શિવ ત્યાં જઇ મંત્ર તંત્ર દ્વારા જાપને જપી રહ્યો છે, ત્યારે વ્યંતર મુષ્ટિ ઉગામી બોલે છે; 'હું તને મારી નાખીશ.' એટલે શિવ બોલ્યો કે; 'હે વ્યંતર! હું તને કંઇક કહેવા આવ્યો છું.' વ્યંતર કહે; 'શું છે? બોલ! જલ્દી.' શિવ કહે; 'વ્યંતર! મારી સ્ત્રી સાવિત્રી અહીં આવી છે.' એ સાંભળતાં જ વ્યંતર ત્યાંથી એકદમ પલાયન થઇ નાસી ગયો.

શિવને....દ્રવ્ય તથા યશની પ્રાપ્તિ થઇ અને તેનો જયજયકાર થયો.

કજીયાખોર સ્ત્રીથી આલોકમાં કયા કયા પુરૂષો બેદને નથી પામ્યા? 'તે અહિં આવી છે' એટલા જ શબ્દો સાંભળીને વ્યંતર દેવતા ત્યાંથી નાસી ગયો. આ કથાનકનો ભાવ એ કે, સંસારમાં સુખપૂર્વક રહેવા માટે ક્રોધી પ્રકૃતિ, તથા કલહકારી સ્વભાવ સ્ત્રી કે પુરૂષે ત્યજી દેવા જોઇએ.

★

અવનવી માહિતી.

કવર ફોડ્યા વિના કવરનો અંદરનો કાગળ વાંચી શકાય એવી શક્તિવાળી આંખોની કલ્પના તમને આવે છે?

ખુદાબક્ષ નામનો એક અજબ માનવી અજબ શક્તિઓ ધરાવે છે.

લંડન જેવા શહેરમાં તેની એ શક્તિની કસોટી થઇ છે. અને તેમાંથી એ પાર ઉતર્યો છે.

એક વખત ખુદાબક્ષના એક મિત્ર ઉપર કોઇનો પત્ર આવ્યો. ખુદાબક્ષે કહ્યું કે, 'આ કવર બોલ્યા વગર જ પત્રમાં શું લખ્યું છે? તે હું કહી શકું છું.' તેના મિત્રને આશ્ચર્ય તો થયું– પણ તેને એમ થયું કે, 'આ વાત કેટલી સાચી છે એ તો મારે જાણવું જ જોઇએ.' એટલે ખુદાબક્ષે પોતાની શક્તિનો પરચો આપવા માંડ્યો. બીડેલા પત્રની અંદર શું લખેલું છે, તે તેણે કવર ફોડ્યા વગર જ કહી આપ્યું. ત્યારબાદ તેના મિત્રે જ્યારે કવર ફોડીને અંદર જોયું તો તેમાં પણ બરાબર એજ પ્રમાણે લખાણ તેણે જોયું.

તેના આશ્ચર્યનો પાર રહ્યો નહિં. ખરેખર આત્મામાં અનંત શક્તિઓ પડેલી છે. તેનો આ નમૂનો છે.

સંધ્યાની સોહામણી સાંજ હતી, નિર્મળ આકાશમાં શીતળ ચંદ્ર પોતાના તેજની રૂપરેખાને દર્શાવતો હતો. આ સમયે બે નાનાં બાળકો પોતાની શેરીમાં અરસપરસ રમી રહ્યા હતાં, એકનું નામ અનિલ, અને બીજાનું નામ સુનિલ હતું. બન્ને બાળકો રમતાં રમતાં લડી પડ્યાં. તેવામાં અનિલના પિતાશ્રી એ બાજુ થઇને ઘેર જઇ રહ્યા હતા. અનિલે તેના પિતાશ્રીને કહ્યું; 'બાપુજી, બાપુજી,' આ સુનિલે મને માર્યો. અને મારી પર પત્થરા ફેંક્યા. અનિલના પિતાશ્રી જરા તામસી સ્વભાવના હોઇ એકદમ સુનિલપર રોષ વરસાવવા લાગ્યા. ચાલ, તારા બાપાને કહી દઉં એમ કહી સુનિલને લઇ તેના ઘેર આવ્યા. હવે અનિલના પિતાશ્રી સુનિલના પિતાશ્રીની સન્મુખ જેમ તેમ બોલવા માંડ્યા. સુનિલના પિતાશ્રી તો પ્રતિક્રમણ કરીને હમણાંજ ઘેર આવેલા હોઇ કંઇ પણ બોલતાં જ નથી. તે જાણે છે કે, 'આ કોમળ બાલકો હમણાં જ પાછા સાથે હળીમળીને રમવા માંડશે.' તેથી તેઓ કંઇ પણ ન બોલતા નવકારમંત્રનું સ્મરણ કરે છે. આ બાજુ અનિલના પિતાશ્રી બોલી બોલીને થાકી જઇ પાછા પોતાને ઘેર જાય છે. ત્યારબાદ સુનિલના પિતાશ્રી પોતાના પુત્રને બોલાવી સારી શિખામણ આપે છે કે, 'કદી કોઇની સાથે તારે લડવું નહિં.' અને સુનિલ પણ તેના પિતાશ્રીની હિતકારક શિખામણ લઇ પોતે સન્માર્ગે વળે છે....અને અનુક્રમે....ઉત્તરોત્તર દિન પ્રતિદિન મોટો થઇ હોશિયાર ને પ્રતિષ્ઠિત બન્યો.

જો સામા તેના પિતાશ્રી પણ તેજ રીતે બોલ્યા હોત તો પરિણામ કેવું ભયંકર આવત?

આ ઉપરથી મૌન રહેવામાં કેટલો સાર છે તે જાણી શકશો. અને નાના બાળકોએ પણ વડિલજનોની મીઠી શિખામણ ગ્રહણ કરી યોગ્ય માર્ગે વળવું જોઇએ.

—સાધ્વીજી શ્રી હર્ષપૂર્ણાશ્રીજી મ.

ભારતનું ભવિષ્ય ભાખતો પત્ર

ભવિષ્યમાં બનનારી વસ્તુઓની ઝાંખી કોઈ કોઇ વિરલ માણસોને થતી હશે, એ બાબતમાં મને શંકા નથી. અંગ્રેજી ભાષામાં આ શક્તિને 'કલેરવોયંસ' કહે છે. આપણે ત્યાં 'વિશ્વદૃષ્ટિ' એવો સાક્ષરી શબ્દ યોજાયો છે પરંતુ 'આગાહી' શબ્દ વધારે સહેલો અને પરિચિત છે.

એક વિચિત્ર પત્ર

ચાર-પાંચ દિવસ પરની વાત છે. મારા ઉપર એક અજાણ્યા ભાઇનો પત્ર આવ્યો. એમનું નામ-ઠામ પોતે ગુપ્ત રાખવા માંગે છે. પત્રમાં મને લખનારની સચ્ચાઇ દેખાય છે. એમણે ભાખેલી વાત સાચી પડે કે ન પડે એ વસ્તુ જુદી છે પણ લખનાર ભાઇને એવી કોઇ શક્તિ વરી હશે એવું તો લાગે છે. એ પત્રમાંનો કેટલોક ભાગ હું આપની સમક્ષ શબ્દેશબ્દ રજુ કરું છું.

ભાવિ દર્શન

"ત્યાર પછી થોડા વખતે અંતરમાં નાદ આવવા લાગ્યો કે, જા આ વસ્તુનો ભાવ આમ થશે અને એ પ્રમાણે બરાબર સાચું પડવા લાગ્યું. ધીમે ધીમે આ શક્તિ એટલી વિકાસ પામી કે હું કોઇને જોઉં તો તેનું ભવિષ્ય દર્શન મને થાય. આ માણસ ૨૧ દિવસ પછી સવારે પાંચ વાગે મૃત્યુ પામશે તો તે પ્રમાણે જ થાય. આ બહેન લગ્ન પછી આઠમે મહિને વિધવા થશે તો તે પ્રમાણે થાય.

ત્રીજો તબકકો એવો આવ્યો કે માણસ ગમે તેવી ગંભીર માંદગીમાં હોય અને ત્યાં હું જાઉં, તેના માથા ઉપર હાથ ફેરવું ને તે મટી જાય. ક્ષયરોગ, ટાઇફોઇડ, ગાંડપ વગેરે કેસો પણ સુધરી જાય.

આ વખતે મારી પાસે એક રૂપિયાનું પરચુરણ પણ નહોતું અને ખાવાના સાંસા હતા.

ભાખેલું ભવિષ્ય

ત્યાર પછી આ શક્તિઓ ધીમે ધીમે લુપ્ત થઈ ગઈ. ફકત રોગ મટાડવાની શક્તિ રહી. પરંતુ ત્યારબાદ એક અદભુત વસ્તુ બની. રાત્રે મારા બે મિત્રો મને મળવા આવ્યા. અમે ચોકમાં ખાટલો નાખી બેઠા હતા ત્યાં મારા શરીરમાં એકાએક ઝણઝણાટી આવી અને મેં મારા એક મિત્રને કહ્યું કે કાગળ-પેન્સીલ લે અને લખાવું તે લખી લે. પછી સને ૧૯૬૫ સુધીની આગાહી મેં લખાવી.

૧ ઓગસ્ટ ૧૯૪૨ માં ગાંધીજી એક મોટી ચળવળ શરૂ કરશે. અંગ્રેજોને હિંદ છોડી દેવાનું કહેશે.

૨ બંગાળમાં ભૂખમરો થશે. અને લાખો માણસો મરી જશે.

૩ બ્રિટન પોતાની મેળે હિંદ છોડી દેશે.

૪ હિંદના બે ભાગ થશે.

૫ પંજાબમાં લોહીની નદીઓ વહેશે.

૬ રાજાઓના રાજ્ય જશે.

લગભગ ૧૦૦ પાનાં ભરીને વિગતવાર લખાવ્યું અને રાતના બારથી પરોઢના ચાર સુધી મેં આગાહી કર્યા કરી, અને તેમણે લખ્યા કરી. તેજ વખતે મેં નીચેની આગાહી પણ લખાવી.

૭ ખંભાતથી માંડી જેસલમેર સુધીમાં અખૂટ તેલ નીકળશે અને તે ૭૦૦ વર્ષ સુધી ચાલશે.

હવે મારી શક્તિઓ ખાસ રહી નથી. હવે જ્યારે આવું કોઇ દર્શન થવા લાગે ત્યારે મારા શરીરમાં ઘણી બેચેની થાય છે.

રાજાઓનાં રાજ્ય જશે એવી આગાહી મેં કરેલી તેના પરિણામે મારા પેલા મિત્રે કેટલાક રાજવીઓને ચેતવ્યા હતા અને તેઓએ સમય સૂચકતા વાપરીને પોતાની સગવડ કરી લીધેલી. એમાંના એક રાજ્યે મને રૂા. ૨૫૦૦૦ અને બીજાએ રૂા. ૫૦૦૦ આપ્યા હતા.

ગુપ્ત કરારની તથા બીજી આગાહી.

તે અરસામાં મારી શક્તિ ઘણી વિકાસ પામી હતી. સેંકડો માઇલ દૂર બેઠેલાં બે માણસો વાતચિત કરે તે હું સાંભળી શકતો. તેવી જ રીતે પાકિસ્તાન અને બ્રિટન વચ્ચે એક ખાનગી કરાર થયો તે મેં કહેલો તેજ પ્રમાણે 'બ્લિટઝ'માં પ્રગટ થયો હતો.

સ્વર્ગસ્થ.... મહારાજા.... આવેલા ત્યાં ઉતરેલા. મને ત્યાં લઈ ગયા. તેમને જોઇને એક ઝણઝણાટી થઇ. મેં કહ્યું કે, એરોપ્લેન....લઇને જતું હતું ત્યારે....ને મારી નાખવા તમે ત્રણ વખત બીસ્સામાંથી પીસ્તોલ કાઢી પાછી બીસ્સામાં મૂકી દીધી. મહારાજા કહે, "હું જ એ માણસ હતો." મને ત્યાં તેમણે રૂા. ૫૦૦૦ આપ્યા. મેં તેમને કહ્યું કે તમારૂં....થી અકસ્માત મૃત્યુ થશે. તે પ્રમાણે તે થયું.

આજ અરસામાં હું ઉંઘતો હોઉં અને 'પુરૂષસૂકત' બોલું. એકેક શ્લોકના આઠ-દસ અર્થ કરી બતાવું. વેદના કેટલાય મંત્રો બોલું. કલાકે સુધી આમ ચાલે. હું પોતે તો જોને કે અભાન જ હોઉં.

પછી તો મારી એ શક્તિ ક્ષીણ થતી ચાલી. અંગત સુખ-દુઃખના સવાલો ચર્ચીને કદાચ તેમ બન્યું હશે. ગમે તેમ, પણ એ શક્તિ કંટાળી ગઈ. અડધું સત્ય, અડધું અસત્ય આવવા માંડયું. પછી તો લગભગ ગપાટા જેવું બની ગયું.

ભારતના ભાવિનું કથન.

મારી શક્તિ મજબૂત હતી. ત્યારે મેં કેટલીક આગાહીઓ કરેલી જે મારા અંગત બે-ત્રણ મિત્રોને જણાવી હતી અને હવે તમને જણાવું છું.

(૧) સને ૧૯૫૯ ના સપ્ટેંબરથી પાકિસ્તાન સાથે ભારે વિખવાદ થશે.

(૨) પહેલું વર્ષ પાકિસ્તાનની તરફેણમાં જશે, પછી અમેરિકા પોતાનો પક્ષ બદલી નાખશે અને ભારતને તેની કુમક મળશે.

(૩) સને ૧૯૫૯ની અધવચથી સને ૧૯૬૦ ની અધવચમાં હિંદુસ્તાનમાં નાના-મોટા ૨૧ ધરતીકંપો થશે. એક ધરતીકંપથી સિંધુનું વહેણ બદલાઇ જશે. સિંધુ જેસલમીર-મેવાડ-મારવાડમાં થઈ સાબરમતીને મળશે. સાબરમતીનો પટ માણેકચોક સુધી આવશે અને તેનો એક પ્રવાહ ખંભાતને મળશે. બીજો પ્રવાહ ભાલમાં થઈ છેક પ્રભાસપાટણ પહોંચશે. દરિયો બે-ત્રણ કે કેટલેક ઠેકાણે દસ માઈલ અંદર ધકેલાશે.

(૪) મુંબઇની વસતી પચાસ લાખની થઇ ૫ થી ૧૦ લાખ રહેશે. ૧૯૬૫ પછી મુંબઇની વસતી એંશી હજારની જ રહેશે.

(૫) કદાચ ધરતીકંપના કારણે દક્ષિણ જવાનો રસ્તો બદલાઇ જશે. પર્વત ઊંચો આવવાથી પૂના જવાનો રસ્તો બંધ થઇ જશે અને વલસાડ તથા ડાંગમાં થઇ દક્ષિણ જવાશે.

ક્ષીણ થએલી શક્તિ

હવે મારી શક્તિઓ ક્ષીણ થઇ ગઈ છે. રોગ મટાડવાની તથા અશુભ કહેવાની થોડી ઘણી શક્તિ રહી છે. એક બાઇનો સડી ગયેલો હાથ મેં ગંઠોડાનું પાણી પાઇને સાજો કરી આપ્યો હતો.

આ બધી વાત મેં આપને નિખાલસતાથી જણાવી છે. આપની પાસેથી હું માર્ગદર્શનની આશા રાખું છું. દુઃખ તો મેં ઘણાં વેઠ્યાં છે અને વેઠવાનાં હજી બાકી છે. પણ હશે, ધૈર્યથી ભોગવીશ. મારો પ્રશ્ન એક જ છે. કોઈ પુણ્યના બળે મને આવી દિવ્યશક્તિ પ્રાપ્ત થઈ છતાં એનો નતીજો કાંઇ નહિ! પુણ્યબળ ખૂટી ગયું. આવતો ભવ અને તેનું શું? આવું મળ્યું છતાં આધ્યાત્મિક ઉન્નતિ કેમ ન થઇ? આ પ્રશ્નો મને મૂંઝવે છે. હું કોણ છું? તેનું મને ભાન છે પણ, કાગળમાં શી રીતે જણાવું? મારા પ્રશ્નો જણાવું

(૧) આ શક્તિ શાથી આવી ?
(૨) આ શક્તિ મારા સારા માટે હતી ?
(૩) આધ્યાત્મિક પ્રગતિ ક્યારે ?
(૪) ગએલી શક્તિ પાછી આવશે ?

ઉપરન પ્રશ્નોના ખુલાસા કરી મને આભારી કરશો. તસ્દી માફ કરશો.

મનની અપાર શક્તિ

ઉપરનો વિસ્તૃત પત્ર મને વિચારમાં નાખી દે છે. હું કયા ખુલાસા કરું ? એ ભાઇને મેં બાનગીમાં જવાબ આપી દીધો છે. મારા વાચક વર્ગને આના ઉપર વિચાર કરવાનો અવસર મળે તે હેતુથી પત્રમાંનો કેટલોક ભાગ આપ્યો છે. કેટલીક વિચિત્ર અને અક્કલમાં ના ઉતરે તેવી વાતો જોનારા તથા બતાવનારા મળી આવે છે. મનુષ્ય પોતે જ એક અદ્‌ભૂત યંત્ર નથી શું ?

અંગ્રેજીમાં જેને "એકસ્ટ્રા સેન્સરી પરસેપ્શન" કહે છે એની સત્યતા પુરવાર થયેલી વસ્તુ છે. એક મગજની બીજા મગજ સાથેની વાતચીતને 'ટેલીપથિ' કહે છે, એ પણ પુરવાર થયેલી વસ્તુ છે. 'ક્લેરવોયંસ' પણ પુરવાર થયેલી વસ્તુ છે. મન એ સ્થૂળ પદાર્થ નહિ હોવાથી એની અંદરના ફેરફારોને પ્રયોગશાળામાં બતાવી શકાતા નથી.

આ બધી શક્તિઓ કરતાં પણ વિશેષ એવી એક શક્તિ છે જેને "સંકલ્પ શક્તિ" કહેવાય છે. એ શક્તિનું ઉત્પાદન, રક્ષણ અને વહન, ધારણા અને ધ્યાનથી થાય છે. સંકલ્પ એ મહાન શક્તિ છે. સંકલ્પ જો કુદરતના સંકેતથી વિરૂદ્ધનો હોય છે તો સફળ થતો જ નથી; પરંતુ કુદરતના સંકેતની સાથે સાથે જો હોય છે અગર તેના વિરોધી નથી હોતો તો ફળી શકે છે. એકજ દ્રષ્ટાંત આપું.

કમરઅલી દરવેશ

બેત્રણ મહિના ઉપર એક સારા માણસે મને કહ્યું કે, પુનાથી મહાબળેશ્વર જવાને રસ્તે એક દરગાહ આવે છે. એ દરગાહમાં એક ગોળ પત્થર છે. પત્થર ઘણોજ વજનદાર છે. એ પત્થરને ઉંચકવો એ સહેલી વાત નથી. એ દરગાહ કોઇ 'કમરઅલી દરવેશ'ની છે. પત્થરની બાબતમાં કોઇ એવો ઇલમ છે કે અગિયાર પુરૂષો (બાળકો હોય તો પણ ચાલે) પોતાની દરેકની એક એક આંગળ તેની નીચે રાખી તેને અદ્ધર કરી શકે. અદ્ધર કરતી વેળાએ દરેકે એક શ્વાસે 'કમરઅલ દરવેશ' એમ બોલીને શ્વાસ ચાલુ રાખવો પડે. જે ક્ષણે શ્વાસ મૂકી દેવામાં આવે તે ક્ષણે પત્થર એકદમ પડી જાય. અગિયારને બદલે બાર કે દસ કોઇ પણ સંખ્યા ના ચાલી શકે. મને કહેવામાં આવ્યું કે ટાઇમ્સના રિપોર્ટરે આ વિચિત્ર ઇલમની બાબતમાં જે લેખ લખ્યો હતો તેની કાપલી ત્યાં ચોંટાડવામાં આવી છે. આ ઇલમની પાછળ કયું રહસ્ય હશે ?

બનવા જોગ છે કે સંકલ્પ શક્તિનો પ્રભાવ દેખાડવા સારૂ કોઇ મુસ્લિમ ફકીરે સંકલ્પ બાંધ્યો હોય ! એ વસ્તુ એ ફકીરે કેવી રીતે કરી એ તો ફક્ત કલ્પનાનીજ હકીકત છે. યોગીજનો સંકલ્પો કરે છે અને એ સંકલ્પોની આસપાસ શક્તિનું ક્ષેત્ર રચે છે, એવું મંત્રશાસ્ત્રવાળાઓ કહે છે. આથી વધુ હું કાંઇ કહી શકતો નથી.

સિદ્ધિનું મૂળ શક્તિ છે. શક્તિ કેવી રીતે મેળવવી એજ મુખ્ય વસ્તુ છે. શક્તિ વેડફી નાખવાની વસ્તુ નથી, સંઘરવાની વસ્તુ છે. જે માણસો ખાસ પ્રયોજન વગર શક્તિને વાપર્યા કરે છે તેમની શક્તિ કમજોર થઈ આખરે ઘસાઇ જાય છે.

[ગુજરાત સમાચાર]

ભેટ મળશે

ભ. મહાવીર દેવનું જીવન :

પૂ. પંન્યાસજી મહારાજ શ્રીભદ્રંકરવિજયજી ગણિવરે સુંદર અને ભાવવાહિ શૈલિયે લખ્યું છે. ૯૬ પેજની પુસ્તિકા છે. મંગાવનારે નવા ઓગણીસ પૈસા મોકલવા.

કલ્યાણ પ્રકાશન મંદિર
પાલીતાણા (સૌરાષ્ટ્ર)

૧૦૦૮ આયંબિલનું પારણું:–શ્રી સિદ્ધગિરિની શીતળ છાયામાં પૂ. આ. શ્રી વિજયપ્રેમસૂરિજી મહારાજની નિશ્રામાં પૂ. પંન્યાસજી ભદ્રંકરવિજયજી ગણિવરના શિષ્યરત્ન પૂ. મુનિરાજ શ્રી ચંદ્રયશવિજયજી મહારાજશ્રીએ અખંડ એક હજાર આઠ આયંબિલનું સુખરૂપ પારણું સં. ૨૦૧૫ ફાગણ શુદિ ૭ ના રોજ કર્યું હતું. શ્રી આરીસાભુવનમાં તે અંગે પાંચ દિવસનો મહોત્સવ ઉજવાયો હતો. પૂ. મહારાજશ્રીએ સોળ ઉપવાસની તપશ્ચર્યા ઉપર ૧૦૦૮ આયંબિલ અને અંતે અઠ્ઠમ કર્યો હતો. તપસ્વી શ્રી મહાપુણ્યશાળી આત્માને ધન્ય હો.

કદંબગિરિ (પાલીતાણા) પૂ. આ. શ્રી વિજયદર્શનસૂરિજી મહારાજ, પૂ. આ. શ્રી વિજયોદયસૂરિજી મહારાજ તથા પૂ. આ શ્રી વિજયનંદનસૂરિજી મહારાજ આદિની નિશ્રામાં પૂ. પં. શ્રી સુમિત્રવિજયજી મ. તથા પૂ. પં. શ્રી મોતીવિજયજી મ. ને મહોપાધ્યાય પદ ઘણી જ ધામધૂમપૂર્વક આપવામાં આવેલ. એ અંગે અઠ્ઠાઇ મહોત્સવ ચાલુ હતો. ફા. શુદિ ૩ ની આ તીર્થની વર્ષગાંઠ હોઈ પૂજા, આંગી, રોશની, ભાવના વગેરે સુંદર થયું હતું.

વડાવલી:–જૈન પાઠશાળાના બાલક-બાલિકાઓની ધાર્મિક પરીક્ષા મહેસાણા જૈન શ્રેયસ્કર મંડળના પરીક્ષક શ્રી રામચંદ્ર ડી. શાહે લીધી હતી. પરિણામ ૮૪ ટકા આવ્યું હતું. ઇનામી મેળાવડો થયો હતો.

૫૦૦ આયંબિલ:–સાધ્વી શ્રી ધર્મલતાશ્રીજીએ ૧૪ થી ૩૩ ઓળી એકી સાથે કરી હતી. સાધ્વી શ્રી પુષ્પલતાશ્રીજીએ ૧૩ થી ૩૨ ઓળી એકી સાથે કરી હતી, સાધ્વી શ્રી હેમલતાશ્રીજીએ ૨૪ થી ૩૮ ઓળી એકી સાથે કરી હતી. સાધ્વી શ્રી જિનેંદ્રશ્રીજીએ સં. ૨૦૧૪ કાર્તિક વદિ ૧૧ થી સં. ૨૦૧૫ ચૈત્ર વદિ ૨ સુધી આયંબિલ કર્યાં હતાં.

પૂ. મુનિરાજ શ્રી સુબોધવિજયજી મહારાજ શ્રીએ સં. ૨૦૧૨ ના જેઠ શુદિ ૧૩ થી સં. ૨૦૧૫ ના મહા વદિ ૬ પાંચસો આયંબિલ કર્યાં હતાં. પારણા અંગે શ્રી સિદ્ધગિરિમાં શેઠ શ્રી રતિલાલ નાથાલાલભાઇ તરફથી અઠ્ઠાઇ મહોત્સવ કર્યો હતો અને મહોત્સવ દરમીયાન અમદાવાદથી શેઠશ્રી કસ્તુરભાઈ લાલભાઇ તથા મુંબઇથી શેઠશ્રી જીવતલાલ પ્રતાપશીભાઇ પધાર્યા હતા.

પરીક્ષા:–સિદ્ધક્ષેત્ર જૈન શ્રાવિકાશ્રમની તથા બ્રહ્મચર્યાશ્રમના વિદ્યાર્થીઓની ધાર્મિક પરીક્ષા શ્રી વાડીલાલ મગનલાલ શેઠે લીધી હતી.

યાત્રા ફંડ:–શ્રી વાડીલાલ મગનલાલ શેઠની પ્રેરણાથી શ્રી જૈન શ્રેયસ્કર મંડળની સંસ્થાને યાત્રા ફંડમાં કલકત્તા નિવાસી શેઠશ્રી મણીલાલ વનમાળી તરફથી રૂા. ૨૦૦, અને શેઠશ્રી નરભેરામ પાનાચંદ તરફથી રૂા. ૧૦૦, કુલ ૩૦૦ ની રકમ મળી હતી.

મહેસાણા:–શ્રી યશોવિજયજી જૈન સંસ્કૃત પાઠશાળામાં સંસ્થાના સેક્રેટરી શ્રી મગનલાલ લીલાચંદ ડોકટરની વિનંતિથી પૂ. આ. શ્રી ચંદ્રસાગરસૂરિજી મહારાજ આદિ પધાર્યા હતા. અને બારીક નિરીક્ષણ કરી માર્ગદર્શન આપવા સાથે સંતોષ વ્યક્ત કર્યો હતો.

ચાણસ્મા:–ભટેવા પાર્શ્વનાથની ફાગણ શુદિ ૩ ની વર્ષગાંઠ હોવાથી જૈન યુવક મંડળ તરફથી ભારે ધામધૂમ થઈ હતી. બે ટંકની નવકારશી પણ થઇ હતી.

ઉજમણું:–વડા (થરા) ખાતે શ્રી ડાહ્યાભાઇ અમીચંદ તરફથી જ્ઞાનપંચમીના આરાધનાર્થે પાંચ છોડનું ભવ્ય ઉજમણું, અઠ્ઠાઇ મહોત્સવ, શાંતિસ્નાત્ર વગેરે થયું હતું. સ્વ. પૂ. આ. શ્રી વિજયભક્તિસૂરિજી મહારાજના શિષ્યરત્ન પં. પ્રેમવિજયજી વગેરે ૧૨ ઠાણાં પધાર્યા હતાં. મહેમાનો માટે રસોડું ખુલ્લું રાખ્યું હતું. સ્વામિવાત્સલ્ય થયું હતું.

એકાંતરે આયંબિલ:–અમદાવાદ નિવાસી શેઠશ્રી રતિલાલ નાથાલાલ શાહે સં. ૨૦૦૮ આસો શુદિ ૧ થી સં. ૨૦૧૫ મહા વદિ ૬ સુધિમાં એકાંતરે ૧૧૭૫ આયંબિલ કર્યાં હતાં. હાલ શ્રી ગિરિરાજની નવાણું યાત્રા કરી રહેલ છે.

બિદડા:–પૂ. મુનિરાજશ્રી તત્વપ્રભવિજયજી મહારાજ આદિ બિદડા પધારતાં ફાગણ શુદિ ૯ ને ગુરૂવારે ભવોભવનાં પુદ્ગલો વોસિરાવવાની ક્રિયા થઇ હતી. ૧૨૫ જેટલાં ભાઈ–બહેનો જોડાયાં હતાં.

અંજાત:–પૂ. મુનિરાજ શ્રી જયવિજયજી મહારાજની નિશ્રામાં જૈનશાળા ખાતે મહા વદિ ૧૪ ના રોજ ભવોભવનાં પુદ્ગલો વોસિરાવવાની ક્રિયા કરાવવામાં આવી હતી. પૂ. મહારાજશ્રીનાં સંસારી દાદી શ્રી હિરાબેન તરફથી તે દિવસે સામુદાયિક આયંબિલ તથા નવકાર મહામંત્રનો જાપ થયો હતો. આયંબિલખાતાને તેમના તરફથી રૂા. ૧૦૧, અપાયા હતા અને તેમના તરફથી શ્રી જીરાળા પાડાના શ્રી ચિંતામણિ પાર્શ્વનાથના જૈન મંદિરમાં અઠ્ઠાઇ મહોત્સવ ઉજવાયો હતો.

તારીખ લંબાવી:–મુંબઈ 'જૈન યુગ' વ્યવસ્થાપક મંડળ તરફથી 'મધ્યમ વર્ગના ઉત્થાનના માર્ગો' એ વિષય ઉપર હિન્દી, ગુજરાતી, અને અંગ્રેજી ભાષામાં નિબંધો તા. ૨૮–૨–૧૯૫૯ સુધીમાં મંગાવવામાં આવ્યા હતા. વિદ્યાર્થી વર્ગને આ સમય પરીક્ષાનો હોઇ નિબંધો સ્વીકારવાની છેલ્લી તારીખ ૧૫–૫–૫૯ ની રાખેલ છે. શ્રી એજ્યુકેશન બોર્ડ તરફથી શ્રી ઠાકોરભાઇ લલ્લુભાઈ કોરાના સ્મારક ફંડની યોજનાનુસાર 'પ્રભાવિક પુરુષો' (તીર્થંકર અને કેવળી સિવાય) નિબંધ સ્વીકારવાની છેલ્લી તા. ૧૫–૫–૫૯ રાખેલ છે.

મુલાકાતે :– સિદ્ધક્ષેત્ર જૈન બાલાશ્રમની મુલાકાતે મુંબઇ સરકારના મહેસુલ પ્રધાન શ્રી રસીકલાલ પરીખ, નાયબ પ્રધાન શંકરરાય ચૌહાણ ૨૩–૨–૫૯ના રોજ પધાર્યા હતા. વિદ્યાર્થીઓને ઉદ્બોધન કર્યું હતું.

ભેટ મળશે:– ઢંઢેરો યાને ગુરૂમંત્ર નામનું પુસ્તક છ આનાની ટીકીટો મોકલનાર સાધુ–સાધ્વી મહારાજોને ભેટ મળશે જૈન શ્વે. સંઘ ઠે. જૈન મંદિર **બલ્લારી** (માયસોર)

કઠારીયા:– શ્રી વલ્લભપુરી જૈન વિદ્યાલય અને બોર્ડીંગમાં અભ્યાસ કરતા રસીકલાલ ખીમજી વોરા ધાર્મિક પરીક્ષા પ્રવેશ્ચયની પરીક્ષામાં હિંદુસ્તાનમાં પ્રથમ નંબરે આવતા પુના જૈન તત્વજ્ઞાન વિદ્યાપીઠ તરફથી સુવર્ણ ચંદ્રક એનાયત કરમાં આવ્યો હતો.

અમૂલ્યલાભ:– શ્રી શત્રુંજય ગિરિરાજની આવેલ ઘેટી ગામમાં નવું જિનાલય તૈયાર થયું છે. મૂળ નાયક તરીકે શ્રી મુનિસુવ્રત સ્વામિ ૨૧ ઇંચના (પ્રાચીન પ્રતિમાજી) બાજુમાં શ્રી આદીશ્વર તથા અનંતનાથ ભગવાન ૧૭ ઇંચના બિરાજમાન કરવાના છે. એ ત્રણે પ્રભુજીને ગાદીનશીન કરવાના આદેશો તુરતમાં જ આપવાના છે તો જેઓને લાભ લેવા વિચાર હોય તેઓએ આ સીરનામે પત્ર વ્યવહાર કરવો. જૈન સંઘ વાયા પાલીતાણા ઘેટી. (સૌરાષ્ટ્ર)

ભાવનગર ધાર્મિક જૈન પાઠશાળાઓની લેખિત અને મૌખિક ધાર્મિક પરીક્ષાઓ લેવામાં આવી હતી એમાં લેખિત મુંબઈ જૈન ધાર્મિક શિક્ષણ સંઘના પ્રશ્ન પત્રો મુજબ લેવામાં આવી હતી અને મૌખિક પરીક્ષા મહેસાણા જૈન શ્રેયસ્કર મંડળના પરીક્ષક શ્રી વાડીલાલ મગનલાલ શેઠે લીધી હતી કુલ ૫૫૬ સંખ્યામાંથી ૪૨૨ પાસ થયા હતા. પરિણામ ૭૫ ટકા આવ્યું હતું ઉત્તીર્ણ થયલાઓને ઇનામો અપાશે.

સાધ્વીજીશ્રી મેરૂકીર્તિશ્રીજી દીક્ષા ૨૦ વર્ષે સોલ ઉપવાસ, માસક્ષમણ, ૩૧ ઉપવાસ, નવ, પાંચ, ચાર, આઠ, ઉપવાસ, બે માસી વર્ષીતપ, જ્ઞાનપંચમી, નવપદજીની ઓળી. લાગટ ૨૮૧ આયંબીલ કરી એકાંતરે ૩૬૫ આયંબીલ કર્યા

છે, ઉત્તરાધ્યન આચારાંગના જોગ કર્યા છે, વર્ધમાન તપની ૨૯ ઓળી કરી છે, દીક્ષા પર્યાય ચાર વર્ષ. હાલ ઉમર ૨૪ વર્ષની છે.

સાધ્વીજીશ્રી દીવ્યયશાશ્રીજીની દીક્ષા ૧૮ વર્ષની વયે લીધેલી જ્ઞાનપંચમી, પોષદશમી, નવપદજીની ઓળી, તથા વર્ધમાન તપની ૨૭ ઓળી ૩૨૧ આયંબીલ કરીને (પગે સોજા આવવાથી) નીરૂપાયે પારણું કરેલ છે. અઠ્ઠાઇ, પાંચ, ચાર, ઉપવાસ આદિ કરેલ છે.

પ્રાતઃસ્મરણીય પરમારાધ્યપાદ પરમપૂજ્ય આચાર્ય દેવશ્રીમદ વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજના સમુદાયના વયોવૃધ્ધા સાધ્વીજી શ્રી ભદ્ર પૂર્ણાશ્રીજીના સમુદાયમાં એમની નિશ્રામાં બાલસાધ્વીજીઓની તપસ્યા નીચે મુજબ થવા પામી છે.

સાધ્વી શ્રી ધર્મલતાશ્રીજી જૈનેત્તર કુળમાં જન્મેલા ૧૩ વર્ષની નાની વયે દીક્ષા અંગીકાર કરી નવપદજીની ઓળી, વરસીતપ, અઠ્ઠાઇ ૨ અને વર્ધમાન, આયંબીલ તપની ૩૩ ઓળી તથા જ્ઞાન પંચમી તપ, સોલ ઉપવાસ. અને ૫૭૨ આયંબીલ લાગટ કરી પોષ સુદી ૧૩ નું પારણું કર્યું છે. ઉતરાધ્યયનના–આચારાંગના જોગ કર્યા છે. હાલ ઉમર ૧૯ વર્ષની છે.

સાધ્વી શ્રી પુષ્પલતાશ્રીજીની દીક્ષા ૨૦ વર્ષની વયે વર્ધમાન તપની ૩૧ ઓળી. વર્ષીતપ ાસંદ્ધિતપ, ચતારિ અઠ દસ દોય, અઠ્ઠાઇ, નવ પદજીની ઓળી તથા જ્ઞાનપંચમીનો તપ આદિ કરવા ઉપરાંત મહાસુદ ૬ નું ૫૦૧ આયંબીલનું પારણું કર્યું છે અને ઉત્તરાધ્યયનના જોગ કર્યા છે દીક્ષા પર્યાય ૭ વર્ષ, હાલ ઉમર ૨૭ વર્ષ ના બંને તપસ્વીઓ નિમિ-તે દાદાની લાખેણી આંગી, મંડળ સહિત પૂજાઓ પ્રભાવના આંગી વિગેરે થયેલ.

સાધ્વીશ્રી તરૂલતાશ્રીજીની દીક્ષા ૧૬ વર્ષની ઉંમરે થયેલ ચતારી અઠ દસ દોય, નવપદજીની ૭ ઓળી, વર્ધમાનતપની૩૩ ઓળી, જ્ઞાનપંચમી અઠ્ઠાઇ પોષદશમી, ૫૦૦ આયંબીલ ચૈત્ર વદ ૧૦ ના પૂર્ણ થશે, દીક્ષા પર્યાય ૩ વર્ષ હાલ ઉમર ૧૯ વર્ષની.

ભાભર:–પૂ. આ. શ્રી વિજયશાંતિચંદ્રસૂરિજી મહારાજશ્રીની નિશ્રામાં મુનિરાજ કંચનવિજયજી મ. મુનિરાજ ભુવનવિજયજી મ. મુનિરાજ શ્રી સોહનવિજયજી મ. મુનિરાજ શ્રી સુજ્ઞાનવિજયજી મ. તથા મુનિરાજ શ્રી રંજનવિજયજી મહારાજને પન્યાસ પદાર્પણ મહા શુદ્દી ૧૦ ના રોજ આપવામાં આવેલ તે નિમિત્તે ભાભર જૈન સંઘે ભવ્ય મહોત્સવ ઉજવ્યો હતો. બહારગામથી મહેમાનોની સંખ્યા સારા પ્રમાણમાં આવી હતી. તે અવસરે ત્રણ કુમારિકા બહેનોને દીક્ષા અપાઈ હતી.

બેડકોહાલના દહેરાસરનો જિર્ણોધ્ધાર ચાલુ છે. વૈશાખ મહિના પછી અર્ધશતાબ્દિ ઉજવવાની છે. રંગમંડપમાં તીર્થોના ઘણા પટ તૈયાર થાય છે, સિદ્ધાચલજીના પટના રૂા. ૫૦૦, અષ્ટાપદજીના રૂા. ૨૫૦, અને ચંપાપુરીના પટના રૂા. ૨૫૦, છે તો જેન લાભ લેવાની ઇચ્છા હોય તેઓએ જૈન શ્વેતામ્બર મંદિર બેડકોહાલ એ સીરનામે જણાવવું.

રાહુરી (અહમદનગર)માં ઘણા વર્ષોનું જુનું જિનમંદિર હતું પણ પાણીનું મહાપુર આવતાં બધું તણાઇ ગયું. બે નાનાં પ્રતિમાજી રહી ગયાં હતાં. તે જગ્યાએ હાલ નવું મંદિર થયું છે. પ્રતિષ્ઠા પૂ. આ. શ્રી વિજયયશોદેવસૂરિજી મહારાજના વરદ હસ્તે થઇ છે. મહોત્સવ સારી રીતે ઉજવાયો હતો. પૂ. આચાર્યશ્રી ત્યાંથી વિહાર કરી શ્રી રામપુર પધાર્યા ત્યાં શ્રી તખતમલજી ચાંદમલને સોનઈનો સંઘ કાઢવાની ભાવના થઇ. શ્રી રીખવચંદ હાથીચંદ વગેરેએ આવી સારો એવો રસ લીધો હતો.

સ્થાપના દિન:–શીવગંજ શ્રી વર્ધમાન જૈન વિદ્યાલયને મહા શુદ્દી ૧૫ ના બાર વર્ષ પૂર્ણ થતાં હોઇ તે દિવસે મનોરંજન કાર્યક્રમ

વગેરે રાખી શ્રી જેશીંગલાલભાઇએ સમાજને આ સંસ્થાની ઉપયોગિતા જણાવી હતી.

ઇનામી મેળાવડો:- થરાદ શ્રી ધનચંદ્ર-સૂરિજી જૈન પાઠશાળાની પરીક્ષા રામચંદ્રભાઇ ડી. શાહે લીધી હતી. તે અંગે એક ઇનામી મેળાવડો ૧-૩-૫૯ ના રોજ યોજવામાં આવ્યો હતો.

મદ્રાસ:- ગુજરાતી જૈન શ્વેતામ્બર મૂ. સંઘની પાઠશાળા દશ વર્ષથી ચાલે છે. તેનો વાર્ષિક મેળાવડો શ્રીઋષભદાસજી જૈનના પ્રમુખપણા નીચે તા. ૮-૨-૫૯ના રોજ યોજવામાં આવ્યો હતો. મુંબઇ જૈનધાર્મિક શિક્ષણ સંઘના અભ્યા-સક્રમ મુજબ પરીક્ષા લેવાઇ હતી. ૧૨૫ બાલક-બાલિકાઓ પાઠશાળાનો લાભ લે છે, રૂા. ૪૫૦ નાં ઇનામો વહેંચાયાં હતાં. શ્રી ચીમનલાલ કોઠારી સેક્રેટરી છે અને જયંતિલાલ રતિલાલ બાવીશી ધાર્મિક શિક્ષક છે.

અભિનંદન:- ગોધરા સ્વ. કાંતિલાલ મગન-લાલનાં સુપુત્રી કુમારિકા બહેન સુશીલાબેન સંયમ માર્ગે જવાનાં હોવાથી તેઓને અભિ-નંદન આપવા તા. ૨૭-૨-૫૯ ના દિને શેઠ વાડીલાલ મગનલાલના પ્રમુખસ્થાને એક મેળાવડો યોજવામાં આવ્યો હતો. અભિનંદન પત્ર અપાયા પછી શ્રી ઉમંગલાલ જે. શાહ ધાર્મિક શિક્ષક ને રૂા. ૧૫, જૈનપાઠશાળાને રૂા. ૧૧, અને મહિલા મંડળને રૂા. ૧૧, આપ્યા હતા. તા. ૨૮-૨-૫૯ ના શુભ દિને પૂ. મુનિરાજશ્રી કંચનવિજયજી મ. ના વરદ હસ્તે દીક્ષા અપાઇ હતી અને શ્રી સદ્ગુણાશ્રીજી નામ રાખવામાં આવ્યું હતું.

પ્રભુ પ્રવેશ મહુવા:- ખાતે શ્રી શાંતિનાથ ભ. ના પ્રવેશનો એક ભવ્ય વરઘોડો નિકળ્યો હતો. ૧૧ બળદોની જોડીવાળા રથમાં ભગવાનને બિરાજમાન કર્યા હતા એ વરઘોડાને જોવા માટે જૈન-જૈનેતર હજારો માણસો ઉમટી પડયાં હતા. વરઘોડો ઉતરતાં મહુવા નિવાસી શેઠશ્રી હરખચંદ નીરચંદ ગાંધીના વડીલ બન્ધુ શ્રી શાંતિલાલભાઇએ નેમ વિહારમાં ભગવાનને બિરાજમાન કર્યા હતા નવકારસી, પૂજા, પ્રભાવના, આંગી, રોશની વગેરે થયું હતું. પૂ. આચાર્ય શ્રી વિજયનંદન-સૂરિશ્વરજી મહારાજ પધાર્યા હતા.

પાલીતાણા આરીશાભુવનમાં બિરાજતા મુનિરાજ શ્રી ગુણવિજયજી મ. ને સાડા છ આયંબિલની તપશ્ચર્યા પૂર્ણ થતાં શ્રી ઉત્તમલાલ લક્ષ્મીચંદ દરફથી પૂજા-પ્રભાવના-આંગી-રોશની વગેરે થયું હતું.

પ્રાચિન પ્રતિમાઓની જરૂર છે.

પીંડવાડા સ્ટેશન ઉપર નવીન બંધાઈ રહેલા દહેરાસરમાં પધરાવવા માટે નીચે પ્રમાણેની પ્રાચીન પ્રતિમાઓની ખાસ જરૂર છે. તો મલી શકે તેમ હોય તો નીચેના સ્થળે જણાવવા વિનંતિ છે.

૧ મૂલનાયકજી માટે શ્રી નેમિનાથ ભ. ઉંચાઇ ૨૧ ઇંચ.

૨ બાજુ માટે શ્રી ચન્દ્રપ્રભુજી તથા મહાવીર-સ્વામીજી બન્ને ૧૯ ઇંચના.

ઉપરના માપ કરતાં જરા નાના-મોટા હોય તો પણ અમને ખબર આપશો.

શાહ રતનચંદ હીરાચંદ
પીંડવાડા (રાજસ્થાન)

ગોઠી જોઇએ છે.

અમદાવાદ નાગજી ભુદરની પોળના જૈન દહેરાસર માટે સંપૂર્ણ જવાબદારી સાથે ગોઠી તરીકે કામ કરી શકે તેવા માણસની જરૂર છે. મલો યા લખો.

શાહ કેશવલાલ મુલચંદ
નાગજી ભુદરની પોળ,
અમદાવાદ.

—: નવા સભ્યોની શુભ નામાવલિ :—

રૂા. ૨૫, શ્રી કેશરીચંદ બાલુભાઇ મુંબઇ ૬
રૂા. ૨૫, શ્રી વૃજલાલ માણેકચંદ ધ્રાંગધ્રા
રૂા. ૧૧, જૈન સંઘ હા. શ્રી જેઠમલ હસ્તિમલ પડરૂ
રૂા. ૧૧, જૈન શ્વે. પાઠશાળા ભાંડુપ સાધ્વી શ્રી દર્શનશ્રીજી મહારાજની શુભપ્રેરણાથી
રૂા. ૧૧, શ્રી મહેન્દ્રકુમાર ઉત્તમચંદ શાહ ભાવનગર
રૂા. ૧૧, શ્રી નટવરલાલ હીરાલાલ શાહ અમલનેર
રૂા. ૧૧, શ્રી ચમનાજી ખીમચંદ મુંબઈ ૨. શ્રી જેઠમલજી ઝવેરચંદ શીવગંજવાળાની શુભ પ્રેરણાથી.
રૂા. ૧૧, ખી. કે. સોલંકી મુંબઇ ૨૭ શ્રી વેલજી મેઘજી ગુઢકાની શુભ પ્રેરણાથી
રૂા, ૧૧, શ્રી કરમશીભાઇ લખમશી ઘાટકોપર, શ્રી લખમશી ખીમજીની શુભ પ્રેરણાથી
રૂા. ૧૧, શ્રી બાબુભાઇ ધરમશી મુંબઈ-૧૫ ઉપર મુજબની શુભ પ્રેરણાથી.
રૂા. ૧૧, શ્રી શાંતિલાલ મોતીચંદ રાણપુરવાળા શ્રી ચંપકલાલ ચુનીલાલની શુભ પ્રેરણાથી.
રૂા. ૧૧, શ્રી હેમચંદ્રાચાર્ય જૈન પાઠશાળા પાલેજ
રૂા. ૧૧, શ્રી ચંપકલાલ નટવરલાલ શાહ બોરિવલી. શ્રી દીપચંદભાઇ ટી. શાહની શુભ પ્રેરણાથી
રૂા. ૧૧, શ્રી ભવાનભાઇ મગનલાલ પીંપળગામ
રૂા. ૧૧, શ્રી વેજબાઇ ગોધરા શ્રી શામજી હંસરાજની શુભ પ્રેરણાથી
રૂા. ૧૧, શ્રી કાંતિલાલ માણેકચંદ કું. જામનગર
રૂા. ૧૧, શ્રી શાંતિલાલ ડી. શાહ મલાડ શ્રી સેવંતિલાલ વી. જૈનની શુભ પ્રેરણાથી
રૂા. ૧૧, શ્રી ગણેશમલ ચુનીલાલ મુંબઇ.
રૂા. ૧૧, શ્રી છોટાલાલ કાલીદાસ મુંબઈ ૨
રૂા. ૧૧, શ્રી ચંદુલાલ સવાઈલાલ મહેતા મુંબઈ.
રૂા. ૧૧, શ્રી દેવરાજ એન્ડ કું. વાંદરા
રૂા. ૧૧, શ્રી કાંતિલાલ એલ. શાહ કોલ્હાપુર
રૂા. ૧૧, શ્રી પાર્શ્વનાથ જૈન જ્ઞાન ભંડાર પાંચોરા
રૂા. ૧૧, શ્રી હલીચંદ ચુનીલાલ રાઠોડ ગોકાક
રૂા. ૧૧, શ્રી મીલાપચંદ ભભુતમલજી શીરોહી
રૂા. ૧૧, શ્રી જૈન શ્વે. મૂ. સંઘ વાંકી
રૂા. ૧૧, ઝવેરી અમૃતલાલ મોહનલાલ ઇન્દોર
રૂા. ૧૧, શ્રી હુકમીચંદજી ડોંગાજી કોલ્હાપુર
રૂા. ૧૧, શ્રી રાયચંદ હંસરાજજી પીંડવાડા
રૂા. ૧૧, શ્રી નરશીભાઇ જેઠાભાઈ ગાડરવાડા
રૂા. ૧૧, શ્રી સૌરાષ્ટ્ર જૈન મિત્ર મંડળ મુંબઇ ૩
રૂા. ૧૧, શ્રી લીલાધર ભાવડ મુંબઇ ૨૩
રૂા. ૧૧, શ્રી વેલજીભાઇ પદમશી બીદડા પૂ. મુનિરાજ શ્રી તત્ત્વપ્રભવિજયજી મહારાજ શ્રી ની શુભ પ્રેરણાથી
રૂા. ૧૧, શ્રી અમથાલાલ અમુલખ મહેતા નવા ડીસા. ડો. ડી. એચ. ભણશાલીની શુભ પ્રેરણાથી
રૂા. ૧૧, શ્રી વિક્રમચંદ ટોકરશી નવાડીસા ઉપર મુજબની શુભ પ્રેરણાથી
રૂા. ૧૧, શ્રી રસીકલાલ ચંદુલાલ અમદાવાદ
રૂા. ૧૧, શ્રી સારાભાઇ હરિભાઇ હા. મહાલક્ષ્મી બેન અમદાવાદ
રૂા. ૧૧, શ્રી ઘેલજીભાઇ નરશી નાઘેડી
રૂા. ૧૧, શ્રી બાબુસાહેબ ભૂપતસિંહજી દુગડ કલકત્તા
પૂ પંન્યાસજી મહારાજ શ્રી કનકવિજયજી ગણિવરના શિષ્યરત્ન પૂ. મુનિરાજ શ્રી મહિમાવિજયજી મહારાજશ્રીની શુભ પ્રેરણાથી થએલા સભ્યોનાં શુભ નામો.
રૂા. ૧૧, શ્રી જયંતિલાલ છગનલાલ બીલીમોરા
રૂા. ૧૧, શ્રી છગનલાલ ઝવેરચંદ ,,
રૂા. ૧૧, શ્રી બાબુભાઇ ભોગીલાલ નવસારી
રૂા. ૧૧. શ્રી કસ્તુરચંદ જીવાજી ,,
રૂા. ૧૧, શ્રી નાથુભાઇ ઝવેરચંદ ,,
રૂા. ૧૧, શ્રી કેશરીચંદ રામચંદ શાહ ,,
રૂા. ૩૦, શ્રી છોટાલાલ હંસરાજ નેરોબી શ્રી દેવસીભાઇ જીવરાજની શુભ પ્રેરણાથી
રૂા. ૧૩, શ્રી કેશવલાલ નથુ શાહ નૈરોબી ઉપર મુજબની શુભ પ્રેરણાથી
શ્રી મેઘજી રૂપશી ન્યેરીની શુભ પ્રેરણાથી થએલા સભ્યોનાં શુભ નામો નીચે મુજબ,
રૂા. ૧૩, મેસર્સ ચંદેરીયા એન્ડ કું. મેરૂ
રૂા. ૧૩, શ્રી રાયચંદ વીરજી શાહ ,,
રૂા. ૧૩, મેસર્સ રાયચંદ કાનજી શાહ ,,
રૂા. ૧૩, મેસર્સ નરશી જેઠા ,,
રૂા. ૧૩, મેસર્સ દેવરાજ ધરમશી ,,
રૂા. ૧૩, મેસર્સ મેઘજી નથુ એન્ડ કું. ,,
રૂા. ૧૩. મેસર્સ જીવરાજ ધરમશી એન્ડ કું. ,,

Regd. No. B 4925 KALYAN

આટલાં જ પુસ્તકો ૨૫ ટકા કમીશનથી આપવાનાં છે.

વિવેક ચુડામણિ	૦–૧૨–૦	મહાવાકય રત્નાવલિ	૦–૧૨–૦
પવિત્રતાને પંથે	૦–૧૨–૦	સાધનાની પગદંડિએ	૧–૦–૦
શાંતિના માર્ગે	૦–૧૦–૦	હેમસમીક્ષા	૨–૮–૦
પ્રશ્નોત્તરી બોધમાળા	૧–૦–૦	યતીન્દ્ર પ્રવચન	૨–૦–૦
રામબાણ ઉપાય	૦–૮–૦	ભારતીય તત્વજ્ઞાન	૩–૦–૦
પ્રશમ રતિ	૦–૮–૦	બાલેન્દુ કાવ્ય સંગ્રહ	૨–૦–૦
શ્રાવક યોગ્ય આચાર વિચાર	૦–૮–૦	વર્ધમાન તપ માહાત્મ્ય	૩–૦–૦
નવકાર પાઠાવલિ	૦–૮–૦	વાર્તાનાં	
જૈન તત્વ પ્રવેશક જ્ઞાનમાળા	૦–૮–૦		
અનંતને આરે	૦–૧૪–૦	મહાવીર જીવન વિસ્તાર	૨–૦–૦
શત્રુંજય દિગ્દર્શન	૧–૦–૦	જ્વાલા	૩–૮–૦
પ્રશ્નોત્તર રસધારા	૦–૮–૦	કોનટિકિ	૨–૦–૦
જૈન દૃષ્ટિએ યોગ	૨–૮–૦	સ્ત્રી રત્ન કથા સંગ્રહ	૪–૮–૦
સૌભાગ્ય સુધા	૨–૦–૦	ધુપસળી	૪–૮–૦
ભકિતભામંડલ	૧–૦–૦	નવા માનવી	૧–૦–૦
કુદરતી ઉપચારો	૩–૮–૦	નર-નારાયણ	૩–૦–૦
તાત્વિક પ્રશ્નોત્તર	૯–૦–૦	નૂતનપ્રભાત (જુની)	૪–૮–૦
અભ્યુદયને માર્ગે	૦–૮–૦	હું અને મારી બા	૧–૮–૦
શ્રાદ્ધ દિન કૃત્ય	૧–૮–૦	ગ્રામલક્ષ્મી ભા. ૩ જો (જુની)	૩–૮–૦
આંતર જ્યોતિ ભા. ૧ લો	૫–૦–૦	ઉછળતા પુર	૧–૪–૦
" " ભા. ૨ જો	૫–૦–૦	પ્રતાપી પૂર્વજો	૪–૦–૦
સંવેગ માળા	૦–૬–૦	આફ્રીકામાં (જુનું)	૧–૧૨–૦
સંચિતનાં કાવ્યો	૩–૮–૦	મહાકવિ ધનપાળ	૦–૮–૦
સત્યમ શિવમ સુંદરમ	૩–૦–૦	અર્પણ	૧–૦–૦
નવીન કાવ્ય સંગ્રહ	૧–૦–૦	તરંગવતી	૧–૦–૦

સોમચંદ ડી. શાહ ૬૦ જીવન નિવાસ સામે **પાલીતાણા** (સૌરાષ્ટ્ર)

તંત્રી, મુદ્રક, પ્રકાશક : સોમચંદ ડી. શાહ : મુદ્રણ સ્થાન : શ્રી જશવતસિંહજી પ્રિન્ટીંગ વર્કસ, વઢવાણ શહેર : કલ્યાણ પ્રકાશન મંદિર માટે પ્રકાશિત કર્યું